સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 7
■ વિક્રમ સંવત ૨૦૮૨ ■ માઘ વદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬, (૧૮ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૪
LIKE & FOLLOW: /Mumbaisamachar4u



## મહાશિવરાત્રિએ ભારત-પાકનું રન-મેદાનમાં તાંડવ થશે



કોલંબોઃ ભારત અને પાકિસ્તાન વચ્ચેનો ક્રિકેટના મેદાન પરનો જંગ સમગ્ર ખેલજગતમાં સૌથી ઉગ્ર અને સૌથી લોકપ્રિય મનાય છે અને એમાં પણ આ વખતે પાકિસ્તાને ભારત સામેની મૅચ રમવા વિશે જે અભૂતપૂર્વ ડ્રામા કર્યો એને લીધે આજનો કોલંબોના ગ્રાઉન્ડ પરનો જંગ (સાંજે ૭.૦૦ વાગ્યાથી) સૌથી વધુ ચકચારમય થયો છે અને એમાં આજે ભારતીય બૅટિંગના ઓપનિંગની તથા મિડલ-ઑર્ડરના બૅટ્સમેનોની અગ્નિપરીક્ષા થશે.

આજે કોલંબોમાં વરસાદ પડવાની ૫૦થી ૭૦ ટકા સંભાવના છે જે કરોડો ક્રિકેટપ્રેમીઓ માટે બૅડ ન્યૂઝ છે. પાકિસ્તાન આ મેગા જંગમાં ઊતરવા તૈયાર થઈ ગયું છે, પરંતુ ગયા વર્ષના પહલગામના હુમલાને લક્ષમાં રાખીને ભારતમાં એવા અસંખ્ય ક્રિકેટચાહકો છે જેમણે પાકિસ્તાન સામેનો ૨૦૨૫ના એશિયા કપ પછી હવે આ વર્લ્ડ કપનો મુકાબલો પણ ટીવી પર ન જોવાનું પસંદ કર્યું હશે. આ ક્રિકેટલવર્સની દેશદાઝને સલામ છે, પણ મહિનાઓમાં એક વખત થતો આ મુકાબલો જોવાનું પસંદ કરનારાઓની ભાવના પણ અસ્થાને નથી.

બન્ને દેશ વચ્ચેના રાજકીય રણમેદાનમાં ભારે ધમાલ થયા બાદ હવે રન-મેદાનમાં આજના મહા શિવરાત્રિના મહાપર્વ પ્રસંગે જોરદાર રસાકસી (તાંડવ) થશે. પાકિસ્તાને આ હાઇ-વૉલ્ટેજ મુકાબલાનો બહિષ્કાર કરવાનું પંદર દિવસ જે નાટક કર્યું એનો તેમના ખેલાડીઓની માનસિકતા પર અસર થઈ જ હશે, કારણકે તેઓ ભારત સામેની ટક્કરને ધ્યાનમાં રાખીને આ વર્લ્ડ કપમાં પ્રવેશ્યા હશે, પરંતુ વિશ્વ કપના આરંભ પછી પણ તેમના માટે આ મહા મુકાબલા બાબતમાં લટકતી તલવાર હતી. હવે અચાનક સલમાન અલી આગાની ટીમે ભારતની વર્લ્ડ નંબર-વન અને ડિફેન્ડિંગ ચૅમ્પિયન ટીમ વિરુદ્ધ રમવાનું નક્કી થયું એટલે પાકિસ્તાની ખેલાડીઓનો આજે નબળો પર્ફોર્મન્સ જોવા મળશે તો જરાય નવાઈ નહીં લાગે.

ગયા વર્ષે દુબઈના એશિયા કપમાં ભારતે પાકિસ્તાનના મોટા ભાગના આ જ ખેલાડીઓને ઉપરાઉપરી ત્રણ પરાજયની લપડાક લગાવી હતી અને હવે તેઓ કોલંબોમાં ભારત સામે જીતવાના મનસૂબા સાથે પ્રૅક્ટિસ કરી રહ્યા છે. તેઓ ઇચ્છશે કે ટી-૨૦નો વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન અભિષેક શર્મા આ મહાજંગમાં ન રમે. જોકે અભિષેકે ગઈ કાલે પ્રૅક્ટિસ કરી એ જોતાં તેના રમવાની સંભાવના વધી ગઈ છે. ભારત પાસે ઇશાન કિશનના રૂપમાં બીજો હાર્ડ-હિટર છે અને ત્યાર પછીની બૅટિંગ લાઇન-અપ પણ મજબૂત છે. યાદ છેને, ગયા વર્ષે એશિયા કપમાં પાકિસ્તાન સામેની ૨૮મી સપ્ટેમ્બરની ફાઇનલ ખાસ કરીને ચોથા નંબરે રમનાર તિલક વર્મા (૬૯ અણનમ, ૫૩ બૉલ, ચાર

(જુઓ પાનું ૨) ▸▸

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

## ગુજરાતમાં એપ્રિલથી બે તબક્કામાં વસ્તીગણતરી શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે જણાવ્યું હતું કે આગામી વસ્તી ગણતરી બે તબક્કામાં હાથ ધરવામાં આવશે, જેમાં રહેણાક એકમોની ગણતરી શરૂ થશે, જેને હાઉસ લિસ્ટિંગ ઓપરેશન (એચએલઓ) કહેવામાં આવશે, ત્યારબાદ વસ્તી-ગણતરી (પીઈ) થશે. એચએલઓનો પ્રથમ તબક્કો આવનારા એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન યોજાશે, જ્યારે પીઈનો બીજો તબક્કો ફેબ્રુઆરી ૨૦૨૭માં યોજાશે, તેમ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

રાજ્ય સરકારે તાજેતરમાં વસ્તી ગણતરી અધિનિયમ ૧૯૪૮ ની કલમ ૪ અને વસ્તી ગણતરી ૧૯૯૦ ના નિયમ ૩ અનુસાર આ મહત્ત્વપૂર્ણ કવાયત હાથ ધરવા માટે વસ્તી ગણતરી અધિકારીઓની નિમણૂક કરતી એક સૂચના બહાર પાડી હતી, એમ તેમાં ઉમેર્યું હતું.

સરકારે વસ્તી ગણતરીને દેશની સૌથી મોટી વહીવટી અને આંકડાકીય કવાયત ગણાવી, અને રહેવાસીઓને અધિકારીઓને સંપૂર્ણ સહયોગ આપવા અને પ્રક્રિયામાં સક્રિયપણે ભાગ લેવા વિનંતી કરી હતી.

આ સાથે સરકારે જણાવ્યું હતું કે વસ્તી ગણતરી અધિકારીઓ પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ તેમની ફરજો પ્રામાણિકતા અને જવાબદારી સાથે નિભાવે જેથી આ પ્રક્રિયા સરળતાથી, સચોટ અને નિર્ધારિત સમયમર્યાદામાં પૂરી થાય તેની તકેદારી રાખે.

ભારત સરકાર દ્વારા ૭ જાન્યુઆરીના રોજ બહાર પાડવામાં આવેલા એક જાહેરનામાના અનુસંધાનમાં, ગુજરાત સરકારે એચએલઓ હાથ ધરવા માટેના સમયપત્રકમાં ફેરફાર કર્યો હતો . ૨ ફેબ્રુઆરીના રોજ રાજ્યના જાહેરનામા અનુસાર, હાઉસ લિસ્ટિંગ કામગીરી માટે ફિલ્ડવર્ક ૨૦ એપ્રિલથી ૧૯ મે, ૨૦૨૬ સુધી હાથ ધરવામાં આવશે. ફિલ્ડવર્ક શરૂ થાય તે પહેલાં, ૫ એપ્રિલથી ૧૯ એપ્રિલ, ૨૦૨૬ સુધી ૧૫ દિવસ માટે સ્વ-ગણતરી (એસઈ)

(જુઓ પાનું ૨) ▸▸

## આઈઆઈએમ, રાષ્ટ્રીય ડેટા સેન્ટરનું ઉદ્ઘાટન

ગુવાહાટી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે આઈઆઈએમ ગુવાહાટીનું ઉદ્ઘાટન કર્યું અને એક હાઇ-ટેક ડેટા સેન્ટરનું ઉદઘાટન કર્યું જે સમગ્ર પૂર્વોત્તરને સેવા આપશે.

એમણે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ગુવાહાટીના કામચલાઉ કેમ્પસનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું, જે ઉત્તરપૂર્વીય ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ અને મેનેજમેન્ટ શિક્ષણને મોટો વેગ આપશે તેવી અપેક્ષા છે.

કેન્દ્ર સરકારે ગયા વર્ષે ગુવાહાટીમાં આઈઆઈએમની સ્થાપનાને મંજૂરી આપી હતી. આ ઉત્તરપૂર્વમાં બીજું અને દેશમાં ૨૨મું આઈઆઈએમ છે. આ ક્ષેત્રમાં પ્રથમ આઈઆઈએમ શિલોંગમાં છે.

એમણે આસામના કામરૂપ જિલ્લાલ્લા અમીનગાંવ ખાતે લચિત ઘાટથી ઉત્તરપૂર્વીય ક્ષેત્ર

(જુઓ પાનું ૨) ▸▸

## મોદીના વિમાને દેશની પ્રથમ ઇમર્જન્સી લેન્ડિંગ ફેસિલિટી પર ઉતરાણ કર્યું

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય વાયુ સેનાના વિશાળ વિમાન સી-૧૩૦ જેમાં આસામના ડિબ્રુગઢના મોરાન બાઈપાસના રાષ્ટ્રીય રાજમાર્ગ૩૭ પર ₹૧૦૦ કરોડના ખર્ચે બનાવવામાં આવેલી ભારતની પહેલી ઇમરજન્સી લેન્ડિંગ ફેસિલિટી (ઇએલએફ) પર લેન્ડિંગ કરીને શનિવારે ઇતિહાસ રચ્યો હતો. અહીં એમણે ફાઈટર, ટ્રાન્સપોર્ટ અને હેલિકોપ્ટરના ઉતરાણ અને અન્ય હવાઈ પ્રદર્શનનું નિરીક્ષણ કર્યું હતું.

પૂર્વોત્તર ભારતમાં આ પ્રકારની આ પ્રથમ લેન્ડિંગ ફેસિલિટી છે. તે ભારતીય વાયુસેના સાથે તાલમેલ દ્વારા ખાસ કરીને કટોકટીની સ્થિતિમાં સામાન્ય અને સૈન્ય વિમાનો ઊતરી અને ઉડાન ભરી શકે તે માટે ડિઝાઇન બનાવવામાં આવી છે. આ ઇમેજન્સી રિસ્પોન્સ માટે એક એસેટના રૂપમાં મહત્વપૂર્ણ કાર્ય કરશે, પૂર્વોત્તર રાજ્યોમાં પ્રાકૃતિક આપદાઓ અથવા સ્ટ્રેટેજિક જરૂરિયાત વખતે બચાવ અને રાહત માટે ઝડપી તહેનાતી કરવામાં ઊપયોગી સાબિત થશે. ઉપરોક્ત બંને જરૂરિયાત માટે ઉપયોગી થાય એવી રીતે બનાવવામાં આવેલી આ સુવિધા ૪૦ ટન સુધીના ફાઈટર વિમાનો અને ૭૪

(જુઓ પાનું ૨) ▸▸

હીયર લાઈફ હિયરિંગ સોલ્યુશન 20 વર્ષથી સેવામાં છે...
ખાસ પસંદ કરેલા દિવસો માટે
કિંમત રુ. 9999 થી શરુ
શું તમને સાંભળવાની ખોટ છે?
આજે જ તમારી શ્રવણ સહાય ફીટ કરાવો,
વિલંબ કરશો નહીં
રિચાર્જ કરી શકાય તેવી શ્રવણ સહાય પોસાય તેવા ભાવે ઉપલબ્ધ
તમારા કાનની તપાસ કરવામાં આવશે અને નિષ્ણાત દ્વારા યોગ્ય શ્રવણ સહાય ફીટ કરવામાં આવશે.
દરેક શ્રવણ સહાય 2-4 વર્ષની વોરંટી અને આજીવન મફત સેવા સાથે આવે છે. સમય સવારે 10 થી સાંજે 6 વાગ્યા સુધી
દાદર (પ.) - વનમાળી હોલ, પહેલો માળ, છબિલદાસ હાઇસ્કૂલની સામે, શ્રી કૃષ્ણ વડા ની બાજુમાં, સ્ટેશન પાસે
આજે જ સંપર્ક કરો: 9359243308 / 9764323552

## મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન ૨૦૨૭માં દોડશેઃ રેલવે પ્રધાન

નવી દિલ્હીઃ ભારતના પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો પહેલો ભાગ એટલે કે મુંબઇ અને અમદાવાદ વચ્ચે બનાવવામાં આવી રહેલો હાઇ-સ્પીડ રેલ કોરિડોર ૨૦૨૭માં શરૂ કરવામાં આવશે. આ વાત કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે એક બિઝનેસ સમિટને સંબોધતા કહી હતી. અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે પ્રોજેક્ટની ડિઝાઇન અને નિર્માણમાં નોંધપાત્ર પ્રગતિ થઇ છે. ભારતીય એન્જિનિયરો અને ઉદ્યોગોએ આ પડકારને સફળતાપૂર્વક પૂર્ણ કરવાની દિશામાં ઝડપી કામ કર્યું છે. પ્રધાને કહ્યું કે ભારત હવે હાઇ-સ્પીડ ટ્રેન ટેક્નોલોજીમાં લગભગ સંપૂર્ણપણે આત્મનિર્ભર બની ચૂક્યું છે. દેશે આ ક્ષેત્રમાં ઝડપથી આગળ વધતા નોંધપાત્ર ઉપલબ્ધિ પ્રાપ્ત કરી છે. રેલવે પ્રધાને વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરવામાં આવેલા સાત નવા બુલેટ ટ્રેન કોરિડોર વિશે પણ વાત કરી હતી. આ

(જુઓ પાનું ૨) ▸▸

See India and the World
without spending a single rupee from your pocket.
Not everyone gets paid to travel...
Assistant Tour Managers and Tour Managers do!
At Veena World, Assistant Tour Managers begin their journey with real-world experience - managing guests, coordinating logistics, and learning the art of travel from the ground up.
With the right mindset, skills, and performance, they grow into full-fledged Tour Managers. That's when the world truly opens up.
Career growth based on performance
Asst Tour Manager(India)→Tour Manager(India)→Tour Manager(World)
Many of our Tour Managers have travelled to 50-75 countries while building a stable and respected career in the travel industry.
Walk-in Interview
for Assistant Tour Managers
Sunday, 22nd Feb 2026
9 am to 1 pm at Veena World Corporate Office
Neelkanth Corporate Park
Vidyavihar (West)
Mumbai - 400 086
Eligibility
21-30 yrs | Graduate / HSC
Fluent in Hindi, English + one regional Indian language
People-centric, guest-serving mindset, calm, composed and physically travel-fit
No addictions and vices
Available during peak seasons (Apr-Jun & Oct-Dec)
If travel excites you, responsibility motivates you, and growth matters to you - this journey could be yours.




Bring along: Hard copy of your updated resume with a recent passport-size photograph.
Note: Selected candidates will undergo training at the Corporate Office followed by a live tour in India. Training fee of ₹18,000 applies and is refundable after successful completion of one year.
Caution: Veena World does not charge any interview fees and has not authorised any agent in connection with the interview process.
VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

## શહેરના આંતરિક માળખા માટે ₹ એક લાખ કરોડ ફાળવાયા

નવી દિલ્હીઃ શહેરી માળખાકીય સુવિધાઓમાં ધરખમ અને ઝડપથી સુધારો કરવા માટે કેન્દ્રીય પ્રધાનમંડળે અર્બન ચેલેન્જ ફંડ (યુસીએફ)ને મંજૂરી આપી હતી અને એ માટે કેન્દ્ર સરકાર એક લાખ કરોડ રૂપિયા ફાળવશે, એમ કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે શનિવારે કહ્યું હતું.

આ યોજના અંતર્ગત કુલ ખર્ચના પચાસ ટકા તેથી વધારે બજારમાંથી ઊભા કરવામાં આવશે તો તેવા સંજોગોમાં યોજનાના કુલ ખર્ચના પચીસ ટકા સહાય કેન્દ્ર સરકાર આપશે.

આ યોજના અંતર્ગત આવનારા પાંચ વર્ષમાં શહેરી માળખાકીય સુવિધાઓના વિકાસ માટે કુલ ચાર લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. વિકાસના પ્રાથમિક તબક્કામાં હોય તેવા ઉદ્યોગો, ટૅક્નોલૉજી આધારિત ઈનોવેટિવ મેન્યુફેક્ચરિંગ સ્ટાર્ટઅપ્સ અને મોબાઈલ વેન્ચર ફંડ માટે સરકાર રૂ. ૧૦,૦૦૦

(જુઓ પાનું ૨) ▸▸

## ભારતનાં ત્રણ શહેરમાં ધડાકા કરાવનાર બાંગ્લાદેશમાં ચૂંટણી જીત્યો

નવી દિલ્હીઃ ભારત વિરોધી આતંકવાદના ભૂતપૂર્વ દોષિત ત્રણ કટ્ટરવાદી બાંગ્લાદેશની ચૂંટણી જીત્યાં છે. ત્રણેય પર અગાઉ મૃત્યુદંડ સહિતના ગંભીર આરોપો હતા તેમાંના એક પર દિલ્હી, વારાણસી અને અજમેરના ધડાકામાં સંડોવણીનો આરોપ છે. ત્રણ નેતામાંથી બે તારિક રહેમાનની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી) ના છે, જેણે ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાના પતન પછી પહેલી રાષ્ટ્રીય ચૂંટણી જીતી હતી, અને એક જમાત-એ-ઇસ્લામીનો છે, જે હારી ગયો હતો.

હસીનાના ભારત દેશનિકાલ પછી, મુહમ્મદ યુનુસ અમેરિકાથી પાછા ફર્યા તે પહેલાં, ત્રણેય ગંભીર આરોપો સાથે જીવી રહ્યા

(જુઓ પાનું ૨) ▸▸

## પુલવામા આતંકવાદી હુમલાના શહીદોને શ્રદ્ધાંજલિ અપાઇ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણ અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે જમ્મુ અને કાશ્મીરના પુલવામામાં ૨૦૧૯માં આજના દિવસે થયેલા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા સીઆરપીએફના જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી.

મોદીએ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું, ૨૦૧૯માં આજના દિવસે પુલવામામાં શહીદ થયેલા બહાદુર નાયકોને યાદ કરીને રાષ્ટ્ર પ્રત્યેની તેમની ભક્તિ, સંકલ્પ અને સેવા આપણી સામૂહિક ચેતનામાં હંમેશાં માટે અંકિત રહે છે.

(જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પે વિશ્વના સૌથી મોટા વિમાનવાહક જહાજને ઈરાન મોકલ્યું

ન્યૂ યોર્કઃ અમેરિકા અને ઈરાન વચ્ચે પરમાણુ કાર્યક્રમ પર ચાલી રહેલી વાટાઘાટો વચ્ચે ફરી એકવાર તણાવ વધી રહ્યો છે કારણ કે અમેરિકાએ વિશ્વના સૌથી મોટા વિમાનવાહક જહાજ, યુએસએસ ગેરાલ્ડ આર. ફોર્ડને પર્સિયન ગલ્ફમાં મોકલવાનો નિર્ણય લીધો છે.

જો વાટાઘાટો નિષ્ફળ જાય, તો હુમલો શક્ય છે. યુએસએસ બુશ વિશે અગાઉ અહેવાલો હતા. યુએસએસ લિંકન પહેલેથી જ હાજર છે. તણાવ વધ્યો છે અને પ્રદેશમાં યુદ્ધનું જોખમ છે.

ન્યૂ યોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, આ માહિતી ચાર અમેરિકી અધિકારી દ્વારા આપવામાં આવી હતી. પહેલા એવા અહેવાલો હતા કે યુએસએસ જ્યોર્જ એચ.ડબલ્યુ. બુશ મોકલવામાં આવશે, પરંતુ હવે ફોર્ડને પસંદ કરવામાં આવ્યુ છે. પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સ્પષ્ટપણે કહ્યું છે કે જો વાટાઘાટો નિષ્ફળ જાય તો અમેરિકા ઈરાન પર હુમલો કરવા માટે તૈયાર છે.

યુએસએસ ગેરાલ્ડ આર. ફોર્ડ વિશ્વનું સૌથી મોટું અને સૌથી આધુનિક વિમાનવાહક જહાજ છે. તે ૧૦૦થી વધુ ફાઇટર જેટ, હજારો સૈનિકો અને એસ્કોર્ટ જહાજોને વહન કરે છે.

અગાઉ, તે કેરેબિયન સમુદ્રમાં હતું અને વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ સંબંધિત કામગીરીમાં સામેલ હતું.

અમેરિકાએ કતારના અલ-ઉદેઇન ઍર બેઝ ખાતે પૅટ્રિઅટ મિસાઇલ મોબાઇલ ટ્રક

(જુઓ પાનું ૨) ▸▸

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા
## તા. ૧૫-૨-૨૦૨૬ થી તા. ૨૧-૨-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી મંગળ સમગતિએ મકર રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી બુધ કુંભ રાશિમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. ગુરુ મિથુન રાશિમાં વક્રીભ્રમણ કરે છે. માર્ગી શુક્ર શીઘ્ર ગતિએ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે મકર રાશિમાં રહે છે. તા. ૧૭મીએ કુંભ રાશિમાં, તા. ૧૯મીએ મીન રાશિમાં, તા. ૨૧મીએ મેષ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વેપાર અને નાણાં રોકાણનું કામકાજ સફળ બની રહેશે. નોકરી માટે તા. ૧૬, ૧૮, ૨૦ શુભ જણાય છે. તા. ૧૭, ૧૯મીએ કાર્યક્ષેત્રે સફળ નિર્ણયો લઈ શકશો. મંગળનું ભ્રમણ મિલકત–મકાનનાં કારોબારમાં સફળતા દર્શાવે છે. પ્રવાસ દ્વારા કારોબારના કામકાજ પૂર્ણ થશે. મહિલાઓને કિંમતી ચીજોની ખરીદી માટે સાનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સહોદરો તથા વડીલોનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા પ્રકારના કામકાજનું જ્ઞાન મેળવશો. વૈવિધ્યતા લાવી શકશો. નોકરી માટે તા. ૧૭, ૧૮, ૧૯ શુભ જણાય છે. પ્રવાસ માટે આ સપ્તાહ સાનુકૂળ બની રહેશે. તા. ૧૭, ૧૯, ૨૦ મિલકતના નિર્ણયો માટે અનુકૂળ બની રહેશે. વેપારની નાણાંની આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબના સભ્યોનો સુખદ અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં વાંચન અભ્યાસમાં એકાગ્રતા જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લે–વેંચના વેપારમાં સફળતા મેળવશો. વેપાર વધશે. મુસાફરીઓ એકંદરે અનુકૂળ બની રહેશે. પ્રવાસમાં નવી ઓળખાણો થાય. તા. ૧૯, ૨૦, ૨૧ નોકરીની પ્રવૃત્તિ માટે શુભ જણાય છે. નાણાં રોકાણ માટેના નિર્ણયો સફળ બની રહેશે. મહિલાઓ નવા કામકાજનો પ્રારંભ કરી શકશે. પરિવારના સભ્યોનો સહયોગ મેળવશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સહઅધ્યાયીઓનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૧૫, ૧૬, ૨૧ શુભ જણાય છે. નોકરીમાં સખત પરિશ્રમ છતાંય પરિણામો મેળવી શકશો. સફળતા મેળવશો. પ્રવાસના આયોજનોમાં બેધ્યાનપણું ન આવે તે જોવું જરૂરી છે. પ્રવાસ દ્વારા મહિલાઓના પરિવારના કામકાજ સંપન્ન થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અધ્યયનની તક પ્રાપ્ત થતી જણાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બનતો જણાશે. નોકરી માટે તા. ૧૫, ૧૬, ૧૯, ધ્યાનાકર્ષક જણાય છે. આત્મવિશ્વાસ દ્દઢ બનશે. કામકાજમાં સફળતા અનુભવશો. નાણાં વ્યવહાર જળવાશે. મહિલાઓને આ સપ્તાહમાં કામકાજમાં પતિનો સહયોગ મળશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કઠીન અભ્યાસમાં પણ સરળતા આવેલી જણાશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સફળતા મેળવશો. અનુભવ, જ્ઞાન અને આત્મવિશ્વાસ દ્વારા વાયદાના વેપારમાં અનુકૂળતા આવેલી જણાશે. નોકરી માટે તા. ૧૬, ૧૭, ૧૮ શુભ જણાય છે. આ સપ્તાહના પ્રવાસ સફળ નીવડશે. નવા કામકાજ મેળવશો. નવીન પ્રવૃત્તિઓના પ્રારંભ માટે મહિલાઓને અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓના અધ્યયનનાં કાર્યો નિયમિતપણે જળવાઈ રહેશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાંરોકાણ શક્ય જણાય છે. મુસાફરી દ્વારા નોકરીના કામકાજ સંપન્ન થશે. પ્રવાસમાં નવી ઓળખાણો થાય. જૂનાં નાણાંની ઉઘરાણીની વસૂલી શક્ય છે. મિલકતના નિર્ણયો લઈ શકશો. બ્રોકરેજની આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને સંતાનના શૈક્ષણિક જવાબદારીના કામકાજમાં સરળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા વિષયોના અભ્યાસ માટે સાધન, સામગ્રી સવલતો મળશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. ગેરદોરવણી શક્ય જણાય છે. તા. ૧૫, ૧૬, ૨૧ નોકરીની પ્રવૃત્તિઓ માટે શુભ જણાય છે. નોકરીમાં નવી જવાબદારીઓ યશસ્વી પુરવાર થશે. મિલકતના કારોબારમાં સફળતા મેળવશો. યશ અને માનવૃદ્ધિ કાર્યક્ષેત્રે મળવાથી મહિલાઓને ઉત્સાહ અને ઉમંગનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કઠીન અભ્યાસમાં માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી જણાય છે. નોકરી માટે તા. ૧૭, ૧૮, ૨૦ શુભ જણાય છે. નોકરીના નિર્ણયો સ્વતંત્રપણે લઈ શકશો. સાહસિકતાથી નવા કામકાજના નિર્ણયો લઈ શકશો. મિલકત, કાર્યાલય, વાહન, સ્થાવર મિલકતના નિર્ણયો લઈ શકશો. મહિલાઓના આ સપ્તાહના નોકરીના કામકાજ નિયમિતપણે જળવાઈ રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસની નવી પ્રવૃત્તિઓમાં સફળતા જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં આત્મવિશ્વાસ, અનુભવ, કાર્યદક્ષતા ઉપયોગી થતી જણાશે. નોકરીમાં પદોન્નતિ થાય. સ્થાનવૃદ્ધિ થશે. મુસાફરીઓ આ સપ્તાહમાં એકંદરે સફળ બનતી જણાશે. નોકરી માટે તા. ૧૫, ૧૬, ૨૦, ૨૧ શુભ જણાય છે. વેપાર આ સપ્તાહમાં સફળ બની રહેશે. મહિલાઓના કિંમતી ચીજોની ખરીદીના નિર્ણયો સફળ પુરવાર થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં વાંચનમાં એકાગ્રતા જાળવવામાં સફળતા જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના નિત્ય કામકાજમાં પ્રગતિ જળવાઈ રહેશે. ધાર્યા મુજબના નિર્ણયો લઈ શકશો. નોકરીમાં તા. ૧૮, ૧૯, ૨૧ શુભ જણાય છે. નોકરીની પ્રવૃત્તિઓમાં ઉપરી અધિકારીનો સહયોગ પણ મેળવી શકશો. રાજકારણ, સામાજિક જીવનની પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. નાણાંની આવક જળવાઈ રહેશે. નાણાંના વ્યવહાર જાળવી શકશો. મહિલાઓને આ સપ્તાહમાં નવી પ્રવૃત્તિઓમાં યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસના સાધનો પ્રાપ્ત થતાં જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. અન્યનું માર્ગદર્શનને અનુસરવામાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૧૫, ૧૬, ૨૦ શુભ જણાય છે. નોકરી માટેના નિર્ણયો સ્વતંત્રપણે લઈ શકશો. સામાજિક, રાજકીય સંબંધોમાં સાવધાની દાખવવી જરૂરી છે. વેપારમાં નાણાં વ્યવહારમાં કાળજી લેવી જરૂરી છે. આવક જળવાશે. મહિલાઓને આ સપ્તાહમાં પરિવારના પ્રસંગોમાં સતર્કતાભર્યું આયોજન સલાહભર્યું છે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવી અધ્યયન માટે સાધન–સવલતો પ્રાપ્ત થતી જણાશે.

## આજનું પંચાંગ
### ઉત્તરાયણ-સૌર શિશિરઋતુ, રવિવાર, તા. ૧૫-૨-૨૦૨૬, મહાશિવરાત્રિ

ભારતીય દિનાંક ૨૬, માહે માઘ, શકે ૧૯૪૭

વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ વદ–૧૩

જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ વદ–૧૩

પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫

પારસી કદમી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫

પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪

મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭

મીસરી રોજ ૨૮મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭

નક્ષત્ર ઉત્તરાષાઢા રાત્રે ક. ૧૯–૪૭ સુધી, પછી શ્રવણ

ચંદ્ર મકરમાં, ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ,જ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૮, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૩, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૪, સ્ટા. ટા.

: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :

ભરતીઃ સવારે ક. ૧૦–૪૧, રાત્રે ક. ૨૩–૩૭

ઓટઃ સાંજે ક. ૧૬–૫૦, મધ્યરાત્રિ પછી ક. ૦૫–૪૮ (તા. ૧૬)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ કૃષ્ણ–ત્રયોદશી. મહાશિવરાત્રિ – શિવપૂજન, નિશિથકાલ મધ્યરાત્રે ક. ૨૪–૨૬થી ૨૫–૧૭, પ્રથમ પ્રહરઃ ૧૮–૩૫, દ્વિતીય પ્રહરઃ ૨૧–૪૩, તૃતીયઃ ૨૪–૫૨, ચતુર્થ ૨૮–૦૧થી પ્રારંભ, ભદ્રા ૧૭–૦૭થી ૨૯–૨૩.

શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.

મુહૂર્ત વિશેષઃ મહાશિવરાત્રી મહા પૂજા,શિવ જ્યોતિર્લિંગ મંદિરોમાં વિશેષ પૂજા,યાત્રા,મેળાનાં આયોજન, મહાશિવરાત્રી પર્વનો ઉપવાસ, રાત્રિ જાગરણ,ચાર પ્રહરની ગાયત્રી જાપ પૂજા, હવન, શિવપૂજા અને ભગવાન સૂર્યનારાયણની પૂજાનો શ્રેષ્ઠ યોગ. વ્યતિપાત જન્મયોગ શાંતિ પૂજા. વિશ્વ દેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, ફણસનું વૃક્ષ વાવવું, બીલીનું વૃક્ષ વાવવું, મુંડન કરાવવું નહીં, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, પર્વ પૂજા નીમિત્તે નવાં વસ્ત્રો, આભૂષણ. નોકરી, વેપાર, ધાન્ય ભરવું, બી વાવવું. ધાન્ય ભરવું.

આચમનઃ ચંદ્ર–હર્ષલ ત્રિકોણ પ્રવૃત્તિશીલ સ્વભાવ.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–હર્ષલ ત્રિકોણ,ચંદ્ર શનિ અર્ધ ત્રિકોણ,ચંદ્ર ગુરુ ક્રાન્તિસામ્ય,

ગ્રહગોચરઃ સૂર્ય–કુંભ, મંગળ–મકર, માર્ગી બુધ–કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ–મિથુન, શુક્ર–કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર.

## સાપ્તાહિક દૈનંદિની
## તા. ૧૫-૨-૨૦૨૬ થી તા. ૨૧-૨-૨૦૨૬

રવિવાર, માઘ વદ–૧૩, વિ. સં. ૨૦૮૨, તા. ૧૫મી ફેબ્રુઆરી, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર ઉત્તરાષાઢા રાત્રે ક. ૧૯–૪૭ સુધી, પછી શ્રવણ. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. મહાશિવરાત્રિ – શિવપૂજન, નિશિથકાલ મધ્યરાત્રે ક. ૨૪–૨૬થી ૨૫–૧૭, પ્રથમ પ્રહર પ્રારંભઃ ૧૮–૩૫, દ્વિતિય પ્રહર પ્રારંભઃ ૨૧–૪૩, તૃતીય પ્રહર પ્રારંભઃ ૨૪–૫૨, ચતુર્થ પ્રહર ૨૮–૦૧થી પ્રારંભ, ભદ્રા ૧૭–૦૪થી ૨૯–૨૩. સામાન્ય દિવસ.

સોમવાર, માઘ વદ–૧૪, તા. ૧૬મી. નક્ષત્ર શ્રવણ રાત્રે ક. ૨૦–૪૭ સુધી, પછી ઘનિષ્ઠા. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, માઘ વદ–૩૦, તા. ૧૭મી, નક્ષત્ર ઘનિષ્ઠા રાત્રે ક. ૨૧–૧૫ સુધી, પછી શતભિષા. ચંદ્ર મકરમાં સવારે ક. ૦૯–૦૫ સુધી, પછી કુંભ રાશિ પર જન્માક્ષર. દર્શઅમા વસ્યા, દ્વાપર યુગાદિ, અન્વાધાન, થૈ અમાવસ્યા (દક્ષિણ ભારત), કંકણાકૃતિ સૂર્યગ્રહણ (ભારતમાં દેખાશે નહીં.) પંચક પ્રારંભ ક. ૦૯–૦૫. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, ફાલ્ગુન સુદ–૧, તા. ૧૮મી, નક્ષત્ર શતભિષા રાત્રે ક. ૨૧–૧૫ સુધી, પછી પૂર્વાભાદ્રપદા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, ચંદ્રદર્શન, મું. ૧૫, મહર્ઘ દક્ષિણ શૃંગોન્નતિ, પંચક, સૂર્ય સાયન મીનમાં રાત્રે ક. ૨૧–૨૩, સૌર વસંતઋતુ પ્રારંભ. શુભ દિવસ.

ગુરુવાર, ફાલ્ગુન સુદ–૨, તા. ૧૯મી, ૨૦૨૬, નક્ષત્ર પૂર્વાભાદ્રપદા રાત્રે ક. ૨૦–૫૧ સુધી, પછી ઉત્તરા ભાદ્રપદા. ચંદ્ર કુંભમાં બપોરે ક. ૧૪–૫૯ સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર. છત્રપતિ શિવાજી જયંતી (તારીખ પ્રમાણે), શ્રી રામકૃષ્ણ જયંતી, મુસ્લિમ ૯મો રમજાન માસારંભ, પંચક, સૂર્ય શતતારામાં સાંજે ક. ૧૮–૩૪. લગ્ન, સામાન્ય દિવસ.

શુક્રવાર, ફાલ્ગુન સુદ–૩, તા. ૨૦મી, નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા રાત્રે ક. ૨૦–૦૬ સુધી પછી, રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. ભારતીય ફાલ્ગુન માસારંભ, પંચક, અમૃતસિદ્ધિયોગ ક. ૨૦–૦૮થી સૂર્યોદય, ભદ્રા પ્રારંભ ક. ૨૫–૫૧. લગ્ન, શુભ દિવસ

શનિવાર, ફાલ્ગુન સુદ–૪, તા. ૨૧મી, નક્ષત્ર રેવતી રાત્રે ક. ૧૯–૦૬ સુધી, પછી અશ્વિની. ચંદ્ર મીનમાં રાત્રે ક. ૧૯–૦૬ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. વિનાયક ચતુર્થી, સંત ચતુર્થી (ઓરિસ્સા), ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૩–૦૦ સુધી, પંચક સમાપ્તિ રાત્રે ક. ૧૯–૦૬ સુધી. લગ્ન સામાન્ય દિવસ, લગ્ન.

# કોલકાતા ઍરપોર્ટ પર ઈન્ડિગો ફ્લાઈટને બૉમ્બની ધમકી

કોલકાતાઃ કોલકાતા એરપોર્ટ પર શિલોંગ જતી ઇન્ડિગો ફ્લાઇટના ટોઇલેટમાંથી બૉમ્બની ધમકીવાળી શંકાસ્પદ ચિઠ્ઠી મળતા ખળભળાટ મચી ગયો હતો. ત્યારબાદ વિમાનને તાત્કાલિક અલગ જગ્યાએ લઇ જવામાં આવ્યું હતું અને સુરક્ષા એજન્સીઓએ તપાસ શરૂ કરી હતી.

કોલકાતાથી શિલોંગ જતી ઇન્ડિગો ફ્લાઇટ ૬ઇ-૭૩૦૪ના ટોઇલેટમાંથી એક શંકાસ્પદ ચિઠ્ઠી મળી આવી હતી. પ્રારંભિક માહિતી અનુસાર ચિઠ્ઠીમાં બૉમ્બની ધમકી હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી હતી. સવારે ૯-૧૫ વાગ્યે ઉડાન ભરનારી આ ફ્લાઇટને સ્થાપિત સુરક્ષા પ્રોટોકોલ પ્રમાણે મુસાફરોથી દૂર આઇસોલેશન ઝોનમાં ખસેડવામાં આવી હતી. ત્યારબાદ બૉમ્બ સ્ક્વોડ અને અન્ય સુરક્ષા એજન્સીઓની ટીમોએ વિમાનની સંપૂર્ણ તપાસ આદરી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર તમામ યાત્રીઓને સુરક્ષિત રીતે વિમાનમાંથી ઉતારી લેવામાં આવ્યા હતા. એરપોર્ટ વહીવટીતંત્ર અને સુરક્ષા એજન્સીઓ સ્થિતિ પર ઝીણવટભરી નજર રાખી રહ્યા છે અને તમામ જરૂરી પગલાં લેવામાં આવી રહ્યાં છે. ઇન્ડિગોએ જણાવ્યું કે તમામ જરૂરી સુરક્ષા પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવી રહ્યું છે. તેમજ સુરક્ષા એજન્સીઓને સંપૂર્ણ સહયોગ આપવામાં આવી રહ્યો છે. અધિકારીઓનું કહેવું છે કે તપાસ પૂર્ણ થયા પછી જ ભાવિ ફ્લાઇટ સંચાલન અંગે કોઇપણ નિર્ણય લેવામાં આવશે. હાલમાં સુરક્ષા તપાસ ચાલી રહી છે અને સમગ્ર મામલાને ગંભીરતાથી લેવામાં આવી રહ્યો છે. આ ઘટના બાદ સીઆઇએસએફના કર્મચારીઓને મોટી સંખ્યામાં તહેનાત કરવામાં આવ્યા હતા. ■

## પહેલા પાનાનું ચાલુ

### મોદીના વિમાને દેશની પ્રથમ ઈમર્જન્સી લેન્ડિંગ ફેસિલિટી પર ઉતરાણ કર્યું

ટનના ઉચ્ચતમ ટેક-ઓફ વજનવાળા પરિવહન વિમાનોની લેન્ડિંગ અને ટેકઓફની સલામતીમાં સક્ષમ છે. ઇએલએફ ખાતે મોદીએ ભારતીય વાયુસેનાના ફાઇટર જેટ અને ટ્રાન્સપોર્ટ હેલિકોપ્ટર દર્શાવતા એરિયલ શોમાં પણ હાજરી આપી હતી, જે કટોકટીની પરિસ્થિતિઓ અને પ્રતિભાવ માટે કાર્યરત છે.

દિબ્રુગઢમાં આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા શર્મા અને કેન્દ્રીય પ્રધાન સર્બાનંદ સોનોવાલ દ્વારા પીએમ મોદીનું સ્ટેજ પર સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભારતીય વાયુસેનાના સુખોઈ સુ-૩૦એમકે૧ અને રાફેલ ફાઇટર જેટ ઉડાન ભરતા તેમણે ભારતનું હવાઈ પ્રભુત્વ જોયું હતું, જે કટોકટીની પરિસ્થિતિઓ અને પ્રતિભાવો માટે કાર્યરત છે. તેમની મુલાકાત દરમિયાન મોદીએ બ્રહ્મપુત્ર નદી પર છ લેનનો પુલ, કુમાર ભાસ્કર વર્મા સેતુનું ઉદ્‌ઘાટન કર્યું હતું, જેનો ખર્ચ લગભગ ₹૩૦૩૦ કરોડ છે.

આ પુલ ગુવાહાટી અને ઉત્તર ગુવાહાટી વચ્ચે મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઘટાડશે તેવી અપેક્ષા છે. વધુમાં, તેઓ આ ક્ષેત્રમાં ₹૧૮૦૦૦ કરોડથી વધુના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે. આસામના મોરન બાયપાસ પર ૪.૨ કિમીનો ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલો ઇએલએફ, ભારતીય વાયુસેનાના ફાઇટર જેટ અને ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ માટે વ્યૂહાત્મક અને બહુવિધ કાર્યકારી રનવે તરીકે કામ કરશે, જે સંરક્ષણ, લોજિસ્ટિક્સ અને આપત્તિ પ્રતિભાવને મજબૂત બનાવશે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

પીએમ મોદી ઉત્તર-પૂર્વીય ક્ષેત્રમાં કનેક્ટિવિટી, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઉચ્ચ શિક્ષણ અને શહેરી ગતિશીલતાને મજબૂત બનાવવાના હેતુથી ૫૪૫૦ કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન કર્યું હતું અને લીલી ઝંડી પણ બતાવી હતી. ■

### પુલવામા આતંકવાદી હુમલાના શહીદોને શ્રદ્ધાંજલિ અપાઇ

દરેક ભારતીય તેમની હિંમતથી શક્તિ મેળવે છે. ઉપરાષ્ટ્રપતિ રાધાકૃષ્ણને કહ્યું કે પુલવામા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા બહાદુર જવાનોને હું શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. તેમનું સર્વોચ્ચ બલિદાન રાષ્ટ્રની સ્મૃતિમાં હંમેશા માટે અંકિત રહેશે અને એક મજબૂત અને સુરક્ષિત ભારત બનાવવા માટે આપણને પ્રેરણા આપતું રહેશે.

શાહે એક્સ પર પોસ્ટ કરેલા એક સંદેશમાં કહ્યું કે, ''આતંકવાદનો સામનો કરતી આપણા સુરક્ષા દળો આતંકવાદ માનવતાનો સૌથી મોટો દુશ્મન છે અને ભારત તેનો સંપૂર્ણ નાશ કરવા માટે દઢપણે કટિબદ્ધ છે. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ એક આત્મઘાતી હુમલાખોરે વિસ્ફોટકોથી ભરેલું વાહન સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)ના જવાનોને લઈ જતી બસ સાથે અથડાવ્યું, જેમાં ૪૦ જવાન શહીદ થયાં હતાં. ભારતે લગભગ ૧૨ દિવસ પછી વળતો હુમલો કરીને બદલો લીધો, જેને બાલાકોટ હવાઈ હુમલા તરીકે ઓળખવામાં આવ્યો. ■

### ટ્રમ્પે વિશ્વના સૌથી મોટા વિમાનવાહક જહાજને ઈરાન મોકલ્યું

લૉન્ચર પર ગોઠવી છે અને તેને અમેરિકાની ઇરાન પરના હુમલાની તૈયારી ગણવામાં આવે છે. બીજી બાજુ, ઇરાન દ્વારા પણ મિસાઇલ્સના જથ્થામાં વધારો કરાયો છે. મધ્ય પૂર્વના દેશોમાં અમેરિકાનું સૌથી મોટું મથક કતારના અલ-ઉદેઇન ઍર બેઝ ખાતે છે. અમેરિકા અને ઇરાનની વચ્ચે જાન્યુઆરીથી તંગદિલી વધી છે. ઉપગ્રહની મદદથી મળેલી તસવીરોમાં અનેક પૅટ્રિઅટ મિસાઇલ મોબાઇલ ટ્રક લૉન્ચર પર ગોઠવાઇ હોવાનું જોવા મળ્યું હોવાનું કહેવાય છે.

અમેરિકાએ પૅટ્રિઅટ મિસાઇલ સૅમિ-સ્ટેટિક લૉન્ચર સ્ટેશન્સ ખાતે રાખવાને બદલે મોબાઇલ ટ્રક લૉન્ચર પર ગોઠવી હોવાથી ઇરાન પરના હુમલાની શક્યતા વધી છે. ફૉરેન્સિક ઇમેજરી એનાલિસ્ટ વિલિયમ ગુડહિંડે જણાવ્યું હતું કે આ વિસ્તારની ઉપગ્રહની જાન્યુઆરીની તસવીરોની સાથે ફેબ્રુઆરીની તસવીરોની સરખામણી કરવાથી મળેલી માહિતી પરથી કહી શકાય કે આ વિસ્તારમાં યુદ્ધવિમાનો અને લશ્કરી સાધનસામગ્રીની સંખ્યામાં પણ મોટા પાયે વધારો થયો છે.

તેમણે જણાવ્યું હતું કે અમેરિકાએ ફેબ્રુઆરીમાં કતારના અલ-ઉદેઇન ઍર બેઝ ખાતે પૅટ્રિઅટ મિસાઇલ એમ૯૮૩ હૅવી ઍક્સપાન્ડેડ મોબિલિટી ટેક્ટિકલ ટ્રક્સ પર ગોઠવી છે. તેને લીધે અમેરિકા પોતાની આ મિસાઇલ્સ વૈકલ્પિક અન્ય જગ્યાએ ઝડપથી ખસેડી શકશે.

દરમિયાન, ઇરાને જણાવ્યું હતું કે અમે ગયા ઉનાળામાં થોડા દિવસ ચાલેલા યુદ્ધ બાદ અમારા મિસાઇલોના જથ્થામાં ફરી વધારો કર્યો છે.

ઇઝરાયલે ગયા ઉનાળામાં ઇરાનના અણુમથકો અને અન્ય લશ્કરી ચોકીઓને લક્ષ્ય બનાવીને હુમલા કર્યા હતા. આ હુમલામાં અમેરિકાએ ઇઝરાયલને સહાય કરી હોવાનું કહેવાય છે. ઇરાને તહેરાન, કેર્માનશાહ, સેમ્નાન અને અખાતના કાંઠાની નજીક ભૂગર્ભમાં મિસાઇલ્સનો મોટો જથ્થો ભેગો કર્યો હોવાનું મનાય છે.

અગાઉ, અમેરિકાએ ૨૦૦૩માં ઇરાક સાથેના યુદ્ધમાં કુવૈત ખાતે પૅટ્રિઅટ મિસાઇલ્સ ગોઠવી હતી અને ત્યાંથી હુમલા કર્યા હતા. (એજન્સી)■

### ભારતના ત્રણ શહેરમાં ધડાકા કરાવનાર બાંગ્લાદેશમાં ચૂંટણી જીત્યો

હતા, જેમાં અંતિમ - મૃત્યુદંડ-નો સમાવેશ થાય છે. ત્યારબાદ યુનુસે તેમને બધા આરોપોમાંથી મુક્તિ અપાવી. બીએનપીના બે નેતા, લુત્ફુઝમાન બાબર અને અબ્દુલ સલામ પિન્ટુ, અને જમાત-એ-ઇસ્લામીના એટીએમ અઝહરુલ ઇસ્લામ હવે રાષ્ટ્રની નવી સંસદમાં જઈ રહ્યા છે, જે ભારત સાથેના સંબંધોમાં તણાવપૂર્ણ પરિસ્થિતિમાં હતું.

ડિસેમ્બર ૨૦૨૪માં, બાંગ્લાદેશ હાઈકોર્ટે ૨૧ ઓગસ્ટ, ૨૦૦૪ના રોજ શેખ હસીનાને નિશાન બનાવતા ગ્રેનેડ હુમલા સાથે જોડાયેલા બે કેસમાં દોષિત ઠેરવવામાં આવેલા તારિક રહેમાન, લુત્ફુઝમાન બાબર અને અન્ય લોકોને નિર્દોષ જાહેર કર્યા. ઘટનામાં તે માંડ માંડ બચી ગઈ હતી, પણ ત્યારે ૨૪ લોકો માર્યા ગયા હતા. પિન્ટુ પર પાકિસ્તાનના આતંકવાદી જૂથ હરકત-ઉલ-જીહાદ-અલ-ઇસ્લામી (હુજી) ને સમર્થન આપવાનો આરોપ હતો, જે ભારતમાં હુમલાઓ પાછળ મુખ્ય હતો, જેમાં ૨૦૦૬માં ઉત્તર પ્રદેશના વારાણસીમાં કોર્ટ પરિસરમાં, ૨૦૦૭માં અજમેર શરીફ દરગાહ પર અને ૨૦૧૧ માં દિલ્હીમાં વિસ્ફોટોનો સમાવેશ થાય છે. લુત્ફુઝમાન બાબરે તેમના નજીકના હરીફને ૧.૬ લાખ મતોથી હરાવીને ચૂંટણી જીતી લીધી. તેના પક્ષના સાથીદાર, અબ્દુલ સલામ પિન્ટુ, ભારતના દૃષ્ટિકોણથી વધુ સમસ્યારૂપ છે. ગ્રેનેડ હુમલા કેસમાં બાબરને નિર્દોષ જાહેર કર્યાના એક વર્ષ પછી, અબ્દુસ સલામ પિન્ટુને પણ રાહત મળી જ્યારે તેની સામેના આરોપો રદ કરવામાં આવ્યા હતા.

બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી) દેશની સંસદીય ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવી બે દાયકાના સમયગાળા બાદ ફરી સત્તા પર આવી છે. બીએનપીના નેતા તારીક રહમાન બાંગ્લાદેશના વડા પ્રધાન બનશે.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોશ્યલ મીડિયા 'એક્સ' પરની પોસ્ટ દ્વારા તારીક રહમાનને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે હું બાંગ્લાદેશની સંસદીય ચૂંટણીમાં તમારા નેતૃત્વ હેઠળની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના ભવ્ય વિજય બદલ તમને અભિનંદન પાઠવું છું. બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીએ પણ મોદીનો આભાર માન્યો હતો અને બન્ને દેશ વચ્ચેના સંબંધ ફરી સારા બનવાની આશા વ્યક્ત કરી હતી. તારીક રહમાન નોબેલ પારિતોષિક વિજેતા મોહંમદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકારને સ્થાને પોતાની સરકાર રચશે.

બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના હિંદુ નેતા ગાયેશ્વરચંદ્ર રોયે ઢાકાની બેઠક પરથી પોતાના નજીકના હરીફ જમાતે ઇસ્લામીના ઉમેદવાર મોહંમદ શાહિનુર ઇસ્લામને હરાવ્યા હતા. બાંગ્લાદેશમાં ગુરુવારે સામાન્ય ચૂંટણીમાં મતદાન બાદ તુરત મતગણતરી શરૂ કરી દેવાઇ હતી. બાંગ્લાદેશની સંસદની ૩૦૦માંથી ૨૯૯ બેઠક પર મતદાન ગુરુવારે સવારે સ્થાનિક સમય મુજબ ૭.૩૦ વાગ્યે શરૂ થયું હતું. એક બેઠકના ઉમેદવારના નિધનને લીધે ત્યાં મતદાન મુલતવી રખાયું હતું. બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણીમાં બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી અને તેના એક સમયના સાથી પક્ષ જમાતે ઇસ્લામી વચ્ચે સીધી સ્પર્ધા થઇ હતી.

પદભ્રષ્ટ કરાયેલા વડાં પ્રધાન શેખ હસીનાના પક્ષ અવામી લીગનું વિસર્જન કરાયું હોવાથી બે મુખ્ય રાજકીય પક્ષ વચ્ચે જ ચૂંટણીમાં સ્પર્ધા થઇ હતી. અવામી લીગ પર ચૂંટણી લડવા પ્રતિબંધ પણ મુકાયો હતો.

અગાઉ, બાંગ્લાદેશમાં સામાન્ય ચૂંટણીની મતગણતરીને ધ્યાનમાં રાખીને કડક સુરક્ષા વ્યવસ્થા કરાઇ હતી. બાંગ્લાદેશ સંસદની ૨૯૯ બેઠક માટેના મતદાનમાં અંદાજે ૧૨.૭ કરોડ મતદાર માટે ૪૨,૭૭૯ મતદાન કેન્દ્ર ઊભા કરાયા હતા. બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના નેતા નઝરુલ ઇસ્લામ ખાને મોદીનો આભાર માન્યો હતો અને બન્ને દેશના સંબંધ ફરી સારા થવાની આશા વ્યક્ત કરી હતી. બીએનપીના અધ્યક્ષ તારિક રહમાને જણાવ્યું હતું કે અમારો પક્ષ દેશને ફરી સમૃદ્ધ અને સુરક્ષિત બનાવશે. (એજન્સી)■

### મહાશિવરાત્રિએ ભારત-પાક વચ્ચે તાંડવ

સિક્સર, ત્રણ ફોર)એ જ જિતાડી હતી. આજે મિડલ-ઑર્ડરમાં તિલક ઉપરાંત હાર્દિક પંડ્યા, રિન્કુ સિંહ, શિવમ દુબે, અક્ષર પટેલ વગેરેની કસોટી થશે. ખરું કહીએ તો ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) ઉપરાંત સમગ્ર દક્ષિણ એશિયાએ ભારત-પાકિસ્તાન મુકાબલાને શક્ય બનાવ્યો છે. અભિષેક શર્માને પેટની બીમારી નડી હતી અને જો આજે તેના રમવાની સંભાવના ઓછી હોત તો ફિટ થઈ ગયેલા ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદરને ઓપનિંગમાં ઇશાન કિશન સાથે મોકલવાનો કદાચ પ્લાન હતો. કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમના મેદાન પર વૉશિંગ્ટનના ઑફ-સ્પિન પણ પાકિસ્તાની બૅટ્સમેનોને મુશ્કેલીમાં લાવવા ઉપયોગી થઈ શકશે. કુલદીપ યાદવ ભારતના મુખ્ય વિકેટ-ટેકિંગ બોલર્સમાંથી એક છે અને તેને પ્લેઇંગ-ઇલેવનમાં સમાવવા રિન્કુ સિંહ કે શિવમ દુબે કે બીજા કોઈની બાદબાકી કરવામાં આવી શકે. ભારતે આ ટૂર્નામેન્ટની પોતાની બે મૅચમાં જે બની ગયું એવું પાકિસ્તાન સામે ન બને એની ખાસ તકેદારી રાખવી પડશે. વાનખેડેમાં અમેરિકા સામે ભારત જીત્યું હતું, પણ તબક્કે ભારતે ૭૭ રનમાં છ વિકેટ ગુમાવી દીધી હતી. ત્યાર બાદ સૂર્યકુમારનું પોત પ્રકાશ્યું અને તેણે અમેરિકાના બોલર્સની ખબર લઈ નાખી હતી અને ચોગ્ગા-છગ્ગાનો વરસાદ વરસાવીને અણનમ ૮૪ રન કર્યા હતા. ત્યાર બાદ દિલ્હીમાં ભારતે નામિબિયા જેવી નાની ટીમ સામે ડેથ-ઓવર્સમાં ચાર રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. જે કંઈ હોય, ભારતીય પ્લેઇંગ-ઇલેવને ટીમ-વર્કથી તેમ જ સંગઠિત પ્રયાસોથી અને પાકિસ્તાન સામે રમી રહ્યા છીએ એવા કોઈ પણ પ્રકારના માનસિક દબાણમાં કે કરોડો લોકોની અપેક્ષાના પ્રેશરમાં આવ્યા વગર રમવું પડશે. ■

### શહેરના આંતરિક માળખા માટે રૂ. એક લાખ કરોડ ફાળવાયા

કરોડનું ભંડોળ ફાળવશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની કેબિનેટ કમિટી ઑન ઈકોનોમિક અફેર્સે આસામમાં ગોહપુર અને નુમાલીહઝ વચ્ચે રૂ. ૧૮,૬૬૨ કરોડને ખર્ચે તૈયાર કરવામાં આવનારી દેશની સૌપ્રથમ ૩૪ કિ.મી. લાંબી ટ્વીન-ટ્યૂબ અન્ડરવૉટર રેલ કમ રોડ ટનલને મંજૂરી આપી છે. પ્રસાર માધ્યમને સંબોધન કરતાં અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે કોલકાતામાં હુગલી નદી નીચે દેશની સૌપ્રથમ અન્ડર રિવર ટનલ તૈયાર કરવામાં આવી હતી અને વર્તમાનમાં અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે સૌપ્રથમ અન્ડર-સી ટનલનું કામ ચાલી રહ્યું છે.

દરમિયાન કેન્દ્ર કેન્દ્ર સરકારે નોઈડા સેક્ટર ૧૪૨થી નોઈડા મેટ્રો રેલ પ્રોજેક્ટના બોટોનકલ ગાર્ડન સુધીના ૧૧.૫૬ કિ.મી. લાંબા એક્સટેન્શન કોરિડોરને મંજૂરી આપી છે. આ કોરિડોરમાં આઠ એલિવેટેડ સ્ટેશન હશે.

કેન્દ્રીય કેબિનેટ દ્વારા આજે અનેક મોટા પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે. જેમાં શહેરો માટે નવા પ્રોજેક્ટ્સ, સ્ટાર્ટઅપ્સ માટે નવું ફંડ અને નોઇડા મેટ્રો વિસ્તરણ સહિતના અનેક મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. આ ઉપરાંત મહારાષ્ટ્ર, ગુજરાત અને આસામ માટે પણ વિશેષ જાહેરાતો કરવામાં આવી છે. આ જાહેરાતને કારણે ગુજરાતને મોટો ફાયદો થયો છે. ગુજરાતમાં પણ આદિવાસી બેલ્ટને ખૂબ જ મોટો ફાયદો થયો છે. ગુજરાતના આદિવાસી બેલ્ટ પર વિસ્તરેલો નેશનલ હાઇવે ૫૬ના બે બ્લોકને ફોરલેન બનાવવા માટેની મંજૂરી આપી દેવામાં આવી છે. જેના અંતર્ગત ગુજરાતમાં NH-૫૬ના અપગ્રેડેશન હેઠળ ધમાસિયા બિટાડા અને નસારપોર મલોથા સેક્શનને ફોર-લેન બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ પાછળ ૪,૫૮૩ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. ગુજરાતમાં ગઇં-૫૬ ના અપગ્રેડેશન હેઠળ ધમાસિયા બિટાડા અને નસારપોર મલોથા સેક્શનને ફોર-લેન બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ પાછળ ૪,૫૮૩ કરોડ રૂપિયાનોનો ખર્ચ કરવામાં આવશે.

ધમાસિયા બિટાડા સેક્શનઃ
ધમાસિયા (નસવાડી તાલુકો, જિલ્લોઃ છોટાઉદેપુર)
બિટાડા / મોવી (નાંદોદ તાલુકો, જિલ્લોઃ નર્મદા)
નસારપોર મલોથા સેક્શનઃ
નસારપોર (ઉમરપાડા તાલુકો, જિલ્લોઃ સુરત)
મલોથા (વ્યારા તાલુકો, જિલ્લોઃ તાપી)
મહારાષ્ટ્રઃ NH-૧૬૦ને પણ અપગ્રેડ કરવાની મંજૂરી અપાઈ છે.

(એજન્સી)■

### આઈઆઈએમ, રાષ્ટ્રીય ડેટા સેન્ટરનું ઉદ્‌ઘાટન

માટે રાષ્ટ્રીય ડેટા સેન્ટર (એનડીસી)નું વર્ચ્યુઅલી ઉદ્‌ઘાટન પણ કર્યું. ૮.૫ મેગાવોટના કુલ મંજૂર લોડ અને પ્રતિ રેક ૧૦ કિલોવોટની સરેરાશ રેક ક્ષમતા ધરાવતું અત્યાધુનિક ડેટા સેન્ટર વિવિધ સરકારી વિભાગોના મિશન-ક્રિટીકલ એપ્લિકેશનોને હોસ્ટ કરશે અને અન્ય એનડીસી માટે આપત્તિ પુનઃપ્રાપ્તિ કેન્દ્ર તરીકે પણ કાર્ય કરશે. મોદીએ પીએમ-ઈબસ સેવા યોજના હેઠળ ૨૨૫ ઇલેક્ટ્રિક બસને લીલી ઝંડી પણ આપી હતી. આમાંથી ૧૦૦ બસ ગુવાહાટી માટે, ૫૦-૫૦ નાગપુર અને ભાવનગર માટે અને ૨૫ ચંદીગઢ માટે છે. ■

### ગુજરાતમાં એપ્રિલથી બે તબક્કામાં વસ્તીગણતરી

કવાયત હાથ ધરવામાં આવશે, તેમ યાદીમાં જણાવ્યું હતું.

સ્વ-ગણતરી દરમિયાન, રહેવાસીઓને તેમની માહિતી ડિજિટલી સબમિટ કરવાની તક મળશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે વસ્તી ગણતરી દરમિયાન એકત્રિત કરવામાં આવેલી બધી માહિતી સખત ગુપ્ત રાખવામાં આવશે અને તેનો ઉપયોગ ફક્ત વસ્તી ગણતરી અધિનિયમ ૧૯૪૮ હેઠળ ફરજિયાત આંકડાકીય હેતુઓ માટે કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે વસ્તી ગણતરી દ્વારા એકત્ર થયેલા ડેટા ગુજરાત અને દેશ માટે આયોજન અને નીતિઓ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. ■

### મુંબઇ-અમદાવાદ બુલેટ ટ્રેન

પ્રસ્તાવિત કોરિડોર આશરે ૪૦૦૦ કિમી લંબાઇમાં ફેલાયેલા હશે. તેમનો ઉદ્દેશ્ય દેશના મુખ્ય ભાગોને જોડવાનો છે. જે ભારતની પરિવહન વ્યવસ્થામાં નોંધપાત્ર પરિવર્તન લાવશે.

વૈષ્ણવે પ્રસ્તાવિત બેંગલુરુ-ચેન્નઇ કોરિડોરનો ઉલ્લેખ કર્યો હતો. જ્યાં મુસાફરીનો સમય ઘટીને માત્ર ૭૩ મિનિટ થઇ શકે છે. તેમણે કહ્યું કે આ કોરિડોરને કારણે બંને શહેરો ખૂબ નજીક આવશે અને આર્થિક પ્રવૃતિને વેગ મળશે. હાઇ-સ્પીડ રેલને પ્રોત્સાહન આપવાથી ભારતના નિકાસકાર બનવાના લક્ષ્યમાં મદદ મળશે.

મુખ્ય રેલવે સુધારાઓ વિશે વાત કરતાં વૈષ્ણવે કહ્યું કે મંત્રાલય ૨૦૨૬માં '૫૨ અઠવાડિયામાં ૫૨ સુધારા' પર કામ કરી રહ્યું છે. તે જ દિવસે પછીથી બે નવા સુધારાઓની જાહેરાત થવાની હતી. સાત સુધરા પહેલાથી જ અમલમાં મૂકવામાં આવ્યા છે. જ્યારે બાકીના પર કામ ચાલી રહ્યું છે. આ ફેરફારોનો હેતુ એકંદર યાત્રા અનુભવને વધુ ઉત્તમ બનાવવાનો છે. ખાસ કરીને દૈનિક મુસાફરો માટે. ■

# ન્હાવા શેવા બંદર પર ભયંકર ટ્રાફિક જેમઃ દ્રાક્ષ, ડુંગળી અને કેળાની નિકાસ સંકટમાં

નાશિકઃ વિવિધ કારણોસર મુંબઈમાં જવાહરલાલ નહેરુ પોર્ટ (જેએનપીટી), ગેટવે ટર્મિનલ (જીટીઆઈ) અને ભારત મુંબઈ કન્ટેનર ટર્મિનલ (બીએમસીટી) તેમજ બંદરો સાથે જોડાયેલા અન્ય ગેટવે પર સતત ટ્રાફિક જામ રહે છે. આનાથી નાશવંત કૃષિ ઉત્પાદનોની નિકાસ પર મોટી અસર પડી રહી છે. આ ભીડને કારણે એર-કન્ડિશન્ડ કન્ટેનર નિર્ધારિત સમયમાં જહાજ સુધી પહોંચી શકતા નથી. બાગાયતી ઉત્પાદન નિકાસકારો સંગઠને કસ્ટમ્સ વિભાગ અને પોર્ટ ઓથોરિટી સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો છે કે વિદેશી ખરીદદારોને આપેલા વચનો પૂરા ન થવાને કારણે ભારતીય નિકાસકારો અને જેએનપીટી પોર્ટની ઈમેજને અસર થઈ રહી છે.

સંસ્થાએ ન્હાવા શેવા બંદર પરથી નાશવંત માલના એર-કન્ડિશન્ડ કન્ટેનરના નિકાસમાં આવતી સમસ્યાઓ કસ્ટમ્સ કમિશનર સંજય પાઈ સમક્ષ રજૂ કરી અને તેમને ઉકેલ શોધવા વિનંતી કરી છે. ટોલ પ્લાઝા અને બાહ્ય રસ્તાઓ પર ચાલી રહેલા કામને કારણે જીટીઆઈ અને બીએમસીટી બંને પ્રવેશદ્વારો પર સતત ટ્રાફિક જામ રહે છે. ટોલ પ્લાઝામાં પ્રવેશવા માટે આઠ પ્રવેશદ્વાર છે. જો કે કેટલાક રસ્તાઓ કામને કારણે બંધ છે અથવા સંપૂર્ણપણે ખુલ્લા નથી. આ ભીડમાં વધારો કરે છે. એર-કન્ડિશન્ડ કન્ટેનરને પાર્કિંગ પ્લાઝામાંથી બહાર નીકળવામાં ૨૪ કલાકથી વધુ સમય લાગે છે. ત્યાંથી, ટર્મિનલ પ્રવેશદ્વાર સુધી પહોંચવામાં ૧૨ થી ૨૪ કલાકનો સમય લાગે છે. પરિણામે ૪૮ કલાકની નિકાસ સમય મર્યાદા ઓળંગાઈ જાય છે.

દ્રાક્ષ, ડુંગળી, કેળા, શાકભાજી સહિત વિવિધ પ્રકારના નાશવંત કૃષિ ઉત્પાદનો એર-કન્ડિશન્ડ કન્ટેનર દ્વારા નિકાસ કરવામાં આવે છે. સંગઠનનું કહેવું છે કે ટ્રાફિક જામ, રસ્તાના કામો, બંદર પ્રવેશદ્વારનો અભાવ વગેરે નિકાસ પર પ્રતિકૂળ અસર કરી રહ્યા છે. ઉપપ્રમુખ સિંહે જણાવ્યું હતું કે કસ્ટમ્સ કમિશનર સંજય પાઈએ ખાતરી આપી છે કે એર-કન્ડિશન્ડ કન્ટેનરની સમસ્યાઓના ઉકેલ માટે જરૂરી પગલાં લેવામાં આવશે. ■

# નવી મુંબઈમાં ગણેશ નાઈક - એકનાથ શિંદે વિવાદ ફરી સળગ્યો

નવી મુંબઈઃ પ્રધાન પદ મૂંગા બેસી રહેવા માટે નથી હોતું. જનતાની તરફેણ કરી બોલવા માટે હોય છે. પ્રધાનપદ શું ચાટવાનું છે? ગણેશ નાઈકે આવેશમાં આવી સવાલ પૂછ્યો છે. આ વખતે તેમનો ઈશારો સીધો મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સામે હતો. એવું માનવામાં આવતું હતું કે પાલિકા ચૂંટણીઓ પછી બંને નેતાઓ વચ્ચેનો સંઘર્ષ સમાપ્ત થઈ જશે. જોકે, હવે એવું લાગે છે કે તેમની વચ્ચેના વિવાદનો નવો અધ્યાય જોવા મળશે.

નવી મુંબઈના રહેવાસીઓની સુવિધા માટે અમે સતત હોસ્પિટલો, ઉદ્યાનો અને જાહેર ઉપયોગ માટે જમીનની માગણી કરી રહ્યા છીએ. જોકે, ખાલી પ્લોટ નવી મુંબઈની જનતાના ઉપયોગ માટે વાપરવાને બદલે બિલ્ડરોને આપવામાં આવી રહ્યા છે. આ કામ દલાલો દ્વારા થઈ રહ્યું હોવાનો ગંભીર આરોપ ગણેશ નાઈકે કર્યો છે.

નાઈકે એકનાથ શિંદે પર સીધું નિશાન સાધી જણાવ્યું કે હું જે પ્રધાન મંડળનો હિસ્સો છું તેના શહેરી વિકાસ વિભાગે આવું કૃત્ય કર્યું છે એની મને શરમ આવે છે. મારો ગુસ્સો શાંત કરવાની ઈચ્છા હોય તો નવી મુંબઈના બધા પ્લોટ પરત કરો. આ પ્લોટ જનતાના છે અને એ તેમને જ મળવા જોઈએ. આ સંદર્ભે તેમણે પાલિકા અધિકારીઓ અને સિડકો વહીવટીતંત્રના કાન જાહેરમાં આમળ્યા છે. ■

પરદેશ પાર્સલ સેવા
Special Festival Rates
CHIPS® LOGISTICS PVT. LTD
INTERNATIONAL COURIER & CARGO
M.98989 05632
M.76000 65632
Free Pickup & Free Packing | Andheri (E), Mumbai

# શરદ પવાર હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ

મુંબઈઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસના અધ્યક્ષ અને વરિષ્ઠ નેતા શરદ પવારને કેટલાક દિવસ પહેલા સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. હવે પવારની તબિયત સ્થિત હોવાથી તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે. શરદ પવારને શનિવારે ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે. પવારને પૂરતો આરામ કરવાની સલાહ ડોક્ટરોએ આપી છે. શરદ પવારની તબિયત સ્થિર છે અને તેઓ સારા થઇ ગયા છે, એમ ડોક્ટરોએ કહ્યું હતું.

શરદ પવારને છાતીમાં નાનું ઇન્ફેક્શન થયું હતું, જેને પગલે તેમને પુણેની ક્લિનિકમાં દાખલ કરવામાં આવ્યા હતા. ■

# માલેગાંવમાં ડેપ્યુટી મેયરની ઓફિસમાંથી ટીપુ સુલતાનનો ફોટો આખરે હટાવી દેવાયો

માલેગાંવઃ માલેગાંવ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર શાન-એ-હિંદએ તેમની ઓફિસમાં ટીપુ સુલતાનનો ફોટો રાખ્યો હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. એકનાથ શિંદે શિવસેનાના નગરસેવકોએ તેનો તીવ્ર વિરોધ કરી કમિશનરની ઓફિસમાં ઘૂસી ગયા હતા. વિરોધ વ્યક્ત કરી તેમણે ફોટો હટાવવાની માંગ કરી હતી. હિન્દુત્વવાદી સંગઠનો પણ આક્રમક બન્યા હતા. ત્યારબાદ શનિવારે ડેપ્યુટી મેયર ઓફિસમાંથી આ ફોટો હટાવી દેવામાં આવ્યો છે.

ટીપુ સુલતાનના ફોટા સામે હિન્દુત્વવાદી સંગઠનો આક્રમક બની આ ફોટો દૂર ન થાય ત્યાં સુધી વિરોધ ચાલુ રાખવાનું વલણ અપનાવ્યું હતું. ત્યારબાદ શિવસેનાએ ચેતવણી આપી હતી કે વિરોધ આંદોલનમાં ફેરવાશે. ટીપુ સુલતાન એક સ્વતંત્રતા સેનાની હતા. ભાજપના એક સંસદસભ્યએ પણ માન્ય કર્યું હતું કે ટીપુ સુલતાન અંગ્રેજો સામે લડ્યા હતા. મહારાષ્ટ્ર સરકારે એમ પણ કહ્યું છે કે તેમની જન્મજયંતિ ઉજવવી જોઈએ. તો આ વિરોધીઓ કોણ છે? ડેપ્યુટી મેયર શાન-એ-હિંદે આવી સ્પષ્ટતા કરી ફોટો મુકવાનું સમર્થન કર્યું હતું.

શિવસેના ધર્મવીર અધ્યાત્મિક સેનાના પ્રદેશ પ્રમુખ અક્ષય મહારાજ ભોસલેએ જણાવ્યું હતું કે માલેગાંવ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયરના કાર્યાલયમાં ટીપુ સુલતાનનો ફોટો લગાવવાનો નિર્ણય બે સમુદાય વચ્ચે તિરાડ પાડવાનો ઇરાદાપૂર્વકનો પ્રયાસ છે. ડેપ્યુટી મેયરે તેમના પદની મર્યાદા ઓળંગી છે અને આ નિંદનીય છે. વહીવટીતંત્રને અમારી સ્પષ્ટ સૂચના છે કે આગામી ૪૮ કલાકની અંદર સંબંધિત ફોટો તાત્કાલિક દૂર કરવામાં આવે અને આ નિર્ણય માટે જવાબદાર ડેપ્યુટી મેયર સામે તાત્કાલિક સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવે. જો ૪૮ કલાકની અંદર કાર્યવાહી કરવામાં નહીં આવે તો શિવસેના ધર્મવીર અધ્યાત્મિક સેના માલેગાંવ આવશે અને લોકશાહી માધ્યમથી ઉગ્ર વિરોધ કરશે. ત્યારબાદ ઉભી થતી કોઈપણ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ માટે વહીવટ સંપૂર્ણપણે જવાબદાર રહેશે. ■

# સિનિયર અધિકારીના કહેવાથી ક્લાર્કે લાંચ લીધઃ કૉંગ્રેસનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર કોંગ્રેસના વડા હર્ષવર્ધન સપકાળે આરોપ લગાવ્યો હતો કે ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન(એફડીએ)ના પ્રધાન નરહરિ ઝીરવળની ઓફિસના એક વરિષ્ઠ અધિકારીએ લાંચ લેવાનું કહેતા વિભાગના ક્લાર્કે લાંચ લીધી હતી.

એન્ટિ કરપ્શન બ્યૂરોએ ગુરુવારે મંત્રાલય ખાતે ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન વિભાગના એક ક્લાર્કને ૩૫,૦૦૦ રૂપિયાની લાંચ લેતા રંગે હાથે પકડી પાડ્યો હતો, જેના કારણે કોંગ્રેસે રાજ્યમાં ભાજપની આગેવાની હેઠળની સરકાર પર હુમલો કર્યો હતો.

એસીબીના જણાવ્યા અનુસાર ક્લાર્ક રાજેન્દ્ર ઘેરંગે મંત્રાલયના બીજા માળે આવેલી ઓફિસમાં લાંચ લેતી વખતે પકડાયો હતો. તેણે કથિત રીતે ફરિયાદી પાસેથી પૈસા માગ્યા હતા જે પોતાનું મેડિકલ લાઇસન્સ રિ-સ્ટોર કરવા માગતો હતો. શુક્રવારે એક્સ પર એક પોસ્ટમાં સપકાળે આરોપ લગાવ્યો હતો કે આ કેસમાં ધરપકડ કરાયેલા ક્લાર્કે પોલીસને કહ્યું હતું કે તે વિભાગના એક વરિષ્ઠ અધિકારીના નિર્દેશ પર કામ કરી રહ્યો છે. સપકાળે સવાલ કર્યો હતો કે આ વરિષ્ઠ અધિકારી પ્રધાનના સિચવ છે કે શું અને જો સચિવ હશે તો તેની સામે કાર્યવાહી થશે કે નહીં. જો ક્લાર્ક સાથે કોઈપણ જાતના સંબંધ હોવાનું બહાર આવે તો પ્રધાનપદ છોડી દેવાની વાત ઝીરવાળે કરી હતી. ■

# એનસીપી (એસપી) તરફથી બન્ને એનસીપીના વિલીનીકરણના મુદા પર 'ફૂલસ્ટોપ'

મુંબઇઃ અજિત પવારના અવસાન પછી રાજ્યમાં મોટા રાજકીય વિકાસ જોવા મળ્યા. અજિત દાદાના પત્ની સુનેત્રા પવારે નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા છે. ઉપરાંત તે પછી બંને એનસીપીના વિલીનીકરણ અંગે ચર્ચાઓ તેજ બની છે. શરદ પવાર જૂથે દાવો કર્યો છે કે બંને પક્ષોના વિલીનીકરણ અંગે અજિત પવાર સાથે સકારાત્મક વાતચીત થઈ છે અને બંને પક્ષો એક સાથે આવશે. જોકે આ ચર્ચાઓને એનસીપી નેતાઓ દ્વારા નકારી કાઢવામાં આવી છે. તેવી જ રીતે હવે શરદ પવારના પક્ષના પ્રદેશ પ્રમુખ શશિકાંત શિંદેએ આ અંગે એક મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે.

શશિકાંત શિંદેએ કહ્યું હતું કે બંને પક્ષોના વિલીનીકરણ અંગેનો નિર્ણય દાદા હતા ત્યારે લેવામાં આવ્યો હતો. તેમની પાર્ટીમાં ઘણા લોકો આ વિશે વાત કરી રહ્યા છે, પરંતુ હવે અમે આ મુદ્દાને બંધ કરી દીધો છે. એવી તસવીર બનાવવામાં આવી રહી છે કે અમે જ વિલીનીકરણને આગળ ધપાવી રહ્યા છીએ. અમે આ અંગે કોઈ હોબાળો કર્યો નથી. દાદાના અવસાન પછી, ચર્ચા શરૂ થઈ. તે પછી, અમે ફક્ત સત્ય બોલ્યા, શપથ લીધા. તે પછી અમે ક્યારેય બોલ્યા નહીં. અમે ફક્ત એટલું જ કહ્યું કે આ દાદાની ઇચ્છા હતી અને અમે તેને પૂર્ણ કરવા માંગીએ છીએ, પરંતુ હવે અમે તેના વિશે વાત ન કરવાનો નિર્ણય લીધો છે.

શું પ્રફુલ પટેલ અને સુનીલ તટકરે આ વિલીનીકરણનો વિરોધ કરે છે? પ્રશ્ન પર બોલતા શિંદેએ કહ્યું, હું આ બાબતે કંઈ કહીશ નહીં, કારણ કે તેમણે પોતાનો પક્ષ રજૂ કરવો જોઈએ. હવે અમે ફરીથી જોરશોરથી કામ કરીને પાર્ટી બનાવવાનો વલણ અપનાવી રહ્યા છીએ. તેથી આ સંદર્ભમાં તેમનો પક્ષ શું છે તે કહેવું મારા માટે યોગ્ય રહેશે નહીં.

વિલીનીકરણ પછી શું તમે એનસીપી સાથે જશો કે અજિત પવાર એનસીપી છોડવા જઈ રહ્યા હતા? આ પ્રશ્ન પર બોલતા શશિકાંત શિંદેએ કહ્યું, 'આ સંદર્ભમાં શું નિર્ણય લેવો તે જિલ્લા પરિષદની ચૂંટણીના પરિણામો પછી નક્કી કરવામાં આવશે. તેમના મનમાં શું હતું મારા મનમાં શું હતું તે પછી કહેવું યોગ્ય નથી. તેમણે એનસીપી સાથે આ અંગે ચર્ચા કરવી જોઈએ. હવેથી, એનસીપી સાથે જવું કે નહીં તે તેમનો નિર્ણય રહેશે. સુનેત્રાની ભાભીને એ અધિકાર રહેશે. ■






**અકળામણઃ** હાલમાં મુંબઈમાં તાપમાનમાં વધારો થયો છે ત્યારે દિવસ દરમિયાન બફારો અનુભવાઈ રહ્યો છે. હમણાં આટલી ગરમી લાગી રહી છે ત્યારે ઉનાળામાં કેવા હાલ થશે? એવી ચિંતા મુંબઈગરાઓને થઈ રહી છે. (અમય ખરાડે)

# રાહુલ ગાંધીને અર્થતંત્રની સમજ નથીઃ પીયૂષ ગોયલ

મુંબઈઃ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના કાપડ ઉદ્યોગ પરની ટિપ્પણીનો વળતો પ્રહાર કરતા કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પિયુષ ગોયલે તેમને અપરિપક્વ ગણાવ્યા હતા. મુંબઈમાં કેન્દ્રીય બજેટ અંગે પત્રકારો સાથે વાત કરતા ગોયલે આક્ષેપ કર્યો હતો કે રાહુલ ગાંધીને અર્થતંત્રની કોઈ સમજ નથી અને તેઓ માત્ર સોશિયલ મીડિયા પર ખોટી માહિતી ફેલાવી રહ્યા છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ પાસે નરેન્દ્ર મોદી સરકારની ટીકા કરવા માટે કોઈ મુદ્દા નથી, તેથી તેઓ ખેડૂતોને ગેરમાર્ગે દોરવા માટે પાયાવિહોણા દાવાઓ કરી રહ્યા છે.

ગોયલે ભારત-અમેરિકા વેપાર કરાર અંગે રાહુલ ગાંધીની ટીકાનો જવાબ આપતા જણાવ્યું હતું કે કાપડ ક્ષેત્ર દેશના નિકાસમાં મહત્વનું યોગદાન આપી રહ્યું છે. હાલ કાપડ નિકાસ અંદાજે રૂ. ૩.૬૦ લાખ કરોડ છે, જે આગામી સમયમાં બમણીથી વધુ થવાની શક્યતા છે. ભારતે જે મુક્ત વ્યાપાર કરારો કર્યા છે તેનાથી અમેરિકા જેવા મોટા બજારો ભારતીય ઉત્પાદનો માટે ખુલ્યા છે. અમેરિકા વાર્ષિક રૂ. ૯ લાખ કરોડના કાપડ ઉત્પાદનોની ખરીદી કરે છે, જેનો સીધો ફાયદો હવે ભારતીય નિકાસકારોને મળશે. ■




# પ્રણય ત્રિકોણનો અંત લાવવા યુવતીની હત્યાઃ વધુ ચાર જણની ધરપકડ, ત્રણ પિસ્તોલ જપ્ત

મુંબઈઃ ગોવંડી વિસ્તારમાં પ્રણય ત્રિકોણનો અંત લાવવા ગોળી મારીને યુવતીની હત્યા કરવાના કેસમાં પોલીસે વધુ ચાર જણની ધરપકડ કરી હતી અને દેશી બનાવટની ત્રણ પિસ્તોલ જપ્ત કરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસે ધરપકડ કરેલા ચારેય જણની ઓળખ હરિશ સિંહ ઉર્ફે જીન્દા, સાદિક અન્સારી, અક્ષય કુમાર અને નજરેઆલમ તરીકે થઇ હતી. આ કેસમાં અગાઉ તબસ્સુમ, તેના ભાઇ સાજીદ શેખ, રિઝવાન અને તેના સાથીદાર કલામ ચૌધરીની ધરપકડ કરવામાં આવી હતી, જેઓ ગોવંડી સ્થિત બૈગનવાડીના રહેવાસી છે. પોલીસે તપાસ દરમિયાન દેશી બનાવટની ત્રણ પિસ્તોલ અને બે જીવંત કારતૂસ જપ્ત કરી હતી, જે ઉત્તર પ્રદેશથી લાવવામાં આવી હોવાની પોલીસને શંકા છે.

ગોવંડીના શિવાજીનગરમાં બૈગનવાડી વિસ્તારમાં કલમા રામનગરમાં મંગળવારે બપોરે શિફા શેખ (૧૯) પર ગોળીબાર કરાયો હતો, જેમાં લમણે ગોળી વાગવાથી તેનું મૃત્યુ થયું હતું. પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું કે શિફા અને એ જ વિસ્તારમાં રહેતા નદીમ વચ્ચે પ્રેમસંબંધ હતો. જોકે નદીમ તબસ્સુમ નામની બીજી યુવતીના પ્રેમમાં હતો અને તેની સાથે લિવ-ઇન રિલેશનશિપમાં રહેતો હતો, જેની જાણ શિફાને થતાં બંને વચ્ચે ઝઘડો થયો હતો.

દરમિયાન આ પ્રણય ત્રિકોણનો અંત લાવવા શિફા મંગળવારે તબસ્સુમને સમજાવવા તેના ઘરે ગઇ હતી, જ્યાં બંને વચ્ચે બોલાચાલી થઇ હતી. આથી ઉશ્કેરાઇને તબસ્સુમે શિફા પર ગોળીબાર કર્યો હતો. આરોપી કલામ પાસે દેશી બનાવટની પિસ્તોલ હતી અને તેણે શિફા પર ગોળીબાર કરવા માટે તબસ્સુમને તે પિસ્તોલ આપી હતી. ■

# રાહુલ નાર્વેકર સાથે ચકમક શા માટે અને ક્યાં થઈ?

## સંજય રાઉતના વીડિયોથી ખળભળાટ

મુંબઈઃ શિવસેના નેતા સાંસદ સંજય રાઉત અને વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકર વચ્ચે ચકમક અને શાબ્દિક યુદ્ધ હંમેશા ચર્ચાનો વિષય રહે છે. શનિવારે સંજય રાઉતે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર રાહુલ નાર્વેકરનો એક વીડિયો શેર કરી સવાલ કર્યો હતો કે વીડિયોમાં નજરે પડતી ચકમક ક્યાં અને શા માટે થઈ? નાર્વેકર, તમે જવાબ આપશો કે હું જ જણાવી દઉં? રાઉતના વીડિયોએ રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચાવી દીધો છે.

શિવસેનામાં ભાગલા પડ્યા પછી વિધાનસભાના અધ્યક્ષ તરીકે સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર રાહુલ નાર્વેકરે શિવસેના કોની એ અંગે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો. ત્યારથી નાર્વેકર શિવસેના પક્ષના અને ખાસ કરીને સંજય રાઉતના નિશાના પર રહ્યા છે. સંજય રાઉતે એક પ્રેસ કોન્ફરન્સમાં સનસનાટીભર્યા દાવા કર્યા હતા કે તાજેતરની પાલિકા ચૂંટણીઓમાં નાર્વેકર પરિવારને હરીફ ઉમેદવારને પાછો ખેંચવામાં મુશ્કેલી પડી રહી છે. એકંદરે નાર્વેકર અને રાઉત વચ્ચે તીવ્ર સંઘર્ષ છે. આ પરિસ્થિતિમાં નાર્વેકરની હાજરીમાં ચાલી રહેલી ચકમકનો એક વીડિયો રાઉતને મળ્યો છે. સંજય રાઉતે શેર કરેલા વીડિયો પરથી લાગે છે કે જમીનના મુદ્દે બે જૂથ વચ્ચે ઝઘડો થઈ રહ્યો છે. 'તમને અંદર આવવાની ના પાડી હતી ને? અમારા ઘરમાં વેવિશાળનો પ્રસંગ હતો. ત્યારે પણ અને અત્યારે સુધ્ધાં અમે ઘરમાં નહોતા ત્યારે તમે આવ્યા જ કેમ? અમે ઘરમાં નથી એનો લાભ લઈ તમે અંદર ઘૂસો છો? અમારી આટલી જમીન ગઈ તો પણ... જંગલમાં કેટલી જમીન તમે પચાવી પાડી... એક મહિલા અને એક પુરુષ રાહુલ નાર્વેકરને આ સવાલ પૂછી રહ્યા છે. બોલાચાલી દરમિયાન બીજું જૂથ આક્રમક થતા નાર્વેકર ત્યાંથી નીકળી ગયા. વિધાનસભા અધ્યક્ષની હાજરીમાં ક્યાં અને શા માટે ઝપાઝપી થઈ? રાહુલ નાર્વેકર ભાગી ગયા. તમે જણાવો છો કે હું જ બધું કહી દઉં? એવો સવાલ સંજય રાઉતે પૂછ્યો છે. ■

# સોલાપુર જિલ્લાના મતદાન બૂથમાં સગીરને પ્રવેશ આપવો ભારે પડ્યોઃ ચૂંટણી પંચે જવાબદાર અધિકારીઓને કર્યા સસ્પેન્ડ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં હાલમાં જ યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ દરમિયાન સુરક્ષા અને નિયમોના ઉલ્લંઘનનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેના પર હવે સોલાપુર જિલ્લામાં મતદાન મથકની અંદર એક સગીર બાળકને પ્રવેશ આપવા અને તેને મતદાન પ્રક્રિયામાં સામેલ કરવા બદલ રાજ્ય ચૂંટણી પંચે કડક વલણ અપનાવ્યું છે. ચૂંટણી પંચે આ મામલે પ્રાથમિક તપાસ બાદ જવાબદાર અધિકારીઓ સામે સસ્પેન્શન કર્યા છે, જે અન્ય કર્મચારીઓ માટે પણ એક બોધપાઠ સમાન છે.

આ ઘટના સોલાપુરના અકલુજ વિસ્તારમાં આવેલા યશવંત નગર મતદાન મથકની છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો જેમાં એનસીપી (એસપી) ના ઉમેદવાર અર્જુન સિંહ મોહિતે પાટીલનો ૧૪ વર્ષનો પુત્ર તેમની સાથે પોલિંગ બૂથની અંદર જોવા મળ્યો હતો. વીડિયોમાં તે સગીર છોકરો તેના પિતાની હાજરીમાં ઇવીએમ મશીનનું બટન દબાવીને મત આપી રહ્યો હોય તેવું દેખાતું હતું. ચૂંટણીના ગુપ્ત મતદાનના નિયમોના ભંગ બદલ આ ઘટનાને ગંભીર ગણીને પંચે ત્વરિત તપાસના આદેશ આપ્યા હતા.

રાજ્ય ચૂંટણી પંચે સોલાપુર કલેક્ટરને લખેલા પત્રમાં સ્પષ્ટ કર્યું છે કે મતદાન કમ્પાર્ટમેન્ટમાં બાળકને પ્રવેશ આપવો એ ચૂંટણી કાયદાઓનું સીધું ઉલ્લંઘન છે.

આ મામલે ફરજ પરના પોલિંગ ઓફિસર અન્ના સાવતા બુધે અને પોલીસ કોન્સ્ટેબલ ગજાનન સીતારામ રાજુતની ગંભીર બેદરકારી સામે આવી છે. પરિણામે પંચે આ બંને કર્મચારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો અને તેમની સામે વિભાગીય શિસ્તભંગના પગલાં લેવાનો આદેશ આપ્યો છે.

અધિકારીઓ સામેની કાર્યવાહી ઉપરાંત, આ ઘટનામાં સંડોવાયેલા ઉમેદવાર અર્જુન સિંહ મોહિતે પાટીલ સામે પણ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ચૂંટણી પંચે જિલ્લા વહીવટીતંત્ર પાસે આ કેસની વર્તમાન સ્થિતિ અને અત્યાર સુધી લેવામાં આવેલા પગલાંનો વિગતવાર અહેવાલ માંગ્યો છે. પંચે કલેક્ટરને આદેશ આપ્યો છે કે આ પ્રકારની ઘટનાઓ લોકશાહીની ગરિમાને ઠેસ પહોંચાડે છે, તેથી કડક પાલન સુનિશ્ચિત કરવામાં આવે.

# ખેડૂતોના હિતને નુકસાન પહોંચાડે તેવા કોઈ કરાર નહીં થાયઃ ફડણવીસ

બીડઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પરલી ખાતે આયોજિત મહા પશુધન એક્સ્પોમાં જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચેનો વેપાર કરાર ભારતીય ખેડૂતો માટે સમૃદ્ધિના નવા દ્વાર ખોલશે. આ કરારથી ખેડૂતોને એક વિશાળ આંતરરાષ્ટ્રીય બજાર મળશે. જોકે, કેટલાક લોકો અને રાજકીય પક્ષો આ બાબતે ખોટી માહિતી અને અફવાઓ ફેલાવી રહ્યા છે, જે દુર્ભાગ્યપૂર્ણ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પહેલેથી જ ખાતરી આપી છે કે દેશના ખેડૂતોના હિતને નુકસાન પહોંચાડે તેવા કોઈ પણ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે નહીં. મુખ્ય પ્રધાને આગળ કહ્યુ હતું કે અમેરિકા અને યુરોપના બજારો ખોલતી વખતે ભારતના ડેરી અને કૃષિ ક્ષેત્રને અસર ન થાય તે વાતનું ખાસ ધ્યાન રાખવામાં આવશે. બહારના સસ્તા ઉત્પાદનો સ્થાનિક બજારને નુકસાન પહોંચાડે તેવી મંજૂરી કોઈને આપવામાં આવશે નહીં. સોયાબીનનો સારો ભાવ મળી રહ્યો હતો પરંતુ અમુકે અફવા ફેલાવી અને તેમાં પ્રતિ ક્વિન્ટલ ૫૦૦ રૂપિયાનો ઘટાડો થયો. તેમણે ખેડૂતોને ખાતરી આપતો કહ્યુ હતુ કે કોઈ પણ સોયાબીન કે કપાસ બહારથી નહીં આવે. આવી અફવાઓ ફેલાવનારા લોકોને તેમનું સ્થાન બતાવવા હાકલ કરી હતી. તેમણે કહ્યું હતું કે કપાસ અને સોયાબીનની ખેતી વધવાને કારણે ખેતરો નાના થયા છે અને ઘાસચારાની સમસ્યા ઊભી થઈ છે, જેના લીધે પશુઓની સંખ્યા ઘટી છે. ઓર્ગેનિક ખેતીમાં પશુઓ મહત્વનો ભાગ ભજવે છે, જે ખેતીના ખર્ચમાં ઘટાડો અને આવકમાં વધારો કરે છે. સરકાર હવે ગાયના છાણ અને ગૌમૂત્રમાંથી પેઈન્ટ અને દવાઓ જેવી વસ્તુઓના મોટા પાયે ઉત્પાદન પર ધ્યાન આપી રહી છે.

# મને ખબર નથી કે સુનેત્રા તાઈએ શરદ પવારને ફોન કર્યો હતો કે નહીં : છગન ભુજબળ

મુંબઈ : મને આ સમજાતું નથી. વિલીનીકરણ વિશે દરરોજ ચર્ચા થાય છે, વિલીનીકરણ શું છે. વિલીનીકરણ આજે થઈ શકે છે. તે એક મહિનામાં, બે મહિનામાં થઈ શકે છે. ઉતાવળ કરવાનું કારણ શું છે? સુનેત્રા પવાર ત્યાં નાયબ મુખ્ય પ્રધાન તરીકે બેઠા છે. અમે તેમને રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટવા જઈ રહ્યા છીએ. તે પછી તેઓ જે નેતાઓને પાર્ટીના ટોચના લોકો માને છે તેમને બોલાવશે. ચર્ચા થશે આ એક મોટો નિર્ણય છે. આ બંને પક્ષના લોકો સાથે ચર્ચા કર્યા પછી કરવામાં આવશે. તેના વિશે ઉતાવળ કરવાનું કોઈ કારણ નથી. એવું કહેવાનો કોઈ અર્થ નથી કે હવે નિર્ણય લેવામાં આવ્યો હતો. હવે નવા કેપ્ટન આવી ગયા છે. તેમને બેસવા દો તેમને કામ કરવા દો. તેમને સમજવા દો. પછી આપણે જોઈશું કે શું કરવું, એમ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના અગ્રણી નેતા છગન ભુજબળે વિલીનીકરણ પરની ચર્ચાઓ પર કહ્યું. તેમને તે પદ પર યોગ્ય રીતે સ્થાયી થવા દો.

## અજિત પવાર વિમાન દુર્ઘટનાની તપાસ

પુણેઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી) ના વિધાન સભ્ય રોહિત પવારે શનિવારે જણાવ્યું હતું કે ૨૮ જાન્યુઆરીએ થયેલી વિમાન દુર્ઘટનાની વ્યાપક અને પારદર્શક તપાસની માગણી કરતો પત્ર તેમણે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને લખ્યો છે.

આ દુર્ઘટનામાં અજિત પવારનું અવસાન થયું હતું.

## સંસ્થા સમાચાર

### જોગણી માતાજીનો વર્ધાપન દિવસની ઉજવણી

જોગણી માતાનો વર્ધાપન દિવસ ભવ્ય રીતે ઉજવવામાં આવશે. આ મંગલ પ્રસંગે માતાજીના હોમ-હવન તથા મહાપ્રસાદનું આયોજન કરેલ છે. તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬. નિમંત્રણ વિગત : પ્રસંગ : જોગણી માતાનો વર્ધાપન દિવસ. ઠે. ચીમનલાલ વિઠલદાસ કમ્પાઉન્ડ, લોઅર પરેલ, (પશ્ચિમ), મુંબઇ-૧૩.



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ખર્ચ (રૂ.) |
|---|---|
| ૧) સિંધુ દેવી | ૪૦,૦૦૦ |
| ૨) પ્રદીપ કુમાર સાહ | ૧,૦૦,૦૦૦ |
| ૩) કારણ અદિત્ય મંદી | ૧,૦૦,૦૦૦ |
| ૪) નિર્મલાબાઈ કામબળે | ૬૦,૦૦૦ |
| ૫) હરિશંકર ધારા | ૧,૦૦,૦૦૦ |
| ૬) ચંદ્રા સરદાર | ૧,૫૦,૦૦૦ |
| ૭) માયગોપાલ ઘોષ | ૭૦,૦૦૦ |
| ૮) સુમન્તા ડેભાષ | ૧,૦૦,૦૦૦ |
| ૯) અલોરાની સાહા | ૨,૦૦,૦૦૦ |
| ૧૦) અનુરાગ ઉપાધ્યાય | ૧,૫૦,૦૦૦ |
| ૧૧) અશ્વિની કુમાર | ૬૦,૦૦૦ |
| ૧૨) દેબાશીશ દાસ | ૨૫,૦૦૦ |
| ૧૩) ગુરુ ગંગા | ૬૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે

| | |
|---|---|
| ૧૪) શિવાંશ તુષાર ભોસલે | ૨૯,૦૦,૦૦૦ |
| ૧૫) સાગર સંજય ભાલેકર | ૧,૫૦,૦૦૦ |
| ૧૬) માહીદ ત્રાસદાર | ૧,૫૦,૦૦૦ |
| ૧૭) નિખિલ સોલંકી | ૬,૦૦,૦૦૦ |
| ૧૮) શિવ ભાસ્કર ખાટિક | ૨,૦૦,૦૦૦ |
| ૧૯) નિલેશ શંકર મુલવન્દે | ૪,૫૦,૦૦૦ |
| ૨૦) ડેમાન્સ | ૫,૦૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# હિન્દુ મરણ

**દેસાઇ સઇ સુતાર જ્ઞાતિ**

હરિભાઇ શામજીભાઇ ગોહિલ ગામ ઘાંઘળી નિવાસી હાલ કાંદિવલી (ઉં. વ. ૭૫) તા. ૧૪-૨-૨૬ શનિવારના રામચરણ પામેલ છે. તે ચંપાબેનના પતિ. સ્વ. કમલાબેન, સ્વ. શામજીભાઇ પરષોતમભાઇ ગોહિલના દીકરા. સ્વ. રમાબેન બાબુભાઇ સરવૈયા, ઇચ્છાબેન રતિભાઇ રાઠોડ, પ્રતાપભાઇ, મનસુખભાઇ, મનોહરભાઇના ભાઇ. આરતીબેન હિંગુના પિતા. મનીષકુમાર રમેશભાઇ હિંગુના સસરા. મોસાળ પક્ષે સ્વ. વિઠલભાઇ ભાણજીભાઇ ગોહિલના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૬-૨-૨૬ સોમવારના સાંજે ૪થી ૬. ઠે. દેસાઇ સઇ સુતાર જ્ઞાતિની વાડી, અશોક ચક્રવર્તી રોડ, સ્વયંભુ ગણેશ મંદિરની સામે, કાંદિવલી (ઇસ્ટ), લૌકિક પ્રથા બંધ છે.

**દિંડુ મહેશ્વરી વણિક**

ગં. સ્વ. કોકીલા પ્રમોદચંદ્ર શ્રોફ (ઉં.વ.૯૪) મૂળ વતન સુરત હાલ મુંબઇ, તે સ્વ. પ્રમોદચંદ્ર કૃષ્ણમુખલાલ શ્રોફના ધર્મપત્ની. યતીન અને ડો. પ્રેરણા નીરવ શાહના માતુશ્રી. સ્વ. ચીમનલાલ અને ગં.સ્વ. કલાવતી સરૈયાના સુપુત્રી. સ્વ. મધુકાંતા મદનલાલ કિનારીવાલા, સ્વ. ઇન્દ્રવદન ચીમનલાલ સરૈયા, સ્વ. ઉષા અજીત થાણાવાળાના બહેન તા. ૧૪-૨-૨૬ શ્રીજીચરણ પામેલ છે. સર્વે લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદીચ્ય સહસ્ત્ર બસિયા બ્રાહ્મણ**

મેઢાસણ નિવાસી હાલ મુલુંડ અ. સૌ. આશાબેન ભટ્ટ (ઉં. વ. ૬૩) તે શુક્રવાર, તા. ૧૩-૨-૨૬ના દેવલોક પામ્યા છે. તે પ્રકાશભાઇના પત્ની. સ્વ. વિદ્યાબેન હસમુખલાલ ભટ્ટના પુત્રવધૂ. દર્શન તથા મિહિરના માતુશ્રી. ખ્યાતિના સાસુજી. હર્ષાબેન હેમંત ઠાકર તથા દીપકભાઇના ભાભી. પિયર પક્ષે ટીંટોઇ નિવાસી સ્વ. વિમળાબેન, સ્વ. રમણલાલ ઠાકરના પુત્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

કતપરવાળા સ્વ. પ્રભાવતી શામળદાસ સંઘવીના પુત્ર જીતેન્દ્રભાઈ (ભોળાભાઈ) (ઉં. વ. ૮૫) ૬/૨/૨૬ના રોજ મહુવા મુકામે શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. કળાબેન રજનીકાંત પારેખ તથા મૃદુલા નટવરલાલ વોરાના ભાઈ. હિરેશ, રિતેશ, ફાલ્ગુની કેતનકુમાર મહેતાના મામા. મોસાળપક્ષે સ્વ. દોશી રમણીકભાઇ તથા સ્વ. શાંતિભાઈ પ્રભુદાસ દોશીના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**બાલાસિનોર દશા નીમા વણિક**

સ્વ. શાંતાબેન રમણલાલ શાહ બાદશાહ અશોકભાઈ (ઉં. વ. ૭૩) તે અરુણાબેનના પતિ. કિશન, સ્વ. રોનકના પિતા. બીજલના સસરા. હર્ષદભાઈ, સ્વ. હેમંતભાઈ, સ્વ. જ્યોત્સ્નાબેન, સ્વ. રાજેશભાઈ, જયેશભાઈના ભાઈ ૧૨/૨/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તેમનુ બેસણું ૧૬/૨/૨૬ના રોજ ૫ થી ૭. હાલાઇ લોહાણા મહાજનવાડી, ત્રીજે માળે, શંકર મંદિર પાસે, એસ. વી. રોડ કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

અમરેલીવાળા હાલ વિલેપાર્લે, ધીરજલાલ ઓધવજી કાનજી મોદી (ઉં. વ. ૮૯) તે સ્વ. હંસાબેનના પતિ. નીપાના પિતા. મનીષ પ્રવિણચંદ્ર પારેખના સસરા. સ્વ. પરષોત્તમદાસ, સ્વ. દેવીદાસ, સ્વ. પ્રતાપભાઈ, સ્વ. ગુલાબબેન, સ્વ.વિમળાબેન, સ્વ. મંછાબેન, સ્વ. ચંદુબેન, સ્વ. પ્રભાબેન, સ્વ. કલાવતીબેનના ભાઈ. સ્વ. અનંતરાય અંદરજી વોરાના જમાઈ. ૧૨/૨/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૧૫/૨/૨૬ના રોજ ૫ થી ૭. અમૃતબાગ, બજાજ રોડ વિલેપાર્લે વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

કરાચીવાલા હાલ કાંદિવલી, ગં.સ્વ દક્ષાબેન (ઉં. વ. ૮૦) તે સ્વ. રમણીકલાલ શિવલાલ ઘેલાણીના ધર્મપત્ની સુનિલ-કુમાર તથા ડિમ્પલ તુષાર ચંદારાણાના માતુશ્રી. સ્વ. મોહનલાલ જેઠાલાલ ભગદેવના દીકરી. સ્વ. નલિનીબેન, ગં. સ્વ ઉષાબેન, દિલીપભાઈના ભાભી. સ્વ. પ્રમીલાબેન, સ્વ. ધીમેન્દ્રભાઈ, સ્વ. પ્રવીણભાઈ, અજીતભાઈના બહેન. ૧૨/૨/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૧૬/૨/૨૬ના રોજ ૫ થી ૧૦. લોહાણા મહાજનવાડી, પહેલે માળે, એસ. વી. રોડ કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

ભાવનગર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. કંચનબેન બળવંતરાય ગાંધીના પુત્રવધુ તથા ઉમેશભાઈના ધર્મપત્ની શિલ્પાબેન (શારદાબેન) (ઉં. વ. ૬૧) તે હર્ષ, વિધિ, રોહન તથા મૃગાશ્રીના માતુશ્રી. મીનાબેન મહેન્દ્રભાઈ સંઘવી, ગીરીશભાઈ, સ્વ. અશોકભાઈના ભાભી. પિયરપક્ષે સાવરકુંડલા નિવાસી દોલતરાય રતિલાલ મહેતાના દીકરી. પીહા તથા રિસાના દાદી. ૧૩/૨/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની સર્વપક્ષની પ્રાર્થનાસભા ૧૫/૨/૨૬ના રોજ ૫ થી ૭. હાલાઇ લોહાણા બાળાશ્રમ અતુલ ટાવર પાસે, મથુરાદાસ એક્ષટેનશન રોડ કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

અમરેલી વાળા હાલ નાલાસોપારા, અનંતરાય નંદલાલ દેસાઈના ધર્મપત્નિ ઇન્દુમતી (ઉં.વ. ૮૫) ૧૨/૦૨/૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સ્વ. લલ્લુભાઈ, સ્વ. મધુસૂદન, ચંદ્રકાંત, સ્વ. હીરાબેન, ગં.સ્વ. ઇન્દુબેન, સુધાબેનના ભાભી. નિતીન, મનીષ, દિલીપના માતુશ્રી. સ્વ. પ્રિતી, અ.સૌ. શિલ્પા, અ. સૌ. રેખાના સાસુ, અમરેલીવાળા (ગોટાળા) સ્વ. હીરાબેન ધનજીભાઈ સવજીભાઈ મેહતાના દિકરી. તમામ પક્ષ તરફથી લૌકિક વેહવાર બંધ રાખેલ છે.

**કચ્છી પુષ્કર્ણા બ્રાહ્મણ**

ગામ નારાયણ સરોવરના હાલે મુલુંડ, સ્વ. ઉર્મિલાબેન તેમજ સ્વ. ઇશ્વરલાલ લક્ષમીદાસ કેવરિયા (જોષી) ના સુપુત્ર નિતીન (ઉં. વ. ૭૦) ગુરુવાર તા. ૧૨/૦૨/૨૦૨૬ના કૈલાસવાસી થયેલ છે, તે સ્વ. તારાબેનના પતિ. મિહિરના પિતા. સ્નેહલના સસરા. ત્રિશાના દાદા. સ્વ. રમેશ, સ્વ. જ્યોતિંદ્ર, સ્વ. ભાવના ભુપત જોષીના ભાઈ. કલાવતી ધનજી પણિયા(જોષી)ના જમાઈ. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**મેઘવાળ**

ગામ - મૂળધરાઇ, ગુજરાત હાલ મુંબઇ આર્થરરોડ મેઘનગર, સ્વ. દેવજીભાઇ પ્રેમજી રાઠોડ (ઉં. વ. ૬૭) તા. ૧૩/૦૨/૨૬ શુક્રવારના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તે સ્વ. રામુબાઇ અને સ્વ. પ્રેમજી સુરા રાઠોડના દિકરા. સ્વ. દેહીબાઇ અને સ્વ. વાઘજી દુદા કોળીના જમાઇ. જસવંતીબેનના પતિ. નિર્મળાબેન, રજનીબેન, દિપાબેન, રૂપાબેન, પીંકીબેનના પિતાજી. અશોક બાબરીયા, હર્ષદ બોરીચા, સ્વ. હિમ્મત બારીયા, જીતેન્દ્ર બારીયા અને અભિષેક ભોજના સસરા. તેમના બારમાની ક્રિયા તા. ૧૭/૦૨/૨૬ મંગળવારના સાંજે ૫ વાગે. સ્થળઃ રૂમ નં. -૧૦૪, સિદ્ધવિનાયક દર્શન બિલ્ડીંગ, ''એ'' વિંગ, જે. આર. બોરીચા માર્ગ, કસ્તુરબા હોસ્પિટલની સામે, મુંબઇ-૧૧.

**મોડાસા એકડા દશા ખડાયતા સમાજ**

ગામ લીહોડા હાલ બોરીવલી, ભાવેશ શાંતિલાલ શાહ (ઉં. વ.૫૩) તા. ૧૩/૨/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે જીજ્ઞાબેનના પતિ. ક્રીસીવ, નિયતિ, ઉન્નતી- મયંકકુમારના પિતાશ્રી. સ્વ. શાંતિલાલ શંકરલાલ શાહ, ગં.સ્વ. ચંદનબેન શાહના સુપુત્ર, પિયુષભાઈ શાંતિલાલ શાહ અને રાજેશ્રી શાહ, પલ્લવી શાહના ભાઈ. સ્વ. રજનીકાંત, સ્વ. ચંદ્રકાંત, સ્વ. નવનીતલાલ, સ્વ. તારાબેનના ભત્રીજા. પ્રાર્થનાસભા સોમવારે સાંજે ૪-૦૦ થી ૬-૦૦. પિયરપક્ષનું બેસણું સાથે રાખેલ છે. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, પારેખ લેન્ડ કોર્નર, એસ.વી. રોડ, કાંદીવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી વણિક વૈષ્ણવ**

ચેતનભાઈ (ઉં. વ. ૫૮) તે અમૃતલાલ પી શાહના દીકરા. નિશાના પતિ. સ્વ. પ્રિયકાંત દામોદરદાસ ભગતના જમાઈ. રોહન તથા જયના પિતા. ૧/૨/૨૬ના રોજ કેનેડા શ્રીજીશરણ પામેલ છે.

# પારસી મરણ

બોમી માનેકશા કાપડીયા તે મરહુમો નરગીશ માનેકશા કાપડીયાના દીકરા. તે રુસી, નોશીર, રોશન બતથા ને મરહુમ દોસુના ભાઇ. તે જીમી, ક્યોમઝ, અનાહીતા મેહલી કોલાહના કાકા. તે નાજુ રુસી કાપડીયાના જેઠ. તે ઝરીન નોશીર કાપડીયા, મરહુમ ડોલી દોસુ કાપડીયાના દેર. તે મીનુ બથાના સાલા. (ઉં. વ. ૮૧) રે. ઠે. ૨/એ, પીટીટ બ્લોક્સ નં.૧, ભોંયતળિયે, જે. પીટીટ સ્ટ્રીટ, ગ્રાન્ટ રોડ, ઇસ્ટ, મુંબઇ : ૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૫-૨-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે મહેતા પટેલ અગિયારીમાં છેજી.

ફ્રેની ફરોખ જસાવાલા તે મરહુમ ફરોખના ધનિયાની. તે આઇમાઇ સાવકશા પુનેગરના દીકરી. તે મરહુમો કેરસાસ, મીનુ, વીર, ધનકુના બહેન. તે ફરીઝ, કૈઝાદ, પરવેઝના માસી. (ઉં. વ. ૭૯) રે. ઠે. ટી-૨, ખુશરુ બાગ, એસ.બી.સિંગ રોડ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૫-૨-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે કરાની અગિયારીમાં છે.

નરીમાન દિનશા તવરીયા તે ફ્રેનીના ધની. તે મરહુમો દીનામાય દીનશા તવરીયાના દીકરા. તે જેસમીનના પપા. તે પોરસના સસરાજી. તે ખોરશેદ તથા મરહોમો શાપુર, તેહમુરસપ ને પરવીઝના ભાઇ. તે બુરઝીન ને દાનેશના મમાવા. (ઉં. વ. ૯૫) રે. ઠે. સનગલોરી, ફલેટ નં. ૪૦૬-બી વિંગ, રહેજા વિહાર, ઓફ ચાંદીવલી પવઇ, મુંબઇ-૪૦૦૦૭૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૫-૨-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

નાજુ અદી બલસારા તે મરહુમ અદીના ધન્યાની. તે મરહુમો જાલામાય માનેકશા કાતપીતયાના દીકરી. તે પીરોઝ ને હનોઝના માતાજી. મરહુમ પરસીના માતા. તે માધુરી, દીલખુશ, સુનીતાના સાસુજી. તે દાનેશ, મેહેરઝીન, ફારુન, રુશન, અહાનના બપઇજી. (ઉં. વ. ૮૮) રે. ઠે. ૩૧ / એ-૩૩, તકશીલા, મહાકાલી કેવ રોડ, અંધેરી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૯૩. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૫-૨-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે અંધેરી સાલસેથ અગિયારીમાં છેજી.

# જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગુંદાલાના વસુમતીબેન ખીમજી (બાબુભાઇ) ગડા (ઉં. વ. ૯૧) તા. ૧૨-૨-૨૬ના અવસાન પામ્યા છે. ભચીબાઇ પદમશી નરશીના પુત્રવધુ. ખીમજીભાઇના ધર્મપત્ની. તુષાર, કસ્તુરી, જયશ્રી, રેણુકા, કિરણના માતુશ્રી. સમાઘોઘા ગંગાબાઇ કુંવરજી ઓભાયાના સુપુત્રી. જાદવજી, દામજી, શાંતિલાલ, ધીરજલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ મુલુંડ સ્વ. જયાબેન અનંતરાય દોશીના સુપુત્ર હરેશભાઇ (ઉં. વ. ૬૬) તે આશાબેનના પતિ. નેહા મિહિર શાહ, સોનમ હર્ષિલ શાહ, સિદ્ધાર્થ-પ્રીતિના પિતાશ્રી. સ્વ. નરેન્દ્રભાઇ-શીલાબેન, સ્વ. નરેશભાઇ-હર્ષાબેન તથા સ્વ. રેખાબેન કનુભાઇ મહેતાના ભાઇ. સ્વ. લીલાવંતીબેન બાલુભાઇ હેમાણીના જમાઇ. તે દેવાંશના નાના તા. ૧૦-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૨-૨૬ના સવારના ૧૦થી ૧૨. ઠે. પદ્માવતી બેન્ક્વેટ હોલ, પ્રણવ કોમર્શિયલ પ્લાઝા, શિવસેના ઓફિસની ઉપર, એમ.જી. રોડ, મુલુંડ (વેસ્ટ).

**જામનગર હાલાર વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

જામનગર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. રજવંતીબેન આણંદલાલ શાહના પુત્ર હર્ષદ (ઉં. વ. ૭૧) તે વર્ષાબેનના પતિ. તે અશોક, સ્વ. દિપક, સ્વ. ભારતી હરસુખલાલ તંબોલીના ભાઇ. જયશ્રી અશોક શાહના દિયર. પ્રભુલાલ જાધવજી શાપરીઆના જમાઇ. તે જીજ્ઞા સમીર શાહ, રિદ્ધિ દર્શન મહેતા, વિધિ વરુણ ઝવેરીના પિતા. તા. ૧૩-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૫-૨-૨૬ના સવારના ૧૦.૩૦થી ૧૨. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, હિંગવાલા લેન, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઇસ્ટ).

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

મોરબી નિવાસી હાલ મુલુંડ દોશી વિક્રમચંદ ન્યાલચંદના સુપુત્ર ભૂપેન્દ્રલાલ (ઉં.વ. ૭૬) તે સ્વ. મીનાબેનના પતિ. રૂપલબેનના પિતાશ્રી. ધવલભાઇ સંજયભાઇ કતિરાના સસરા. મહેશભાઇના લઘુબંધુ, નરેન્દ્રભાઇ, સ્વ. મુકુંદભાઇ, સ્વ. રજનીકાંતભાઇ, દીપકભાઇ, વસુમતી મહેશકુમાર મહેતા તથા સ્વ. વિમલભાઇ તથા દિવ્યેશ અને જાગૃતિ રાકેશ સંઘવીના વડીલબંધુ. તા. ૧૪-૨-૨૬ શનિવારના અરિહંતશરણ પામેલ છે. ઠે. ૩૦૧, એસ. એમ્બિએન્સ, દેવીદયાલ રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલારી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જામનગર સ્વ. નગીનદાસ મણિલાલ શાહ (ગોલવાળા)ના ધર્મપત્ની કુમુદબેન (ઉં. વ. ૮૮) તે કાનજી ખેતશી વસાના પુત્રી. ડો. નિખિલ, ડો. નિષાદ તથા ડો. નૂતનના માતુશ્રી. સ્વ. સેવન્તીભાઇ, દિપકભાઇ, સતિષભાઇ, વિજયભાઇના ભાભી. નેહા, જયના તથા ડો. સુનિલ શાહના સાસુજી. તા. ૧૪-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. નિષાદ નગીનદાસ શાહ, ફલેટ નં. ૯, તરંગ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી, પ્લોટ નં.૨૦, સેકટર ૨૯, વાશી.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

ધારી નિવાસી હાલ વિરાર, સ્વ. શાંતાબેન હરિચંદભાઈ મોહનલાલ ઝાટકીયાના પુત્ર શશીકાંતભાઈ (ઉં. વ. ૬૩) તે મનીષાબેનના પતિ. સેજલ ઉર્વીશ પીપરીયાના પિતા. સ્વ. કાંતિભાઈ, સ્વ. નટુભાઈ, નલિનકાંત, ગુણવંતભાઈ, સ્વ. પુષ્પાબેન દલસુખરાય જસાણી, ગં. સ્વ. અરુણાબેન મહેન્દ્રકુમાર પારેખ, હીરાબેન કિરીટભાઈ મકાણીના ભાઈ. પાર્વતીબેન વિઠોબા તાનકરના જમાઈ. ૧૩/૨/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૫/૨/૨૬ના રોજ ૪.૩૦ થી ૬. વિશ્વકર્મા હોલ, આનંદનગર, વીરસાવરકર નગર, બીજલ આય ક્લિનિકની સામે, વસઈ વેસ્ટ.

**મચ્છુકાંઠા વિશા-શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વાંકાનેર નિવાસી હાલ અંધેરી, સ્વ. જેવતલાલ સુખલાલ શાહના ધર્મપત્ની કુસુમબેન (ઉં. વ. ૮૮) શુક્રવાર, તા. ૧૩/૨/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સુનિલભાઈ, સુજીતભાઈ, જાગૃતિબેનના માતાજી ઈલાબેન, સ્મિતાબેન, કેતનભાઈના સાસુ. સ્વ. પ્રાણલાલભાઈ ગીરધરલાલ મોદી ટાટાનગરના સુપુત્રી. સ્વ. જયેન્દ્રભાઈ-નીરૂબેન, સ્વ. કિશોરભાઈ-રમાબેન, વર્ષાબેન મનહરલાલ, સ્વ. કૈલાશભાઈ-સરોજબેન, નયનાબેન બકુલભાઈના ભાભી. સરોજબેન અનિલભાઈ, મંજુલાબેન રજનીભાઈ, સ્વ. પલ્લવીબેન પ્રદીપભાઈ, અશોકભાઈ, દીપિકાબેન (કબુ), રાજેશભાઈના બહેન. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ત્વચાદાન તેમજ દેહદાન કરેલ છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### મુલુંડમાં મેટ્રો-ચારના

ફસાયેલા લોકોને બહાર કાઢવા મુશ્કેલ હતા.

ફાયરબ્રિગેડ, ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારી તથા પોલીસ સહિતની યંત્રણા ઘટના સ્થળે પહોંચી અને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. ભારે જહેમત બાદ રિક્ષા પર તૂટી પડેલા સિમેન્ટના સ્લેબને હટાવવામાં આવ્યો હતો. આ દુર્ઘટનામાં આખી રીક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો. સ્લેબને હટાવ્યા બાદ તેમાં ફસાયેલા જખમીઓને બહાર કાઢીને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ દરમ્યાન આ દુર્ઘટનાને કારણે એલ.બી.એસ. રોડને બંધ કરી દેવામાં આવ્યો હતો અને થાણેથી મુલુંડ તરફ જતા અને ભાંડુપથી મુલુંડ તરફ જતા ટ્રાફિકને ડાઈવર્ટ કરી દેવામાં આવ્યો હતો. એલ.બી.એસ રોડ પર કલાકો સુધી ટ્રાફિક ખોરવાયેલો રહ્યો હતો.

ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ સિમેન્ટનો ગર્ડરનો સ્બેલ ભારે વજનદાર હોવાથી રિક્ષા આખી દબાઈ ગઈ હતી અને તેમાં સવાર રહેલા લોકો ગંભીર રીતે જખમી થયા હતા. તેમને હૉસ્પિટલ સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા પણ સારવાર મળે એ અગાઉ જ રામધાન યાદવનું મૃત્યુ થયું હતું. તો ૪૫ વર્ષના રાજકુમાર ઈંદ્રજીત યાદવની હાલત ગંભીર હોઈ તેના પર આઈસીયુ (ઈન્ટેસીવ કેર યુનિટ)માં સારવાર ચાલી છે. તો બાવન વર્ષનો મહેન્દ્ર પ્રતાપ તથા સ્કોડા કારમાં પ્રવાસ કરી રહેલી અને મુલુંડમાં રહેલી ૪૦ વર્ષની દીપા રુહિયા ગંભીર રીતે જખમી થયા હતા પણ બંનેની તબિયત સ્થિર છે.

આ દુર્ઘટનાના બાદ મોડેથી મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ પોતાના સ્ટેટમેન્ટમાં કહ્યું હતું કે પરપેટ સેગમેન્ટ પીલર નંબર ૧૯૬ પાસે ૧૨.૧૫ વાગે રિક્ષા પર પડયો હતો. મેટ્રો પ્રોજેક્ટ ટીમ સાઈટ પર રેસ્કયુ ઓપેરશન માટે પહોંચી ગઈ હતી. આ પૂરી દુર્ઘટનાની તપાસ માટે ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરવામાં આવી હોવાનું પણ સ્ટેટમેન્ટમાં જાહેર કરવામાં આવ્યું હતું. તેમ જ જખમીઓનો સંપૂર્ણ તબીબી ખર્ચ ઉઠાવવાની અને મૃતકને નિયમ મુજબ વળતર આપવાની જાહેરાત એમએમઆરડીએ દ્વારા કરવામાં આવી હતી.

મુંબઈના વડાલાથી થાણેના કાસરવડવલી વચ્ચે દોડનારી મેટ્રો લાઈન-ચારનું કામ લાંબા સમયથી ચાલી રહ્યું છે. આ મેટ્રો લાઈન એલ.બી.એસ. રોડ પર ઘાટકોપર, વિક્રોલી, ભાંડુપ અને મુલુંડમાંથી પસાર થવાની છે.

### આજે રેલવેની

સવારે ૧૧.૦૩થી બપોરે ૩.૩૮ દરમિયાન છૂટનારી અપ ફાસ્ટ ટ્રેક પરની ટ્રેનો મુલુંડ સ્ટેશન પર અપ સ્લો ટ્રેક પર વાળવામાં આવશે.

પશ્ચિમ રેલવેમાં સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા દરમિયાન રામ મંદિર અને બોરીવલી વચ્ચે અપ ફાસ્ટ ટ્રેક અને પાંચમી લાઇન પર બ્લોક રહેશે. બ્લોક દરમિયાન બોરીવલી-અંધેરી દરમિયાન અપ ફાસ્ટ ટ્રેક પરની તમામ ટ્રેનો અપ સ્લો અને છઠ્ઠી લાઇન પર ચલાવવામાં આવશે. પાંચમી લાઇન પરની તમામ લોકલ ડાઉન ફાસ્ટ ટ્રેક પર ચલાવવામાં આવશે. બ્લોકને કારણે અપ અને ડાઉન લાઇન પરની કેટલીક ટ્રેનો રદ રહેશે, જ્યારે અમુક ટ્રેનોને હાર્બર લાઇન પર ગોરેગામ સુધી ચલાવવામાં આવશે.

### ભાજપના વિધાનસભ્ય

હતી. દરમિયાન બનાવની જાણ થતાં ક્રાંતિ ચોક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને પોલીસે બેગ તથા બંદૂકને તાબામાં લીધી હતી. ક્રાંતિ ચોક પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર સુનીલ માનેએ જણાવ્યું હતું કે કેનેકરની ઓફિસમાંથી મળી આવેલી બંદૂક 'ઍરગન' લાગી રહી છે. બેગ ભૂલી ગયેલી વ્યક્તિની પોલીસે શોધ આદરી હતી.

સંજય કેનેકરે જણાવ્યું હતું કે તાજેતરની પાલિકાની ચૂંટણી દરમિયાન તેમને અનેક ધમકીઓ મળી હતી. જોકે તેમણે આ ધમકીઓ અને તેમની ઓફિસમાંથી જપ્ત કરાયેલી બંદૂક વચ્ચેની કડી વિશે વિગતવાર માહિતી આપી નહોતી.

### ઠાકરે સેના

જેમાં ભાજપના ૧૩૧, એકનાથ શિંદેની શિવસેનાના ૫૭ અને અજિત પવારની પાર્ટીના ૪૦ વિધાન સભ્યોનો સમાવેશ થાય છે. અપક્ષોના ટેકાથી મહાગઠબંધન રાજ્યસભામાં છ સંસદસભ્યને ચૂંટશે. આમાંથી ચાર ભાજપના હશે, જ્યારે શિંદેની સેના અને અજિત પવારની એનસીપીના એક-એક સભ્ય ચૂંટાશે.

### થાણે, ઘોડબંદર

બનતા હોય છે.

સવાર અને સાંજના પીકઅવર્સમાં રસ્તા પર મોટી સંખ્યામાં વાહનો રસ્તા પરથી પસાર થતા હોય છે ત્યારે પણ મેટ્રોના કામ કરવામાં આવતા હોય છે.

આ કામને કારણે ટ્રાફિકની સમસ્યા તો નિર્માણ થાય જ છે પણ એ સાથે જ જીવલેણ એક્સિડન્ટ પણ થવાની શક્યતા હોય છે.

વડાલાથી કાસારવડવલી મેટ્રો ચારના રૂટ કામ શનિવારની દુર્ઘટનામાં એકનો ભોગ લેવાયો અને ત્રણ જખમી થયા હતા. આ દુર્ઘટના બાદ જોકે હવે થાણે, ઘોડબંદર અને ભિવંડીમાં ચાલી રહેલા મેટ્રોના કામને કારણે ડ્રાઈવરો સહિત નાગરિકોને તેમની સુરક્ષાની ચિંતા થવા માંડી છે.

### મેટ્રો રૂટ-૧૨

તબક્કો છે. આગામી કાળમાં આ મેટ્રો રૂટના કામને વધુ ગતિ મળશે. પ્રોજેક્ટ પૂરો થયા બાદ મુંબઈ મેટ્રોપોલિટ રિજનમાં વધતા ટ્રાફિકથી નાગરિકોને મોટી રાહત મળશે અને નાગરિકો સુરક્ષિત પ્રવાસ કરી શકશે.

મેટ્રો-૧૨ પ્રોજેક્ટમાં કલ્યાણ, એપીએમસી કલ્યાણ, ગણેશનગર, પિસવલી ગાવ, ગોળવલી, સાગાવ, ડોંબિવલી એમઆઇડીસી, માનપાડા, સોનારપાડા, હેદુટણે, કોળેગાવ, નિળજે ગાવ, વડવલી, બાળે, વાકળન, તુર્ભે, પિસાર્વે ડેપો, તળોજા સ્ટેશનનો સમાવેશ છે.

### વિપક્ષોએ સરકારની

કે કામ પૂર્ણ થવા પહેલાં જ થાંભલાઓ રંગાઈ ગયા છે. આનાથી રાજ્યને કરોડોનો ખર્ચ થશે અને પછી કામ પૂર્ણ થયા પછી તેને ફરીથી રંગવા માટે કરોડોનો ખર્ચ કરવો પડશે.

કોંગ્રેસનાં નેતા વર્ષા ગાયકવાડે આ ઘટના અંગે રાજ્ય સરકારની ટીકા કરી પ્રશ્ન કર્યો કે શું મુંબઈના રહેવાસીઓના જીવન આટલા સસ્તા થઈ ગયા છે. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પરની એક પોસ્ટમાં તેમણે જણાવ્યું હતું કે અધિકારીઓ પબ્લિસિટી મેળવવા જનતાની સલામતીને બદલે માળખાગત પ્રોજેક્ટ્સની આસપાસ પ્રચાર પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. (પીટીઆઈ)

### ઉત્તર પ્રદેશના

મિત્રની શેરડીના રસની દુકાન છે. આ દુકાનમાથી કલવામાં એક સંબંધીા ઘરે લગ્નમાં જવા માટે સરપંચ અને ભૂતપૂર્વસરપંચ રિક્ષાવાળા બબલુ યાદવ સાથે નીકળ્યા હતા. બદ્નીસબે બપોરના ૧૨.૧૨ વાગે મેટ્રોનો સિમેન્ટનો સ્લેબ તૂટીને રિક્ષા પર પડતા સરપંચ રામધન યાદવનું મૃત્યુ થયું હતું. તેમના સંબંધીઓને સરપંચના મૃત્યુ બાદ આ દુર્ઘટના માટે જવાબદાર લોકો સામે આકરા પગલા લેવાની માગણી કરી હતી. મુંબઈ ફરીને બે દિવસમાં જ સરપંચ રામધન યાદવ અને ભૂતપૂર્વ સરપંચ પાછા જૌનપુર જવાના હતા પણ આ દુર્ઘટના ઘટી ગઈ હતી.

### સબ-વેની

હશે? તેની તપાસ કરવામાં આવશે. મ્યુનિસિપલ કોર્પોરેશને તાજેતરમાં એક સલાહકારની નિમણૂક કરી છે અને તે આગામી ત્રણ મહિનામાં ફલાયઓવર પર રિપોર્ટ તૈયાર કરશે. રિપોર્ટ તૈયાર થયા પછી મ્યુનિસિપલ કોર્પોરેશન આગળની પ્રક્રિયા શરૂ કરશે. અંધેરી રેલવે સ્ટેશનની નજીક સ્થિત અને ઉપનગરના પૂર્વ અને પશ્ચિમ ભાગોને જોડતો અંધેરી સબવેમાં ભારે વરસાદ દરમિયાન વારંવાર પાણી ભરાઈ જાય છે.

મોગરા નાળો અંધેરી સબવેની બાજુમાં જ વહે છે, અને તે થોડા અંતરે આવેલો હોવાથી અને સબવેનો આખો વિસ્તાર ઊંડો હોવાથી ત્યાં પાણી ભરાવાની શક્યતા વધુ છે. ભારે વરસાદ અને ભરતી પછી નાળાથી પાણી સબવેની નજીક બહાર આવે છે તેથી મુંબઈગરાઓને પોતાનો જીવ હાથમાં લઈને મુસાફરી કરવી પડે છે. ભારે વરસાદ દરમિયાન અથવા જ્યારે પાણીનું સ્તર વધે છે, ત્યારે અંધેરી સબવે પર ટ્રાફિક સંપૂર્ણપણે બંધ થઈ જાય છે.

અંધેરીના ઘણા ભાગો ઊંડા હોવાથી, ત્યાં તરત જ પાણી ભરાઈ જાય છે. આ કારણે વહીવટીતંત્ર તાત્કાલિક ટ્રાફિકને ડાયવર્ટ કરે છે. સબવે માટે લાંબા ગાળાના ઉકેલ શોધવા માટે, પાલિકાના પુલ વિભાગે હાલના સબવે પર ફલાયઓવર બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ દરખાસ્ત હાલમાં વોર્ડ-પ્લાનિંગના તબક્કામાં છે, પરંતુ નાગરિક સત્તાવાળાઓએ પહેલા વિગતવાર શક્યતા અભ્યાસ કરવાનો નિર્ણય લીધો છે.

### મુંબઈ-નાશિક

બાંધકામ હાથ ધરવામાં આવ્યું હતું. લગભગ ૨૦૦ મીટર લાંબા આ નવા પુલનું કામ હવે પૂર્ણ થઈ ગયું છે અને હાલમાં વજન ક્ષમતા અને સલામતીનું અંતિમ પરીક્ષણ ચાલી રહ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પરીક્ષણ પૂર્ણ થતાં જ આગામી બે દિવસમાં નવા પુલ પર ટ્રાફિક શરૂ કરવામાં આવશે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

**જાહેર અપીલ**

**અમે, ધ લાયન્સ ક્લબ ઓફ બોમ્બે ઓશિવારા ક્રેસન્ટ,** લિલી એપાર્ટમેન્ટ, ભોંયતળિયે, હોટેલ મીના ઈન્ટરનેશનલ પાછળ, S.V. રોડ, જોગેશ્વરી (પ), મુંબઈ-૪૦૦૧૦૨ ખાતે અમારી માલિકીની પ્રિમાઈસિસમાંથી એક ચેરિટેબલ ડાયગ્નોસ્ટિક સેન્ટર ચલાવીએ છીએ.

**અમે** રાહતના દરે પેથોલોજી લેબ ટેસ્ટ ફેસિલિટી, ડિજિટલ એક્સ-રે, કલર ડોપ્પલર અને સોનોગ્રાફી, ECG, ડેન્ટલ કેર, આઈ OPD અને હોમિયોપેથી ચેક-અપ અને દવાઓ **પૂરી પાડીએ** છીએ. **છેલ્લાં ૨૫ વર્ષથી** દર મહિને ૫૦૦થી વધુ વ્યક્તિઓ અમારી સેવાઓનો લાભ લે છે.

**અમારું ટ્રસ્ટ** જરૂરિયાતમંદોને હઠીલા રોગો માટે નાણાંકીય સહાય પણ પૂરી પાડે છે જ્યાં હોસ્પિટલનું બિલ ખૂબ વધારે હોય છે. અમે દિવ્યાંગોને કૃત્રિમ અંગો માટે પણ સહાય કરીએ છીએ.

**ટ્રસ્ટની વિગતોઃ**
રજી. નં. E ૧૪૬૫૨ (મુંબઈ) ૧૯૯૩
૧૨A: TR/૩૦૦૭૫ તા. ૫-૧૧-૧૯૯૩
૮૦G: AAATD0523H તા. ૧૭-૦૭-૨૦૦૮

**દાન અહીં મોકલી શકાય છેઃ**
કેનેરા બેંક, જોગેશ્વરી (૫) શાખા
A/c નં.: ૫૦૫૭૨૦૧૦૦૩૮૦૧૭
IFSC: CNRB૦૦૧૫૦૫૭

**તાત્કાલિક જરૂર છેઃ** ક્રોનિક દર્દીઓની સારવાર માટે અને ૪ પ્રોબ્સ સાથે GE હેલ્થકેર, વર્સાના ઈસેન્શિયલ R2 VA ઈન્ડિયા કલર ડોપ્પલર અલ્ટ્રાસાઉન્ડ સિસ્ટમનું નવું સોનોગ્રાફી મશીનની ખરીદી માટે ફંડ જોઈએ છે. ૫ વર્ષની વોરંટી સાથે મશીનની કિંમત રૂા. ૧૨.૫૦ લાખ છે. આનાથી દર મહિને લગભગ ૨૦૦-૨૫૦ દરદીઓને લાભ થશે. **આપનો સહયોગ જીવન બદલી શકે છે, માનવતાની સેવા કરો.**

# હરિયાણામાં અકસ્માતમાં પાંચ મિત્રોનાં મોત

ચંડીગઢઃ હરિયાણાના સોનીપત જિલ્લામાં એક એસયુવી ઝાડ સાથે અથડાતાં અકસ્માત સર્જાયો હતો, જેમાં પાંચ મિત્રોનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે બે લોકો ઘાયલ થયા હતા. આ જાણકારી પોલીસે શનિવારે આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર મૃતકો શુક્રવારે સાંજે ગોહાનાના ભવર ગામમાં લગ્ન સમારોહમાં હાજરી આપીને રોહતક પરત ફરી રહ્યા હતા ત્યારે આ અકસ્માત થયો હતો. ટક્કર એટલી ભીષણ હતી કે એસયુવીનો બુકડો બોલી ગયો હતો. ત્રણ લોકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. ■

# હિમાચલમાં કાર ખીણમાં ખાબકતાં ચારનાં મોત

શિમલાઃ હિમાચલ પ્રદેશના કિન્નોરમાં એક કાર ઊંડી ખીણમાં ખાબકતાં એક મહિલા અને તેના પુત્ર સહિત ચાર લોકોનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે એક ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ જાણકારી પોલીસે શનિવારે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર સ્થાનિક લોકો સાથે એક બચાવ ટીમ જાની ગામ નજીક ઘટનાસ્થળે પહોંચી હતી. તેઓએ મૃતદેહો બહાર કાઢ્યા હતા અને ઘાયલ વ્યક્તિને બચાવ્યો હતો. પોલીસને સવારે ૯-૨૦ વાગ્યાની આસપાસ દુર્ઘટના અંગે માહિતી મળી હતી.

કિન્નૌરના પોલીસ અધિક્ષક(એસપી) સુશીલ કુમારે જણાવ્યું કે પાંચમાંથી ચાર લોકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. જ્યારે એક વ્યક્તિની હાલત ગંભીર છે. અકસ્માતમાં કૃષ્ણા(૪૨), તેમનો પુત્ર હિમેશ કુમાર(૧૯), સુષ્મા(૪૭) અને ઇન્દર લાલ(૩૦)નાં મોત થયાં હતાં.

જ્યારે વિદ્યા કૃષ્ણ(૩૨)ને ઇજાઓ થતાં તેને સારવાર માટે ટપરીની જીએસડબ્લ્યુ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ તમામ કિન્નૌર જિલ્લાના જાની ગામના રહેવાસી હતા. પોસ્ટમોર્ટમ રિપોર્ટનો આદેશ આપવામાં આવ્યો છે અને પોલીસે આ મામલે કેસ નોંધ્યો છે. ■



**મહાશિવરાત્રિઃ** કર્ણાટકના મેંગલૂરુમાં મહાશિવરાત્રિના તહેવારની પૂર્વસંધ્યાએ કુદરોલી શ્રી ગોકર્ણનાથ ક્ષેત્ર તરીકે જાણીતા ગોકર્ણનાથેશ્વર મંદિરને લાઈટથી શણગારવામાં આવ્યું હતું. (એજન્સી)

# અમેરિકામાં ભારતીય મૂળનો ૨૨ વર્ષીય વિદ્યાર્થી ગુમ

નવી દિલ્હીઃ અમેરિકામાં બર્કલેની કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો ૨૨ વર્ષીય ભારતીય વિદ્યાર્થી સાકેત શ્રીનિવાસૈયા ૧૦ ફેબ્રુઆરીથી ગુમ છે. સાકેતે ૨૦૨૫માં આઇઆઇટી મદ્રાસમાંથી ગ્રેજ્યુએશન કર્યું હતું. તે કર્ણાટક રાજ્યનો રહેવાસી હતો.

સાન ફ્રાન્સિસ્કોમાં ભારતના કોન્સ્યુલેટ જનરલના જણાવ્યા અનુસાર તેઓ અધિકારીઓ અને યુવકના માતા-પિતાના સંપર્કમાં છે અને તેને શોધવામાં મદદ કરી રહ્યા છે. કોન્સ્યુલેટ જનરલે એક્સ પર જણાવ્યું કે સાન ફ્રાન્સિસ્કોમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ મૂળ કર્ણાટક રાજ્યના રહેવાસી યુસી બર્કલેમાં ભારતીય પોસ્ટ-ગ્રેજ્યુએટ વિદ્યાર્થી સાકેત શ્રીનિવાસૈયાના ગુમ થવાથી ખૂબ ચિંતિત છે. કોન્સ્યુલેટ પરિવાર સાથે સંપર્કમાં છે અને વિદ્યાર્થીને શોધવા માટે સંબંધિત સ્થાનિક અધિકારીઓ સાથે પણ સંપર્કમાં છે.

શ્રીનિવાસૈયા બર્કલેમાં કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં કેમિકલ અને બાયોમોલિક્યુલર એન્જિનિયરિંગ વિભાગમાં માસ્ટર ડિગ્રી કરી રહ્યો છે. તેણે ૨૦૨૫માં આઇઆઇટી મદ્રાસમાંથી કેમિકલ એન્જિનિયરિંગમાં બી.ટેક પૂર્ણ કર્યું છે.

અધિકારીઓએ જણાવ્યું કે સાકેત છેલ્લે વખત કેમ્પસથી લગભગ એક કિલોમીટર દૂર જોવા મળ્યો હતો. ત્યારબાદ ટિલ્ડેન રિજનલ પાર્ક નજીક એક ઘર પાસે શ્રીનિવાસૈયાના પાસપોર્ટ અને લેપટોપવાળી એક બેકપેક મળી આવી હતી. પોલીસે તેનું એક ભારતીય વ્યક્તિ તરીકે વર્ણન કર્યું હતું. જેની ઊંચાઇ ૬ ફૂટ ૧ ઇંચ, વજન ૧૬૦ પાઉન્ડ અને ટૂંકા કાળા વાળ અને ભૂરી આંખો હોવાનું જણાવ્યું હતું. જો કે કોઇ ભારતીય વિદ્યાર્થી ગુમ થયો હોવાની આ પહેલી કે એકમાત્ર ઘટના નથી. ■

INTERNATIONAL CHILDHOOD CANCER DAY ICCD 2026

# બાળ કેન્સર

## દરેક માતા-પિતાએ જાણવું જરૂરી છે

**? પોષણ બાળકોને કેવી રીતે અસર કરે છે? શું સારો પોષણ કેન્સરથી બચાવી શકે?**

સારો પોષણ બાળકના શારીરિક વિકાસ, રોગપ્રતિકારક શક્તિ, મગજના વિકાસ અને બીમારીમાંથી સાજા થવામાં ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. યોગ્ય પોષણ ધરાવતા બાળકોને ચેપ ઓછા લાગે છે અને તેઓ સારવાર વધુ સારી રીતે સહન કરી શકે છે, પરંતુ અહીં એક મહત્ત્વની વાત સ્પષ્ટ રીતે સમજવી જરૂરી છેઃ

**સારો પોષણ બાળ કેન્સર થતું અટકાવતું નથી.**

બાળ કેન્સર મોટા લોકોના કેન્સરથી અલગ હોય છે. તે જંક ફૂડ, ખાંડ, પેકેટવાળા ખોરાક અથવા માતા-પિતાની કોઈ ભૂલથી થતું નથી. સારું ખાવા છતાં પણ બાળકને કેન્સર થઈ શકે છે અને ખરાબ પોષણ ધરાવતો બાળક ક્યારેય કેન્સર ન પણ પામે, પરંતુ કેન્સરનું નિદાન થયા પછી પોષણ અત્યંત મહત્ત્વપૂર્ણ બની જાય છેઃ તે બાળકને કીમોથેરાપી અને અન્ય સારવાર વધુ સારી રીતે સહન કરવામાં મદદ કરે છે

ચેપ અને સારવારની આડઅસર ઓછી કરે છે

બાળક ઝડપથી સાજું થવામાં અને લાંબા ગાળે સારા પરિણામોમાં મદદ કરે છે

એટલે પોષણ કેન્સર અટકાવતું નથી, પરંતુ સારવારમાં ખૂબ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**? બાળ કેન્સરના જોખમકારક કારણો : ભ્રમ અને હકીકત**

ઘણા માતા-પિતાના મનમાં ભય અને ગેરસમજ હોય છે. ચાલો સાચું અને ખોટું અલગ કરીએ.

- ✗ **ભ્રમઃ** મોબાઈલ ફોન, Wi-Fi અથવા રસીથી કેન્સર થાય
- ✓ **હકીકતઃ** મોબાઈલ, Wi-Fi અથવા નિયમિત રસીકરણથી બાળ કેન્સર થાય છે તેવો કોઈ વૈજ્ઞાનિક પુરાવો નથી. રસી બાળકોને જીવલેણ રોગોથી બચાવે છે.
- ✗ **ભ્રમઃ** ખાંડ અથવા જંક ફૂડથી બાળ કેન્સર થાય
- ✓ **હકીકતઃ**ખાંડ કે જંક ફૂડ બાળ કેન્સરનું કારણ નથી.
- ✗ **ભ્રમઃ** કેન્સર એક બાળકમાંથી બીજાને લાગી શકે
- ✓ **હકીકતઃ** કેન્સર ચેપી નથી. ડૉક્ટરની મંજૂરી મુજબ બાળક સામાન્ય રીતે શાળા જઈ શકે છે અને અન્ય બાળકો સાથે રમતો રહી શકે છે.
- ✗ **ભ્રમઃ** બાળ કેન્સર વારસાગત હોય છે
- ✓ **હકીકતઃ** 90% કરતાં વધુ બાળ કેન્સર વારસાગત નથી. ફક્ત થોડા જ કેસોમાં જેનેટિક કારણ જોડાયેલું હોય છે.

**બાળ કેન્સરના પ્રારંભિક લાલ નિશાન અવગણશો નહીં**

બાળ કેન્સરના પ્રારંભિક લક્ષણો ઘણીવાર સામાન્ય બાળરોગ જેવા લાગે છે. લક્ષણો લાંબા સમય સુધી રહે તે મહત્ત્વનું ચેતવણીચિહ્ન છે.

- ૨-૩ અઠવાડિયાથી વધુ સમય સુધી ચાલતો તાવ
- અતિશય પીળાશ, થાક અથવા શ્વાસ ચઢવો
- નાની વાતે નિલા પડવું અથવા અકારણ લોહી વહેવું
- વારંવાર અથવા ગંભીર ચેપ લાગવો
- હાડકાં કે સાંધામાં દુખાવો, ખાસ કરીને રાત્રે ઊંઘમાંથી જાગે એવો દુખાવો
- ગળા, પેટ, આંખો કે ચહેરામાં સૂજ
- વજન ઘટવું અથવા ભૂખ ન લાગવી

આ લક્ષણો ૨-૩ અઠવાડિયા સુધી ચાલુ રહે તો તરત તબીબી તપાસ કરાવવી જરૂરી છે.

**? બાયોપ્સી શું છે?**

બાયોપ્સી એટલે શંકાસ્પદ ભાગમાંથી નાનું ટીસ્યૂ અથવા બોન મેરોનું નમૂનો લઈને માઇક્રોસ્કોપ હેઠળ તપાસ કરવી.

**બાયોપ્સી દ્વારાઃ** કેન્સર છે કે નહીં તે ખાતરી થાય છે. કેન્સરનો ચોક્કસ પ્રકાર જાણવા મળે છે.

યોગ્ય અને અસરકારક સારવાર નક્કી કરવામાં મદદ મળે છે

**નિદાનની પુષ્ટિ વગર કેન્સરની સારવાર શરૂ કરવી જોઈએ નહીં.**

**? PET-CT સ્કેન શું કરે છે?**

PET-CT સ્કેન એક આધુનિક તપાસ છેઃ જે શરીરમાં કેન્સર ક્યાં હાજર છે તે બતાવે છે

કેન્સર ફેલાયું છે કે નહીં તે જાણવા મદદ કરે છે. સારવાર કેટલી અસરકારક છે તે માપે છે, આ તપાસ ડોક્ટરની સલાહ મુજબ જ કરવામાં આવે છે અને તે કેન્સર પેદા કરતી નથી.

**? શું બાળકો માટે કેન્સરની સારવાર બહુ કઠિન હોય છે?**

આજકાલની બાળ કેન્સરની સારવાર ખાસ કરીને બાળકો માટે તૈયાર કરવામાં આવે છે. આડઅસરો પર નજીકથી નજર રાખવામાં આવે છે, દુખાવો નિયંત્રિત કરવામાં આવે છે અને મોટા ભાગના બાળકો સારવાર પછી શાળા, રમત-ગમત અને સામાન્ય જીવનમાં પરત ફરી શકે છે.



DR. SHWETA BANSAL
SECRETARY, PEDIATRIC HEMATOLOGY ONCOLOGY (PHO) CHAPTER OF INDIA
INDIAN ACADEMY OF PEDIATRICS
HOD PEDIATRIC HEMATO-ONCOLOGIST & BMT PHYSICIAN
SIR HN RELIANCE FOUNDATION HOSPITAL RESERACH CENTER GIRGAON MUMBAI

**અંતિમ સંદેશ**

બાળ કેન્સરઃ

- ✓ ઉપચાર યોગ્ય છે
- ✓ સાજું થઈ શકે છે
- ✓ પરંતુ સમયસર નિદાન જરૂરી છે
- ભય નહીં, જાણકારી ફેલાવો
- લક્ષણો અવગણશો નહીં
- વિલંબ વિના ડૉક્ટરને બતાવો

International Childhood Cancer Day 2026 નિમિત્તે આ સંકલ્પ લઈએ

**માત્ર મોડા નિદાનના કારણે કોઈપણ બાળક પોતાના જીવ ન ગુમાવે.**

CONTACT: +91 99671 37157 / 99671 21807 ■ childbloodncancerclinic@gmail.com

# રાજસ્થાનમાં કાર અને ટ્રક વચ્ચે અકસ્માત, પાંચનાં મોત

જયપુરઃ રાજસ્થાનના ચાકસુમાં શનિવારે સવારે કોટા-જયપુર નેશનલ હાઇવે (એનએચ-૫૨) પર એક કાર અને ટ્રેલર ટ્રક વચ્ચે અથડામણ થતાં ભીષણ અકસ્માત સર્જાયો હતો, જેમાં એક મહિલા સહિત પાંચ લોકોના મોત નીપજ્યા હતા. આ જાણકારી પોલીસે આપી હતી.

ચાકસુના એસએચઓ મનોહર લાલ મેઘવાલે જણાવ્યું કે અકસ્માત ચાકસુના ટિગરિયા વળાંક પાસે થયો હતો. મધ્ય પ્રદેશથી જયપુર તરફ આવી રહેલી કાર આગળ જઇ રહેલા ટ્રેલર ટ્રક સાથે ધડાકાભેર અથડાઇ હતી. ડ્રાઇવરને ઝોકું આવી જતા આ દુર્ઘટના ઘટી હોવાનું જણાવાઇ રહ્યું છે.

આ ટક્કર એટલી જોરદાર હતી કે એક મહિલા સહિત ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. એસએચઓએ જણાવ્યું કે ગંભીર રીતે ઘાયલ એક યુવકનું હૉસ્પિટલ લઇ જતી વખતે મોત નીપજ્યું હતું. તમામ મૃતકો મધ્ય પ્રદેશના રહેવાસી હોવાનું તેમણે જણાવ્યું હતું. અકસ્માત બાદ નેશનલ હાઇવે પર વાહનવ્યવહાર થોડા સમય માટે ખોરવાઇ ગયો હતો. અકસ્માતની માહિતી મળતાં જ સ્થાનિક પોલીસ અને એક્સિડેન્ટ રિસ્પોન્સ ટીમો તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી હતી. એસએચઓ મેઘવાલે જણાવ્યું કે મૃતદેહોને શબઘરમાં રાખવામાં આવ્યા છે. તેમ જ ટ્રાફિક પુનઃસ્થાપિત કરવા માટે ક્રેનની મદદથી ક્ષતિગ્રસ્ત વાહનોને ઘટનાસ્થળેથી હટાવી દેવામાં આવ્યા છે. ■

## કાળ મિત્રોનો કોળિયો કરી ગયું

દૌસાઃ રાજસ્થાનના દૌસા જિલ્લામાં નેશનલ હાઈવે-૨૧ પર મોડી રાત્રે લગ્ન પ્રસંગમાં હાજરી આપીને પરત ફરી રહેલા છ મિત્રોએ એક ભીષણ અકસ્માતમાં જીવ ગુમાવી દીધા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. એક જ ગામના છ આશાસ્પદ યુવાનોના નિધનથી સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, આ અકસ્માત કેલાઈ ગામ પાસે સર્જાયો હતો. લગ્ન સમારોહમાંથી ઘરે પરત ફરી રહેલા મિત્રોની કાર બેકાબૂ બની હતી અને ડિવાઈડર તોડીને હાઈવેની બીજી તરફની લેનમાં પહોંચી ગઈ હતી. આ દરમ્યાન સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલા એક અજ્ઞાત ટ્રેલરે કારને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી જબરદસ્ત હતી કે કાર લોખંડના ભંગારમાં ફેરવાઈ ગઈ હતી. પોલીસ અને સ્થાનિક લોકોએ ભારે મહેનત બાદ કારનાં પતરાં ચીરીને યુવાનોને બહાર કાઢ્યા હતા.અકસ્માતમાં ઘાયલ યુવાનોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સિકંદરા હોસ્પિટલમાં ડોક્ટરોએ લોકેશ, દિલખુશ, મનીષ અને અંકિતને મૃત જાહેર કર્યા હતા. જ્યારે સમય નામના યુવાને દૌસા જિલ્લા હોસ્પિટલમાં દમ તોડ્યો હતો. ગંભીર રીતે ઘાયલ છઠ્ઠા યુવક નવીનને વધુ સારવાર માટે જયપુર લઈ જવામાં આવ્યો હતો, પરંતુ કમનસીબે તે પણ જિંદગીની જંગ હારી ગયો હતો. આમ, એક પછી એક તમામ છ મિત્રો કાળનો કોળિયો બની ગયા હતા.મૃત્યુ પામેલા તમામ છ યુવાનો દૌસાના કાલાખોહ ગામના રહેવાસી હતા. એક જ ગામના છ રત્નો ગુમાવ્યા હોવાના સમાચાર મળતા જ ગામમાં સન્નાટો છવાઈ ગયો છે. દરેકના ઘરમાં આક્રંદ અને રુદન જોવા મળી રહ્યું છે. ■

# દસ મહિનાની છોકરીના ઑર્ગન ડૉનેટ કરાયા

તિરુવનંતપુરમઃ કેરળની દસ મહિનાની છોકરી રાજ્યની સૌથી નાની ઉંમરની ઑર્ગન ડૉનર બની છે. ગવર્નર રાજેન્દ્ર વિશ્વનાથ અર્લેકર, મુખ્ય પ્રધાન પિનારાયી વિજયન સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ ૧૦ મહિનાની બાળકીનાં મૃત્યુ અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી છે અને પુત્રીનાં ઑર્ગન ડૉનેટ કરવાના લીધેલા નિર્ણય બદલ માતાપિતાની પ્રશંસા કરી હતી. માતાપિતાનાં આ પગલાંને તેમણે કરુણાનું અસાધારણ અને માનવતા ભરેલું લેખાવ્યું હતું. કોટ્ટાયામના પાલમ નજીક પાંચ ફેબ્રુઆરીએ થયેલા રોજ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલી આલિન શેરીન અબ્રાહમને ગુરુવારે કોચીસ્થિત એક હૉસ્પિટલમાં બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવી હતી. (એજન્સી)■

# એમઆરઆઇ દરમિયાન છ વર્ષના બાળકનું મોત

નોએડાઃ ગ્રેટર નોએડાના એક ખાનગી ડાયગ્નોસ્ટિક સેન્ટરમાં એમઆરઆઇ સ્કેન પ્રક્રિયા દરમિયાન છ વર્ષના એક બાળકનું કથિત રીતે મોત નીપજ્યું હતું. તેના પરિવારે સેન્ટર પર બેદરકારી અને એક્સપાયર થયેલી દવા અથવા ઓવરડોઝ આપવાનો આરોપ મૂક્યો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

આ અંગે ગૌતમ બુદ્ધ નગર આરોગ્ય વિભાગના ડો. ચંદન સોનીએ જણાવ્યું કે શુક્રવારે આ સેન્ટરને સીલ કરવામાં આવ્યું હતું. તેમજ આ ઘટનાની તપાસ માટે ચાર સભ્યોની એક સમિતિની રચના કરવામાં આવી હતી.

સોનીએ કહ્યું કે મોતનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. જો કે તપાસ પૂર્ણ થયા પછી જાણી શકાશે. ■




**નવી બસનો કાફલોઃ** અમદાવાદમાં શુક્રવારે એક કાર્યક્રમ દરમિયાન મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને અન્યોએ અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ (એએમટીએસ)ની નવી એરકન્ડિશન્ડ બસને લીલીઝંડી દેખાડી હતી. (એજન્સી)

અક્ષર નિવાસી
ચરોત્તર મોટી સત્તાવીશ પાટીદાર



સ્વ. યોગેન્દ્ર ડાહ્યાભાઇ પટેલ (ઉ.વ. ૬૭)
(ભારત એગ્રી ફર્ટ એન્ડ રીયાલ્ટી લિ.)
તા. ૧૧.૦૨.૨૦૨૬, બુધવાર રોજ હ્યુસ્ટન-U.S.A ખાતે અક્ષરનિવાસી થયા છે.

અંતિમ યાત્રા ૧૬-૦૨-૨૦૨૬, સોમવારે સવારે ૧૦.૦૦ વાગે અમારા નિવાસસ્થાન 'વિમલાકુંજ', નરીમાન રોડ, કેનેરા બેંકની સામે, વિલેપાર્લે (પૂર્વ)થી નીકળી હિંદુ સ્મશાનભૂમિ પવનહંસની બાજુમાં, એસ.વી.રોડ વિલેપાર્લે-વેસ્ટ ખાતે જશે.

આપની સમજદારી, દૂરંદેશી, પારિવારીક સ્નેહ સદાય અમારા હૃદયમાં જીવંત રહેશે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને ચિર શાંતિ અર્પે.

શોકાતુર
સ્વ. વિમળાબેન - સ્વ. ડાહ્યાભાઇ મંગળભાઇ પટેલ (મહોરેલ-અલીન્દ્રા)
(સ્થાપક : ભારત ફર્ટીલાઇઝર)
અંજની યોગેન્દ્ર પટેલ (ધર્મપત્ની)
વિજલ યોગેન્દ્ર પટેલ ◆ ચાંદની યોગેન્દ્ર પટેલ
મહેન્દ્રભાઇ ડી. પટેલ ◆ પ્રિયદર્શના (નિતા) પટેલ
શૈલેન્દ્ર ડી. પટેલ ◆ વિરાજ પટેલ
કૈવલ-અંજની, તન્મય-ચૈતાલી, દિપા, ક્રિષ્ના, પ્રિયંકા
તેમજ વેવાઇ પક્ષે વિઠ્ઠલભાઇ જે. પટેલ (યુ.કે.)

સદ્ગતની પ્રાર્થના સભા
તા. ૧૮.૦૨.૨૦૨૬, બુધવાર સમય : સાંજે ૫.૦૦ થી ૭.૦૦
સ્થળ : જલારામ હૉલ, જમનાબાઇ સ્કુલની બાજુમાં, જુહુ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૪૯

shrujan SINCE 1969 LLDC Living & Learning Design Centre BCCA
શ્રુજન એલ એલ ડી સી પ્રાયોજિત
ભવન્સ કલ્ચરલ સેન્ટર, અંધેરી આયોજિત
એલ એલ ડી સી નાટ્ય સ્પર્ધા ૨૦૨૬ (વર્ષ ૧૮)
નાટ્યસ્પર્ધા દરમિયાન મુંબઇમાં વિવિધ સ્થળોએ ભજવાયેલાં ૨૨ નાટકોમાંથી ૧૧ નાટકો અંતિમ ચરણ માટે પસંદગી પામ્યાં છે. નાટ્યરસિકો માટે નોખા અનોખા વિષયોના નાટકોનો રસથાળ મુંબઇને આંગણે.
તા. ૧૬ ફેબ્રુ. સુધી રોજ ભારતીય વિદ્યા ભવન ચોપાટી
આજે બપોરે ૩.૩૦ — Vikram Academy of Performing Arts — LONG DRIVE — Dr. Satish Vyas — Dr. Vikram Panchal & Shounak Vyas
કાલે સાંજે ૭ — KASV FILMS પ્રસ્તુત — મઝા તંત્ર — લેખક- દિગ્દર્શક : કિરણ પાટીલ — નિર્માતાઃ કોમલ દવે & કિરણ પટેલ
બુકિંગ થિયેટર પર સવારે ૯થી આખો દિવસ Phone Booking 23698085, 9930652094
Free Valet Parking ગ્રુપ બુ. માટે સંપર્કઃ અજિંક્ય સંપટ 9820013252
SRK GKM'S AMULAKH AMICHAND MKES JANMABHOOMI Group of Newspapers જન્મભૂમિ ફૂલછાબ કચ્છમિત્ર
Theatrix

SMD Production નીલેશ દવે નેન્સી મહેતા ગોથી નિર્મિત
આજે બપોરે 3.30 તેજપાલ બુ. ૯થી શરૂ. Ph. 9819928509
51ST SHOW સાહેબ કૌસ્તુભ ત્રિવેદી પ્રસ્તુત
દિગ્દર્શક ફિરોઝ ભગત મૂળ લેખક ઈમ્તિયાઝ પટેલ
સખણા રહેજો Husband-જી SAKKHNA RAHEJO HUSBAND JI
સમીર શાહ લીના શાહ ★ રાજકમલ દેશપાંડે, મીત જોશી અને યોગેશ ઉપાધ્યાય
SHOW CONTACT : 9699270184 - 9820080714 - 9821195796 Online Bkg.open on bookmyshow
KAAJAL ADS

આજે સાંજે ૭.૩૦ તેજપાલ
બુ./ટેલી બુ. આખો દિવસ Ph. 23802679, 9819928509
Online: bookmyshow
tp THEATRE PEOPLE PRESENT THE STAGE STUDIO
કૉમેડીનો દુરંધર
વિપુલ વિઠલાણી-તોરલ રાસપુત્રા અભિનિત
અવિરાજ ડી.-સંજય ઝા લિખિત અજય પારેખ દિગ્દર્શિત
★ અક્ષર જોશી, શેફાલી મહીડા
સહ નિર્માત્રીઃ અમી કીર્તિભાઈ અજમેરા
'બાલિકા વધુ'ની આનંદી પ્રથમવાર ગુજરાતી તખ્તા પર
દરેક પત્નીની એક જ ફરિયાદ તમે પહેલાં જેવા નથી રહ્યા
Show Contact: 9172274752, 9136915753
Deepak Somaiya

રાજેન્દ્ર ઝવેરી પ્રસ્તુત
શ્રમણ ભગવાન શ્રીમહાવીર સ્વામીના જન્મકલ્યાણક દિનની ઉજવણી નિમિત્તે જન્મથી - નિર્વાણ પ્રસંગોના સ્તવનો, સતી ચંદનબાળા અને ઈલાચીકુમારના કથાગીતો
પ્રભુ મહાવીર વંદના
ગીત-સંગીતઃ સ્વ. શ્રી. શાંતિલાલ શાહ
ગાયક કલાકારોઃ રાજેન્દ્ર ઝવેરી, રીમા દેસાઈ,વારિધિ શાહ અને સાથીઓ સંચાલનઃ શ્રીમતી છાયાબેન કોટિચા
સ્વ. શાંતિલાલ શાહ
રવિ. તા. ૫ એપ્રિલ સવારે ૧૦ ભવન, ચોપાટી
રવિ. તા. ૧૨ એપ્રિલ સવારે ૧૦ અસ્પી, મલાડ (વે)
ગ્રુપ બુકિંગ આવકાર્ય સંપર્ક : ૯૮૨૦૦ ૬૭૬૧૫
KAAJAL ADS

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બરોડા ક્રિકેટ એસોસિએશનની ચૂંટણીને હાઈ કોર્ટની શરતી મંજુરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આગામી માર્ચ મહિનામાં યોજાનારી બરોડા ક્રિકેટ એસોસિએશનની ચૂંટણીને હાઈ કોર્ટે લીલીઝંડી આપી દેતા ચૂંટણી યોજવા અંગેની અડચણ દુર થઈ છે. બરોડા ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ, સેક્રેટરી અને ખજાનચી જેવા મહત્વના પદો માટે ચૂંટણી આગામી તારીખ ૧૫ માર્ચના રોજ યોજાશે. આગામી ૧૫મી માર્ચે યોજાનાર ચૂંટણીના પરિણામ મંજૂરી વગર જાહેર નહીં કરી શકાય તેવી માહિતી બહાર આવી હતી. આ કેસ અંગેની મળતી વિગત મુજબ વડોદરાના પ્રદીપસિંહ સોલંકી અને રામચંદ્ર પ્રજાપતિ નામના બે લોકોએ ગુજરાત હાઈ કોર્ટમાં એક અરજી દાખલ કરી હતી. આ અરજીમાં તેઓએ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ, બરોડા ક્રિકેટ એસોસિએશન સહિત પૂર્વ ક્રિકેટર કિરણ મોરે, અમુલ જીકાર, અનંત ઇન્દુલકર અને અમર પેટીવાલાને પક્ષકાર બનાવ્યા હતા અને સુપ્રીમ કોર્ટના વર્ષ ૨૦૨૨ના ચુકાદાનો ઉલ્લેખ કરી સતત બે ટર્મ સુધી હોદ્દા પર રહેલા વ્યક્તિઓ માટે ત્રણ વર્ષનો કુલિંગ પિરિયડ ફરજિયાત જણાવી અરજીમાં ઉલ્લેખિત આવા વ્યક્તિઓ ચૂંટણી માટે આપોઆપ અયોગ્ય બનવાની વાત રજૂ કરી હતી.

આ આધાર પર અરજદારો દ્વારા ચૂંટણી અધિકારી સમક્ષ કિરણ મોરે સહિતના ઉમેદવારોને અયોગ્ય જાહેર કરવાની માંગ કરવામાં આવી હતી. અરજદારોનો આક્ષેપ હતો કે, ચૂંટણી અધિકારીએ આ વાંધાઓ પર કોઈ નિર્ણય લીધા વગર ઉમેદવારોની ફાઇનલ યાદી જાહેર કરી દીધી છે, જે લોકશાહી અને સુપ્રીમ કોર્ટના નિર્દેશોના વિરુદ્ધ છે. સાથે જ આ મામલે ચૂંટણી અધિકારીઓને રજૂઆત કરવા છતાં તેઓએ પણ ચૂંટણી અંગે કોઈ યોગ્ય નિર્ણય ન લીધો હોવાનું જણાવી અરજદારોએ ફરિયાદ કરી હતી.

જ્યારે આ મામલો કોર્ટમાં ચાલ્યો અને ત્યારે હાઈ કોર્ટમાં સુનાવણી દરમિયાન બરોડા ક્રિકેટ એસોસિએશન તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અમને આ અરજદારો તરફથી ફરિયાદ મળી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર મેમોરેન્ડમ ઓફ એસોસિએશનમાં જરૂરી સુધારા બાદ આ મામલો મેમોરેન્ડમ ઓફ એસોસિએશનમાં આવે છે. જેમાં અરજીના નિકાલ માટે એક પ્રોસેસ અનુસરાતી હોય છે. જે અનુસાર બોર્ડને કોઈ પણ પક્ષ તરફથી ફરિયાદ મળે તો, તેના નિવારણ માટે ઓમ્બુડ્સમેનની રચના કરવામાં આવે છે. બરોડા ક્રિકેટ એસોસિએશને પોતાનો પક્ષ રજૂ કરતા હાઈ કોર્ટમાં વધુમાં કહ્યું હતું કે, આ કેસમાં અમને અરજદારોની રજૂઆત મળ્યા બાદ અમે આ પ્રોસેસ અનુસરી રહ્યા છીએ.

# ઈલેક્ટોરલ ટ્રસ્ટમાં મહારાષ્ટ્ર-ગુજરાતનો દબદબોઃ ભાજપ પર ધનવર્ષા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સના વિશ્લેષણ મુજબ, ગુજરાત દેશમાં ઈલેક્ટોરલ ટ્રસ્ટમાં ફાળો આપનારું પાંચમું સૌથી મોટું રાજ્ય બન્યું છે. વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યની કંપનીઓએ કુલ રૂ. ૨૦૦.૫ કરોડનું દાન આપ્યું હતું. ઇલેક્ટોરલ ટ્રસ્ટ કોર્પોરેટ અને વ્યક્તિગત દાન માટેના એક માધ્યમ તરીકે કામ કરે છે, જે બાદમાં ચૂંટણી સંબંધિત ખર્ચ માટે રાજકીય પક્ષોને વહેંચવામાં આવે છે. રિપોર્ટમાં મહારાષ્ટ્ર મોખરાના રાજ્ય તરીકે સામે આવ્યું હતું, જ્યારે ભાજપ પર ધનવર્ષા થઈ હતી.

ગુજરાતની અગ્રણી કંપનીઓએ આ યોગદાનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આ યાદીમાં ટોરેન્ટ પાવર રૂ. ૬૫ કરોડ સાથે મોખરે છે, ત્યારબાદ આર્સેલર મિત્તલ રૂ. ૫૦ કરોડ અને ટોરેન્ટ ફાર્મા રૂ. ૨૯.૫ કરોડ સાથે આવે છે. અન્ય દાતાઓમાં કલ્પતરુ રૂ. ૨૦ કરોડ, જેકે પેપર રૂ. ૧૩ કરોડ, અરવિંદ રૂ. ૧૦ કરોડ અને અનુપ રૂ. ૨ કરોડનો સમાવેશ થાય છે.

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સએ જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ઇલેક્ટોરલ ટ્રસ્ટોને રૂ. ૩,૮૨૬.૩૪ કરોડનું યોગદાન મળ્યું હતું. જેમાં ભાજપને ૮૨ ટકાથી વધુ ભંડોળ પ્રાપ્ત થયું હતું. ચૂંટણી પંચ ને સુપરત કરાયેલા દસ્તાવેજોના વિશ્લેષણના આધારે જણાવ્યું કે, નોંધાયેલા ૨૦ ઇલેક્ટોરલ ટ્રસ્ટોમાંથી ૧૦ ટ્રસ્ટોએ નાણાકીય વર્ષ ૨૦૨૫ દરમિયાન દાન મળ્યું હોવાનું જાહેર કર્યું હતું, જ્યારે પાંચ ટ્રસ્ટોના રિપોર્ટ ડેડલાઇન પૂરી થયાના ત્રણ મહિના પછી પણ પંચની વેબસાઇટ પર ઉપલબ્ધ નહોતા.

ભારતીય જનતા પાર્ટીને ૩,૧૫૭.૬૫ કરોડ, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ રૂ. ૨૯૮.૭૮ કરોડ, તૃણમૂલ કોંગ્રેસ રૂ. ૧૦૨ કરોડ અને અન્ય ૧૯ પક્ષો કુલ રૂ. ૨૬૭.૯૨ કરોડ ફંડ મળ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રુડન્ટ ઇલેક્ટોરલ ટ્રસ્ટએ સૌથી વધુ રૂ. ૨,૬૬૮.૪૬ કરોડ ૧૫ પક્ષોને વહેંચ્યા હતા, ત્યારબાદ 'પ્રોગ્રેસિવ ઇલેક્ટોરલ ટ્રસ્ટ' એ ૧૦ પક્ષોને રૂ. ૯૧૪.૯૭ કરોડનું દાન આપ્યું હતું. વર્ષ દરમિયાન ૨૨૮ કોર્પોરેટ ગૃહોએ રૂ. ૩,૬૩૬.૮૨ કરોડ અને ૯૯ વ્યક્તિઓએ રૂ.૧૮૭.૬૨ કરોડનું દાન આપ્યું હતું. ટોચના ૧૦ દાતાઓનો હિસ્સો કુલ યોગદાનમાં લગભગ ૪૯.૮૯ ટકા (રૂ. ૧,૯૦૮.૮૬ કરોડ) રહ્યો હતો.

સૌથી મોટા દાતાઓમાં એલિવેટેડ એવન્યુ રિયલ્ટી રૂ. ૫૦૦ કરોડ, ટાટા સન્સ પ્રાઇવેટ લિમિટેડ રૂ. ૩૦૮.૧૩ કરોડ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ ૨૧૭.૬૨ કરોડ, મેઘા એન્જિનિયરિંગ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ રૂ. ૧૭૫ કરોડનો સમાવેશ થાય છે.

મહારાષ્ટ્ર રૂ. ૧,૨૨૫.૪૩ કરોડ સાથે યોગદાનનું સૌથી મોટું સ્ત્રોત બન્યું છે, ત્યારબાદ તેલંગાણા (રૂ. ૩૫૮.૨૫ કરોડ), હરિયાણા (રૂ. ૨૧૨.૯ કરોડ), પશ્ચિમ બંગાળ (રૂ. ૨૦૩.૮૫ કરોડ) અને ગુજરાત (રૂ.૨૦૦.૫૦ કરોડ) આવે છે.

એડીઆરે નોંધ્યું હતું કે રૂ. ૧,૦૬૫.૨ કરોડના યોગદાન માટે દાતાઓના સરનામાં જાહેર કરવામાં આવ્યા નહોતા.

# અમદાવાદ બીઓબી ફ્રોડ કેસમાં ઈડીએ ચાર્જશીટ ફાઈલ કરી ₹ ૧૯.૩૭ કરોડની સંપત્તિ અટેચ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ ઝોનલ ઓફિસના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ બેંક ઓફ બરોડા સાથે સંકળાયેલા રૂ. ૨૮.૫૪ કરોડના કથિત બેંક છેતરપિંડી સાથે જોડાયેલા મની-લોન્ડરિંગ કેસના સંદર્ભમાં મેસર્સ હેલિયસ ટ્યુબએલોય્સ પ્રાઇવેટ લિમિટેડ અને તેના ડિરેક્ટરો સામે ફરિયાદ નોંધાવી હતી.

ઈડીએ ગાંધીનગરમાં સીબીઆઈની ભ્રષ્ટાચાર વિરોધી શાખા દ્વારા કંપની અને અન્ય લોકો સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૧૨૦-બી અને ૪૨૦ હેઠળ નોંધાયેલી એફઆઈઆરના આધારે તપાસ શરૂ કરી હતી, જેમાં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ ૧૩(૨) અને ૧૩(૧)(ડી) નો સમાવેશ થાય છે.

પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએલએમ) હેઠળ ઈડીના તારણો અનુસાર, કંપની અને તેના ડિરેક્ટરોએ કથિત રીતે બેંક ઓફ બરોડા સાથે છેતરપિંડી કરી હતી, જેમાં લોન ફંડને વ્યવસાયિક વ્યવહારો વિના સિસ્ટર-કન્સર્ન કંપનીઓના ખાતમાં જમા કરી દેવામાં આવ્યું હતું.

તપાસમાં એ પણ બહાર આવ્યું હતું કે લોન ફંડ મેળવવા માટે બેંકોને બોગસ લેટર્સ ઓફ ક્રેડિટ જારી કરવામાં આવ્યા હતા, જ્યારે ખોટા સ્ટોક સ્ટેટમેન્ટ અને હેરાફેરીવાળા એકાઉન્ટ્સ બુક્સ અપ્રમાણિક ઇરાદાથી સબમિટ કરવામાં આવ્યા હતા, જેના કારણે બેંકને રૂ.૨૮.૫૪ કરોડનું ખોટું નુકસાન થયું હતું.

તપાસ દરમિયાન, અનેક સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, જેના કારણે ગુનાહિત દસ્તાવેજો મળી આવ્યા હતા. એકત્ર કરાયેલા પુરાવાના આધારે, ઈડીએ રૂ. ૧૯.૩૭ કરોડની કિંમતની સ્થાવર મિલકતો માટે કામચલાઉ જપ્તીનો આદેશ જારી કર્યો હતો. આ કેસમાં વધુ તપાસ થઈ રહી છે.

# ગુજરાતને મળી છઠ્ઠી વંદે ભારત એક્સપ્રેસ; અમદાવાદથી ઉદયપુર વચ્ચે દોડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના અસારવા-ઉદયપુર સિટી વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ સેવા શરૂ કરવામાં આવી રહી છે. આ ગુજરાતની આ છઠ્ઠી વંદે ભારત ટ્રેન હશે. બન્ને શહેરો વચ્ચેની કનેક્ટિવિટી ઉદ્યોગધંધા સાથે પર્યટન સેક્ટર માટે મહત્ત્વની સાબિત થશે. ૧૮મી ફેબ્રુઆરીથી આ ટ્રેન શરૂ થશે.

અમદાવાદ રેલવે મંડળે આપેલી માહિતી અનુસાર ટ્રેન નંબર ૦૯૬૬૩ ઉદયપુર સિટીઅસારવા વંદે ભારત એક્સપ્રેસ ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ઉદયપુર સિટીથી ૧૨:૨૫ વાગ્યે પ્રસ્થાન કરશે અને સાંજે ૧૭:૧૫ વાગ્યે અસારવા પહોંચશે. માર્ગમાં આ ટ્રેન જાવર, ડુંગરપુર અને હિંમતનગર સ્ટેશનો પર રોકાશે. આ સાથે ટ્રેન નંબર ૨૬૯૬૪ અસારવા-ઉદયપુર સિટી વંદે ભારત એક્સપ્રેસ ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ થી દરરોજ (મંગળવાર સિવાય) અસારવાથી ૧૭:૪૫ વાગ્યે પ્રસ્થાન કરશે અને ૨૨:૦૦ વાગ્યે ઉદયપુર સિટી પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૨૬૯૬૩ ઉદયપુર સિટી-અસારવા વંદે ભારત એક્સપ્રેસ ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬થી દરરોજ (મંગળવાર સિવાય) ઉદયપુર સિટીથી ૦૬:૧૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને ૧૦:૨૫ વાગ્યે અસારવા પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન હિંમતનગર, ડુંગરપુર અને જાવર સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી કોચ અને એક્ઝિક્યુટિવ કોચ સહિત કુલ ૮ કોચ હશે. ૧૫મી ફેબ્રુઆરીથી આ ટ્રેન માટે બુકિંગ થઈ શકશે.

# ગુજરાતમાં નેશનલ હાઈ વે-૫૬ ના અપગ્રેડેશન માટે ₹ ૪,૫૮૩ કરોડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ ગુજરાતમાં ધમસિયા-બિટાડા/મોવી (૪૭.૪૬ કિમી) અને નસરપોર-માલોથા (૬૦.૨૧ કિમી) ના ચાર-લેન વિભાગોના બાંધકામ માટેના પ્રોજેક્ટને મંજૂરી આપી હતી, જેની કુલ લંબાઈ ૧૦૭.૬૭ કિમી છે અને કુલ મૂડી ખર્ચ રૂ. ૪,૫૮૩.૬૪ કરોડ છે. આ પ્રોજેક્ટ એનએચ-૫૬નો એક ભાગ છે, જે રાજસ્થાન રાજ્યના નિમ્બહેરાથી શરૂ થાય છે અને ગુજરાતના દાહોદ જિલ્લા અને મધ્ય પ્રદેશના અલીરાજપુર જિલ્લામાંથી પસાર થાય છે, છોટા ઉદેપુર જિલ્લામાં ગુજરાતમાંથી ફરી પસાર થાય છે અને વાપી નજીક એનએચ-૪૮ સાથે તેના જંકશન પર પૂરો થાય છે. મંજૂર થયેલો પ્રોજેક્ટ નર્મદાના મહત્ત્વાકાંક્ષી જિલ્લામાંથી પસાર થાય છે અને દાહોદ, છોટા ઉદેપુર, તાપી અને ભરૂચના આદિવાસી વિસ્તારો સાથેના જોડાણમાં સુધારો કરશે, જેનાથી પ્રદેશના આર્થિક વિકાસ અને વિકાસને ટેકો મળશે. તે સ્ટેચ્યૂ ઓફ યુનિટી સાથેની કનેક્ટિવિટી પણ વધારશે. સૂત્રો અનુસાર ૧૦૭.૬૭ કિમીના આ પ્રોજેક્ટથી મોટી સંખ્યામાં રોજગારીની તકો ઊભી થશે. પ્રસ્તાવિત કોરિડોરની આસપાસ આર્થિક પ્રવૃત્તિમાં વધારો થવાને કારણે તે વધારાની રોજગારીની તકોનું પણ સર્જન કરશે. માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા, એનએચ-૫૬ (૧૭૫ કિમી) ના ગીચ જાંબુગામ (બોડેલી)-માલોથા વિભાગને ચાર પેકેજો હેઠળ ચાર-લેન કન્ફિગરેશનમાં અપગ્રેડ કરવાનું કામ હાથ ધર્યું છે. જાંબુગામ (બોડેલી) થી ધમાસિયા અને મોવીથી નાસરપોર સુધીના ભાગોને પહેલાથી જ સોંપવામાં આવ્યા છે, અને બાંધકામ કાર્ય નવેમ્બર ૨૦૨૫ માં શરૂ થયું હતું. પ્રોજેક્ટ બે વર્ષમાં પૂરો કરવાનું લક્ષ્ય છે. વર્તમાન પ્રોજેક્ટ પેકેજો પૂર્ણ થયા પછી, બોડેલીથી માલોથા સુધી સતત ચાર-લેન કનેક્ટિવિટી સ્થાપિત કરવામાં આવશે.

# ગરબા પર હાઈ કોર્ટ લાલચોળઃ કોઈ ગુજરાતી ગરબાનો વિરોધ કઈ રીતે કરી શકે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગરબાની ઓળખ વિશ્વના સૌથી લાંબા નૃત્ય મહોત્સવ તરીકેની છે. ગરબો આજે ગ્લોબલ બન્યો છે ત્યારે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક રૂપિયાના ટોકન દરે એક આયોજકને ૩૦ કરતાં વધુ વર્ષથી ગરબાના આયોજન માટે પ્લોટની ફાળવણી સામે કરવામાં આવેલી જાહેરહિતની અરજી હાઈ કોર્ટે ફગાવી દીધી હતી. મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ અને ન્યાયાધીશ ડી એન રેડની ખંડપીઠે પાર્ટી ઈન પર્સન તરીકે હાજર વડોદરાના અરજદારને સવાલ કર્યો કે, જો તમે ગુજરાતના છો તો તમને ખબર હશે કે ગરબા તો દરેક ગુજરાતીના દિલ અને આત્મામાં વસે છે. તમે એક ગુજરાતી થઈને વિરોધ કઈ રીતે કરી શકો. ગરબા તો ગુજરાતની અર્વાચીન પરંપરા અને સંસ્કૃતિ છે ત્યારે જો કોર્પોરેશન ગુજરાતના સ્થાનિક નૃત્ય ગરબાનો પ્રચાર-પ્રસાર કરે તેમાં ખોટું શું છે?

વડોદરાના રહેવાસી અને લોકસભાની ચૂંટણી લડી ચુકેલા અને વ્યવસાયે લીગલ એડવાઇઝર રાહુલ વ્યાસે પાર્ટી ઇન પર્સન તરીકે આ મામલે જાહેરહિતની અરજી કરી દલીલ કરી હતી કે,વડોદરા મ્યુ. કોર્પો. છેલ્લાં ૩૦ વર્ષોથી એક આયોજકને જ પક્ષપાત કરીને માત્ર એક રૂપિયાના ભાવે પ્લોટ ફાળવે છે. આ રીતે અંદાજિત ૬૦૦ કરોડનું નુકસાન કોર્પોરેશનને થયું છે. આયોજન એક રૂપિયાના ટોકન દરે પ્લોટ લઇને ઊંચી કીંમતો પર ગરબાના પાસ વેચી ધંધો કરે છે અને કોર્પોરેશન નુકસાન વેઠે છે. ત્યારે એક જાગૃત શહેરી તરીકે આ રિટ કરવામાં આવી છે.

હાઇ કોર્ટની ખંડપીઠે એવી ટકોર કરી હતી કે, કોર્પોરેશનના નુકસાનની ચિંતા કોર્પોરેશનને કરવા દો. તમે જે મુદ્દો ઉઠાવી રહ્યા છો એ જાહેરહિતનો નથી અંગત હિતનો છે. આ માટે જાહેરહિતની અરજીનો ઉપયોગ કરી શકાય નહીં. આ કોઇ મંચ નથી કે તમે અહીં ભાષણબાજી કરો. અહીં દરેક વસ્તુ કાયદા હેઠળ જ થાય એના સિવાય નહીં.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી એડવોકેટ અરજી અને અરજદારનો વિરોધ કરતાં કોર્ટને જાણ કરી હતી કે,કોર્ટ અરજદારના બેકગ્રાઉન્ડની ચકાસણી કરશે તો આ કેસ પાછળની મંશા જાહેર થઇ જશે. કોર્ટે અરજદારને સવાલ કરતાં તેણે કહ્યું હતું કે,તે લીગલ એડવાઇઝર છે અને તેણે લોકસભાની ચૂંટણી પણ લડી છે ત્યારે હાઇ કોર્ટે એવી ટકોર કરી હતી કે, તમે જ્યારે ચૂંટણી લડો ત્યારે આવા મુદ્દે ભાષણ કરી શકો, કાયદાનો આવો દુરુપયોગ ન કરી શકો. જો હવે પછી તમે આવી અરજીઓ કરશો તો તમને દંડ કરાશે.

# વડોદરામાં બેંન્ક લોકરમાંથી ૩૫ તોલા સોનું ચોરાતા ૧,૫૦૦ ગ્રાહકો પોતાના દાગીના ચેક કરવા દોડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બે દિવસ પહેલા વડોદરાના વાઘોડિયા રોડ પર આવેલી બેંકમાં લોકર સુરક્ષામાં મોટી ચૂક સામે આવતા ભારે ચકચાર મચી ગઈ હતી. ગ્રાહક જ્યારે પોતાની દીકરીના બે દિવસ પછી યોજાનારા લગ્ન માટે ઘરેણાં લેવા બેંક પહોંચ્યા, ત્યારે લોકર ખોલતા જ અંદર રાખેલા એલ્યુમિનિયમના બોક્સનું તાળું તૂટેલું હતું અને તેમાંથી અંદાજે ૩૦ થી ૩૫ તોલા સોનાના દાગીના, બિલ્કીટ, સિક્કા, બંગડીઓ વગેરેની ચોરી થઈ હતી. નવાઈની વાત એ છે કે તસ્કરોએ માત્ર સોનાની જ ચોરી કરી હતી અને ચાંદીના દાગીના તેમજ અન્ય વસ્તુઓને લોકરમાં જ છોડી દીધા હતા. બેંકની શાખાના લોકરમાંથી સોનાના દાગીના ગુમ થયાની ફરિયાદો બાદ પોલીસે ૨,૭૫૦ જેટલા લોકરધારકને પોતાની વસ્તુઓ ચેક કરવા જણાવ્યું હતું. જોકે ૧૫૦૦ જેટલા ગ્રાહકોએ પહેલેથી જ ચેક કર્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અન્ય કોઈ લોકરમાંથી કંઈપણ ગાયબ થયું નથી, ત્યાર માત્ર એક જ લોકરમાંથી સોનું ગાયબ થયાના આક્ષેપોએ આશ્ચર્ય જગાવ્યું છે.

# શિક્ષકો પાસે શ્વાન ગણાવવાના અહેવાલ પર શિક્ષણ વિભાગની સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શિક્ષકોને શ્વાન ગણવાની આપેલી જવાબદારીના જબરજસ્ત વિરોધ વચ્ચે શિક્ષણ વિભાગે સ્પષ્ટતા કરી હતી કે સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ, તમામ સાર્વજનિક સંસ્થાઓ અને કેમ્પસમાં શ્વાનોની સુરક્ષા અને વ્યવસ્થા અંગે સૂચનાઓ આપવામાં આવી છે. જેથી ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરના ૩જી ફેબ્રુઆરી, ૨૦૨૬ના પત્રથી સુપ્રીમ કોર્ટના આદેશોનો અસરકારક અમલ સુનિશ્ચિત કરવાના હેતુસર શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, બસ સ્ટેશન અને અન્ય જાહેર કચેરીઓના કેમ્પસમાં રખડતાં શ્વાનોનો સર્વે કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જે અંતર્ગત શિક્ષણ વિભાગના ૧૧ ફેબ્રુઆરી૨૦૨૬ના પત્ર મુજબ કમિશનર શાળાઓની કચેરીના તાબા હેઠળની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, કચેરીઓ, કેમ્પસ વગેરે વિસ્તારોમાં આદેશ મુજબની કામગીરી કરવા જણાવવામાં આવ્યું છે. જેમાં આ કામગીરી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો કે અન્ય કર્મચારીઓએ કરવાની રહેશે એવો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

આમ, રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને કર્મચારીઓની સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખી અને સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા શિક્ષણ વિભાગને આ બાબતે સૂચના મળતા, અત્રેની કચેરીએ જાહેરહિતમાં જરૂરી સૂચનાઓ પ્રસિદ્ધ કરી છે. ઉક્ત તમામ બાબતો ધ્યાને લેતા ગુજરાતના વિવિધ વર્તમાનપત્રોમાં આ અંગે પ્રસિદ્ધ થયેલ સમાચાર સત્યથી વેગળા છે, તેમ શિક્ષણ વિભાગ દ્વારા જણાવાયું હતું.

# ૧૨ કલાકની નોકરીથી બાળકોને નથી અપાતો સમયઃ સુરતના ક્લાસ ૧ અધિકારીનું રાજીનામું

અમદાવાદ: આજના સમયમાં પતિ અને પત્ની બંને ઘરને ચલાવવામાં પોતાની ભાગીદારી નોંધાવે છે. આ દરમિયાન પરિવાર અને ખાસ કરીને બાળકોને સમય નહીં આપી શકવાની ફરિયાદ ઉઠતી હોય છે. જો કે સામાન્ય પરિવારો માટે આજના સમયમાં આવી ફરિયાદો છતાં કોઈ વિકલ્પ રહેતો નથી. ત્યારે સુરતના એક રાજીનામાની ચોમેર ચર્ચા થઇ રહી છે. અહીં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે બાળકોને સમય આપવા માટે રાજીનામું આપી દીધું હતું. મળતી વિગતો અનુસાર, સુરત મહાનગરપાલિકાના ઈતિહાસમાં પ્રથમ મહિલા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે કાર્યરત સ્વાતિ દેસાઈએ ગુરુવારે અચાનક પોતાના પદ પરથી રાજીનામું આપી દેતા વહીવટી તંત્રમાં ચર્ચા જાગી હતી.

તેમણે મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજનને પોતાનું રાજીનામું સોંપ્યું હતું. સ્વાતિ દેસાઈના આ રાજીનામા અંગેનો અંતિમ નિર્ણય હવે આગામી સમયમાં પાલિકાની સ્ટેન્ડિંગ કમિટી અને જનરલ બોર્ડની બેઠકમાં લેવામાં આવશે. પોતાના આ નિર્ણય પાછળનું કારણ સ્પષ્ટ કરતા સ્વાતિ દેસાઈએ જણાવ્યું હતું કે, તેમના બે ૧૧ વર્ષના જોડિયા બાળકોની સંભાળ રાખવા માટે ઘરમાં અન્ય કોઈ સભ્ય નથી. તેમના સાસુ-સસરા હાલ સુરતના ગ્રામ્ય વિસ્તારમાં રહે છે અને પતિ ખાનગી પેઢીમાં કાર્યરત હોવાથી બાળકોની જવાબદારી તેમના શિરે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, 'ડેપ્યુટી કમિશનર તરીકે મારે શનિવાર-રવિવાર સહિત રોજની ૧૨ કલાક ફરજ બજાવવી પડે છે, જેના કારણે હું બાળકોના અભ્યાસ પર પૂરતું ધ્યાન આપી શકતી નથી. બાળકોના ભવિષ્ય અને શિક્ષણને પ્રાધાન્ય આપવા માટે મેં આ પદ છોડવાનો નિર્ણય કર્યો છે.

# ભાવનગર મનપાના ₹ ૫૦૯.૨૩ કરોડના વિકાસ કામોનું હર્ષ સંઘવીના હસ્તે ખાતમુહૂર્ત-લોકાર્પણ



(તસવીર - વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરના સર્વાંગી વિકાસ, આધુનિકીકરણ તથા આંતરમાળખાકીય સુવિધાઓમાં નોંધપાત્ર વધારો કરવા માટે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા કુલ રૂ. ૫૦૯.૨૩ કરોડના વિવિધ વિકાસ કામો, જેમાં રૂ. ૧૪૦.૮૩ કરોડના ખર્ચે ૩૫ વિકાસ કામોના ખાતમુહૂર્ત તથા રૂ. ૩૬૮.૪૦ કરોડના ખર્ચે ૧ વિકાસ કાર્યનું વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે હર્ષ સંઘવી એ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી પીએમ ઇ-બસ સેવા યોજના હેઠળ ભાવનગર શહેરમાં શહેરી પરિવહન વ્યવસ્થાને સુદ્રઢ, સ્માર્ટ અને પ્રદૂષણમુક્ત બનાવવા માટે ૫૦ ઈલેક્ટ્રિક બસો ફાળવવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત અધેવાડા ખાતે બસોના સંચાલન અને મેન્ટેનન્સ માટે અત્યાધુનિક ડેપોનું નિર્માણ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ યોજનાના ફેઝ-૨ અંતર્ગત ઈલેક્ટ્રિક બસ સેવા શરૂ કરનાર ભાવનગર મહાનગરપાલિકા ગુજરાતનું સૌપ્રથમ શહેર બનવાનું ગૌરવ પ્રાપ્ત કરી રહ્યું છે. શહેરને મળેલ નવી બસો ભાવનગરની લાઇફલાઇન બનશે. ભાવનગરના નાગરિકો વતી વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કરતા તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઉનાળાની ગરમીમાં એ.સી.બસો નાગરિકોને શીતળતા આપશે તેમ જ તકલીફ પાડવા દેશે નહીં. બસોને તથા ભાવનગરને સ્વચ્છ રાખવા તેમજ દીકરીઓ રમતગમત ક્ષેત્રે આગળ વધે તેઓ સંકલ્પ કરવા જણાવ્યું હતું.

આ તકે કેબિનેટ કૃષિ પ્રધાન જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે પીએમ ઇ-બસ સેવા યોજના હેઠળ રૂ. ૧૮.૨૪ કરોડના ખર્ચે સિવિલ તથા ઈલેક્ટ્રિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવ્યું છે તેમ જ અંદાજિત રૂ. ૩૫૦ કરોડનો ખર્ચ (૧૨ વર્ષ માટે ૫૦ બસોના સંચાલન અને મેન્ટેનન્સ માટે) થશે. કેન્દ્ર સરકારશ્રી તરફથી ૧૨ વર્ષ દરમિયાન રૂ. ૧૦૩ કરોડની ગ્રાન્ટ મળશે.

વધુમાં જણાવ્યું હતું કે બસ ભાડાના દર નાગરિકોને પોસાય તેવા રાહતદરે નક્કી કરાયા છે. જેમાં ૫ કિ.મી. સુધીના ₹ ૧૦/- ના નજીવા દરે મુસાફરી કરી શકશે. વધુમાં જણાવ્યું હતું કે કેન્દ્ર-રાજ્ય સરકારના સહયોગથી ભાવનગરમાં આધુનિક ઈ-બસ સેવાનો પ્રારંભ થઇ રહ્યો છે ત્યારે ભાવનગર સહિતના આસપાસના ગામડાઓને આવરી લેશે એ મુજબનું આયોજન કરવામાં આવ્યું છે.

આ યોજનાથી આસપાસના ગામડાઓના વિદ્યાર્થીઓ, નોકરીયાત વર્ગ અને મજૂરોને શહેરમાં આવવા-જવા માટે સસ્તી અને સુરક્ષિત પરિવહન સુવિધા મળશે. અંદાજે ૩૦૦૦થી વધુ નાગરિકો દરરોજ આ સેવાનો લાભ મળશે.

# ભરૂચની અંકલેશ્વર જીઆઇડીસીમાં એમડી ડ્રગ્સ લેબોરેટરીનો પર્દાફાશ, એક આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ એસઓજીની ટીમે ગુપ્ત માહિતીના આધારે દરોડો પાડી અંકલેશ્વર જીઆઇડીસી વિસ્તારમાં ભાડાના મકાનમાંથી એમડી ડ્રગ્સ બનાવાતી ગેરકાયદેસર લેબનો પર્દાફાશ કર્યો હતો. મળતી માહિતી મુજબ, અંકલેશ્વર જીઆઇડીસીના રહેણાંક વિસ્તારમાં આવેલી સિદ્ધ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના બી બ્લોકમાં ભાડે લેવામાં આવેલા ફ્લેટના બાથરૂમમાં ગુપ્ત રીતે લેબોરેટરી તૈયાર કરવામાં આવી હતી. તેમાં સિન્થેટિક ખઉ ડ્રગ્સનું ઉત્પાદન કરવામાં આવતું હતું.

એસઓજીની ટીમે શુક્રવારે મોડી રાત્રે દરોડો પાડતા સમગ્ર સેટઅપ જોઈ ચોંકી ઊઠી હતી. તપાસમાં બહાર આવ્યું હતું કે, આરોપી એક ફાર્મા કંપનીમાં કેમિસ્ટ તરીકે કામ કરતો હતો. દિવસ દરમિયાન નોકરી અને રાત્રે બાથરૂમમાં બનાવેલી લેબમાં ડ્રગ્સ તૈયાર કરતો હતો. પ્રાથમિક પૂછપરછમાં આરોપી અનિલ રાખોલિયાએ કબૂલ્યું હતું કે, તે વિવિધ કેમિકલ્સ જીઆઇડીસી વિસ્તારમાંથી મેળવી અને ઇન્ટરનેટ પરથી માહિતી મેળવી એમડી ડ્રગ્સ બનાવતો હતો. પોલીસે દરોડા દરમિયાન અંદાજે રૂ. ૨.૪૪ લાખ કિંમતનું ૭૪.૮૮ ગ્રામ એમડી ડ્રગ્સ તેમજ મોટી માત્રામાં રો મટિરિયલ કબજે કર્યું હતું. પોલીસે આરોપીની ધરપકડ કરી છે અને તે ડ્રગ્સ કોને સપ્લાય કરવાનું હતું તેમજ આ રેકેટમાં અન્ય કોઈ વ્યક્તિ સંડોવાયેલો છે કે નહીં તેની દિશામાં વધુ તપાસ હાથ ધરી છે. સમગ્ર મામલે ડ્રગ્સ નેટવર્ક સુધી પહોંચવા માટે તપાસ તેજ કરવામાં આવી છે.

## બાંગ્લાદેશની ચૂંટણી :

# એના પ્રોક્સી વોરમાં ભારતે કઈ રીતે પાકિસ્તાનને પછાડ્યું...?

**સતત ૧૫ વર્ષના એકધારા શાસન પછી શેખ હસીના સામે જુલાઈ- ઓગસ્ટ -૨૦૨૪ના બળવામાં એમણે સત્તા ગુમાવી. એ બળવા બાદ અરાજકતામાં ધકેલાયેલા બાંગ્લાદેશમાં સંસદની ચૂંટણી પણ થઈ ગઈ અને બાંગ્લાદેશ નેશનલ પાર્ટી (BNP)ના તારીક રહેમાનના વડપણ હેઠળ નવી સરકાર પણ રચાઈ ગઈ. આ સત્તાપલટા પછી કેવા પડશે એના ભારત પર પ્રત્યાઘાત?**



તારિક રહેમાન

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

ભૂતપૂર્વ વડા પ્રધાન ખાલિદા ઝિયા અને હત્યા કરાયેલા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ઝિયાઉર રહેમાનના પુત્ર રહેમાન ૧૮ વર્ષના દેશનિકાલ પછી લગભગ પોણા બે મહિના પહેલાં જ બાંગ્લાદેશ પાછા ફરેલા અને ૯ જાન્યુઆરીએ જ BNP ના ચેરમેન નિમાયા.

જો કે તારિક રહેમાને ટૂંકા ગાળામાં જ ઉગ્ર પ્રચાર કરીને પોતાના પક્ષ અને તેના સાથી પક્ષોને ભવ્ય જીત અપાવી છે. બાંગ્લાદેશની સંસદની ૨૯૯ બેઠકોમાંથી BNP અને તેના સાથી પક્ષોને ૨૧૨ બેઠકો મળી છે, જ્યારે તેના હરીફ 'જમાત-એ-ઇસ્લામી' અને તેના સાથી પક્ષોને માત્ર ૭૦ બેઠકો મળી છે. લગભગ બે દાયકા પછી સત્તામાં પાછી ફરેલી BNP એ શેખ હસીનાની 'અવામી લીગ'ની ગેરહાજરીમાં થયેલી ચૂંટણીમાં કટ્ટરવાદી 'જમાત-એ-ઈસ્લામી'ને કારમી પછડાટ આપીને સોપો પાડી દીધો છે.

'બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી' (BNP) છેલ્લાં ૧૮ વર્ષથી સત્તાની બહાર હતી એ જોતાં આ પક્ષે ભવ્ય પુનરાગમન કર્યું છે.

બળવાને કારણે શેખ હસીના ભાગીને ભારત આવી ગયાં પછી બાંગ્લાદેશની મુહમ્મદ યુનુસની વચગાળાની સરકારે 'અવામી લીગ' અને તેની વિદ્યાર્થી પાંખ સહિતનાં સંગઠનો પર પ્રતિબંધ મૂકી દીધો હતો તેથી આ ચૂંટણી શેખ હસીનાની 'અવામી લીગ'ની ગેરહાજરીમાં લડાઈ હતી.

BNPને તેનો ભરપૂર ફાયદો મળ્યો છે કેમ કે યુનુસની વચગાળાની સરકાર કટ્ટરવાદી મુસ્લિમો દ્વારા હિંદુઓ સહિતની લઘુમતીઓ પરના હુમલા અને અત્યાચારોને રોકવામાં નિષ્ફળ ગઈ હતી. તેના કારણે પરંપરાગત રીતે શેખ હસીનાની 'અવામી લીગ'ને મત આપતા હિંદુ મતદારોએ BNPને મત આપ્યા. અવામી લીગના સમર્થકોએ પણ BNP ને મત આપ્યા, કેમ કે જમાત સત્તામાં આવે તો અવામી લીગને સાવ સાફ કરી નાખે તેની તેમને ખબર છે.

આમ જુવો તો BNP અને અવામી લીગ રાજકીય હરીફ છે, પણ BNP લોકશાહીમાં માને છે. તારીક રહેમાનનાં માતા બેગમ ખાલિદા ઝિયાએ તો બાંગ્લાદેશમાં લોકશાહીની પુનર્સ્થાપના માટે સરમુખત્યાર જનરલ ઈરશાદ સામે જોરદાર જંગ ખેલ્યો હતો તેથી તેમના દીકરા પર ભરોસો મૂકી શકાય. બીજી તરફ 'જમાત-એ-ઈસ્લામી' કટ્ટરવાદી પાર્ટી છે અને બાંગ્લાદેશને મુસ્લિમ રાષ્ટ્ર બનાવી દેવાની વાતો કરે છે તેથી જમાત સત્તામાં ના આવે એ માટે અવામી લીગના સમર્થકોએ પૂરી તાકાત લગાવી દીધી હતી. તારીકની પાર્ટીને તેનો ફાયદો મળ્યો છે.

બાંગ્લાદેશની ચૂંટણીનાં પરિણામો પાકિસ્તાન માટે જોરદાર તમાચા સમાન છે કેમ કે પાકિસ્તાનની આર્મી અને જાસૂસી સંસ્થા આઈએસઆઈની પાલતુ જમાતની ભૂંડી હાર થઈ છે. બાંગ્લાદેશની ચૂંટણીમાં ભારત અને પાકિસ્તાન પણ પડદા પાછળ લડતાં હતાં. આ જંગ કોઈને દેખાતો નહોતો, પણ બંને પૂરી તાકાત લગાવીને ઊતરી પડેલાં ને તેમાં ભારતની જીત થઈ છે. બંને દેશ વચ્ચે ત્રીજા જ દેશમાં લડાયી પ્રોક્સી વોરમાં ભારત ફરી એક વાર બળિયું સાબિત થયું છે. 'જમાત-એ-ઈસ્લામી' ને સત્તામાં બેસાડીને ઈસ્લામાબાદ અને રાવલપિંડીમાં બેઠાં બેઠાં બાંગ્લાદેશ પર રાજ કરવાના પાકિસ્તાનના મનસૂબા પર ભારતની વ્યૂહરચનાએ પાણી ફેરવી દીધું છે.

ભારત માટે શેખ હસીના ઘરનાં હતાં કેમ કે શેખ હસીનાના પિતા બંગબંધુ શેખ મુજીબુર રહેમાનના આખા પરિવારને બાંગ્લાદેશમાં થયેલા ૧૯૭૫ના બળવામાં સાફ કરી દેવાયો ત્યારે ભારતે હસીનાને રાજ્યાશ્રય આપીને સાચવેલાં. હસીના આ અહેસાનને માથે ચડાવીને ભારતને વફાદાર રહ્યાં ને પાકિસ્તાન તથા તેના પાલતુઓને બાંગ્લાદેશની ધરતીનો ઉપયોગ ભારત વિરુધ્ધ કરવાની કોઈ તક ના આપી.

શેખ હસીનાના બે દાયકાના એકહથ્થુ શાસનમાં બાંગ્લાદેશમાંથી પાકિસ્તાન સાફ થઈ ગયું હતું. શેખ વીણી વીણીને પાકિસ્તાની પીઠ્ઠુઓને સાફ કરી નાખેલા ને જે બચી ગયેલા એ દરમાં છૂપાઈ ગયેલા.

શેખ હસીનાએ બાંગ્લાદેશ છોડીને ભાગવું પડ્યું એટલે પાકિસ્તાનને ફરી બાંગ્લાદેશમાં પગપેસારો કરવાની તક મળી ગઈ હતી. મોકે પે ચોક્કા મારીને શાહબાઝ શરીફની સરકારે બાંગ્લાદેશ પર અઢળક હેત વરસાવવા માંડેલું. પાકિસ્તાન પોતે ભિખારી થઈ ગયું છે ને ચપણિયું લઈને આખી દુનિયામાં ભીખ માગતું ફરે છે, છતાં બાંગ્લાદેશને આર્થિક સહાય જાહેર કરી દીધેલી. કશું કર્યા વિના મળતા રૂપિયા કોને વહાલા ના લાગે? બાંગ્લાદેશની આર્મી અને મુહમ્મદ યુનુસને પણ વહાલા લાગતા હતા તેથી તેમણે જાજમ પાથરીને પાકિસ્તાનને આવકારેલું.

બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચે સહકાર વધારવાના બહાને પાકિસ્તાન આર્મી તથા આઈએસઆઈના અધિકારીઓના આંટાફેરા પણ વધી ગયેલા. બાંગ્લાદેશના આર્મીને ટ્રેનિંગના બહાને પાકિસ્તાને બાંગ્લાદેશમાં ભારતની સરહદની નજીક લશ્કરી છાવણીઓ પણ ઊભી કરી દીધી હતી. પાકિસ્તાનની પાલતુ 'જમાત-એ-ઈસ્લામી'ને જીતાડવા માટે પાકિસ્તાન અને બાંગ્લાદેશની આર્મી તથા આઈએસઆઈ ત્રણેય કામે લાગી ગયેલાં, પણ ભારતના નેટવર્કને ના ભેદી શક્યાં.

એક વાત આપણે અહીં સમજી લેવી પડશે કે તારીક રહેમાનની પાર્ટી ભારત તરફી નથી પણ ભારતવિરોધી પણ નથી જ્યારે 'જમાત' તો હળાહળ ભારત વિરોધી-હિંદુ વિરોધી છે. આ સંજોગોમાં ભારત પાસે BNPની તરફેણ કર્યા વિના કોઈ વિકલ્પ નહોતો. 'જમાત' જીતીને પાકિસ્તાનને બાંગ્લાદેશમાં ભારત વિરોધી પ્રવૃત્તિઓ કરવા માટે મોકળું મેદાન આપી દે તેના કરતાં બીએનપી કમ સે કમ પાકિસ્તાનને ખોળામાં તો નહીં જ બેસે તેની ભારતને ખબર છે તેથી ભારતે હોહા કર્યા વિના બાજી ગોઠવીને હિંદુ મતદારો અને શેખ હસીનાના સમર્થકોની મદદથી પાકિસ્તાનનો આખો ગેમ પ્લાન ઊંધો વાળી દીધો.

આ બધા વચ્ચે તારીક અનવર સત્તા પર તો આવી ગયા પણ તેમના માટે સ્થિતિ બહુ કપરી છે. છેલ્લા લગભગ બે વર્ષથી રાજકીય અસ્થિરતામાં ધકેલાયેલા બાંગ્લાદેશમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પણ સાવ ખાડે ગઈ છે. કટ્ટરવાદી મુસ્લિમો ફાટીને ધુમાડે ગયા છે અને પાકિસ્તાની પીઠ્ઠુઓની ઘૂસણખોરી વધી છે. હસીનાની ગેરહાજરીમાં સત્તા પર હાવી થઈ ગયેલી બાંગ્લાદેશની આર્મીએ કટ્ટરવાદીઓની હિંસા સામે આંખ આડા કાન કર્યા તેમાં હિંદુઓ સહિતના લઘુમતી સમુદાયનાં લોકો ડરેલાં છે. સતત ચાલતાં આંદોલનો અને હિંસાના કારણે આર્થિક પ્રવૃત્તિઓને પણ ફટકો પડ્યો છે. બાંગ્લાદેશનો ગારમેન્ટ ઉદ્યોગ બહુ મોટો છે અને ચીનને ટક્કર આપી રહ્યો હતો, પણ રાજકીય અસ્થિરતાના કારણે તેને પણ ફટકો પડ્યો છે. રોકાણકારો બાંગ્લાદેશમાં આવવા તૈયાર નથી કેમ કે સલામતી નથી. પાકિસ્તાનની ઘૂસણખોરીના કારણે બાંગ્લાદેશ આતંકવાદનો નવો અડ્ડો બની જશે એવો પણ ડર છે તેથી રોકાણકારો દૂર ભાગી રહ્યા છે.

તારીક રહેમાને આ બધા મોરચે લડવાનું છે. અમેરિકાએ બાંગ્લાદેશ સાથે કરેલા ટ્રેડ ડીલમાં બાંગ્લાદેશનો ગારમેન્ટ ઉદ્યોગ અમેરિકા પાસેથી કાચો માલ લઈને પ્રોસેસ કરીને પાછો અમેરિકાને આપશે એવી મહત્ત્વની જોગવાઈ છે. તેના કારણે બાંગ્લાદેશના અર્થતંત્રની ગાડી પાટા પર ચડી જશે પણ એ માટે રહેમાને બાંગ્લાદેશમાં શાંતિ સ્થાપવી પડશે. ને એ માટે કટ્ટરવાદીઓને નાથવા પડશે, પાકિસ્તાનના પાલતુઓને સાફ કરવા પડશે.

આશા રાખીએ કે તારીક રહેમાન સફળ થાય કેમ કે રહેમાનની સફળતા ભારત માટે ફાયદાકારક જ પુરવાર થશે. ■

### 'જમાત'ની હારથી હિંદુઓને રાહત ને ફફડાટ બંને...

બાંગ્લાદેશનાં ચૂંટણી પરિણામોથી હિંદુઓને એક તરફ રાહત થઈ છે તો બીજી તરફ ફફડાટ વધ્યો પણ છે. રાહત એ વાતની છે કે કટ્ટરવાદી 'જમાત-એ-ઈસ્લામી' સત્તામાં નથી આવી. શેખ હસીના સામેના બળવા પછી જમાતે હિંદુઓનું જીવવું હરામ કરી નાખ્યું હતું. ઉપરાછાપરી હુમલા અને હત્યાઓના કારણે હિંદુઓ ત્રસ્ત હતા ને બાંગ્લાદેશ છોડીને ભાગી રહ્યા હતા. જમાત સત્તામાં આવી ગઈ હોત તો આ હુમલા વધી ગયા હોત તેથી હિંદુઓએ BNP ને મત આપીને તેને જીતાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

હવે હિંદુઓમાં ફફડાટ છે કે, જમાતની હારમાં નિમિત્ત બન્યા તેથી ઉશ્કેરાયેલા કટ્ટરવાદીઓ હુમલા વધારી દેશે. આ ડરના કારણે હિંદુ સંગઠનોએ હિંદુઓને હમણાં થોડા દિવસો લગી ટોળાં બનાવીને સાથે રહેવા અને ઘરોમાં જ રહેવાની સૂચના આપી છે.

---

# બેકઅપને સરળતાથી સાચવવાની સરળ રીત...

## ડેટા મેનેજમેન્ટ પણ એક જાણી લેવા જેવી કળા છે

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

સૌથી વધારે ઉપાધિ ફોન બગડે ત્યારે થાય. મહત્ત્વના નંબર, સરનામા, ઈમેઈલ આઈડી, બેંક ખાતા સાથે લિંક એપ્લિકેશન, પેમેન્ટ એપ્લિકેશન... આ બધુય એક જ ક્લિક પર થતું એ એકાએક બંધ થઈ જાય. ખાસ કરીને જ્યારે ફોન રિપેરિંગમાં આપીએ ત્યારે 'બેકઅપની કોઈ ગેરેન્ટી નહીં' એવું બોલીને રિપેર કરવાવાળા આપણું બ્લડ પ્રેશર વધારી દે એ લટકામાં...

બેકઅપની ઝંઝટથી બચવા છતાં તેને સાચવવા માટે ઘણી સરળ રીત છે. ટેકનિકલ જ્ઞાન એટલું નહીં હોય તો પણ એ ખૂબ સરળ અને સ્પષ્ટ છે. ફોનમાંથી જ બેકઅપ લેવાની સુવિધા મળે છે. ઝડપથી કામ થઈ જાય અને ફરી આપણા સંપર્કો યથાવત જળવાઈ રહે એ માટે બેકઅપ અનિવાર્ય હોય છે.




આ બેકઅપને સાચવવા માટે કેટલીક સરળ ટીપ્સ વિશે વાત કરીએ, જેમાં મલ્ટિમીડિયા સિવાય પણ ઘણાં એવાં પાસા છે. આ પાસામાં સામાન્ય ફેરફાર કરવાથી બેકઅપ સરળતાથી સાચવી શકાય છે. નવા ફોનમાં તેનો ઉપયોગ કરીએ પહેલા જૂના ફોન કે બગડેલા ફોનમાંથી અમુક ડેટાને સરળતાથી દૂર પણ કરી શકાય છે. ફોનમાં ડુપ્લિકેસી વધારે હશે એમ ફોન લોડ વધારે લેશે. એ પછી આઈફોન જ કેમ ન હોય?

**મલ્ટિમીડિયાનું મેકેનિઝમ સમજો...**

**એક :** ફોનમાં ક્લિક કરેલા કેટલાક ફોટો ઈન્ટરનેટ પર એ જ સાઈઝ અને વધુ ચોક્સાઈ સાથે પ્રાપ્ય હોય છે. ધારો કે, કેરળના અથિરાપલ્લી વોટરફોલના ૧૦ ફોટો જુદા જુદા એંગલથી ક્લિક કર્યા હોય તો દરેક એંગલ સાચવવાની જરૂર નથી. જે યુનિક હોય, પ્રોપર હોય અને સૌથી વધારે એ ગમતો હોય એ ફોટો સેવ કરો બાકીના ડિલિટ કરી દો. આનાથી ડુપ્લિકેસી ઘટશે. ઈન્ટરનેટ પર ચેક કરી લો કે, તમારો ક્લિક કરેલો ફોટો બાકીના ઈન્ટરનેટના ફોટો બકેટ કરતાં કેટલો અલગ છે.

**નંબર બે :** ફોટો કે વીડિયો ફોનમાં સૌથી વધારે જગ્યા રોકે છે. બીજા ક્રમે મોટી-મોટી એપ્લિકેશન આવે છે. બેકઅપ લેતી વખતે ફોટો કે વીડિયો એકસાથે મેઈલ આઈડી કે ગૂગલ ડ્રાઈવમાં નાખશો તો ગૂગલ મદદ નહીં કરે. આ પાછળનું કારણ એ છે કે, ગૂગલ જે તે ડિવાઈસને ટ્રેક કરે છે. થોડી અમથી પણ શંકા લાગે કે, વધારે પડતો ડેટા જમા થઈ રહ્યો છે, જેમાં ડુપ્લિકેસી છે એ ડેટા પ્રોસેસમાં સમય વધારે લગાડશે. એકવાર ડેટા સેવ થઈ ગયા બાદ પણ એનું વર્ગીકરણ એવી રીતે કરશે અને સમયાંતરે યાદ અપાવશે કે મૂંઝવણ ઊભી થશે કે ખરેખર ચાલી શું રહ્યું છે?

**ફોન બેકઅપ ટેક્નોલોજી:**

ફોનમાંથી જ ન જોઈતો ડેટા ડિલિટ કરી દો અને લેપટોપ કે પીસીની મદદથી ફોન કનેક્ટ કરી એ આખું ફોલ્ડર કોપી કરાવી લો. આ ફોલ્ડર પેનડ્રાઈવ કે કાર્ડમાં સાચવી શકાય છે. નવો ફોન લેતી વખતે ફોન કનેક્ટ કરી ફરી અંદર મુકાવી દો. કોન્ટેક્ટથી લઈ ફોટો સુધી બધુ જ જૂના ફોનની જેમ સેટ થઈ જશે. વોટ્સએપમાં પણ બેકઅપ માટેનો ઓપ્શન આવે છે. અહીંયા ડેઈલી વિકલ્પ પસંદ કરેલો હશે અને બેકઅપ લેવાશે તો વોટ્સએપ પણ મેમરી ખાઈ જશે. આ માટે વોટ્સએપના ફોલ્ડરમાંથી ન જોઈતી વસ્તુઓ ડિલિટ મારી દો. ચેટમાંથી આવેલા ફોન નંબર કે કોન્ટેક્ટને અલગથી ટેક્સનોટ કે તમારી જાતને કરેલા મેસેજમાં સેવ કરી દો. હા, ખાસ ધ્યાન એ રાખવાનું છે કે, જે નંબર સેવ નહીં કરેલો હોય અને એમાંથી ડેટા કે ચેટ થયેલી હશે એને સ્પામ ગણીને વોટ્સએપ ક્લિન કરી દેશે. અર્થાત એમાંથી ન તો ચેટ આવશે કે ન તો મલ્ટિમીડિયા. કોઈ ચેનલ લિંકને ફોલો કરવાની હોય તો ૩ કલાકમાં કરી લો. ત્રણ કલાક બાદ એ એક્ટિવ નહીં રહે. વોટ્સએપ બેકઅપ તૈયાર થયા બાદ એની કોઈ અલગથી ફાઈલ બનતી નથી. રિસ્ટોર થતી વખતે ફરી જેવું હતું એવું થઈ જાય છે. આવો ડેટા સાચવવા અલગથી કોઈ જગ્યા કે ડિવાઈસની જરૂર પડતી નથી. નવા ફોનમાં એપ્લિકેશન રન થાય એટલે ડેટા ફરી ફ્લો થાય છે.

**બધો બેકઅપ જરૂરી નથી:**

ફોનમાં નક્કામો ડેટા ઘણો હોય છે. પર્સમાં જે રીતે કામ વગરના કાગળિયા હોય છે એ રીતે. આવા ડેટાને ડિલિટ મારી શકાય. ઘણાય એવા વીડિયો હોય છે જે પ્રસંગો પૂરો થાય એટલે એ બધાને સાચવવા જેવા હોતા નથી. બધો બેકઅપ જરૂરી હોતો નથી. એ બધાને ક્લિન કરી શકાય છે. આનાથી ફાયદો એ થાય છે કે, જ્યારે બેકઅપ લઈએ ત્યારે સ્પીડથી સેવ થઈ જાય અને ડેટા લોડ થતા પણ વાર ન લાગે. સાચવવામાં પણ સરળતા અને ફાઈલ પણ હેવી ન થાય.

મોટાભાગના કેસમાં ફોનબેકમાં એપ્સ કરતાં પીડીએફ, અન્ય ફાઈલ્સ અને મલ્ટિમીડિયા મહત્ત્વના હોય છે. યોગ્ય રીતે વર્ગીકૃત કરવામાં આવે અને રાખવામાં આવે તો આ ફાઈલ કાયમી ધોરણે કામ આવી શકે છે. ફાયદો એ થશે કે, નવા ફોનમાં ડેટા ઝડપથી સેવ થઈ જશે અને એક્સેસ કરવાનો પણ આનંદ આવશે. કોન્ટેક્ટ અને વોટ્સએપ બેક માટે ધ્યાન રાખવું જરૂરી એટલા માટે છે કે, એ સંપર્કો અને ચેટ ઘણી કામની હોય છે. બાકી અન્ય મલ્ટિમીડિયા તો ટેબ, લેપટોપ કે પીસીમાં પણ સાચવી શકાય છે. ■

**આઉટ ઓફ ધ બોક્સ**

*જીઓ હવે ક્લાઉડ કોમ્પ્યુટિંગ ક્ષેત્રે કંઈક નવું કરવાની તૈયારીમાં છે ઓફિશિયલ નથી પણ સ્પેસ અને ડેટા સેવિંગ ક્ષેત્રે રિસર્ચ થશે તો જીઓ એમાં કંઈક નવું અવશ્ય કરશે.*

---

સૉલ ઓફ ટૂર

# ઔરોરા ટ્રાવેલ્સ લઈ જાય છે જ્યોર્જિયા : તિબિલિસીના આકર્ષણથી બાટુમીની લક્ઝરી



ઔરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

જ્યોર્જિયા એક એવી જગ્યા છે જ્યાં સાહસ, ઇતિહાસ અને પ્રકૃતિ નો એવો તે સમન્વય થાય છે જે સામાન્ય યુરોપિયન અનુભવથી તાજગીસભર અને અલગ લાગે છે. ડિસ્કવરી, આશ્ચર્ય અને એડવેન્ચર્સથી ભરપુર એવું અને મનને લલચાવે એવા આ સ્થળ વિશે વધુ જાણીએ ઔરોરા ટૂર્સનાં મેનેજિંગ ડિરેક્ટર ધવલ જાંગલા પાસેથી.

**★ પ્રશ્નઃ સ્વીટ્ઝર્લેન્ડની તુલનામાં જ્યોર્જિયા અચાનક આમ પ્રવાસીઓમાં આટલું લોકપ્રિય કેમ બની રહ્યું છે?**

ધવલભાઈ - વર્ષોથી સ્વિટ્ઝર્લેન્ડ બરફથી ઢંકાયેલા પહાડોનાં કારણે પ્રવાસીઓનું સપનાનું સ્થળ રહ્યું છે. પરંતુ હવે જ્યોર્જિયા પ્રવાસીઓના દિલ જીતી રહ્યું છે, કારણ કે અહીં ગુદાઉરીમાં સ્વિટ્ઝર્લેન્ડ જેવી જ બરફથી ઢંકાયેલી પર્વતમાળા સાથે ઘણી વધુ વિવિધતા પણ જોવા મળે છે. સ્વિટ્ઝર્લેન્ડની સરખામણીમાં, જ્યોર્જિયામાં એક જ યાત્રામાં બાતુમીના બ્લેક સી કિનારાના દરિયાકાંઠા, બોર્જોમીના પ્રખ્યાત મિનરલ સ્પ્રિંગ્સ અને તિબીલિસીનો સમૃદ્ધ ઇતિહાસ માણી શકાય છે. આ બધું ઓછા મુસાફરીનાં સમય અને વધુ અનુકૂળ ખર્ચમાં શક્ય બને છે. બરફ, દરિયો, આરોગ્ય અને સંસ્કૃતિનો આવો દુર્લભ સંગમ જ્યોર્જિયાને એવી સંપૂર્ણ હોલિડે ડેસ્ટિનેશન બનાવે છે, જે અનોખો અને પ્રતિષ્ઠિત લાગે છે.





**★ પ્રશ્નઃ ગુડૌરીનું મુખ્ય આકર્ષણ શું છે, અને પરિવારો તેને શા માટે પસંદ કરે છે?**

ધવલભાઈ - ગુડૌરી એ જ્યોર્જિયાનો મુખ્ય માઉન્ટેન રિસોર્ટ છે, જ્યાં પ્રવાસીઓ બરફથી ઢંકાયેલા કોકાશસ પર્વતોના આકર્ષક દૃશ્યોનો આનંદ માણે છે. ઓક્ટોબર અને નવેમ્બરમાં જ્યોર્જિયાની પાનખર ઋતુ પણ એટલી જ મંત્રમુગ્ધ કરતી હોય છે. રેડ, ગોલ્ડન યલો અને ઓરેન્જ કલરનાં કેનવાસમાં પરિવર્તિત થાય છે, પર્વતો અને ખીણો મનમોહક દૃશ્યો બનાવે છે. આ પાનખરનાં લેન્ડસ્કેપમાં ફરવું ખરેખર જાદુઈ લાગે છે, અને આ મહિનાઓ દરમિયાન મુલાકાત લેતા પ્રવાસીઓ માટે, પર્વતોની ઠંડી હવા સાથે પાનખરની રંગછટાનાં મોહમાં જ્યોર્જિયા એક પરીકથાના સ્થળ જેવું લાગે છે જે દરેક ઋતુમાં સુંદર હોય છે. અહીં ખાસ તો પ્રવાસીઓને દિવસના અંતે તેમને મહારાજના હાથનું શાકાહારી ભોજન મળવાનું છે એ ખાતરી સાથે તેઓ પ્રવૃત્તિઓનો આનંદ માણી શકે, એડવેન્ચરને આરામમાં ફેરવી શકે.

**★ પ્રશ્નઃ બોર્જોમી જ્યોર્જિયા પ્રવાસમાં એક જુદું પાસુ કેવી રીતે ઉમેરે છે?**

ધવલભાઈ - બોર્જોમી તેના કુદરતી મિનરલ સ્પ્રિંગ્સ માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે, જેને ઉપચાર અને તાજગી આપનાર માનવામાં આવે છે. હેલ્થ અને હિલીંગને મહત્ત્વ આપતા પ્રવાસીઓ, ખાસ કરીને બોર્જોમીની લીલી ખીણો અને તાજી હવાના આરામદાયક વાતાવરણની પ્રશંસા કરે છે. ગુડૌરીમાં એક્સાઈટમેન્ટ અને એડવેન્ચર પછી, બોર્જોમી એક શાંત વિરામ આપે છે - ધીમા પડવાની, પ્રકૃતિનો આનંદ માણવાની અને એ જ મિનરલ્સવાળું કુદરતી પાણી પીવાની તક જાણે બોર્જોમીને પ્રખ્યાત બનાવ્યું હતું. આ ફક્ત જોવાલાયક સ્થળોનો એક પ્રવાસ નથી, તે તાજગી અનુભવવા વિશે છે, તેથી જ આ સ્ટોપ વૃદ્ધ પ્રવાસીઓ અને પરિવારો બંને માટે પ્રિય છે.

**★ પ્રશ્નઃ તિબિલિસીમાં તેનાં કલ્ચરલ અને મોડર્ન ચાર્મથી વધુ એવું શુ છે જે એને ખાસ બનાવે છે?**

ધવલભાઈ - તિબિલિસી એક અનોખો ઇતિહાસ ધરાવે છે - જ્યોર્જિયા એક સમયે રશિયાનો ભાગ હતું પરંતુ ૧૯૯૧ માં આ શહેરે ગર્વથી સ્વતંત્રતા મેળવી હતી. શહેરમાં હજુ પણ લાકડાની બાલ્કનીઓ અને રંગબેરંગી રવેશવાળા સુંદર જૂના સોવિયેત યુગના ઘરો છે, જે અહીંના ભૂતકાળની યાદ અપાવે છે. મુલાકાતીઓ વારસા અને પ્રગતિનું એક દુર્લભ મિશ્રણ જુએ છે જે તિબિલિસીને ખરેખર અવિસ્મરણીય બનાવે છે.

**★ પ્રશ્નઃ અન્ય યુરોપીય શહેરોની તુલનામાં બાટુમીને શું જુદું પાડે છે?**

ધવલભાઈ - બાટુમી એ એવી જગ્યા છે જ્યાં જ્યોર્જિયાની આધુનિક અને આકર્ષક બાજુ જોવા મળે છે. કાળા સમુદ્રના કિનારે સ્થિત, એમાં લાંબા બુલવર્ડ, નૃત્ય કરતા ફુવારા અને દરિયા કિનારે આવેલા રિસોર્ટ છે જે સાંજને જાદુઈ બનાવે છે. પ્રવાસીઓને સહેલગાહ પર ફરવાની. દરિયામાંથી આવતી હળવી ખારી હવાનો આનંદ માણવાનું અને યુરોપના ભૂમધ્ય સ્થળો જેવી કોસ્ટલ લક્ઝરીનો અનુભવ કરવાનું ગમે છે. બાટુમી આરામને નાઈટલાઈફ સાથે જોડે છે, જે એને જ્યોર્જિયાનાં પ્રવાસનો જાણે નિષ્કર્ષ બનાવે છે. આવા આકર્ષક વાતાવરણમાં પણ મહારાજના ઘર જેવા સ્વાદિષ્ટ ભોજન સાથે, પરિવારો તેમની પરંપરાઓ પ્રત્યે સાચા રહીને ઈન્ટરનેશનલ પ્રતિષ્ઠાનો આનંદ માણી શકે છે.

**★ પ્રશ્નઃ ઔરોરા જ્યોર્જિયાનાં પ્રવાસોને દરેક માટે કેવી રીતે ખાસ બનાવે છે?**

ધવલભાઈ - ઔરોરા સમજે છે કે પ્રવાસીઓ ફક્ત ફરવા માટે મુસાફરી કરતા નથી - તેઓ આરામ, ફૂડ, ફેમિલી બોન્ડિંગ અને પ્રતિષ્ઠા માટે મુસાફરી કરે છે. તેથી જ દરેક જ્યોર્જિયાની ટ્રીપનું ડિપાર્ચર એક રાજસ્થાની મહારાજ સાથે થાય છે જે ખાતરી આપે છે કે શાકાહારી અને જૈન ભોજન દરરોજ પીરસવામાં આવે છે. ઉચ્ચ ગુણવત્તા જાળવવા હોટેલો કાળજીપૂર્વક પસંદ કરાય છે ગ્રૂપની સાઈઝ પણ કમ્ફર્ટેબલ રાખવામાં આવે, અને પ્રવાસ કાર્યક્રમો આરામ સાથે ફરવાલાયક સ્થળોની વિઝિટને બેલેન્સ કરે છે. પરિવારો ઘર જેવું અનુભવે છે કારણ કે ઔરોરા એરપોર્ટ ટ્રાન્સફરથી લઈને ભોજનના સમય સુધીની દરેક વિગતોનું ખાસ ધ્યાન રાખે છે, તેમને સ્ટાઇલમાં યુરોપનું અન્વેષણ કરવાનો ગર્વ આપે છે.

**★ પ્રશ્નઃ પ્રવાસીઓ જ્યોર્જિયાથી ઔરોરા સાથે શું લઈ પાછા ફરે છે?**

ધવલભાઈ - તેઓ ફક્ત ગુડૌરીના મનોહર લેન્ડસ્કેપ્સ, બોર્જોમીની લીલી ખીણો, તિબિલિસીના આકર્ષણ અને બાટુમીના દરિયા કિનારાના ફોટોગ્રાફ્સ જ સાથે નથી લાવતા પણ સાથી પ્રવાસીઓ સાથે શેર કરાયેલી ખુશીની પળો, ફમિલી ડિનર જેવા આનંદદાયક ભોજન અને એવા સ્થળનો અનુભવ કરવાની યાદો સાથે પણ પાછા ફરે છે જે હજુ પણ તાજા અને અજાણ્યા છે. ઘણા લોકો કહે છે કે જ્યોર્જિયાએ તેમને સ્વિટ્ઝર્લેન્ડ જેવો જ આનંદ આપ્યો પરંતુ ઘણી વધુ વિવિધતા સાથે. ઔરોરા સાથે, પ્રવાસીઓ પ્રતિષ્ઠા, ગૌરવ અને અવિસ્મરણીય અનુભવો લઈ ઘરે પાછા ફરે છે. અને જ્યોર્જિયાને તેમની મુસાફરીની ડાયરીઓમાં એક નવા ખજાના તરીકે સ્થાન આપે છે.

**★ પ્રશ્નઃ જ્યોર્જિયામાં બાળકો માટે શું ખાસ છે?**

ધવલભાઈ- જ્યોર્જિયા પરિવાર સાથે ફરવા માટે ખૂબ અનુકૂળ દેશ છે અને બાળકો માટે અહીં એન્જોયમેન્ટ ક્યારેય ખૂટતુ નથી. પર્વતીય વિસ્તારમાં ફર્યા પછી ઇન્ડોર હીટેડ સ્વિમિંગ પૂલમાં રમવું બાળકોને ખૂબ ગમે છે. ટ્બિલિસીમાં મ્ટકવારી નદી પરની બોટ રાઇડ બાળકો માટે ખાસ આકર્ષણ છે, જ્યાં તેઓ મસ્તી કરતાં કરતાં શહેરને અલગ અંદાજે જોઈ શકે છે. થોડું એડવેન્ચર પસંદ કરનારા પરિવારો માટે કાઝબેગી સુધીની જીપ રાઇડ અને બોર્જોમીના જંગલોમાં જીપ સફારી સાચા એડવેન્ચર જેવી અનુભૂતિ કરાવે છે, જે બાળકોને તો ખાસ જ રોમાંચિત કરે છે. બાટુમીમાં દરિયાકાંઠે આવેલી સુંદર પ્રોમેનાડ પર બાળકો સાઇકલ અને ઇલેક્ટ્રિક બાઇક ચલાવતા ખુશખુશાલ જોવા મળે છે, જ્યાં બ્લેક સીનું ખુલ્લું દૃશ્ય અને ઠંડી સમુદ્રી હવા પ્રવાસને વધુ યાદગાર બનાવે છે.મજા, કુદરત અને સલામત સાહસનો એવો સરસ મેળ હોવાથી જ્યોર્જિયા એવું સ્થળ બની જાય છે જ્યાં બાળકો વ્યસ્ત રહે છે અને માતા પિતા નિશ્ચિંત રહીને રજાનો આનંદ માણી શકે છે. ■

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com


આજે આટલું જ

શોભિત દેસાઈ

feedback@bombaysamachar.com

# હું એમ કે'તો'કે (૨)


ઘણીવાર તો એમ થાય છે કે કોલમનું નામ 'આજે આટલું જ'માંથી 'વાતોનાં વડાં' કરી નાંખું, એટલી મજા અઠવાડિયામાં બબ્બે વાર, એક લખાય ત્યારે અને બીજી વાર રવિવારે આવે ત્યારે છે. હવે જુઓને! એક અનહદ, લખલૂંટ અને ભરપૂર પત્ર, કોઇક ખરેખર પોતાની વિચારોની અબજોની સંપત્તિ ન સમાવી શકનાર શ્રીમંત તરફથી મા ના નામે લખાયેલો પત્ર વાંચવા મળ્યો. ચિ. બેન નિર્મલા, જત જણાવવાનું કે જે દેશમાં ગંગા વહે છે એ દેશ ભારતના અસંખ્ય લોકોને તારા બજેટમાં એક જ મુદ્દાનો રસ છે. ઇન્કમ ટેક્સમાંથી, નઘરોળ ઇન્કમ ટેક્સ માફીની મર્યાદા કેટલી વધી અને બીજા કેટલા બાદ થઇ શકે એવા ખર્ચાઓનું List વધ્યું, શું સમજી? એ બાપડા અબજોને બીજાં કશાયમાં રસ નથી કે તેં ક્યાં અને કયા બંધ બાંધ્યા કે જે કોન્ટ્રેક્ટરો તોડી શકે, કે સૂતર દોરી સસ્તી કરી કે પોલીએસ્ટર મોંઘી કરી (છે કોઇનામાં હિમ્મત એ કરવાની) કે આ કે તે કે પેલું... એમને લગભગ રડવું જ આવી જાય છે ઇન્કમ ટેક્સ અને સ્ટાન્ડર્ડ ડિડક્શન સેમ same રહે છે તો. અગાઉના બધા નાણાં પ્રધાન આ જ કરતા હતા એટલે તો એમને પાણીચું આપવું પડ્યું. હવે મારી દીકરી તું ય આવું કરીશ તો તો... તું અને તમે બધા સાનમાં સમજો છો એવું હું સમજું છું.



અટલ બિહારી વાજપેયી



૩૫ રૂપિયામાં એક્સ-રે અને ૭ રૂપિયામાં બ્લડ ટેસ્ટ



અબ્દુલ કલામ

ચાલો ત્યારે...જય મા લક્ષ્મી. લિ. ભારતમાતાનું વહાલ.

***

હવે ગયા રવિવારની અધૂરી વાત આગળ વધારીએ, દરેક વ્યવસાયી માણસ પોતાના વ્યવસાય પૂરતો પૂરો વ્યાવસાયિક હોવો અને રહેવો જ જોઇએ. પણ આ સિદ્ધાંતને ભૂંગળી વાળીને કોઇ કચરાપેટીમાં નાખી દે અને આજુબાજુનું અંધારું દૂર કરવાની શરૂઆત કરે તો તમે કાં તો એને પાગલ કે બુદ્ધપુરુષ ગણો કે નહીં?! એક આડ વાત આગળ વધતા પહેલાં... ભારત દેશ અત્યારે આ ક્ષણે બે પ્રકારના માફિયા માટે સ્વર્ગ બની રહ્યો છે. શિક્ષણ અને આરોગ્યના માફિયા... એય ને ૧૪૦-૧૪૫ કરોડની અને સતત વૃદ્ધિ પામતી સદાયની સમૃદ્ધ, હિંદી ફિલ્મોની ભાષામાં વાત કરું તો લહલહાતી હૂઇ ફસલ અને સામ-દામ-દંડ ભેદ નીતિના અતિ પ્રવીણ માફિયા... મજાલ છે કોઇ પણ ગજવાની કે સાબૂત રહી શકે? અરે તું ભૂખે મરતો હોય તો જા હમણાં કહું ત્યાં... મારું ચપ્પણિયું તરભાણું ભર. ૩૦ વરસથી સદાકાળ ચાલનારા એક રમત શોમાં એજયુકેશન માફિયા માટેની જેહાદ (જેહાદ મોહમ્મદે શોધ્યો હતો કે અનામત રાખ્યો હતો આવી કોઇ ચળવળ માટે. ગરીબ બિચારા અણસમજુ અનુસરનારા એમના મહાખેપાની માર્ગદર્શકોના પ્રતાપે ધર્મપરિવર્તનના પરિપ્રેક્ષ્યમાં સમજયા) ની વાત કરતાં શોના મહામાનવ એન્કરના સવાલનો જવાબ આપતા બાજુ બેઠેલો મિત્ર માહિતી આપે છે કે આમની, અમારાં મિત્રની આવડી મોટી આવડત અને ફક્ત સત્કર્મ દ્વારા જ પ્રજાને પોતાના બનાવવાના ચુંબકીય આકર્ષણને લઇને એમને એકસો સાત કરોડ રૂપિયા લઇને પોતાના સંસ્થાનમાં સેવા આપવાની ઓફર થયેલી જે અમારા આ નરસિંહ મહેતાએ નકારી, એમ કહીને કે પછી હું મારા વિદ્યાર્થીઓને ફક્ત બસ્સો રૂપિયામાં ભણાવીને ટકોરાબંધ તૈયાર કરવા માગુ છું એનું શું? આવડો મોટો, ભારત દેશ જેવડો એન્કર સ્તબ્ધ, શોનું સંગીત મૌન, લબુક ઝબુક લાઇટો સ્થગિત, ઓડિયન્સમાં ટાંચણીભેર શાંતિ અને ૧૦ સેકંડ પછી પ્લેકાર્ડ દેખાડયા વગર / જોયા વગરની ગગનભેદી તાળીઓ.

અમુક તત્ત્વજ્ઞાન પરમ સંતોષ આપે છે અને કદરૂપું તત્ત્વજ્ઞાન વરવી સંપત્તિ આપે છે. પરમ સંતોષ ખરેખર બુદ્ધત્વ તરફ ગતિ કરે ત્યારે જ તો આવું વાક્ય નીકળે ને કે જિંદગીએ એ મુકામ પર લાવીને મને મુકયો છે જયાં ગમે છે તો ઘણું પણ જોઇતું કૈં જ નથી. મારું, શોભિતનું એવું માનવું છે કે નામ આગળ મહામાનવ માત્ર નિસ્વાર્થ અવેતન રહીને જિંદગીને પાછું આપનારા માટે જ લાગવું જોઇએ.બાકી નેતા માટે મહાનેતા કે અભિનેતા માટે અભિનય સમ્રાટ કે મહાઅભિનેતા ઇત્યાદી બરાબર છે. જેટલો મહાન શબ્દ છે મહામાનવ એટલી જ એની ગરિમાને સત્યનારાયણ કથાના પ્રમુખો માટે વાપરીને તળીયે બેસાડી છે બધાએ. હવે તો ચેતીએ!!! તો મારા મતનો આ આવતીકાલનો મહામાનવ જાહેર જીવનના પોતાના બે આદર્શ વિશે કહે છે કે અટલ બિહારી વાજપેયીનો સમય આવ્યો વડા પ્રધાનનો ત્યારે એમણે એટલું જ કહ્યું કે 'કંઇ પણ થાય, આપણો દેશ અખંડ રહેવો જ જોઇએ.' આપણે એ પેઢી છીએ જેણે એક સાથે બે મહાપુરુષોને જોયા, રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ અને પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયી અને આ સંયોગ પૃથ્વી પર હવે કોઇને નથી મળવાનો કારણ આ બન્ને એવા લોકો હતા જેમનાં પોતાના પરિવાર - બાલબચ્ચા કાંઇ હતાં જ નહીં. ફકત દેશ જ હતો સર્વસ્વ એમને. અમેરિકાએ વાજપેયીને કહ્યું કે તરત જ કારગિલની લડાઇ બંધ કરો, હું કહું છું તમને લડાઇ બંધ કરવાનું. પાકિસ્તાનનો પ્રધાન મંત્રી અહીંયા બેઠો છે (તુકારો-જાકારો મારો છે) વાજપેયીએ કહ્યું 'કારગિલની લડાઇ અમે કેવી રીતે બંધ કરીએ? એ તો પાકિસ્તાનનાં હાથમાં છે. એમને જણાવો આતંકવાદીઓ હટાવી લે. લડાઇ બંધ.' અમેરિકાના પ્રમુખ બોલ્યા 'અટલજી એ ન ભૂલો, પાકિસ્તાન એક પરમાણુશક્તિ સંપન્ન દેશ છે.' તરત અટલ બોલ્યા : 'એમને કહો બૉમ્બ ફેંકે. એ બૉમ્બ ફેંકશે જરૂર પણ બીજા દિવસે આખું પાકિસ્તાન સૂરજ નહીં જોઇ શકે, આ મારું તમને અભય વચન છે.'

ખ્યાલ આવ્યો કોની વાત કરું છું? નહીં? હજુ એક રવિવારની રાહ જુઓ. હરકિસન મહેતા અને અશ્વિની ભટ્ટ મારા રોમરોમમાં છે આ કહેતી વખતેઃ વધુ રસિક ભાગ આવતા અંકે.

આજે આટલું જ... ■

વલો કચ્છ

ગિરિરાજ

feedback@bombaysamachar.com

# રુદ્રના સ્મરણથી ઉજાગર થતું પવિત્ર આસ્થાધામ

કચ્છની વિરાટ ભૂપ્રકૃતિ જેટલી જ વિરાટ છે તેની સ્મૃતિ, સંસ્કૃતિ અને શ્રદ્ધા. અહીંના દરેક ખૂણે કોઈને કોઈ કથા, લોકમાન્યતા કે ઇતિહાસનો પછેડો પથરાયેલો જોવા મળે છે. મહાશિવરાત્રિનો પાવન તહેવાર આવે ત્યારે શિવતત્ત્વ સાથે જોડાયેલાં એવાં અનેક સ્થળો યાદ આવે છે, જ્યાં ભક્તિ માત્ર ઉપાસના નથી, પણ જીવનપદ્ધતિ છે. રાપર તાલુકાના પ્રાથળ વિસ્તારમાં આવેલું લોદ્રાણી ગામ એવું જ એક સ્થાન છે. જ્યાં ગામનું નામ, લોકમાન્યતા અને ધાર્મિક પરંપરા ભગવાન શિવના રુદ્ર સ્વરૂપ સાથે જોડાયેલી માનવામાં આવે છે.

સ્થાનિક પરંપરા મુજબ લોદ્રાણી નામનું મૂળ શિવના રુદ્ર સ્વરૂપમાંથી ઉતરેલું માનવામાં આવે છે. નામમાં જ એક પ્રકારની પ્રાચીનતા અને તપસ્વી સ્પંદન અનુભવાય છે. લોદ્રાણીની સ્થાપના પહેલાં અહીં આહીર સમુદાયના વસવાટ હોઈ શકે. સમય જતા ગામે પોતાની આગવી ઓળખ ઊભી કરી અને આસપાસના વિસ્તારોમાં માર્ગ અને નિવાસની દૃષ્ટિએ થોડું અલગ પડ્યું.

અખંડ ભારતના સમયગાળામાં આ વિસ્તાર પ્રવાસ અને વ્યવહાર માટે અગત્યનો માર્ગ ગણાતો. સિંધ અને પારકર તરફ જતાં લોકો માટે આ માર્ગ વિસામાના સ્થળ તરીકે ઉપયોગી બનતો. રણ પાર કરી મુસાફરો રામકી બજારને ઠેકી આગળ વધતા. જરા આડ વાત કર્યા વગર રહેવાતું નથી. આઝાદી પહેલા કહેવાતું રામ કી બજાર આઝાદી પછી રહીમ કી બજાર કેમ થયું હશે ખબર નહીં? જવાબ મળશે તો ફરી માહિતી સાથે વાત આગળ વધારીશું. ભારત અને પારકર વિસ્તાર વચ્ચે ફેલાયેલું રણ સ્થાનિક બોલીમાં હોરહરું રણ તરીકે ઓળખાય છે; વિશાળ, નિર્જન છતાં સંસ્કૃતિ અને વેપારના પ્રાચીન પગલાંઓથી ભરેલું. (સંદર્ભઃમહાદેવ બારડ)

ગામની ઓળખ માત્ર ભૂગોળ કે માર્ગ ઇતિહાસથી જ નહીં, પરંતુ સંત પરંપરા અને લોકવિશ્વાસથી પણ ગાઢ રીતે રચાયેલી છે. અહીં ત્રિકમસાહેબના આગમન સાથે જોડાયેલી લોકવાતો કહેવાય છે. કહેવામાં આવે છે કે ટીખળ કરનારને જવાબરૂપે તેમણે અદ્‌ભુત શક્તિ દર્શાવી અને સ્થાનની પવિત્રતા સ્થાપી. એ રીતે લોદ્રાણી માત્ર વસાહત નહીં, સાધના અને શ્રદ્ધાનું સ્થળ પણ બની ગયું. પંખેરાપીર સાથે જોડાયેલી કથાઓ પણ અહીં પ્રચલિત છે, જ્યાં શ્રાપ, સમાધિ અને ચમત્કાર જેવી લોકગાથાઓ આજે પણ મેળા અને સ્મૃતિઓમાં જીવંત છે. દર વર્ષે ભરાતો મેળો આ શ્રદ્ધા અને લોકએકતાનો પ્રતીક છે.

લોદ્રાણી ગામમાં આવેલું આણંદસર તળાવ અને તેની પાળે આવેલું પ્રાચીન શિવ મંદિર ગામની આધ્યાત્મિક ધરી સમાન છે. આજે મંદિરનું નવું નિર્માણ જોવા મળે છે, પરંતુ જૂના મંદિરના પાયા અને અવશેષો તેની પ્રાચીનતા સાબિત કરે છે. લોકવર્ણનો મુજબ મધ્યયુગીન આક્રમણોના સમયમાં મંદિરને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ થયો હતો અને મંદિર બચાવવા સંઘર્ષ પણ થયો હતો. આ વાતો ભલે લોકસ્મૃતિનો ભાગ હોય, પરંતુ એ દર્શાવે છે કે આ સ્થાન પ્રત્યેની શ્રદ્ધા કેટલી મજબૂત રહી હશે. અહીં નાગા સાધુઓના નિવાસ અને ગૌસેવાના ઉલ્લેખ પણ મળે છે. સાધના, સેવા અને શૈવ પરંપરાનું આ એક જીવંત કેન્દ્ર હતું. સાથે જ પૂરી પરંપરાના સાધકો પણ અહીં જ્ઞાન અને તપના માર્ગે કાર્યરત રહ્યા હોવાના ઉલ્લેખો થાય છે.

લોદ્રાણીનો સાહિત્યિક જોડાણ ગુજરાતના ખ્યાતનામ કવિ દલપતરામજીના જીવનપ્રસંગોમાં ઉલ્લેખિત જોવા મળે છે. તેમણે એક કવિતાની રચના કરી હતી.

*'મોતી મહેરામણ બને, રસ અંબા ગુજરાત,*
*ચીજું નીપજે ચીનમાં, સૂત્રફેણી ખંભાત;*
*સૂત્રફેણી ખંભાત, સુરતની બરફી સારી,*
*પેંડા મથુરાં પુરી, વિદ્યા કાશીની ભારી;*
*દાખે દલપતરામ, વાગડ રસ અંબા ગુજરાત,*
*બને વહાલપ હોતી, મહેરામણ મોતી.'*

જૂના સમયના જાણીતા પ્રવાસ માર્ગદર્શકો અને અનુભવી યાત્રિકો કચ્છને રહસ્યમય પ્રદેશ તરીકે વર્ણવતા. વર્ષો જૂની વાત છે, ઉંમર સહજ નાની એટલે આછીપાતળી સ્મૃતિમાં યાદ છે. કચ્છના અમારા ખ્યાતનામ ટુરિસ્ટ ગાઈડ પૈકીના એકમાં જેનું નામ આવતું તે રાયસિંહ રાઠોડ સાથે પારિવારિક સંબંધ હતો એટલે જ્યારે પણ ઘરે ભોજનપાર્ટી હોય ત્યારે પોતે જે રહસ્યમયી કચ્છમાં માણી આવ્યા હોય તે પરિવારને અનુભવસહિત વર્ણવે. જે-તે સમયે તેમણે રાપરના આ લોદ્રાણી ગામની વાત કરેલી તે અનાયાસ જ યાદ આવતા મહાશિવરાત્રિ નિમિતે લખવાનું મન થઈ આવ્યું. કમનસીબે શ્રી રાઠોડ જેવી અમૂલ્ય મૂડીને તો કચ્છે ગુમાવ્યા પણ નવા જે ઊભરતા ગાઇડ છે એમને જરૂર કહેવાનું મન થાય; જેમ અગાઉ કહ્યું તેમ કચ્છ રહસ્યમય પ્રદેશ છે. દરેક સ્થળ પાછળ એક કથા અને દરેક કથા પાછળ કોઈ મૂલ્ય છુપાયેલું હોય. તેમાં હજુ અખૂટ રહસ્યો ધરબાયેલાં પડ્યાં છે, જરૂર છે માત્ર તેને એક્સપ્લોર કરવાની. ફક્ત કમાણીના ઉદ્દેશથી આ ક્ષેત્રમાં આગળ વધવાની બદલે કચ્છનો ઇતિહાસ ઉજાગર કરવામાં પણ થોડું યોગદાન આપવું જોઈએ.

મહાશિવરાત્રિનો તહેવાર આપણને આંતરિક જાગૃતિ, તપ, સંયમ અને ચેતનાનો સંદેશ આપે છે. શિવ તત્વ વિનાશ અને સર્જન બંનેનું પ્રતિક છે. લોદ્રાણી જેવા ગામો બતાવે છે કે શિવ માત્ર દેવરૂપમાં નહીં, પરંતુ લોકજીવન, નામપરંપરા, તળાવો, મંદિરો અને સ્મૃતિઓમાં વસે છે. આ મહાશિવરાત્રિના પાવન અવસર પર, કચ્છની આ પવિત્ર સ્થળીને નમન સાથે આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ. અંતે, કચ્છીજા વૈયાકરણી કવિપ્રતાપરાય ત્રિવેદીની કચ્છીમાં બે પંક્તિઓ સાભાર-

**રુસેં રુદ્ર કેનું જલાજે નં જેણા,ત્રુસે જે ત્રિશૂલી કુરો રંગ ગેણા,**
**ભલારો ઘડીમેં ભને ભીડહુરી,પ્રભો! ચંદ્રચૂડામણિ!**
**શ્રી પુરારિ...**
***જડે દૈત પીડ.ડીમેં દેવતા કે,સતી નેં જતી,ઘેનુકે નેં ધરા કે,***
***ડિના દુસ્ટ દૂતા સમૂરા સમારી,પ્રભો! ચંદ્રચૂડામણિ!***
**શ્રી પુરારિ...** ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ

feedback@bombaysamachar.com




**થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા**

રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ કમિશનર સુહાસિની જોશી અને મુંબઈ ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૧) અભય સાબડેના ગયા બાદ સોલંકીએ ડો. શાહને હોસ્પિટલમાં સર્જાયેલી કટોકટીની વાત કરી.

'સોલંકી, આ કટોકટી નથી, મોટી આફત છે...' ડો. શાહ બોલ્યા.

'સર, હું ક્યારનો એમનો કોન્ટેક્ટ કરવાની કોશિશ કરું છું. કોલ લાગતો નથી.' સોલંકીએ કહ્યું.

'બહાર એટુઝેડ ચેનલવાળો સંજુ આવીને ઊભો છે.' ડો. શાહે કહ્યું.

'સર, તમે એની ચિંતા ન કરો.' સોલંકીએ કહ્યું.

'કોઇપણ હિસાબે આનો ઉકેલ લાવવો પડશે...' ડો. શાહે કહ્યું.

'મારી પાસે એક રસ્તો છે...અને આ જ એક રસ્તો છે.' સોલંકી બોલ્યો.

***

સૂકેતુ પવિત્રા અને એના સાસુ, સસરા અને કિનુને લઇને કારમાં સ્મશાન જઇ રહ્યો હતો. પવિત્રા આગળની સીટ પર બેઠી હતી. પાછળ પપ્પાજી સીટની પાછળ માથું ઢાળીને બેઠા હતા. એમની બંધ આંખોના અણિયારા ભીનાં હતા. મમ્મીજી ખોળામાં સૂતેલી કિનુને માથે હાથ ફેરવી રહ્યાં હતાં. સુમસામ રસ્તા પર પુરપાટ દોડતી કારમાં સૌના ગળે થીજેલા ડૂમા હતા. પવિત્રાએ આંખો બંધ કરી ને એના કાનમાં અવાજો શોર કરવા લાગ્યા....

'હું ઘરે આવું છું..........' નિર્મલનો અવાજ...

'નિર્મલ, નથી ગમતું તારા વિના....તારા વિના દિવસો તો શું એક ક્ષણ પસાર નથી થતી.' પવિત્રાનો અવાજ...

'ક્યાં પહોંચ્યો?' પવિત્રાનો અવાજ...

'તારા દિલ સુધી...' નિર્મલનો અવાજ....

'પવિત્રા...કોરોનાએ આપણી ફેવરમાં સંજોગો બદલી નાખ્યા છે, થેન્ક્સ ટુ કોરોના થોડો વહેલો ઘરે પહોંચીશ.' નિર્મલનો અવાજ....

પવિત્રાના ગળે બાઝેલો ડૂમો છૂટ્યોઃ 'નિર્મલ, તું ઘરે પહોંચી નહીં શક્યો...થેન્કસ ટુ કોરોના... તું અમને આમ મળ્યા વિના...મોં બતાવ્યા વિના જ....'

'પવિત્રા પ્લીઝ શાંત થઇ જા....' સૂકેતુ બોલ્યો.

'તું જ કહેતો હતો ને કે એક્સ્ટ્રીમિઝમ ક્યારેક ફાયદેમંદ હોય છે. નિર્મલને કાંઇ નહીં થાય એવા અંતિમ બિંદુ પર આવી... શું ફાયદો થયો.....? શું મળ્યું મને...? મમ્મીજીની ઠાકોરજીની સેવા....ભક્તિ અને શ્રદ્ધાનું શું પરિણામ આવ્યું....બધું ખતમ કરી નાખ્યું કોરોનાએ.....એ નિર્મલને જ નહીં, અમને બધાને...આખા ઘરને ભરખી ગયો.' પવિત્રાના શબ્દો અને આંસુ બેકાબૂ હતા.

***

સ્મશાનમાં જી. જી. ભોય હોસ્પિટલ તરફથી ઇન્ટર્ન ડોક્ટર ઉમંગ અને રમેશ મૃતકોની સગાસંબંધીઓને સોંપણી અને અન્ય વિધિ પતાવી રહ્યા હતા.

ઇન્ટર્ન ડોક્ટરે એક કર્મચારીને અલગ કતારમાં મૂકી રખાયેલા હોસ્પિટલના મૃતકોને બતાવતા કહ્યુંઃ 'ઇનકા જલ્દી અંતિમ સંસ્કાર કર દેંગે....હમેં જલદી હોસ્પિટલ પહુંચના હૈ...'

'નહીં...નહીં જૈસે જૈસે નંબર આયેગા ઐસા હી હોગા....બીચમેં સે કોઇ નહીં....' ઇન્ટર્ન ડોક્ટર પડી ગયેલા મોઢે રમેશ પાસે જઇને ઊભો રહી ગયો. એ ધૂંધવાઇ ગયો, પણ લાચાર હતો.

બીજી તરફ સગાસંબંધીઓ પણ લાચાર હતા...એમની લાચારી અલગ હતી. તેઓ પગથી માથા સુધી કવર કરેલા પોતાના આપ્તજનોના અંતિમ દર્શન કરવા તડપતા હતા. અંતિમ ક્ષણે એમનું મોં જોવા નહીં પામેલા લોકોની વિવશતા....એમની બેબસી....કોરોના પ્રત્યેનો આક્રોશ, રોષ ચૂપચાપ એમની આંખોમાંથી ટપકતા હતા.

સૂકેતુ ભારે પગલે નિર્મલના કુટુંબને લઇને પ્રવેશ્યો. કાળા પ્લાસ્ટીકમાં વીંટાળેલા....કતારબંધ સમાન ગણવેશધારી મૃતકો પર નજર ગઇ. એણે ઇન્ટર્ન ડોક્ટર ઉમંગે પહેરેલા એપ્રન પર એનું નામ વાંચ્યુ. એ અને પવિત્રા એની પાસે ગયાં.

'નિર્મલ પરીખ.....' સૂકેતુ બોલ્યો.

'લાઇનમાં સૌથી છેલ્લો નંબર છે એ નિર્મલ પરીખ છે....' ઇન્ટર્ન ઉમંગે એના હાથમાં હોસ્પિટલમાંથી મળેલું ડિસ્ચાર્જ પેપર પકડાવ્યું. નિર્મલ અને પવિત્રા નિર્મલના મૃતદેહ પાસે જવા લાગ્યા.

**આંસુઓમાં અવાજ નથી હોતો. એ હિબકે ચડતાં નથી...**

'દૂરથી દૂરથી.....ત્યાં નહીં જઇ શકાય...' ઉમંગ બોલ્યો. પવિત્રા સૂકેતુને ભેટીને ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડી પડી. સૂકેતુએ એને રડવા દીધી, પોતાની આંખમાં ઝળકેલા આંસુ છુપાવીને, પણ આંસુને ક્યાં છુપાવી શકાય છે... એને પાછાં પણ ક્યાં ધકેલી શકાય છે.

***

અચાનક એમ્બ્યુલન્સનો દૂરથી અવાજ આવ્યો.... અવાજ નજીક આવવા લાગ્યો... સ્મશાનના ગેટમાંથી છેક સ્મશાનના મુખ્ય ભાગ પાસે આવી પહોંચ્યો. ડાઘુઓના સામૂહિક રુદન જેવો....હૃદયને ભીંસી નાખતો અવાજ થંભ્યો. પીછો કરી રહેલી એટુઝેડ ન્યૂઝ ચેનલની વેન આવીને ઊભી રહી. સામૂહિક માતમના ઓછાયા હેઠળના સ્મશાનમાં સન્નાટો છવાઇ ગયો. એમ્બ્યુલન્સનો આગળનો દરવાજો ખુલ્યો. સોલંકી ઉતર્યો. એણે ઝડપથી બહાર આવીને પાછળનો દરવાજો ખોલ્યો ને એમાંથી નિર્મલ બહાર આવ્યો.

પવિત્રા એને જોઇને ડઘાઇ ગઇ. આંસુમાં ડૂબેલી આંખેથી કદાચ ઝાંખું દેખાયું હશે....ના મારી આંખ કદી ધોખો ન આપે...એ અકલ્પ્ય દૃશ્ય પોતાની તરફ આવતું ગયું....

'નિર્મલ......' એના મોંમાંથી ચીખ નીકળી....

'મમ્મીજી...પપ્પાજી....નિર્મલ....'

'કિનુ, જો ડેડી....આવી ગયા...'

'ડેડી......' કિનુ બોલીને એની પાસે દોડી ગઇ. પવિત્રાએ પણ દોટ મૂકી....

મા-દીકરી નિર્મલને ભેટવા જતી હતી ત્યાં સોલંકીએ અટકાવી.

'મેડમ, હમણાં નહીં અડતાં પ્લીઝ.' સોલંકીએ કહ્યું.

પાછળ જ મમ્મીજી અને પપ્પાજીની સાથે ઊભેલા સૂકેતુએ પૂછ્યુંઃ 'આ બધું શું ચાલી રહ્યું છે?'

'હું પછી સમજાવું...' એટલું કહીને સોલંકી ઇન્ટર્ન ડોક્ટર પાસે ગયો. સૂકેતુ અને નિર્મલ પાછળ ગયા. એ બંનેની પાછળ રિપોર્ટર સંજુ જઇને ઊભો રહી ગયો. સોલંકીએ ઇન્ટર્ન ડોક્ટર પાસેથી એક કેસ પેપર માગ્યા. એમાંથી એક કેસ પેપર વાંચતાં કહ્યુઃ 'તેં મોટી ગરબડ કરી છે. તું લાવ્યો એ મૃતદેહ નિર્મલનો નથી...ઇલિયાસનો છે. મોત ઇલ્યાસનું થયું છે, નિર્મલનું નહીં.....આ છે નિર્મલ પરીખ.' સોલંકીએ દબાયેલા ગુસ્સામાં નિર્મલને બતાવ્યો.

'સર, પણ ઇલિયાસ નિર્મલ પરીખના બેડ પર શું કરતો હતો ને એ વખતે નિર્મલ પરીખ ક્યાં હતા...?' ઇન્ટર્ન ઉમંગે દલીલ કરી. સૂકેતુએ એ જ વખતે નિર્મલની સામે પ્રશ્નાર્થ ભરી નજરે જોયું.

'અત્યારે મારી પાસે આનું પોસ્ટમોર્ટમ કરવાનો સમય નથી. ઇલિયાસના મૃતદેહને એમ્બ્યુલન્સમાં મુકાવ અને મને બંનેના ઓરિજિનલ પેપર્સ આપ.' ઇન્ટર્ન ઉમંગ અને રમેશે ઇલિયાસના મૃતદેહને એમ્બ્યુલન્સમાં ધકેલ્યો.

'નિર્મલ પરીખ, તમને એરપોર્ટ પર લેવા પણ હું આવ્યો હતો અને મૂકવા પણ હું જ આવ્યો છું, પણ સોરી તમને ડિસ્ચાર્જ મળતા હજી બીજા બે દિવસ લાગશે.' પલકવારમાં બદલાયેલાં ચિત્રએ પરીખ પરિવારને બીજો ઝટકો આપ્યો... જોકે એ સુખદ ઝટકો હતો. નિર્મલ બે દિવસમાં ઘરે પાછો આવી જવાનો હતો. બધાની આંખોમાં આંસુ હતા, પણ ખુશીના....સૂકેતુની કાર નજીકના સિગ્નલ સુધી એમ્બ્યુલન્સની પાછળ ગઇ....પછી રસ્તા ફંટાઇ ગયા.

***

એમ્બ્યુલન્સમાં ઇલિયાસના મૃતદેહની પાસે બેઠેલા નિર્મલની આંખો છલકાઇ ગઇ. એણે ઇલિયાસની છાતી પર માથું મૂકી દીધું.

'દોસ્ત, તેં દગો દીધો. આઇ એમ સોરી...મને માફ કરજે દોસ્ત. મેં તારું દિલ દુભાવ્યું.'

'એ રાતે શું થયું હતું?' સોલંકીએ પૂછ્યું.

ફ્લેશ બેક

'દોસ્ત બાત કરો...બાતોં સે દિલ બહેલતા હૈ...' ઇલિયાસે પડખું ફેરવીને સૂઇ ગયેલા નિર્મલને ઢંઢોળ્યો. નિર્મલનું મન નહતું. એ બેચેન હતો....આમછતાં એણે કમને વાત ચાલુ રાખી.

'ઘરવાલોં કી બહુત યાદ આતી હૈ...' એણે કહ્યું.

'મેરી અમ્મી સેવૈયા બહુત અચ્છા બનાતી હૈ......' ઇલિયાસે વાતનો વિષય બદલવાની કોશિશ કરી.

'મુઝે સેવૈયા પસંદ નહીં.'

'તો ક્યા પસંદ હૈ...યે બતાઓ...ઉસકી બાતેં કરેગેં.' ઇલિયાસ કોઇપણ ભોગે નિર્મલના ચહેરા પર ખુશી જોવા માગતો હતો.

'મુઝે કૂછ નહીં પસંદ...મેરા મૂડ નહીં હૈ બાત કરને કા....મૈં વોશરૂમ જા રહા હું....'

નિર્મલના ગયા પછી ઇલિયાસ સ્ટુલ પરથી ઊઠીને બેડ પર સૂતો. નિર્મલ હોસ્પિટલના પ્રાંગણમાં પહોંચ્યો. ઝાડ નીચે બેઠો. બે ગોઠણ વચ્ચે માથું નાખીને રડતો બેસી રહ્યો. ક્યાંય સુધી બેઠો....એના ગોઠણ ભીના થઇ ગયા...એ રડતો રહ્યો...આંસુઓમાં અવાજ નથી હોતો. એ હિબકે ચડતાં નથી. એ ઊભો થઇને કણસતા પંડાલને ચિરતો હોસ્પિટલની બહાર નીકળી ગયો. થોડે દૂર ગયો. નિર્જીવ માર્ગ પર સૂનકાર પથરાયેયો હતો...દૂરથી સંભળાતો એમ્બ્યુલન્સનો કર્કશ અવાજ એની છાતીની ભીંસ વધારી રહ્યો હતો. બધું ભેંકાર હતું. પવનના સૂસવાટા હતા. મનમાં ઉઠેલી આંધીમાંથી એક અવાજ આવ્યોઃ 'તું આ શું કરે છે...? અધૂરી સારવારે ઘરે જવા માગે છે...? તારા ઘરનાઓને... તારી દિકરીને ચેપ આપવા માગે છે? આટલાં દિવસો કાઢ્યા બીજા થોડા દિવસો કાઢી નાખ... ઇલિયાસને જો એ હસતો રમતો દર્દ સહન કરે છે... મા-બાપનો વિયોગ વેઠે છે. ને તું કિનારે આવીને તારી નાવડી ડૂબાડવા નીકળ્યો છે?' નિર્મલે પાછું ફરીને જોયું. એ ઘણું પાછળ મૂકીને આગળ નીકળી ગયો હતો.

નિર્મલ પાછો ફર્યો ત્યારે ઝાડની નીચે મૃતદેહો મુકાઇ રહ્યા હતા. એમાંનો એક મૃતદેહ ઇલિયાસનો હતો. એ ચૂપચાપ પોતાના બેડ પર જઇને...માથે ઓઢીને સૂઇ ગયો. (ફ્લેશબેક પૂરો)

પછી શું થયું એની હકીકત સોલંકી પાસે હતી. ઇન્ટર્ન ડોક્ટર ઉમંગે ઇલિયાસને નિર્મલ માની લીધો. પેપર તૈયાર કરીને.... ઇલિયાસના મૃતદેહને ઝાડ નીચે મૂકાવી દીધો. જ્યોતિ નિર્મલના બેડ પર નવા દરદીને મૂકવા આવી ત્યારે એના ધ્યાનમાં આખી વાત આવી.

***

એમ્બ્યુલન્સમાંથી નિર્મલ ઉતર્યો. સોલંકી પાછળ આવીને ઊભી રહી ગયેલી સંજુની વેન પાસે ગયો. સંજુએ કાચ ઉતાર્યો.

'આ ન્યૂઝ ક્યાંય આવવા નહીં જોઇએ.' સોલંકીએ કહ્યું.

'મેં ક્યાંય પણ કેમેરો ચલાવ્યો નથી.' સંજુએ કહ્યું. વેન પવનવેગે જતી રહી.

***

ઇલિયાસના મૃતદેહનો તાબડતોબ પોસ્ટમોર્ટમ માટે મોકલાયો. ડો. શાહના હાથમાં એનો રિપોર્ટ આવ્યો, પણ એમના માટે ચોંકાવનારો નહતો. ઇલિયાસને અગાઉ બે હાર્ટઅટેક આવી ગયા હતા... ત્રીજો પ્રચંડ અટેક નિર્મલના બેડ પર સૂતો ત્યારે આવ્યો હતો. ઇલિયાસ કોરોનાથી બચી ગયો હતો, પણ નરમદિલ...લાગણીશીલ ઇન્સાન દિલના દૌરામાં ખુદાને પ્યારો થઇ ગયો. ઇલિયાસના અબુ જાફરભાઇ અને અમ્મી ઝુબૈદાને સોલંકીએ દુખદ ઘટનાની જાણ કરી...તેઓ ઇલિયાસના મૃતદેહનો કબજો લેવા આવ્યાં ત્યારે નિર્મલે આંસુ ભરી આંખે દોસ્તને અલવિદા કર્યો.

***

છ મહિના પછી.

નિર્મલના ફ્લેટમાં કેશુકાકા પ્રવેશ્યા. સ્વાગત માટે સજ્જ રોબોટનો અવાજ આવ્યોઃ 'સેનેટાઇઝરથી હાથ સ્વચ્છ કરો.' કેશુકાકાએ હાથ લંબાવ્યો. રોબોટે શીશીમાંથી સેનેટાઇઝરના બે-ચાર ટીપાં હથેળીમાં રેડ્યા.

'નિર્મલ, આ તું જબરું લાયવો બાકી....'

નિર્મલ, પવિત્રા, મમ્મી, પપ્પા, કિનુ, સૂકેતુ, સોલંકી, સંધ્યા, કિસન, કાશ્મીરા હસી પડ્યાં.

'ડેડીએ મને આપેલી આ સૌથી મોટી સરપ્રાઇઝ ગિફ્ટ છે....' કિનુ બોલી.

'એક મિનિટ, હજી એક સરપ્રાઇઝ તો બાકી છે.' પવિત્રાએ પોતે લખેલી નવલકથા બતાવી. કટઓફ જિંદગી. (સમાપ્ત)■

**આવતા રવિવારથી**

**સાપ્તાહિક ધારાવાહિકમાં પત્રકાર-નવલકથાકાર અનિલ રાવલની કલમે નવીનક્કોર થ્રિલર...**

**સ્પાઈસી સ્પાય નવલકથા...!**

**શીર્ષક માટે જોતા રહો 'મુંબઈ સમાચાર.'**



અરાઉન્ડ દ વર્લ્ડ

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

## વુમન્સ ડે આવી રહ્યો છે...

ચિંતા, જવાબદારીઓ અને દબાણ આ બધું દરેકના જીવનનો ભાગ છે. પરંતુ તેને યોગ્ય રીતે સામનો કરવા માટે મન હળવું હોવું જરૂરી છે. મનમાં આનંદની લહેર હોવી જોઈએ. કારણ કે જો ઘરની સ્ત્રીના ચહેરા પર સ્મિત ન હોય, જો તેની ઊર્જા મંદ પડી ગઈ હોય, તો શું એ ઘર સાચે ખુશ રહી શકે? મને તો એવું લાગતું નથી.

એટલે જ વુમન્સ સ્પેશિયલ અમારા માટે માત્ર એક ટૂર કેટેગરી નથી, તે એક મૂવમેન્ટ છે. સ્ત્રીઓને સ્મિતનું કારણ આપતું મૂવમેન્ટ. નિર્ભય હસવા માટે, ખુલ્લેઆમ નાચવા માટે, દિલથી ગાવા માટે, સજવા-નટવા માટે, ઓળખીતા સરહદો પાર કરવા માટે અને આત્મવિશ્વાસ સાથે પોતાને ફરી શોધવા માટે. મૂળ વિચાર એક જ છે જ્યારે તે જીવંત લાગે છે, ત્યારે આખું ઘર ઉજાસથી ભરી ઊઠે છે.

વર્ષો દરમિયાન મને વુમન્સ સ્પેશિયલ ટૂર્સને નજીકથી જોવાનો અવસર મળ્યો છે લેહ-લદ્દાખથી લંડન સુધી, શિમલાથી સાન ફ્રાન્સિસ્કો સુધી, ઓસ્ટ્રેલિયાથી અમેરિકા સુધી. જે વાત મને હંમેશાં સ્પર્શી ગઈ, તે હતી પરિવર્તન. માત્ર સ્થળનું નહીં, પણ વ્યક્તિત્વનું. પ્રથમ દિવસે કેટલીક મહિલાઓ થોડું સંકોચ અનુભવે ઘર યાદ આવે, જવાબદારીઓ યાદ આવે. પરંતુ ચાર-પાંચ દિવસ પછી કંઈક જાદુ થાય છે. તેઓ ખુલ્લી પડે છે, વધુ હસે છે, નવી વસ્તુ અજમાવે છે અને એવી મિત્રતાઓ બનાવે છે જે ટૂર પછી પણ જીવંત રહે છે. એરપોર્ટ પર પત્નીને લેવા આવેલા પતિના ચહેરા પર મેં સાચો આશ્ચર્ય જોયો છે જાણે પૂછતા હોય, આ એ જ છે કે જે એક અઠવાડિયા પહેલા ગઈ હતી? એ પરિવર્તન, એ નવી ચમક એ જ છે વુમન્સ સ્પેશિયલની સાચી સફળતા.

હા, અમે ટ્રાવેલ કંપની છીએ. આ વ્યવસાય છે. પરંતુ વ્યવસાયથી આગળ અર્થ હોવો જોઈએ. અને એ અર્થ અમને વુમન્સ સ્પેશિયલથી મળ્યો છે. મહિલાઓને રૂટિનમાંથી બહાર આવીને, સંકોચ છોડીને અને નિખાલસ આનંદ માણતા જોવું અત્યંત સંતોષકારક છે. એવું લાગે છે કે આપણે સમાજની એક સાચી જરૂરિયાત પૂરી કરવામાં નાનું જ હોય, પણ યોગદાન આપ્યું છે.

વિચાર કરો જે સ્ત્રી સતત પરિવાર, બાળકો અને વડીલોની કાળજી રાખે છે, તે પોતાના માટે વિરામ લે છે કેટલા વખત? પરંતુ જ્યારે તે જયસલમેરના રણમાં ઉભી હોય, કેરળના બેકવોટર્સમાં વહેતી હોય, મોરીશિયસના દરિયાકિનારે ચાલતી હોય અથવા પેરિસના સેન ક્રુઝ પર અન્ય મહિલાઓ સાથે હોય ત્યારે તે માત્ર પ્રવાસ નથી કરતી, તે પોતાનું સ્થાન ફરી મેળવી રહી હોય છે. દરેક વુમન્સ સ્પેશિયલ ટૂર પર સંદેશ સ્પષ્ટ રહ્યો છે સ્ત્રી ખુશ હોય, તો ઘર ખુશ રહે. પ્રવાસ રિચાર્જ બટન છે, રીસેટ છે, અને સ્વ-સંભાળ સ્વાર્થ નથી એનું સ્મરણ કરાવે છે.

હું ઘણી વાર કહું છું ગિલ્ટ ન રાખો. પોતાના માટે બહાર નીકળવું વૈભવ નથી, તે જરૂરિયાત છે. ત્રણ મહિને એક વાર, છ મહિને એક વાર કે વર્ષમાં ઓછામાં ઓછું એક વાર દરેક સ્ત્રીને પોતાને રિચાર્જ કરવાનો અધિકાર છે, જેથી તે વધુ મજબૂત, વધુ ખુશ અને વધુ સંતોષિત બની પરત ફરે. સમય જતાં મેં વધુ પ્રેરણાદાયક બદલાવ જોયો છે. ગિલ્ટ ઘટ્યું, સંકોચ ઓગળ્યો અને પરિવારો સમજવા લાગ્યા. એકલી જશો?થી શરૂ થયેલા પ્રશ્નો હવે પ્રોત્સાહનમાં બદલાયા છે. આજે ઘણા ઘરોમાં પતિ અને સંતાનો જ વુમન્સ સ્પેશિયલ ટૂર ગિફ્ટ આપે છે. આ માનસિકતા બદલાવ અત્યંત શક્તિશાળી છે.

2006માં શરૂ થયેલી આ સંકલ્પના આજે રાષ્ટ્રીય મૂવમેન્ટ બની ગઈ છે. દર અઠવાડિયે, ક્યારેક તો દરરોજ, મહિલાઓ ભારત અને વિશ્વભરમાં આ બેનર હેઠળ પ્રવાસ કરે છે હસે છે, શોધે છે, પ્રયોગ કરે છે અને યાદો રચે છે. નવી સ્ટાઈલ અજમાવે છે, બોલ્ડ આઉટફિટ પહેરે છે, અસંખ્ય ફોટા ક્લિક કરે છે અને પોતાને સેલિબ્રેટ કરે છે. આઈ એમ બ્યુટિફુલ. આઈ એમ બોલ્ડ. આઈ એમ ધ ક્વીન. આઈ લવ માયસેલ્ફ. આ જ છે વુમન્સ સ્પેશિયલની આત્મા.

જીવન ટૂંકું છે. સરળ પણ છે અને પડકારોથી ભરેલું પણ. હેતુ મુશ્કેલીઓ દૂર કરવાનો નથી, પરંતુ તેને શક્તિ અને સૌમ્યતા સાથે સામનો કરવાની મનોદશા વિકસાવવાનો છે. આ ટૂર્સ પર મહિલાઓ એકબીજાથી શીખે છે, અનુભવ વહેંચે છે, દૃષ્ટિકોણ બદલે છે અને એકબીજાને પ્રોત્સાહિત કરે છે. આ સામૂહિક સકારાત્મકતા તેમને સશક્ત બનાવે છે. ભલે ટેગલાઈન ફિયરલેસ કે બોલ્ડ કહે, વુમન્સ સ્પેશિયલએ હંમેશાં ડિસેન્સી અને એલિગન્સ જાળવી રાખ્યા છે. આનંદ છે, પણ ગૌરવ પણ છે; મજા છે, પણ આદર પણ છે. આ સંતુલન જ તેને ભારત અને વિશ્વમાં સતત લોકપ્રિય બનાવે છે.

8 માર્ચ વુમન્સ ડે નજીક આવી રહ્યો છે. હા, દરેક દિવસ મહિલાઓનો જ છે. પણ ક્યારેક શરૂઆત માટે એક બહાનું જોઈએ. વુમન્સ ડે એ જ ચિંગારી છે. અમારી ટીમો અથાગ તૈયારી કરે છે અને અમારા ટૂર મેનેજર્સ તૈયાર છે દે ધમાલ સર્જવા માટે. આજે મહિલાઓ યુરોપ અને અમેરિકા જવાનું સ્વપ્ન પૂરું કરી રહી છે, સાત ખંડોમાં ફરતી થઈ છે અને ઇન્ક્રેડિબલ ઇન્ડિયાનાં અનેક રાજ્ય શોધી રહી છે.

હવે મિત્રોના ગ્રુપ્સ અને ફેમિલી ગર્લગેંગ્સ વધુ સંખ્યામાં જોડાઈ રહ્યા છે. વુમન્સ સ્પેશિયલ હવે લક્ઝરી નથી, તે જરૂરિયાત બની ગઈ છે. આ સાત-આઠ દિવસ માત્ર હોલિડે નથી; તે જીવનમાં નવો ઉછાળો છે. વિવિધ શહેરો, ક્ષેત્રો અને વયજૂથની મહિલાઓ મળે છે, વાતચીત વહે છે, સંસ્કૃતિઓ મળે છે અને હાસ્ય ગુંજે છે. આ સહયાત્રામાં આત્મવિશ્વાસ વિકસે છે.

આ જ છે વીણા વર્લ્ડ વુમન્સ સ્પેશિયલનો ફંડા આનંદ, ઉત્સાહ, પ્રેરણા, આત્મવિશ્વાસ, સહકાર અને સકારાત્મકતા. તો આવો, આ વુમન્સ ડે કે વર્ષ દરમિયાન કોઈપણ સમયે દુનિયા શોધો, દૃષ્ટિકોણ વિસ્તારો, અનમોલ યાદો સંગ્રહો, બ્રેક બેરિયર્સ અને જીવન પૂરેપૂરું જીવો. ટ્રાવેલ ફિયરલેસલી. લિવ બોલ્ડલી. રૉક ધ વર્લ્ડ. યુ આર અનસ્ટોપેબલ.



# 2026. માય ઈયર. માય ટાઈમ. માય ટ્રાવેલ.

**8 માર્ચ વુમન્સ ડે! લેટ્સ સેલિબ્રેટ**

આટલાં વર્ષ કઈ રીતે વીતી ગયાં સમજાયું જ નહીં. ક્યારેક કરિયર વચ્ચે આવ્યું, ક્યારેક કુટુંબની જવાબદારી તો ક્યારેક બજેટ... જોકે હવે મેં નક્કી કર્યું છે, 2026 મારું વર્ષ. આ વર્ષે હું જ મારી રાણી. હવે હું અટકીશ નહીં, આય લવ માયસેલ્ફ!

આથી જ હું પોતાને લઈને બિન્ધાસ્ત નીકળી પડી છે, સાત સમુદ્રપાર... દુનિયા ભટકવા માટે, પોતાને શોધવા. ક્યારેક હું જાપાન જઈશ તો ક્યારેક યુએસએમાં, ક્યારેક પેરિસમાં તો ક્યારેક સિડનીમાં, ક્યારેક લેહ લડાખ તો ક્યારેક આંદામાન. આ વર્ષ મારું છે અને મારો પ્રવાસ હવે શરૂ થઈ રહ્યો છે.

## મેરા વીણા વર્લ્ડ હૈ ના...

જ્યારે મને પોતાના માટે સમય જોઈતો હોયત્યારે મારા હકનો વિકલ્પ.

**માય 2026 ટ્રાવેલ વિશ**

હું મુલાકાત લેવાની છું તે ડેસ્ટિનેશન છે...

હવે આ નોટ હું ફ્રિજ પર પિન કરવાની છું, જેથી મેં પોતાને આપેલા પ્રોમિસની મને યાદ રહેશે,
વીણા વર્લ્ડ સંગાથે, ઈસ સાલ પક્કા!




## બકેટ લિસ્ટ ટ્રાવેલ બિંગો

### હમણાં સુધીના ટ્રાવેલમાં તમે કયા અનુભવ લીધા છે?

જે થઈ ગયા છે તેની સામે સ્માઈલી કરો અને જે કરવાનું મનમાં છે તેને સ્ટાર આપો!

- ☐ વિદેશમાં સાડી પહેરીને મન મૂકીને નાચી.
- ☐ ત્રણ કલાકમાં આખી ટ્રાવેલ બેગ પેક કરી.
- ☐ નવી બહેનપણીઓ સંગાથે રૂમ શેર કરી.
- ☐ પહેલા સ્નો ફોલમાં ખુશીથી નાહી નીકળી.
- ☐ બસમાં કરાઓકે માઈક હાથમાં લઈને મન મૂકીને ગાયું.
- ☐ ગર્લ ગેંગ સંગાથે બોલીવૂડ સ્ટાઈલમાં કપડાં પહેરીને બધાએ ઝેપ કર્યું.
- ☐ બસમાં ગળું ફાડીને અંતાક્ષરી રમી.
- ☐ આયફેલ ટાવર નજીક સ્વપ્નપૂર્તિના આનંદમાં મંત્રમુગ્ધ બની રહી.
- ☐ પેંગોંગ લેક પર સૂર્યકિરણની વિવિધ છટાઓ જોઈ.
- ☐ કેરળના બેકવોટર્સમાંથી જળવિહાર કર્યો.
- ☐ વિમાન લેટ થયા પછી કંટાળો નહીં કરતાં પત્તાંની રમત રમી.
- ☐ એકાદ જગપ્રસિદ્ધ ઠેકાણાથી પોતાને જ પત્ર લખ્યો.
- ☐ પ્રવાસમાં ક્યારેક સામાન ગેરવલ્લે થાય તો પણ હસવાનું ભૂલી નહીં.
- ☐ કોઈનો પણ સંગાથ નહોતો છતાં ગભરાયા વિના સોલો ટ્રિપ કરી.
- ☐ સ્વિમિંગ પૂલ પર મોટા ગોગલ્સ પહેરીને કોશ્ચ્યુમમાં એકાદ સ્ટારની જેમ સ્વિમ કર્યું.
- ☐ બંજી જંપિંગનો રોમાંચક અનુભવ કર્યો.

## માય ગ્લોબલ ગોલ! મિશન 100 કન્ટ્રીઝ

**સપનાં જોઈએ તે તે સાકાર થાય છે એવું કહેવાય છે. તો પછી સપનાં જોવાનાં જ છે તો મોટા જોઈએ.**

મેં નક્કી કર્યું છે કે આગામી 5 વર્ષમાં 10 દેશ જોવાના. 10 વર્ષમાં 25 દેશ, 15 વર્ષમાં 50 દેશ અને 25 વર્ષમાં 100 દેશ જોવાના. આ માટે આજથી જ મેં પ્લાનિંગ શરૂ કર્યું છે, સેવિંગ્સ કરવાનો દ્રઢસંકલ્પ કર્યો છે. જ્યારે હું આમાંથી દરેક માઈલસ્ટોન પાર કરીશત્યારે મારી તે એક પર્સનલ ઈમોશનલ અચિવમેન્ટ હશે.

**આય વોન્ટ સમથિંગ ટુ લૂક ફોર્વર્ડ ટુ... સમથિંગ વિચ વિલ કીપ મી ગોઈં!**


## હું કોણ છું?

ઓપ્શન ટિકમાર્ક કરીને પોતાને ઓળખીએ

1. **મારી પરફેક્ટ સવાર કેવી હોવી જોઈએ**
A. સમુદ્રકિનારે શાંતિથી ટહેલવું, B. એકાદ જૂની ગલી, હેરિટેજ વોક,
C. સ્પા, કોફી અને મી ટાઈમ, D. સૂર્યોદયના સમયે નાનો ટ્રેક.
2. **મારી ટ્રાવેલ ગેન્ગ એટલે**
A. મારી બેસ્ટ ફ્રેન્ડ્સ, B. હું પોતે!
C. મારી બહેન અથવા મારી દીકરી, D. પ્રવાસમાં મળનારી બહેનપણીઓ.
3. **પ્રવાસમાં આ યાદ મને સૌથી વધુ ગમે છે**
A. વરસાદમાં મન મૂકીને ડાન્સ, B. બસમાં ગીત ગાતાં ગાતાં સજેલી મહેફિલ,
C. શોપિંગ અને સરસ સજીધજીને ફોટો કાઢવા,
D. એકાદ સુંદર ઠેકાણે જઈને શાંત બેસવું.
4. **પ્રવાસમાં મને સૌથી વધુ શું આનંદ આપે છે?**
A. હસતાં-રમતાં ફોટોઝ કાઢવા, ધમાલ કરવી,
B. શાંતિથી ચાલવાનું, પોતાની સાથે વિચાર કરવો,
C. સારાં કપડાં, કેફે, નાના સેલિબ્રેશન મોમેન્ટ્સ,
D. નકશા વિના ફરવું, નવી જગ્યાઓ શોધવી.
5. **રજા મળતાં મારું મન કહે છે,**
A. ચાલો, કાંઈક મજેદાર કરીએ!
B. થોડો સમય પોતાની સંગાથે વિતાવીએ,
C. આ વખતે કાંઈક ખાસ કરીએ, D. જ્યાં રસ્તા લઈ જશે, ત્યાં જઈએ.
6. **પ્રવાસમાંથી પાછી આવતી વખતે મને શું જોડે જોઈતું હોય છે?**
A. હસમુખ યાદો અને ભરપૂર ફોટોઝ, B. મન હલકું થયાની ભાવના,
C. સ્ટાઈલિશ ગિફ્ટ્સ, શોપિંગ બેગ્સ, ગ્લો D. નવી કથા, સંતોષ અને શાંતિ.

**A B C D માં કોણ વધુ આવ્યું છે તે પરથી તમારી પર્સનાલિટી:**
A. તમને પ્રવાસમાં મજા, મોકળાપણું અને હસવાનું જોઈએ છે.
B. તમને પોતાની સાથે સમય વિતાવવાનું ગમે છે.
C. તને સ્ટાઈલ, સેલિબ્રેશન અને એન્જોય કરવાનું ગમે છે.
D. તું ફક્ત ભટકવા માગે છે. પ્રવાસ તને શાંત કરે છે.

## જ્યારે મન કરે, બેગ ભરો, નીકળી પડો! વિથ વીણા વર્લ્ડ, અરાઉન્ડ ધ વર્લ્ડ.




**મૈં હૂં ના!**

નિશ્ચિંત બનીને ચાલો! સહેલગાહ પર તમારી સંગાથે છે વીણા વર્લ્ડનો ટુર મેનેજર, મુંબઈ થી મુંબઈ

વીણા વર્લ્ડ વુમન્સ સ્પેશિયલ એટલે દુનિયાની સૌથી મોટી 'વુમન્સ ઓન્લી ટુર મુવમેન્ટ', જેના દ્વારા અનેક વર્ષ મહિલા નિર્ધાસ્ત રીતે દુનિયાભરના પર્યટનનો આનંદ મેળવી રહી છે. સાઈટસીઈંગ, શોપિંગ, ગેમ્સ, ફેશન શો, મ્યુઝિક મસ્તી ડાન્સ વગેરેથી સજેલી,પચીસ હજારથી પાંચ લાખ સુધીની ઓલ- ઈન્કલુઝિવ 100+ વુમન્સ ઓન્લી ટુર્સ, દરેક ટુર સાથે સંગાથે મુંબઈથી મુંબઈ અનુભવી ટુર મેનેજર, તમે એકલી હોય તો પણ નો પ્રોબ્લેમ, કારણ કે વીણા વર્લ્ડ આપે છે રૂમ શેરિંગ પાર્ટનરની ગેરન્ટી અને દરેક તબક્કે સંગાથેરહેતી વીણા વર્લ્ડની વિશ્વાસાર્હ ટીમ... આ સર્વને કારણે સુરક્ષિતતાની બાંયધરી. હવે તમે પાછળ રહેશો નહીં.

**લેટ્સ ગો! રોક ધ વર્લ્ડ! વી આર અનસ્ટોપેબલ! સો, ચાલો...**

## યોર ટ્રાઈબ. યોર વે.

### અર્થાત કસ્ટમાઈઝ્ડ વુમન્સ સ્પેશિયલ ટુર

સિસ્ટર્સ આઉટિંગ, કિટી પાર્ટી, બહેનપણીનું ગ્રુપ, બર્થડે સેલિબ્રેશન્સ, બેચલર્સ પાર્ટી, સ્કૂલ અથવા કોલેજ રીયુનિયન, વુમન લેડ કોર્પોરેટ ઓફસાઈટ્સ, ઓફિસ ગર્લ્સ ગેન્ગ સાથે ધમ્માલ... તમારું કારણ કોઈ પણ હોય અમે છીએ તમારી ખુશીનું સંપૂર્ણ વ્યવસ્થાપન કરવા માટે. વીણા વર્લ્ડની 'કસ્ટમાઈઝ્ડ વુમન્સ સ્પેશિયલ ટુર્સ' છે તમારી સંગાથે, ટુર મેનેજર સહ, તમને ફક્ત કહેવાનું કે...

**Your wish is our command!**

Email: travel@veenaworld.com

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

### મલ્ટિટાસ્કિંગનો ભ્રમઃ

# જાણી લો કે મગજ જ્યારે એક સાથે ઘણું બધું સંભાળી શકતું નથી



ગયા અઠવાડિયે સંસદ ભવનની સીડીઓ પર કૉંગ્રેસના નેતા શશી થરૂર કોઈ રાજકીય મુદ્દા માટે નહીં, પણ ફોન પર વાત કરતાં-કરતાં ગબડી પડ્યા એટલે ચર્ચાનો વિષય બન્યા હતા. ઘટના (અથવા દુર્ઘટના) નાની હતી અને સદનસીબે થરૂરને કોઈ ઈજા પણ થઇ નહોતી, પરંતુ એમાં આધુનિક જીવનની એક કડવી સચ્ચાઈ હતીઃ આપણું મગજ મલ્ટિટાસ્કિંગ કરવા માટે બેહદ ખરાબ છે, જે આપણે એ માનવા તૈયાર નથી.

વાહન ચલાવતી વખતે ફોન પર વાત ન કરવી જોઈએ તે ચેતવણી જેટલી ગંભીર છે એટલી જ ગંભીર વાત એ છે કે સીડીઓ ઊતરવા જેવી 'નિર્દોષ' ક્રિયા વખતે પણ ફોન ટાળવો જોઈએ, પરંતુ આપણે તો ફોર વ્હીલર જવા દો, ટૂ- વ્હીલર પર પણ કાન અને ખભા વચ્ચે ફોન દબાવીને મગજ પાસે મલ્ટિટાસ્કિંગ કરાવીએ છીએ, પછી સીડી ઊતરવા જેવી 'સામાન્ય' વાતની તો શી વિસાત!

આપણે એક એવા સમયમાં જીવી રહ્યા છીએ, જ્યાં તમે એક સાથે અનેક કામ ન કરી શકતા હો, ચાલતાં-ચાલતાં ફોન પર વાત ન કરી શકતા હો, મેલનો જવાબ આપતાં-અપાતાં મીટિંગમાં સહમતી માટે માથું હલાવી શકતા ન હોવ અથવા ટીવી જોતાં-જોતાં સોશ્યલ મીડિયા સ્ક્રોલ કરી શકતા ન હોવ તો તમને 'પછાત' અથવા સુસ્ત અથવા ફોકસ વગરના ગણી લેવામાં આવે છે.

જોકે ન્યૂરોસાયન્સની દુનિયા આનાથી તદ્દન ઊંધી વાત કરે છે; મગજ મલ્ટિટાસ્કિંગ માટે બન્યું જ નથી, આપણે જબરદસ્તી તેને ખચ્ચર બનાવી દીધું છે. માનવ મગજ એક સમયે એક જ જટિલ કામ અત્યંત સફાઈથી કરી શકે છે. બાકી બીજું બધું ભ્રમ છે.

શશી થરૂર સાથે બનેલી ઘટના સૂચક છે. તે સંસદ ભવનમાંથી ફોન પર વાતો કરતાં-કરતાં બહાર આવતા હતા અને સીડી પર સાંસદોની ભીડ વચ્ચેથી જગ્યા કરીને સીડી ઊતરવા જતા હતા ત્યાં જ પગથિયું ભૂલી ગયા ચૂકી ગયા અને ગડથોલિયું ખાઈને પડી ગયા. સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવ અને અન્ય અધિકારીઓએ એમને પકડી લીધા એટલે ગંભીર ઈજામાંથી બચી ગયા.

થરૂર સાધારણ વ્યક્તિ નથી. તે ભાષાના વિદ્વાન છે, વિચારોથી સમૃદ્ધ છે, સાર્વજનિક જીવનથી અભ્યસ્ત છે એટલે તેમને અણઘડ કે બાઘા કે એવું તો ન કહેવાય. ઇન ફેક્ટ, તેમનું દિમાગ ઘણું શાર્પ છે. તો શું થયું હતું? તેમનું મગજ એક સાથે બે કામો કરી રહ્યું હતું : ફોન પર વાતોમાં વ્યસ્ત હતું અને સીડીઓ પરથી રસ્તો કરી રહ્યું હતું. એ બે જટિલ કામ વચ્ચે તેમનું મગજ એક સેકન્ડ માટે 'અટવાઈ' ગયું.

આવું ઘણા લોકોના કિસ્સાઓમાં થાય છે. ઇન ફેક્ટ, સીડીઓ પર પગથિયું ભૂલીને પડી જવાનું બહુ જ સામાન્ય છે.

આપણે જ્યારે ચાલીએ છીએ ત્યારે આપણું મગજ શરીરનું સંતુલન, દિશા, અંતર અને ગતિ સાથે જોડાયેલા સૂક્ષ્મ નિર્ણયો લેતું હોય છે. આ બધું ઓટોમેટિક લાગે છે, પણ પૂરી રીતે નહીં.

બીજી તરફ ફોન પર વાતચીત- ખાસ કરીને મહત્ત્વની વાતચીત- ભાષા, સ્મૃતિ અને પ્રતિક્રિયા સાથે સંલગ્ન નેટવર્કને સક્રિય કરે છે. અર્થાત, મગજ બે નેટવર્કમાં વ્યસ્ત હોય છે.

આ ટ્રાફિકમાં વારંવાર ગિયર બદલવા જેવું છે. એમાં ક્યારેક ગડબડ થઇ જાય છે. મગજના કિસ્સામાં, બંને કામ એક જ સમયે કરવાનો અર્થ એ થયો કે તેણે લગાતાર ગિયર બદલતા રહેવું પડે. સમસ્યા અહીંથી શરૂ થાય છે. આપણે તેને મલ્ટિટાસ્કિંગ ગણીને ગૌરવ લઈએ છીએ,પરંતુ તે દુર્ઘટના માટેનું સંભવિત જોખમ છે...લાંબા ગાળે તે મગજની એકાગ્રતા, સ્મૃતિસંગ્રહ અને કોગ્નેટિવ ક્ષમતાને અસર કરે છે. મલ્ટિટાસ્કિંગથી આપણાં કામોમાં સરળતા તો થાય છે, પણ મગજને નુકસાન થાય છે.

વૈજ્ઞાનિકો તેને 'ટાસ્ક સ્વિચિંગ' કહે છે, મલ્ટિટાસ્કિંગ નહીં. મગજ એક કામ છોડીને બીજા પર શિફ્ટ થાય છે, અને ફરી પાછું મૂળ કામ પર આવે છે. દર વખતે આ સ્વિચિંગ એક નાનકડી કિંમત વસૂલતું હોય છે- ધ્યાનની, સમયની અને સટીકતાની. આ કિંમતનો આપણને અહેસાસ નથી હોતો, પણ તેની અસર દેખાય છે. ક્યારેક સીડીઓ પરથી ગડથોલિયું ખાઈ જવું, ક્યારેક કાર ચલાવતી વખતે એક સેકન્ડમાં અકસ્માત થઇ જવો અને ક્યારેક સંબંધો બગાડે તેવું 'વગર વિચાર્યું' વાક્ય બોલાઈ જવું.

રોચક વાત એ છે કે મલ્ટિટાસ્કિંગને આપણે સિદ્ધિ માનીએ છીએ, સંશોધનો કહે છે કે જે લોકો પોતાને આમાં નિષ્ણાત માનતા હોય છે, એ લોકો જ ઘણી વાર સૌથી વધારે ભૂલ કરે છે. આ આત્મવિશ્વાસ ખરેખર એક ભ્રમ છે. એક સાથે અનેક વાત - બાબત પર ધ્યાન વહેંચાયેલું રાખવાને આપણે કાર્યક્ષમતા સમજીએ છીએ. મોબાઇલ ફોને આ ભ્રમને વધુ મજબૂત બનાવ્યો છે. નોટિફિકેશન્સ, કોલ્સ મેસેજીસની ભરમાર વચ્ચે દરેક સેકન્ડે મગજને કહેવામાં આવે છે- 'હવે અહીં જો!' અને મગજ, એક આજ્ઞાકારી નોકરની જેમ, જે દિશામાં કહે તે દિશામાં વળી જાય છે.

સંસદ ભવનની સીડીઓ કેવળ પથ્થર નથી, તે પ્રતીક છે એ સંરચનાની જેના પર આપણું રોજિંદુ જીવન ટકેલું છે. ઓફિસોમાં લોકો મીટિંગ વખતે લેપટોપ પર મેલ લખતા હોય છે. શિક્ષક ઓનલાઈન ક્લાસ લેતી વખતે વોટ્સએપ ચેક કરતો હોય છે. માતા-પિતા બાળકો સાથે વાત કરતી વખતે ટીવી સ્ક્રીન પર નજર રાખતાં હોય છે. એક સ્કૂટર સવાર દોસ્ત બીજા દોસ્ત સાથે ફોન પર વાત કરતી વખતે કારને ઓવરટેક કરતો હોય છે... આમ આપણે દરેક જગ્યાએ અડધા-અડધા હોઈએ છીએ. ના પૂરેપૂરા અહીં, જે ન પૂરેપૂરા ત્યાં. અને પછી આશ્ચર્ય વ્યક્ત કરીએ છીએ કે કામની ગુણવત્તા કેમ ઓછી થઇ છે, સંબંધો કેમ ઊંડા નથી રહ્યા અને થાક કેમ વધી રહ્યો છે.

મગજની બીજી સમસ્યા એ છે કે તે 'ધ્યાન'ને ઊર્જાની જેમ ખર્ચ કરે છે. ધ્યાન સીમિત સંસાધન છે. જ્યારે તમે તેને અનેક દિશાઓમાં વહેંચો, ત્યારે દરેક કામને ઓછી ઊર્જા મળે છે. એટલે જ આપણો અનુભવ ઉપલકિયા હોય છે, સમજ સતહી રહે છે અને માનસિક થકાન મહેસૂસ થાય છે. પરિણામે આખો દિવસ ખાસ કશું કામ ન કર્યું હોય છતાં દિવસના અંતે આપણે નંખાઈ ગયેલા અનુભવીએ છીએ. આપણે કામ તો બહુ કરીએ છીએ, પણ એમાં ભલીવાર નથી હોતો.

આ દેશમાં દર વર્ષે ઘટતી સડક દુર્ઘટનાઓમાં 'ધ્યાન ભટકી' જવાનું કારણ પ્રમુખ હોય છે. આ કેવળ ટેકનોલોજીની સમસ્યા નથી, બલ્કે આપણી આદતોની સમસ્યા છે. આપણું ધ્યાન કોણ ખેંચે છે, કેમ ખેંચે છે અને આપણે કેટલી આસાનીથી તે આપી પણ દઈએ છીએ તેના પર વિચાર કરવા જેવો છે. મલ્ટિટાસ્કિંગ આપણને વધુ પ્રોડક્ટીવ નથી બનાવતું, બલ્કે લગાતાર અધૂરા બનાવે છે.

તેનું સમાધાન જટિલ નથી, સરળ છે એક સમયે એક જ કામ. ચાલતી વખતે કેવળ ચાલો જ. ખાતી વખતે કેવળ

ખાવ. જોતી વખતે કેવળ જુઓ. લખતી વખતે કેવળ લખો. આ વાત સાંભળવામાં સાધારણ લાગે છે, પણ આજના સમયમાં ક્રાંતિકારી છે. ધ્યાનને પાછું ખેંચવું, તેનું સન્માન કરવું આધુનિક જીવનનું અગત્યનું કામ છે.

થરૂરનું જે રીતે ગબડી પડવું આપણને યાદ અપાવે છે કે માણસની અમુક સીમાઓ છે. મગજ સુપરકોમ્પ્યુટર નથી, બલ્કે એક સંવેદનશીલ, સીમિત અને થાકી જતું અંગ છે. તેને મશીનની જેમ ચલાવવાની જીદ આપણને ગડથોલિયું ખવડાવે છે- ક્યારેક સીડીઓ પરથી, ક્યારેય જીવનમાંથી. ■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝ વિશે 'સેબી'ના નિયમો સમજી લેવામાં સાર

**હવે રોકાણકારોને સલાહ આપવાની બાબતોમાં પણ AI પ્રવેશી ગયું છે. 'સેબી'એ આ માટે પણ ખાસ નિયમોનો સમાવેશ કર્યો છે. બાય ધ વે, 'સેબી' એ રોકાણકારોની રક્ષાના ઉદ્દેશથી જે નિયમોની રચના કરી છે, તેને પણ રોકાણકારોએ સમજી લેવા જરૂરી છે**

રોકાણકારોને માર્ગદર્શન આપવામાં ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સની ભૂમિકા મહત્ત્વની રહે છે. જોકે 'સેબી' (સિકયોરિટીઝ એન્ડ એકસચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા)માં રજિસ્ટર્ડ ન હોય એવા લેભાગુ સલાહકારો સલાહને નામે રોકાણકારોને ગેરમાર્ગે દોરતા હોય છે અથવા પોતાની કમાણી વધે એ રીતે સલાહ આપતા હોય છે.

આ વાતને ધ્યાનમાં રાખી મૂડીબજારની નિયમન સંસ્થા 'સેબી' એ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારો માટે ચોક્કસ નિયમો-ધોરણો તૈયાર કર્યા છે. સેબીનો આ માટેનો ઉદ્દેશ્ય ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર માટેના નિયમો સ્પષ્ટ કરવાનો, માર્કેટમાં પારદર્શિતા વધારવાનો અને રોકાણકારોનાં હિતોની રક્ષા કરવાનો છે.

'સેબી'ના નિયમ મુજબ સલાહ અને વિતરણ અલગ રાખવા જોઈએ. એડવાઇઝર એક જ ક્લાયન્ટને સલાહ અને પ્રોડક્ટનું વેચાણ બંને એકસાથે આપી કે કરી શક્શે નહીં. ક્લાયન્ટે આ સલાહકારી સર્વિસ લેતી વખતે એક વિકલ્પ પસંદ કરવો પડશે. ક્લાયન્ટની ઓળખ PAN દ્વારા થશે. આનો સરળ અર્થ એ થયો કે સલાહ આપનાર કમિશન કમાઇ લેવા માટે પ્રોડક્ટ વેચાણ પુશ કરી શક્શે નહીં.

### ક્લાયન્ટ સાથે કરાર ફરજિયાત

'સેબી'એ નકકી કર્યા મુજબ સલાહ આપતા પહેલાં ગ્રાહકો સાથે લેખિત કરાર કરવો ફરજિયાત છે, જેથી એડવાઇઝર ગ્રાહકોની પરવાનગી વગર કોઈ ટ્રેડ-વ્યવહાર કરી શકતો નથી. અર્થાત્ કંટ્રોલ ગ્રાહકોના હાથમાં રહેશે.

### ફી અંગે નિયમ

એડવાઈઝર બે રીતે ફી લઈ શકે છે. AUA Modeમાં વાર્ષિક મહત્તમ ૨.૫%ની ફી લઇ શકે. એયુએનો અર્થ એસેટ અંડર એડવાઇઝ લઇ શકાય. મ્યુચ્યુઅલ ફંડમાં એસેટ અંડર મેનેજમેન્ટ હોય એમ એડવાઇઝર પાસે સોદા કરવાની સત્તા નહીં પણ માત્ર સલાહ આપવાની સત્તા હોય, તેથી સલાહ આપ્યા મુજબના એસેટ્સના મૂલ્યના વર્ષે અઢી ટકા જેટલી ફી ચાર્જ કરી શકે.

નિશ્ચિત ફી મોડમાં તે મહત્તમ રૂ. ૧,૫૧,૦૦૦ પ્રતિ વર્ષ ચાર્જ કરી શકે. ક્લાયન્ટ પાસેથી એડવાન્સમાં ફી લીધી હોય તો સેવા બંધ થાય તો રીફંડ આપવું પડશે. મતલબ કે ફી પર લિમિટ છે, એડવાઇઝર મનમાની નહીં કરી શકે.

### સિક્યુરિટી ડિપોઝિટ

એડવાઇઝરે ક્લાયન્ટની સંખ્યા મુજબ ડિપોઝિટ રાખવી પડશે. ક્લાયન્ટની સંખ્યા ૧૫૦ સુધી હોય તો રૂ. એક લાખ ડિપોઝિટ, ૧૫૦૩૦૦ હોય તો રૂ. બે લાખ અને ૩૦૧-૧૦૦૦ હોય તો રૂ. પાંચ લાખ અને ૧૦૦૦થી વધુ ગ્રાહકો હોય તો રૂ. દસ લાખ ડિપોઝિટ Investment Advisers Administration and Supervisory Body (IAASB) પાસે રાખવી પડશે. આનો મતલબ એ થાય કે સલાહકાર ખોટું કામ કરે તો રોકાણકારોને સુરક્ષા મળી રહેશે.

શૈક્ષણિક લાયકાત અને સર્ટીફીકેશન મામલે 'સેબી'એ હવે નિયમો થોડા હળવા કર્યા છે, જે અનુસાર સ્નાતક + એનઆઇએસએમ સર્ટિફિકેશન હોય તો IA (ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર) બની શકે. વ્યક્તિગત IA કંપની IA(ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર) જો, ૩૦૦થી વધુ ક્લાયન્ટ અથવા રૂ. ૩ કરોડથી વધુ ફી લે તો તેણે વ્યક્તિગતથી નોન-ઇન્ડિવીજ્યુલ (કંપની) બનવું ફરજિયાત બનાવાયું છે.

**ફી ટ્રાયલ પર પ્રતિબંધઃ** ગ્રાહકની જોખમ ક્ષમતાનું આકલન કર્યા વગર સલાહ આપી શકાશે નહીં. મફત ટ્રાયલ પણ આપી શકાશે નહીં. એટલું જ નહીં, વોટ્સએપ/ટેલીગ્રામ પર મફત ટિપ્સ આપવી પણ નિયમ વિરુદ્ધ ગણાશે.

**રિસ્ક પ્રોફાઇલિંગ ફરજિયાતઃ** સલાહ આપતા પહેલા ક્લાયન્ટની જોખમ ક્ષમતાનું આકલન કરી એ (ઓછું/મધ્યમ/ઉચ્ચ) છે તે જાણી લેવું જરૂરી બનાવાયું છે. 'સેબી'એ સલાહકારોને રોકડ ફી લેવાની મનાઈ ફરમાવી છે. ફી માત્ર બેન્ક/યુપીઆઇ/નેફ્ટથી જ લઈ શકાશે.

'સેબી'એ બદલાતા સમયને ધ્યાનમાં રાખી અને AI ના ટ્રેન્ડને જોઈ AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ઉપયોગ અંગે સ્પષ્ટ કર્યું છે, તે મુજબ સલાહકાર AIથી સલાહ આપે તો પણ જવાબદારી એડવાઇઝરની જ રહેશે અને તેણે ક્લાયન્ટને જણાવવું પડશે કે AI નો ઉપયોગ કરાય છે.

**રેકોર્ડ્સ રાખવા ફરજિયાતઃ** એડવાઈઝરે ગ્રાહકો સાથેના કોલ્સ, ઇ-મેઇલ્સ, મેસેજીસ, એડવાઇસ બધું ૫ વર્ષ સુધી સાચવવા પડશે.

**વાર્ષિક ઓડીટ ફરજિયાતઃ** દર વર્ષે 'સેબી'નું કંપ્લાયન્સ ઓડીટ કરાવવું ફરજિયાત છે.

### રોકાણકાર માટે સુરક્ષા

ગ્રાહકોની ફરિયાદ માટેની વ્યવસ્થા (SCORES & ODR)માં ના ભાગરૂપ ક્લાયન્ટ એડવાઇઝર સામેની તેની ફરિયાદ 'સેબી'ના SCORES(સ્કોર્સ)પર કરી શકે છે, આ ઉપરાંત ઓનલાઇન ડિસ્પ્યુટ રિઝોલ્યુશન(ઓડીઆર) પણ ઉપલબ્ધ છે.

**ઇન્વેસ્ટ ચાર્ટરઃ** રોકાણકારના અધિકારો અને સુરક્ષા માટે નિયમિત માહિતી આપવી પડશે. Advertisement (જાહેરાત) નિયમ અનુસાર એડવાઇઝર ગેરંટેડ રિટર્ન જણાવી શકશે નહીં, ઉપરાંત બેસ્ટ, નં.૧ જેવા શબ્દો પણ જાહેરાતમાં વાપરી શકશે નહીં. તેઓ ગેરમાર્ગે દોરતાં દાવા કરી શક્શે નહીં અને SEBIનો logo પણ વાપરી શકશે નહીં. મતલબ કે ૧૦૦% નફો, સ્યોર શોટ, ખોટ નથી વગેરે જેવું લખવું ગેરકાયદેસર ગણાશે. એડવાઈઝર મ્યુચ્યુઅલ ફંડસના ડાયરેક્ટ પ્લાન ખરીદવામાં ગ્રાહકોને મદદ કરી શકે છે, જોકે ખોટા સમાચારો ફેલાવવાની મનાઈનું સખત પાલન કરવાનું રહેશે. તેણે સાયબર સિક્યોરિટી ફરજિયાત બનાવવી જોઈશે. કેવાયસીનું પાલન પણ જરૂરી રહેશે તેમ જ મની લોન્ડરિંગ વિરોધી નિયમો પણ લાગુ રહેશે. ■

હેં... ખરેખર?!
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# તું તો કાગળિયાં લખી લખી ન થાકી...


જ્યુલિયેટ ડ્રુએ


વિક્ટર હ્યુગો

આજકાલ વ્હોટ્સએપ મેસેજ ક્યારે વાંચ્યો અને કેટલી વારમાં જવાબ આપ્યો એના સંબંધો બટકી જાય છે. હેપ્પી વેલેન્ટાઈન્સ ડેની બૂમાબૂમ, લવ યુની કિલકારી અને મિસ યુના રટણ વચ્ચે સાચો ને ટકાઉ પ્રેમ દુર્લભ જણસ બની રહ્યો છે.

આજની આવી હાલતમાં ૫૦-૫૦ વર્ષ ટકી રહેલી છતાં નિશ્ચિત મંઝિલે ન પહોંચી શકેલી હૃદયવિદારક દાસ્તાન એ મહોબ્બત વિશે જાણીએ.

આ લવ સ્ટોરીનો શુભારંભ થયો ફ્રાન્સના પાટનગર પેરિસમાં. સમય હતો ઈ. સ. ૧૮૩૩નો. 'ધ હંચબેક ઑફ નોટ્ર-ડામ' લખીને ખ્યાતનામ થઈ ચુકેલા વિક્ટર હ્યુગો પોતાના નવા નાટકની તૈયારી માટે થિયેટરમાં જાય છે. હ્યુગોએ નાનકડા રોલ માટે જ્યુલિયેટ ડ્રુએ પર પસંદગી ઉતારી. આ છવીસ વર્ષની અદ્ભુત સૌંદર્યની સ્વામિની અસાધારણ સ્વતંત્ર વિચારોવાળી હતી. નાટકમાં ભલે તેને નાનું પાત્ર મળ્યું હતું, પણ ૧૬ ફેબ્રુઆરી, ૧૮૩૩થી હ્યુગોના જીવનમાં જ્યુલિયેટે મહત્ત્વપૂર્ણ અને કાયમી સ્થાન મેળવી લીધું.

૩૧ના હ્યુગો ને ૨૬ની જ્યુલિયેટની પ્રેમ-કથાની શરૂઆત તો થઈ પણ પાયામાં એક મોટીમસ સમસ્યા એ હતી કે હ્યુગો તો ઓલરેડી પરણેલા હતા.

પરંતું પ્રેમી પરિણીત હોવા બાબતે આંસુ વહાવે, હતાશ થાય કે બ્રેકઅપ કરી લે એ બીજા. જ્યુલિયેટે તો બહુ જલ્દી, કહો કે થોડા મહિનામાં જ માની ન શકાય એવો નિર્ણય લીધો. તેણે પ્રેમ ને પ્રેમી ખાતર સર્વસ્વ ત્યજી દીધું. અભિનય ક્ષેત્રે કારકિર્દી બનાવવાના સપનાને અભરાઇ પર ચડાવી દીધું કાયમ માટે. પોતીકી ઓળખ, સ્વતંત્રતા અને આવકને ત્યજી દીધાં. વ્હાલસોયા વિક્ટરને પૂર્ણપણે સમર્પિત થઇ ગઈ.

આટલું જ નહિ જ્યુલિયેટ એક નાનકડા ફ્લેટમાં રહેવા જતી રહી. અહીં એનું એક કામ મનના માણીગરની પ્રતીક્ષા કરવાની, રોજેરોજ. ક્યારેક જ્યુલિયેટ કંટાળી જતી એ માનવસહજ ગણાય. એ આવક, નોકરી અને નોકરી સંબંધિત સવાલોને વિક્ટર સમક્ષ વાચા આપે. હ્યુગોએ સલાહ આપી કે તને જે કંઈ થાય છે, લાગે છે ને અનુભવે છે એ બધું લખ, મને લખ.

ખબર નહિ કેમ પણ જ્યુલિયેટને આ વાત ગમી ગઈ. લખવા માંડી. ક્યારેક દિવસમાં બે-ત્રણ પત્રમાં વ્યક્ત થાય. ક્યારેક તે પત્રો વૃક્ષના પોલાણમાં મૂકી દેતી. પછી નોકરના હાથે હ્યુગોનાં ઘરો વચ્ચે મોકલાવી દેતી. સામે પક્ષે એના પ્રેમીએ માત્ર પત્રો વાંચ્યા જ નહિ, અમૂલ્ય સાચવી રાખ્યા.

હું તો કાગળિયાં લખી લખી થાકી જેવી ફરિયાદ જ્યુલિયેટે ક્યારેય ન કરી. સવાલ થાય કે પત્રોમાં રોજેરોજ શું લખતી હશે? એમાં પ્રેમની લાગણી હોય, એકાંતની વેદના હોય ને ઈર્ષા પણ ડોકાય. એમાંય હ્યુગો અન્ય સ્ત્રીઓ સાથે સંબંધ રાખતા ત્યારે જ્યુલિયેટ અત્યંત દુઃખી થઈ જાય. ને આ રીતે દુઃખી થવાના મોકા વિક્ટર વારંવાર આપતા રહેતા હતા. છતાં જ્યુલિયેટ ડ્રુએ ન થાકી, ન કંટાળી કે ન અગાધ પ્રેમ કરવા પર બ્રેક મારી. એ પત્રો લખતી રહી પાંચ-પાંચ દાયકા સુધી. આ અનોખી પ્રેમિકાએ વીસ હજારથી વધુ પત્રો લખ્યાં!

ફક્ત ને ફક્ત પત્રો ન લખ્યા જ્યુલિયેટે. કોઇ કલ્પના ન કરી શકે કે ખુદ વિક્ટર હ્યુગો અપેક્ષા ન રાખી શકે એટલી મહત્ત્વની અને જોખમી જવાબદારી જ્યુલિયેટ ડ્રુએ બજાવી ઊફ સુધ્ધાં કર્યા વગર. (ક્રમશઃ) ■

ટૂંકું ને ટચ
રશ્મિ ભટ્ટ
feedback@bombaysamachar.com

# સંગીતની દુનિયામાં દલાઈ લામાનું મોટું સન્માન



લોસ એન્જલસમાં ૬૮મા ગ્રેમી એવોર્ડ્સનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં સંગીત જગતના દિગ્ગજોએ એક જ મંચ પર હાજરી આપી હતી. આ વર્ષની મ્યુઝિકલ નાઈટમાં લેડી ગાગાથી લઈને જસ્ટિન બીબર સુધીના કલાકારોએ પોતાના પર્ફોર્મન્સથી ચાર ચાંદ લગાવી દીધા હતા. ટ્રેવર નોઆ દ્વારા હોસ્ટ કરવામાં આવેલા આ ઈવેન્ટમાં સંગીત, ફેશન અને પ્રતિભાનો અદ્ભુત સંગમ જોવા મળ્યો હતો. રેડ કાર્પેટ પર સેલેબ્સના અનોખા અંદાજે આખી દુનિયાનું ધ્યાન ખેંચ્યું હતું.

આ વર્ષના ગ્રેમી એવોર્ડ્સમાં સૌથી ગર્વ લેવા જેવી બાબત એ હતી જ્યારે તિબેટીયન ધર્મગુરુ દલાઈ લામાને સન્માનિત કરવામાં આવ્યા. દલાઈ લામાએ તેમની આલ્બમ 'મેડિટેશનઃ ધ રિફલેક્શન ઓફ હિઝ હોલીનેસ ધ દલાઈ લામા' માટે ઓડિયો બૂક અને સ્ટોરીટેલિંગ કેટેગરીમાં તેમનો પ્રથમ ગ્રેમી એવોર્ડ જીત્યો છે. આ જીત બાદ તેમણે સોશ્યલ મીડિયા પર આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે, આ એવોર્ડ માત્ર વ્યક્તિગત સન્માન નથી પરંતુ શાંતિ અને માનવતાના સંદેશને ફેલાવવાનું એક માધ્યમ છે.

મ્યુઝિક લવર્સ માટે જસ્ટિન બીબરનું કમબેક કોઈ મોટી ભેટથી ઓછું નહોતું. જસ્ટિન બીબરે તેના હિટ સોંગ 'YUKON' પર શર્ટલેસ લૂકમાં ધમાકેદાર પર્ફોર્મન્સ આપીને આખા સ્ટેડિયમને ડોલાવી દીધું હતું. બીજી તરફ, લેડી ગાગાએ પણ તેના ૨૦૨૫ના આલ્બમ 'મેહેમ' ના ગીત 'એબ્રાકાડાબ્રા' પર રોક સ્ટાઈલમાં પર્ફોર્મ કરીને સ્ટેજ પર આગ લગાવી દીધી હતી. સબરીના કાર્પેન્ટર અને એલેક્સ વોરેને પણ પોતપોતાની અનોખી સ્ટાઈલમાં મ્યુઝિક નાઈટને યાદગાર બનાવી હતી. ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ત્રણ ત્રણ દેશમાં વસેલા કવિ દીપક બારડોલીકરનું અનન્ય પ્રદાન

સુરતની બાજુમાં ઉકાઈ ડેમ જવાના રસ્તે બારડોલી નગર આવે છે. બારડોલી ઐતિહાસિક ગામ છે. અહીંના સત્યાગ્રહે વલ્લભભાઈ પટેલને સરદાર બનાવ્યા હતા. આ બારડોલીમાં ૨૩ નવેમ્બર, ૧૯૨૫ના રોજ જન્મેલા મુસાજી ઈસપજી હાફેસજી જેઓ એમના ઉપનામ દીપક બારડોલીકરથી પ્રખ્યાત છે. દીપક બારડોલીકર કવિ, નવલકથાકાર, વાર્તાકાર, નિબંધકાર અને આત્મકથાકાર હતા. પત્રકારત્વમાં બહુ આગળ પડતું નામ હતું. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લીધો હતો અને વડીલોના વ્યવસાયને હિસાબે ભાગલા પછી કરાચીમાં રહેતા હતા. આમ ભારત-પાકિસ્તાન અને નિવૃત્તિમાં બ્રિટનમાં વસવાટ કર્યો હતો.

દીપક બારડોલીકરનો જન્મ વ્હોરા કુટુંબમાં થયો હતો. બારડોલીમાંથી મેટ્રિક પાસ કરી ગ્રેજ્યુએશન કર્યું. શિક્ષણ વ્યવસાયમાં કામ કર્યું. આપણાં જાણીતા કવિશ્રી અદમ ટંકારવીએ કહ્યું છે કે 'દીપક બારડોલીકર એક અભૂતપૂર્વ અને અનન્ય ઘટના છે. એમણે પોતે કહ્યું છે કે દરેક જણને કોઈ એક દેશ હોય છે. મારા ખાતે ત્રણ દેશો બોલે છે. હિન્દુસ્તાનમાં જન્મ્યો, જવાન થયો, જવાનીથી નિવૃત્તિ સુધીનો કાળ પાકિસ્તાનમાં ગુજાર્યો અને ત્યારપછી બ્રિટનમાં સેટલ થયો. આમ આ ત્રણેય દેશોના અનુભવી, અનુભૂતિઓ તથા સારી માઠી મોટી વૈશ્વિક ઘટનાઓની તાસીર મારા કાવ્યોમાં વિષય બનતા રહ્યા છે.

હરીન્દ્ર દવેએ સાચ્ચે સાચ કહ્યું જ છે ને 'તમારા મનના માંડવે આફૂડાં ખીલી ઊઠેલા ચમેલીના આ પુષ્પોની સુવાસ મનહૃદયને છલકાવી દે છે. એમણે ૯૦ વર્ષ પૂરા કર્યા ત્યારે લંડનની સાહિત્ય અકાદમીએ માનચેસ્ટરમાં એમનું બહુમાન કરીને એના પ્રદાનની નોંધ લીધી હતી. કવિતા ઉપરાંત આત્મકથાઓ 'ઉછાળા ખાય છે પાણી' તથા ' સાંકળોનો સિતમ' તથા 'ધૂળિયુ તોફાન' અને 'બખ્તાવર' નવલકથાઓ આપી છે. ગુજરાતી ભાષા પ્રત્યેનો અનુરાગ, માતૃભૂમિની સતત યાદ, બાળપણના દિવસોમાં બારડોલીની નદીના કિનારે કાદવ-ધૂળમાં કરેલી રખડપટ્ટી એ ક્યારેય ભૂલી શક્યા ન હતાં. ત્રણેય દેશના પરિવેશ, ચેતના, લોકજીવન અને સંવેદનાને ખરું રૂપ આપી એમણે સર્જન કર્યું છે. એમણે માતૃભૂમિ સાથે ખાનાબદોશી અને દેશાવરીને દીપાવી છે. પાકિસ્તાનમાં હતાં ત્યારે ઉર્દૂનાં મહાન કવિ અને પાકિસ્તાન ટાઈમ્સના તંત્રી ફૈઝ અહમદ ફૈઝ સાથેની મિત્રતાને લીધે ટ્રેડ યુનિયનના સભ્ય તરીકે જોડાયા. સરકાર સામે લડત આપી. લશ્કરી શાસન વખતે આ બન્ને કવિઓ જેલમાં હતાં. જેલની યાતના 'સાંકળીનો સિતમ'માં આબેહૂબ ઉતારી છે. એમની ધરપકડ થઈ ત્યારે આ કવિ ડર્યા વગર, વ્યથિત થયા વગર હસતે મોઢે જેલવાસ સ્વીકારતી વખતે કહે છેઃ

*બુઝાવી દો ઉજાસ દીપકનો*
*છૂટ્યા છે ફરમાન હકુમતના.*

આ કવિ રોમાન્ટિક છે તો સાથે સાથે યથાર્થવાદી છે. સામાજિક નિસ્બત છે. નવ કાવ્યસંગ્રહોની ભેટ આપી છે. 'એમનું રસાળ ભાતીગળ ગુજરાતી ગદ્ય એના લય-લઢણ, ભાષા સંસ્કાર અને સૌંદર્યને કારણે દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે. પદ્યમાં તો કવિને છંદ, લય, અલંકાર, પ્રતીકો જેવા વિશેષો હાથવગા છે. એમણે ગઝલો, નઝમો, માહિયા, લઘુકાવ્યોનું સર્જન કરીને નવ સંગ્રહ આપ્યા પછી 'તડકો તારો પ્યાર' પુસ્તક ૨૦૦૬માં આપ્યું હતું.

તડકો તારો પ્યાર સંગ્રહના ઉઘાડમાં નોંધેલા ફૈઝ અહમદ ફૈઝના બે શાનદાર શેર આ પ્રમાણે છેઃ

*ગમે-જહાં હો, રૂખે યાર હો કે દસ્તે- અદૂ,*
*સલૂક જિસસે કિયા, હમે આશિકાના કિયા.*

***

*મતા-એ-લોહો કલમ છિન ગઈ તો ક્યા ગમ હૈ*
*ખૂને દિલમેં ડૂબો લી હૈ ઉંગલિયાં મૈંને.*

દીપકના આ ગઝલ સંગ્રહની ભાવસૃષ્ટિ બહુ આયામી છે. ખાસ કરીને એમાં પ્રણય, વતનનો ઝુરાપો, અસ્મિતા,



ખુમારી, સંઘર્ષ, માનવપ્રેમ અને સમસામયિક ઘટનાઓનું આલેખન વિશેષ ઉલ્લેખનીય છે. નિષ્કાસનનો ઓથાર એમને સતત દાબતો અને દળતો રહ્યાનું રદીશ મીરે નોંધ્યું છે.

એમની વતન ઝુરાપાની ચીસ એમને ક્યાંય ઠરીઠામ થવા દેતી નથી. જોઈએ એમના આને લગતા શેરઃ

*છાંયડાની તલાશ દોરી ગઈ*
*થૈ ગયો છું વિદેશનો માણસ*

***

*દ્વાર ખોલ્યું, દ્વાર છોડાયુ નહીં*
*એક બિલ્લી પગમાં વિંટાતી હતી*

***

ડાળે ડાળે પ્રેમનો પડઘો હતો
એ હતાં ને એમનો વગડો હતો.

સોનાની દ્વારિકામાં બેઠેલા કૃષ્ણ સખા ઉદ્ધવને કહે છેઃ ઉધો, મોંહે બ્રિજ બિસરત નાહીં, કૃષ્ણના વ્રજ માટેના ઝુરાપાથી આ કવિનો ઝુરાપો જરા પણ ઓછો નથી. પ્રથમ વરસાદે ઊઠતી માટીની ભીની મહેકની નાતો કવિની સ્મૃતિમાં જીવ્યા ત્યાં સુધી એવો ને એવો અકબંધ હતો. 'યાદ હું આવીશ' નઝમમાં વતનના સંસ્મરણોનું પ્રભાવલોકન આપણને સાદ્યંત ભીંજવે છે. આ ચતુષ્પદી નઝમનો ઉપાડ તો જુઓ.

*ભલે આજે હું દરિયાપાર બેઠો છું*
*વિખૂટો થઇ ગયો છું ને વિદેશી પણ*
*મગર ઓ બારડોલી, હું નથી ભૂલ્યો*
*છે દિલમાં તું ને તારી સર્વ શેરી પણ*

***

*અદબપૂર્વક ઉપાડું છું અમારા દેશની માટી*
*ને નાખી શિરમાં, નાચું છું અમારા દેશની માટી*

***

વતન પરસ્તીનો આવો અનહદ ધબકાર એમની ઘણી રચનાઓમાં વારંવાર પ્રગટે છે. આ ઉપરાંત એમાં માનવમાત્રના દર્દ પ્રત્યે પણ ઊંડો સદ્ભાવ વ્યક્ત થાય છે. એ કહે છે :

*અમે ખુશ્બુમાં ખોવાઇ ગયા છીએ*
*અમારું કોઇ સરનામું નથી હોતુ.*

***

*બીજું શું જોઇએ, તને જીવન !*
*તારી ખાતર છે દેશ પણ છોડયો*
*મોજમસ્તીનો વેશ પણ છોડયો*
*તારી ખાતર તમસને મેં પોંખ્યું*
*ને સુવાસિત ઉજાશ પણ છોડયાં.*

***

*કષ્ટના પાવાગઢ ઉપાડ્યા મેં*
*ને જિસમ પર જખમ સજવ્યા મેં*
*બીજું શું જોઈએ તને જીવન*

***

*ક્યાંક દાદાગીરીમાં છલકાયો*
*વેરની આંધીઓથી ભટકાયો*
*ક્યાંક ડુંગરને લાત ફટકારી*
*તો કદી આંગણામાં પછડાયો.*

***

*ભૂતકાળ પાછો લાવું, શણગાર તું સજે તો*
*હું પણ જવાન લાગું*

***

*હશે શું એવું એની ઓઢણીમાં કે*
*પડછાયો રાતો થઈ ગયો?*

***

*શક્યો હોય તો કર કદી એવી કમાલ*
*રાખ કોરા પગ અને પાણીમાં ચાલ*

બારડોલી અને મીંઢોળા નદીની યાદ અને વતનના ગુલમહોરોની સ્મૃતિ તો જુઓઃ

*મુઠ્ઠીમાં ગુલમહોર છે, આંખોમાં ગુલમહોર,*
*ખિસ્સા છે લાલ લાલ ને ખ્યાલોમાં ગુલમહોર*
*માણસ છું ગુલમહોરનો બીજું તો હોય શું*
*લોહીમાં ગુલમહોર છે શ્વાસોમાં ગુલમહોર*

***

*હું છું તડકાનો આદમી દીપક*
*મારા ખિસ્સામાં ખણખણે તડકો*

***

*ગંધની લહેરો સૌ વારતા કહી દે છે*
*શહેરમાં થયું છે શું એ હવા કહી દે છે*

***

*ભલે ઉતરો મગર સમજી વિચારીને*
*ઝરણામાં હોય છે ક્યારેક દરિયા પણ*

***

*છે હજી ખ્વાબોમાં કોઈનું લલાટ*
*ઝળહળે છે ચાંદલો પરદેશમાં*

***

*એના પાલવની ધૂનમાં દીપક*
*એક દરિયો અમે તરી લીધો.*

દીપક બારડોલીકર ઈ.સ. ૨૦૧૬માં લઘુકાવ્ય સંગ્રહ ફુવાર આપે છે અને પછી ૧૨ ડિસેમ્બર, ૨૦૧૯માં અલવિદા કહે છે. એમનું સાહિત્ય, કવિતા બધું જ શાશ્વત છે અને એમની યશરૂપી કાયા હંમેશાં જીવતી રહેશે. ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# કોઈ પણ પ્રકારની ગેરસમજણ ટાળો...

થોડા સમય અગાઉ એક કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર ફરજ બજાવતા એક અધિકારીને કંપનીના માલિકો સાથે કોઈ મુદ્દે વાંધો પડ્યો. એમાંથી માલિકો અને તે અધિકારી વચ્ચે ઝઘડો થયો. વાત વધી પડી અને તે અધિકારીએ રાજીનામું આપી દીધું. જે અધિકારી પ્રત્યે વફાદાર હતા અથવા તો તે અધિકારીને કારણે જેમને નોકરી મળી હતી એવા કેટલાક કર્મચારીઓએ પણ પોતાનો વિરોધ નોંધાવવા રાજીનામું આપી દીધું તો કેટલાક કર્મચારીઓએ નોકરી છોડ્યા વિના જ માલિકો સામે પોતાનો વિરોધ નોંધાવ્યો અથવા તો રાજીનામું આપનારા અધિકારીની તરફેણમાં સોશ્યલ મીડિયા પર પોસ્ટ મૂકવાનું જોખમ ઊઠાવ્યું.

એવા કર્મચારીઓ પૈકી એક મહિલા કર્મચારીએ સોશ્યલ મીડિયા પર પોસ્ટ મૂકી કે 'સાહેબ, તમે ભલે ચાલ્યા ગયા, પણ અમે તમને ભૂલી નહીં શકીએ. તમે તો અમારા માર્ગદર્શક હતા. જે બન્યું એનાથી મને/અમને ઊંડો આઘાત લાગ્યો છે. આવજો, સાહેબ.'

એ પોસ્ટ વાંચીને તે મહિલાના સોશ્યલ મીડિયા પરના ફ્રેન્ડ્સમાંથી કોઈને લાગ્યું કે આ મહિલાના બોસ મૃત્યુ પામ્યા છે એટલે તેણે કમેન્ટ કરીઃ 'ઓમ શાંતિ. ઈશ્વર તેમના આત્માને શાંતિ આપે એ માટે પ્રાર્થના કરું છું.'

એ પછી તો ધડાધડ કેટલાય લોકોની એ પ્રકારની કમેન્ટ્સ શરૂ થઈ ગઈ! બધા પેલા અધિકારીને શ્રદ્ધાંજલિ આપવા લાગ્યા! તે મહિલાએ સોશ્યલ મીડિયા પર જે શબ્દોમાં પોસ્ટ લખી હતી એને કારણે લોકોને ગેરસમજણ થઈ હતી. એ પછી પેલા અધિકારીનાં સગાંવહાલાં પર લોકોના કોલ્સ જવા માંડ્યા ત્યારે ખબર પડી કે તે અધિકારી તો જીવે છે!



ગેરસમજણને કારણે કોઈ માણસ જીવતેજીવ મરી જાય એવી ઘટનાઓ અગાઉ પણ બની ચૂકી છે. વર્ષો અગાઉ એક અખબારમાં એક સાહિત્યકારના મૃત્યુના સમાચાર છપાઈ ગયા હતા અને એ અખબારના તંત્રીએ તંત્રીલેખ પણ લખી નાખ્યો હતો, જેમાં તેમણે તે સાહિત્યકારના ભરપેટ વખાણ કરીને લખ્યું હતું કે તેમના નિધનથી ન પૂરી શકાઈ એવી ખોટ પડી છે.

એ પછી પેલા તંત્રી પર બીજા દિવસે સવારે કોઈનો કોલ આવ્યો કે 'તમે આજે તમારા અખબારમાં સમાચાર છાપ્યા છે કે ફલાણા સાહિત્યકાર મૃત્યુ પામ્યા છે' એટલે તંત્રીએ કહ્યું કે 'હા, બહુ દુઃખની વાત છે કે તે સાહિત્યકારનું મૃત્યુ થયું છે. આપ કોણ બોલો છો?'

કોલ કરનાર માણસે કહ્યું કે 'તમે જેના મૃત્યુના સમાચાર છાપ્યા છે તે સાહિત્યકાર હું છું!'

એ પછી બીજા દિવસે તે અખબારે ખુલાસો છાપ્યો હતો કે 'અમે વાચકોને જણાવતા દિલગીરી અનુભવીએ છીએ કે ફલાણા સાહિત્યકાર હયાત છે... જેમનું મૃત્યુ થયું છે તે આ સાહિત્યકાર જેવું જ નામ ધરાવતા એક સ્વાતંત્ર્ય સેનાની હતા, જેમણે એક-બે પુસ્તકો લખ્યાં હતાં, પરંતુ એક સમાચાર સંસ્થાએ આપેલા સમાચારમાં નામની સમાનતાને કારણે અમને ગેરસમજણ થઈ હતી એને લીધે અમે આ જાણીતા સાહિત્યકારના મૃત્યુના સમાચાર છાપી નાખ્યા હતા. અમે તેમની અને વાચકોની ક્ષમા માગીએ છીએ.'

આજના સમયમાં તો ગેરસમજણની અનેક પ્રકારની ઘટનાઓ વધતી જાય છે. ઘણી વાર તો સોશ્યલ મીડિયા પર પોસ્ટ કે રીલનો અવળો અર્થ તારવીને ઘણા ગેરસમજણ કરી બેસતાં હોય છે અને વર્ષો જૂના, ક્યારેક તો દાયકાઓ જૂના સંબંધો પર પૂર્ણવિરામ મુકાઈ જતું હોય છે તો ક્યારેક હાસ્યાસ્પદ સ્થિતિ સર્જાતી હોય છે.

થોડા સમય અગાઉ વોટ્સએપ પર એક ફ્રેન્ડે એક મેસેજ મોકલ્યો હતો. વોટ્સ એપ પર જાતજાતના મેસેજીસ આવતા રહેતા હોય છે. મોટાભાગના મેસેજીસ તો વાહિયાત હોય છે, પરંતુ ક્યારેક કોઈ રમૂજપ્રેરક મેસેજ પણ આવી જતા હોય છે. એમાંના કેટલાક મેસેજ બોધ આપનારા પણ હોય છે. આવો જ એક રમૂજપ્રેરક-બોધપ્રેરક મેસેજ એક મિત્રએ થોડા સમય અગાઉ મને મોકલ્યો હતો.

એક યુગલનાં લગ્નની વિધિ શરૂ થઈ રહી હતી. લગ્નમંડપમાં લગ્નની વિધિ કરાવવા બેઠેલા પંડિતજીએ વિધિ શરૂ કરતાં અગાઉ કહ્યું, 'આ લગ્ન સામે કોઈને વાંધો હોય તો અત્યારથી કહી દો. નહીં તો પછી બે જિંદગી બરબાદ થશે.'

પંડિતજી આગળ કંઈ બોલવા જાય એ પહેલાં મંડપમાં સાવ પાછળ નાના બાળકને લઈને ઊભેલી એક રૂપાળી યુવતી લગ્નમંડપ તરફ ચાલવા લાગી. એ જોઈને કન્યાએ વરરાજાને તમાચો ઝીંકી દીધો! તે સુંદર યુવતી તેના બાળક સાથે લગ્નમંડપ સુધી પહોંચી એ દરમિયાન તો કન્યાનો પિતા બંદૂક લેવા માટે ઘરમાં દોડ્યો. એ દરમિયાન કન્યાના ભાઈઓ વરરાજાને ઝનૂનપૂર્વક ફટકારવા માંડ્યા. વરરાજા નીચે પડી ગયો. તેને લાતો મારવા માંડ્યા. કન્યાની માતા તો બેહોશ થઈને જમીન પર પટકાઈ પડી.

બધા મહેમાનો સ્તબ્ધ બની ગયા. વરપક્ષના લોકો તો હેબતાઈ ગયા. વરરાજાના પિતા, કાકા અને મામા સહિતના સગાંવહાલાં વરરાજાને બચાવવા દોડ્યા.

પંડિતજી પણ ચોંકી ઊઠ્યા. તેમણે મામલો થાળે પાડવાની કોશિશ કરી અને લગ્નમંડપ પાસે આવીને ઊભી રહી ગયેલી રૂપાળી યુવતીને પૂછ્યું કે 'બેન, તને આ લગ્નથી શું તકલીફ છે?'

તે યુવતીએ કહ્યું, 'નહીં તો! મને કોઈ તકલીફ નથી આ લગ્નથી! મને શા માટે તકલીફ હોય આ લગ્નથી? હું તો લગ્નમાં મહાલવા આવી છું. આ તો હું સાવ પાછળ હતી અને મને તમારો અવાજ સંભળાતો નહોતો એટલે તમે શું બોલી રહ્યા છો એ સાંભળવા માટે હું જરા આગળ આવી!'

દોસ્તો, આ તો એક જોક છે, પણ વાસ્તવિક જીવનમાં આવી ઘણી ઘટના પણ બનતી હોય છે. અમુક સ્થિતિમાં માણસો કશું જાણ્યા-સમજ્યા વિના કૂદી પડતા હોય છે, લડવા-ઝઘડવા માંડતા હોય છે. પછી વાસ્તવિકતા સમજાય ત્યારે મોડું થઈ ચૂક્યું હોય છે.

આવું મીડિયા પણ ઘણી વખત કરે છે, સરકાર પણ કરે છે, વિપક્ષો પણ કરે છે. સરકારવિરોધીઓ પણ કરે છે, બૌદ્ધિકો પણ કરે છે. અને સોશિયલ મીડિયા પર તો ઘણા લોકો જાણ્યા-સમજ્યા વિના કોઈની સાઈડ લઈને કૂદી પડે છે. એ પછી સામે બીજા પક્ષના લોકો કૂદી પડે છે. અને વાતનું વતેસર થઈ જાય છે.

કોઈ પણ પ્રકારની ગેરસમજણ ટાળવી જોઈએ અને ગેરસમજણ ટાળવા માટે તરત પ્રતિક્રિયા આપવાથી બચવું જોઈએ. પહેલા વાસ્તવિકતા સમજવાની કોશિશ કરો અને પછી પ્રતિક્રિયા આપો, જેથી ભૂલ અને ગેરસમજ થવાની શક્યતા શૂન્યવત થઈ જાય... ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# 'પસીના ટેક્સ' ભર્યો છે? ખાલી ખિસ્સાની વેદના

*ટાઈટલ્સઃ*
*કોઇપણ બજેટ ભિખારીને અસર ના કરે. (છેલવાણી)*

આ દેશમાં મોટાભાગનાં બધાંના જીવનમાં બે વાતો, અચળ ને અનિવાર્ય છેઃ મૃત્યુ ને ટેક્સ.

તમે કેટલો ટેક્સ બચાવશો એ સ્વપ્ન છે અને 'ટેક્સ' ભરવો પડે એ હકીકત છે, બાકી બધી કલ્પના. હમણાં ફરી બજેટ આવી ગયું એટલે અમે ચૂપચાપ પેંટમાં અમારું પાકીટ તપાસી લીધું કે સરકારે મારી તો નથી લીધુંને?

ના, હજી પાકીટ સલામત છે. જો કે જ્યાં સુધી પાકીટ ફંફોસતો હાથ ન કપાય ત્યાં સુધી સરકારને સલામ.

વળી સરકારો ક્યારેક પોપકોર્ન તો ક્યારેક રબર કે સેફ્ટીપિન જેવી આઇટમો પર પણ કઇ રીતે ટેક્સ ઉઘરાવી શકે છે એના પરથી અમને અમુક અવનવા આઇડિયાઓ સૂઝ્યા, જેમ કે...

**'આંદોલન ટેક્સ'**: ૭૫-૭૫ વર્ષથી આ દેશમાં આંદોલનો ચાલ્યાં જ કરે છે. સરઘસો નીકળ્યાં જ કરે છે. પછી ભલે એ ક્યાંય પહોંચે કે ના પહોંચે. આ જનતાએ મોર્ચામાં છાતી ફાડી ફાડીને નારાં બરાડવા

માટે ટેક્સ ભરવો પડશે ત્યારે જ ખબર પડશે કે લોકશાહીમાં બોલવાની આઝાદી મફતમાં નથી આવતી. બોલવાની ખુજલી હોય તો ભરો ટેક્સ ને પછી ભસો.

**'વોટિંગ ટેક્સ'**: આફ્ટર ઓલ, સરકારોએ દેશવાસીઓના વોટ આપવાનાં હક્ક પર જ વોટિંગ- ટેક્સ લગાડી દેવો જોઇએ જેથી ટેક્સથી બચવા માટે કોઇ વારેવારે વોટ આપવા જાય જ નહીં અને સરકાર વરસો સુધી કોઇપણ જાતનાં વિરોધ વિના ચાલ્યાં જ કરે! અથવા જનતા નક્કી કરે કે માત્ર લોકસભા માટે જ વોટ આપવો કે વિધાનસભા કે નગરપંચાયત વગેરેમાં વોટ ના આપીને ટેક્સ કેમ બચાવવા! આ શું છે કે વગર મફતનો વોટ આપવાનો? વોટ જો આપણો હક છે તો ચૂકવો એના પૈસા. મફતનું પ્રજાતંત્ર બહુ ભોગવ્યું, હોં!

**'ભાષણ-ટેક્સ'** : જનતા પણ કહેશે કે નેતાઓ પર ભાષણટેક્સ હોવો જોઇએ, કારણ કે જનતા શા માટે રોજરોજ આવા જૂઠાં વચનપ્રવચન સાંભળે? જેટલા લાંબા ભાષણ એટલો વધુ ટેક્સ! આપણે ત્યાં ક્યાંકને ક્યાંક તો ચૂંટણી ચાલતી જ હોય છે તો આમાં પબ્લિકને બકવાસ ઓછો સાંભળવાનો ફાયદો થશે ને નેતાઓ જુમલાબાજી કે ફેંકૂગીરી કમ કરીને ટેક્સ બચાવશે!

**'ઇમાનદારી ટેક્સ'**: શું છે કે આપણો રાષ્ટ્રપ્રેમ (વાંચો રાષ્ટ્રવાદ), બે




નંબરનાં એકાઉન્ટ બનાવતી વખતે બે ઘડી સૂઇ જાય છે. ઇન શોર્ટ, દેશમાં ભ્રષ્ટાચાર દેશ બન્યો એ પહેલાંથી છે, છતાંયે ભારતમાં અમુક ઇમાનદાર, ગાંધીવાદી, પાગલ લોકો હજૂયે છાતી ઠોકીને કહે છે કે પોતે ભ્રષ્ટાચારથી કોસો દૂર છે. સરકારે આવાં ઇમાનદાર લોકો પર જ ટેક્સ ઠોકી દેવો જોઇએ! ભલે આ દેશમાં ૫% કે ૧૦% જ ઇમાનદાર લોકો બચ્યાં હોય પણ 'ઇમાનદારી ટેક્સ'થી સરકારને ઘણી આવક થઇ શકે. જે ખરેખર ઇમાનદાર હશે એ તો જાત વેંચીને પણ ટેક્સ ભરશે અથવા કાં તો પછી ધીમેધીમે ઇમાનદાર લોકો પણ ભ્રષ્ટાચાર તરફ વળી જશે. જો સૌ બેઇમાન બને તો પછી દેશમાંથી ભ્રષ્ટાચારનો મુદ્દો જ ખતમ થઈ જશોને?! પછી ઇલેકશનનાં વચનોમાંથી ભ્રષ્ટાચાર હટાવવાનું વચન પણ ખતમ.

*ઇન્ટરવલઃ*
*ના બીવી, ના બચ્ચા, ના બાપ બડા, ના મૈયા,*
*'ધ હોલ થિંગ ઇઝ ધેટ' કિ ભૈયાઃ 'સબ સે બડા રુપૈયા'*
*(મજરૂહ સુલ્તાનપુરી)*

**'સોશ્યલ મીડિયા ટેક્સ'**: આજે ફેસબૂક- ઇન્સ્ટા જેવા સોશ્યલ મીડિયા પર કોઇકના ફોટા પર 'લાઇક' કરવા પર કે ગાળો આપવા પર ભારે ટેક્સ લગાડવા જોઇએ. કાં તો આમાં લોકો ફસાઇને ખૂબ બધો ટેક્સ ભરશે કે પછી આડકતરી રીતે સુધરી જશે. એ જ રીતે વોટ્સએપ પર સવાર સવારમાં 'ગૂડ મોર્નિંગ' ને 'ગૂડ નાઇટ' કે 'કાગડાજયંતી'ની વધામણી જેવા વિચિત્ર મેસેજો મોકલનારા મહાન આત્માઓ પર જો ટેક્સ મૂકવામાં આવે તો આ દેશ કે આખી દુનિયા ખરીદી શકે ને એમાં કોઇ બે ત્રણ કે ચાર મત જ નથી...

(અને આ વિશે પણ 'વોટ્સ એપ' પર ચર્ચા થઇ શકે, હોં)

વળી, જ્યાં ત્યાં વારે વારે ફિલ્મો પર લખાતા રિવ્યુ પર ટેક્સ લગાડાશે તો પણ સરકાર, એકાદ પ્રદેશમાં ભૂખમરી ઓછી કરી શકશે. આવા જ અનેક નિતનવા આઇડિયાઓ પણ આવેશમાં આવીને સૂઝે રાખે છે. આજે આ ટેક્સભક્તને પ્લીઝ કોઇ રોકતા નહીં.

**'અકલ્પ્ય ટેક્સ'**: કવિ 'બેફામ'ની પંક્તિઓ છેઃ **'કબર જોઇને થયું 'બેફામ' કે આટલી જગા માટે મરવું પડ્યું?'** એજ રીતે વરસોથી સરકારો એવી એવી આઇટેમો પર ટેક્સ લગાડે છે કે આપણને થાય કે આ બધાનાં ટેક્સ ભરવા માટે જીવીએ છીએં? જેમ કે સેફ્ટિ પિન કે જૂતાની દોરી જેવી આઇટમ્સ પર પણ સરકારશ્રી ટેક્સ લગાડી શકે? શું આનાથી દેશની ઇકોનોમી સુધરી શકે? એ રીતે તો સરકારે 'બપોરની ઊંઘ', 'બગાસા', 'નિંદા', 'મફતની સલાહ દેવા પર' કે 'કૂથલી કરવા' વગેરે પર કરવેરો ઝીંકવો જ જોઇએ.

ફ્રેંકલી, અમને દેશ તો શું ખુદનાં બજેટમાં એટલી જ સમજણ પડે છે જેટલી વિરાટ કોહલીને 'રાગ માલકૌંસ'માં, દાઉદને 'અહિંસા'માં ને ચાઇનાને 'વિશ્વશાંતિ'માં! દર વર્ષે બજેટ આવે ને જાય પણ મધ્યમવર્ગમાં જન્મીને જીવી જવાનો ફાયદો એ છે કે હવે આઝાદીનાં આટઆટલા વરસે હવે ટેક્સમાફી, કોઈપણ ભાવ વધારોઘટાડો આપણને ચોંકાવી, હલાવી, હરખાવી નથી શકતો, કેવળ 'નિર્મલ આનંદ' આવે છે.

(ચોખવટઃ આ શબ્દપ્રયોગને મા.અર્થમંત્રીનાં નામ સાથે કોઇ લેવાદેવા નથી)

બાકી સારું છે, આવા અતરંગી આઇડિયાઓ પર હજી કોઇ ટેક્સ નથી, નહીં તો અમારું શું થાત?

*એન્ડટાઇટલ્સઃ*
*આદમઃ ટેક્સ ઓછો થયો.*
*ઇવઃ તારે તો કારણ વિનાની કમાણી!* ■

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન
ધર્મતેજ
તન-મન-ધનથી રહો તરોતાજા
ઈન્ટરવલ
પુરુષ
લાડકી
મેટિની
વીક-એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું- દરરોજ

ક્લોઝ અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# અનેક યુદ્ધગ્રસ્ત દેશમાં 'ફરજ' બજાવતા 'મર્સનરી' - ભાડૂતી સૈનિકોની આગવી દુનિયા

**ખર્ચાળ લશ્કર વસાવવું ન પડે એ માટે અમુક નાના દેશ તાલીમબદ્ધ એવા વિદેશી 'મર્સનરી'- ભાડૂતી સૈનિકોને કામે લગાડે છે...આપણી સરકારી યોજના 'અગ્નિપથ' અને 'અગ્નિવીર' સામે બહુ જ શરૂઆતથી તીવ્ર વિરોધ રહ્યો છે. અન્ય દેશોની જેમ આ યોજના હેઠળ આપણે પણ સ્વદેશી આત્મનિર્ભર 'મર્સનરી' સૈનિકો તો તૈયાર નથી કરી રહ્યા ને?!**



તાલીમબદ્ધ કસાયેલું ભારતીય સૈન્ય ...



આપણા 'અગ્નિવીર' સૈનિકો



'મર્સનરી' (Mercenary) અર્થાત ભાડૂતી સૈનિકો

યુદ્ધ.!

બડો બિહામણો શબ્દ છે આ...

યુદ્ધની વાત નીકળે એટલે લશ્કરનો ઉલ્લેખ કરવો પડે અને આર્મી-લશ્કર સાથે સહેજે છે કે સૈન્યના જવાનોને ય યાદ કરવા પડે, કારણ કે આવા સૈનિકોનું સંયમબદ્ધ સમૂહ જ લશ્કરનું ગઠન કરી શકે. કોઈ પણ દેશના સીમાડાના રક્ષણ માટે દેશની આઝાદીને અકબંધ રાખવા માટે આવાં સૈન્ય અનિવાર્ય છે.

સદભાગ્યે, મા ભોમની રક્ષા માટે આપણી પાસે ખુદનું મજબૂત સૈન્ય છે. એની ત્રણેય પાંખ એટલે કે ધરતી-આકાશ અને સમુદ્રના રક્ષણ માટે છેલ્લાં અહેવાલ મુજબ આપણી પાસે ૧૪ લાખ ૫૦ હજારથી વધુ સૈનિકો ધરાવતું આધુનિક લશ્કર છે. આ ઉપરાંત, રિઝર્વ કહી શકાય એટલા સૈનિકોની સંખ્યા ૯ લાખથી વધુ છે. આ બધાને લીધે ઈન્ડિયન આર્મીની ગણના વિશ્વના બીજા નંબરે આવતા સૈન્ય તરીકે થાય છે.

જોકે 'ગ્લોબલ ફાયરપાવર (GFP)' ઈન્ડેક્સ મુજબ અમેરિકા રશિયા-ચીન પછી ભારતીય સૈન્ય ચોથા ક્રમાંકે આવે છે.

બીજી તરફ, અન્ય દેશોની જેમ આપણે ત્યાં સરકારના કોઈ ફરજિયાત નિયમને લીધે નહીં, પણ સ્વેછાએ લશ્કરમાં જોડાયેલા યુવાનોનું આ સૈન્ય છે, જે સંખ્યા બળને હિસાબે વિશ્વનું સૌથી મોટું લશ્કર છે...!

આમ તો આપણા સૈન્યમાં જેમ જેમ જવાનો નિવૃત થતા જાય તેમ એમની જ્ગ્યાએ તબક્કાવાર નવા જવાનોની ભરતી થાય, પરતું પાંચેક વર્ષ પહેલાં કોરોનાની મહામારીને લીધે આવી ભરતી બે વર્ષ સુધી શક્ય ન બની એટલે સરકારે ત્વરિત તાલીમ પછી ભરતી માટે 'અગ્નિપથ'ના નામે ૨૦૨૨માં એક યોજના અમલમાં મૂકવાની જાહેરાત કરી 'અગ્નિવીર'ના શોર્ટકટ દ્વારા લશ્કરમાં પ્રવેશની તક પણ મળી જાય તો પણ ચાર વર્ષની એ જોબ પછી ફરજિયાત નિવૃત્તિ લેવી પડે એવી એ યોજના વિરુદ્ધ નહોતો ધાર્યો એવો દેશભરમાં પ્રચંડ વિરોધ ભભૂકી ઊઠયો. ૧૩થી વધુ રાજ્યમાં હિંસક તોફાનો થયાં હતા. આજે પણ એ યોજના સામે આંશિક વિરોધ ચાલુ જ છે.

કોરોના પહેલાં સામાન્ય રીતે લશ્કરમાં દર વર્ષે સરેરાશ ૫૫થી ૬૦ હજાર યુવાનોની ભરતી થતી હતી. 'અગ્નિપથ' યોજનાની જાહેરાત પછી સૈન્યમાં હવે દર વર્ષે ૪૫ હજારની ભરતી થશે એવી જાહેરાત થતા લશ્કરની નિયમિત ભરતીમાં પણ ઘટાડો થવાનો છે એવી આશંકા શરૂ થઈ હતી. આ બધાને લીધે સૈન્યમાં જોબ લેવા ઈચ્છુક યુવાનોએ એ નવી 'અગ્નિપથ' યોજના સામે દર્શાવેલી શંકાઓ- પ્રચંડ વિરોધ પછી સરકારે 'અગ્નિપથ'ના ઉમેદવારોની ઉચ્ચતમ વયમર્યાદા ૨૧થી ૨૩ વર્ષની કરી છે. બીજા સુધારા-વધારા પણ કર્યા છે. એ સિવાય 'અગ્નિપથ' વિરોધનાં કારણો અનેકવિધ હતાં એ વિશે આ તબક્કે આપણે એની વધુ ચર્ચામાં ન પડીએ.

હવે આપણી સરકાર આ 'અગ્નિપથ'ની યોજના લઈને એ વખતે અચાનક જ કેમ પ્રગટી એનાં કારણ શું? શું આપણે પણ પેલા વિદેશી દેશોની જેમ 'અગ્નિપથ' યોજનાના સ્વાંગ હેઠળ આપણા પોતાના-સ્વદેશી 'મર્સનરી' (Mercenary) અર્થાત્ ભાડૂતી-વ્યવસાયિક સૈનિકોનાં જૂથ તો તૈયાર નથી કરી રહ્યાને?!


એવી પણ એક થિયરી ચર્ચાવા લાગી. આ 'મર્સનરી' (Mercenary) અર્થાત્ ભાડૂતી સૈનિકોનાં જૂથ વિશે જાણવા આપણે થોડાં ફલેશબેકમાં જવું પડશે-ભૂતકાળમાં ડોકિયુ કરવું પડે.

પોતાના સીમાડાની પેલે પાર જેને ભાગ્યે જ કોઈ વાતે પાડોશી દેશ સાથે વાદ-વિવાદ કે વિખવાદ ન હોય એ દેશ હંમેશાં કદમાં નાનું જ લશ્કર રાખે, જયારે મોટાં રાષ્ટ્રો લાંબાં-પહોળાં લાવ-લશ્કરને પોષે તથા યુદ્ધ મેદાન માટે એને પલટાતા સમય મુજબ વધુ ને વધુ આધુનિક બનાવતું રહે.

જરૂર પડે તો બીજાં દેશોને સીમાડે યુદ્ધ જેવી અશાંતિ સર્જાય તો મિત્ર રાષ્ટ્રને પોતાનું સૈન્ય ઉછીનું પણ આપે. આવાં 'ઉછીનાં ભલા કામ' માટે અમેરિકા-રશિયા જેવા દેશ હંમેશાં તત્પર રહે છે. કોઈ પણ દેશમાં આંતરવિગ્રહ થાય કે પછી બળવો થવાની પૂરી શક્યતા હોય ત્યારે 'મિત્ર' દેશને ત્યાં શાંતિ અકબંધ રાખવા અમેરિકા-રશિયા હંમેશાં પહોંચી જાય છે.

પારકો કજિયો વહોરી લેવાની અમેરિકાની જૂની આદત છે. પછી એ ક્યુબા હોય-વિયેતનામ હોય-લેબનોન હોય કે ઈરાક-કુવૈત - ગલ્ફ દેશો ('ઑપરેશન ડેઝર્ટ સ્ટ્રોમ') કે પછી અફઘાનિસ્તાન એ બધા હજુ આપણી સ્મૃતિમાંથી ભૂંસાયા નથી.

પોતાનાં મકસદ પૂરાં થતાં જ્યારે જ્યારે અમેરિકા કે રશિયા પારકી ધરતી પરથી સત્તાવાર રીતે વિદાય લે પછી યુદ્ધ કે આંતરવિગ્રહમાં સપડાયેલા એ દેશમાં એક નવા જ પ્રકારના લશ્કરી જવાન કે યોદ્ધાઓની ટુકડીઓ પ્રવેશે છે, જેને કોઈ જ દેશની સરકાર કે સૈન્ય સાથે સ્નાનસૂતક્નોય સંબંધ નથી હોતો. એ હોય છે 'મર્સનરી' અર્થાત્ ભાડૂતી કે વ્યવસાયિક સૈનિક કોઈ નિવૃત્ત સિનિયર લશ્કરી અધિકારી કે પછી લશ્કર છોડી ગયો હોય એવા તાલીમબદ્ધ જવાનો માત્ર આર્થિક લાભ માટે જ પોતાની સેવા કોઈ પણ દેશ માટે આપે છે. માત્ર 'માથા સાટે માલ'ની નીતિ-રીતિમાં માનતા આવા મર્સનરી- ભાડૂતી જવાનનું જગત જ સાવ અલાયદું છે. જંગના દાવપેચમાં જબરા કાબેલ એવા આ જવાનો પોતાની નિશ્ચિત ફી લઈને તમે વરદી આપો એ કોઈ પણ દેશના કોઈ પણ સ્થળે પોતાનું યુદ્ધ કૌશલ્ય દેખાડવા પહોંચી જાય ને 'પૈસાવસૂલ' કામગીરી બજાવે પણ ખરા.




'સોલ્જર ઑફ ફોર્ચ્યુન' જેવાં મેગેઝિન્સ અને અન્ય ડિજિટલ આવૃત્તિઓમાં આવા ભાડૂતી સૈનિકોની લેટેસ્ટ માહિતી મળે છે!

આવા તાલીમબદ્ધ સૈનિકોના પોતાનાં આગવા જૂથ-ગ્રૂપ હોય છે. તમે ભેદી 'ડાર્ક વેબ' પર સંપર્ક કરીને આવા ભાડૂતી સૈનિકોની ટીમને તમારા 'ધંધે' લગાડી શકો..!

આમ તો બીજા વિશ્વયુદ્ધ પછી ધંધાદારી-વ્યવસાયિક સૈનિકોની સેવા લેવાનું વધ્યું હતું, પણ ઈતિહાસનાં પાને આ પ્રકારના સૈનિકોની કામગીરીની નોંધ પણ મળી આવે છે. છેક ૧૪મી સદીમાં બાઈજન્ટાઈન સામ્રાજય (પાછળથી જે રોમન સામ્રાજ્ય તરીકે જાણીતું થયું )ના શાસકે તુર્કોને પરાજિત કરવા 'આલ્મોગવરિસ' તરીકે ઓળખાતા સ્પેનના ભાડૂતી સૈનિકોનો ઉપયોગ કર્યો હતો. એ પછી, સ્વિસ-ઈટાલિયન-જર્મન સૈનિકો પણ નાના-મોટા રાજા ઉમરાવો માટે પૈસા લઈને કામગીરી બજાવતા, પરંતુ એમાંના મોટાભાગના લોભી-દુષ્ટ- પાશવી-બળાત્કારી અને ગુનાખોર વૃતિ ધરાવતા હતા. (આજના પાકિસ્તાની આતંકવાદીઓ જેવા!)

આવા ભાડૂતી સૈનિકો વધુ રકમ માટે ગમે ત્યારે દુશ્મનના પક્ષે ચાલ્યા જવા માટે બદનામ પણ ખરા. કાળક્રમે આ બધા વચ્ચે સ્વિત્ઝર્લેન્ડ-સ્વિસ અને જર્મન 'મર્સનરી' એમની શિસ્ત તથા ચુસ્ત કામગીરી માટે 'સોલ્જર ઑફ ફોર્ચ્યુન' તરીકે વધુ જાણીતા થયા. આવા સોલ્જરની કાર્યક્ષમતા-કામગીરી અને કયા પ્રકારના કાર્યની કેટલી ફી-મહેનતાણું લાગશે એવી બધી સત્તાવાર માહિતી આપતાં મેગેઝિન્સ અને એની ડિજિટલ આવૃત્તિઓ પણ નિયમિત પ્રગટ થાય છે. એક માહિતી મુજબ, સામાન્ય રીતે એક 'મર્સનરી' ને વર્ષે દોઢ લાખથી લઈને ૩ લાખ ૫૦ હજાર ડૉલર (અન્ય ખર્ચ બાદ કર્યા પછી) મહેનતાણું મળે છે. ટૂંકા ગાળાની કામગીરી બજાવવાની હોય તો રોજના ૧૫૦૦થી ૨૫૦૦ ડૉલરનો પણ એ ચાર્જ લે

હવે આપણી વિવાદાસ્પદ 'અગ્નિપથ' યોજના પર પરત આવીએ.

એક તરફ, આપણા સૈન્યના ભૂતપૂર્વ વડા જનરલ વી.પી. મલિક આ યોજનાની તરફેણ કરતા કહે છે કે યુવા જવાનોને લશ્કરમાં સામેલ કરવાની આ એક અચ્છી સ્કિમ છે. યુવાનોના હિતમાં છે તો બીજી તરફ, વિદેશી 'મર્સનરી' સાથે આપણા ભાવિ યુવા 'અગ્નિવીર'ની સરખામણી કરતા સૈન્યના એક નિવૃત્ત ઊચ્ચ હોદેદાર (નામ પ્રગટ ન કરવાની શરતે) કહે છે કે આવા કામચલાઉ 'આત્મનિર્ભર' સૈનિકો પાસેથી સૈન્ય ધાર્યું કામ નહીં લઈ શકે. આવા 'મહેમાન' સૈનિકના બળે યુદ્ધ ન જીતી શકાય. જંગ જવાનોની સંખ્યા કે શસ્ત્રોથી નહીં, પણ જોશ-જુસ્સાથી જીતી શકાય. દેશ માટે અનન્ય સમર્પણ ભાવના પણ હોય તો વિજયી થવાય.

અન્ય સંરક્ષણ નિષ્ણાતો પણ કહે છે કે સાત-આઠ વર્ષની વિધિસર આકરી સઘન તાલીમ પછી સૈન્ય માટે 'મર્સનરી'ની બરોબરી કરી શકે એવો અચ્છો જવાન તૈયાર થાય, પણ અહીં 'અગ્નિવીર' સૈનિકને માંડ ૧૦ અઠવાડિયાથી ૬ મહિનાની જ તાલીમ મળે છે!

આમ ઉતાવળે રજૂ કરવામાં આવેલી આ અધકચરી યોજનાના વિવાદથી દઝાડતી જવાળા સરકાર માટે શરૂઆતથી ખરા અર્થમાં આ અગ્નિપથ જ સાબિત થઈ રહી છે! ■

### આજે જગત કેટલાં યુદ્ધ આંતર વિગ્રહમાં અટવાયેલું છે?

છેલ્લાંમાં છેલ્લાં -૨૦૨૬ સુધીના આંકડા અનુસાર આજે જગતભરમાં ૩૦થી વધુ દેશ એક યા બીજી રીતે યુદ્ધમાં અટવાયેલા છે. એ જ રીતે, ૬૫થી વધુ દેશમાં આંતર વિગ્રહ જેવી હિંસક પ્રવૃત્તિ ચાલી રહી છે. (મ્યાનમાર- સિરિયા-યમન-ઈઝરાયલ - પેલેસ્ટાઈન -ગાઝા-લેબેનોન, ઈત્યાદિ)

આ ઉપરાંત, છેલ્લાં ચાર વર્ષથી યુક્રેન રશિયા વચ્ચે રીતસરનું 'યુદ્ધ' ચાલી રહ્યું છે.

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# લોકલ ક્રિકેટ લીગના નિમિત્તે રાષ્ટ્રીય બ્રાન્ડ બનવાની અચ્છી તક

બ્રાન્ડ હંમેશાં એવી પ્રોપર્ટીની તલાશમાં હોય છે. જેની સાથે તે સંકળાઈ શકે. ઉદાહરણ તરીકે એક સમયે મુંબઈમાં થતી મેરેથોન સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક સ્પોન્સર કરતી અને થોડાં વર્ષોથી ટાટા ગ્રુપ તેને સ્પોન્સર કરે છે. ટીવીમાં અમુક રિયાલિટી શો સાથે લોકો જોડાવા માગે છે, જેમકે કૌન બનેગા કરોડપતિ કે પછી બિગબોસ, ઇન્ડિયન આઇડોલ વગેરે. આવી જ એક મોટી પ્રોપર્ટી છેલ્લા ૧૮-૧૯ વર્ષોથી ભારતમાં ઉભરી આવી છે અને તે એટલે IPL. એક સમય હતો જયારે બ્રાન્ડના માર્કેટિંગ પ્લાનમાં દિવાળી માટે ખાસ અલગથી બજેટ રાખવામાં આવતું. આજે બ્રાન્ડ માટે આવી જ બીજી એક મોટી તક IPL આપે છે, જેના માટે બ્રાન્ડ અલગથી સારું એવું બજેટ પ્લાન કરે છે. ક્રિકેટની અને સ્પોર્ટ્સ જગતની મોટી લિગોમાંની આ એક આગવી લીગ કહી શકાય.

IPL ભારતીય ક્રિકેટ માટે નિર્વિવાદપણે એક મોટી પ્રોપર્ટી બની ચુકી છે, જેમાં મોટી બ્રાન્ડો ભારે રોકાણ કરે છે, કારણ કે તે મોટા કેનવાસ થકી બ્રાન્ડને સ્કેલ, વિઝિબિલિટી અને જોઈતી ઓળખ એ પ્રદાન કરે છે. તે રમતગમત, મનોરંજન અને વેપાર કેવી રીતે એકરૂપ થઈ શકે છે તેનું જીવતું જાગતું ઉદાહરણ છે.

આ તો થઇ મોટી પ્રોપર્ટી અને મોટી બ્રાન્ડની વાતો, હવે પ્રશ્ન એ છે કે આવી સફળતા કોઈ નાની બ્રાન્ડ પ્રાપ્ત કઈ રીતે કરી શકે?

**શું આવી પ્રોપર્ટીઓ નાની બ્રાન્ડ માટે પણ બનાવવી શક્ય છે?**

આપણે જાણીયે છીએ કે કોઈ પણ એક પ્રોડક્ટ કે બ્રાન્ડ પ્રખ્યાત થઇ જાય તો તેની પાછળ એવાજ પ્રોડક્ટ માર્કેટમાં આવે છે. કોઈપણ એક ટીવી રિયાલિટી શો પ્રખ્યાત થાય કે તેના જેવા બીજા શો બીજી ચેનલોમાં જોવા મળે છે. બસ, આ વાત IPL જેવી લીગની સાથે પણ થઇ છે. આજે રાજ્યો, શહેરોથી લઈને સોસાયટી સ્તરે આવી ટુર્નામેન્ટો જોવા મળે છે. સેલિબ્રિટી લીગ પણ થઇ રહી છે. મોટા મોટા સેલિબ્રિટી અને ભૂતપૂર્વ ખેલાડીઓ આવી ટીમ ખરીદે છે. સિઝન બોલ નહિ પણ ટેનિસ બોલની લીગ પણ મોટા પાયે ખેલાય છે.

IPL જેવા પ્રાઇમ ટાઇમ બ્રોડકાસ્ટની ઝગમગાટની બહાર એક વિશાળ, ઓછી પ્રખ્યાત આવી લીગ્સ પણ છે , જ્યાં ક્રિકેટરોની આગામી પેઢી આકાર લઈ રહી છે. ભારત દેશ ક્રિકેટ પ્રેમી દેશ છે, અહીં ક્રિકેટ ફક્ત જોવાતી નથી પણ ઘરે ઘરે રમાય છે. હરેક ગલીમાં એક સચિન કે વિરાટ બનવાનું સપનું લઇ લોકો આ ખેલમાં ઓતપ્રોત થાય છે. આવા સમયે પ્રાદેશિક લીગ અને રાજ્ય સ્તરની ટુર્નામેન્ટોમાં ફક્ત નવા નવા ખેલાડીઓ મળે છે પણ નાની બ્રાન્ડ માટે પણ મોટી તક લઈને આવે છે. આપણે મહારાષ્ટ્રમાં રહીયે છીએ તેથી આપણી જાણ ખાતર મહારાષ્ટ્ર પ્રીમિયર લીગ અને મુંબઈ ક્રિકેટ લીગ જેવી લીગ એક વેપાર અને ક્રિકેટ થકી મનોરંજનનું ઇકોસિસ્ટમ ઊભું કરે છે.




બ્રાન્ડના દૃષ્ટિકોણથી, આ પ્લેટફોર્મ એમને માટે કંઈક એવું પ્રદાન કરે છે જે IPL જેવી મોટી પ્રોપર્ટી ના આપી શકે. નાની બ્રાન્ડ માટે આવી પ્રોપર્ટી સાથે જોડાવાની તક રહે છે. આમાં પ્રવેશ મેળવવા માટે અવરોધો પણ ઓછા છે અને સૌથી મહત્ત્વનું આના દ્વારા ટાયર ૧ અને ટાયર ૨ શહેરોની પરેના બજારોમાં પ્રવેશ કરવાની તક મળે છે. નાની અથવા પ્રાદેશિક બ્રાન્ડસ માટે આ ફક્ત સ્પોન્સરશિપની વાત નથી પણ તે મહત્ત્વાકાંક્ષા, એક ચોક્કસ સમુદાય સાથે જોડાવાની અને સ્ટારડમ મેળવવાની ચાવી છે.

હરેક પ્રાદેશિક બ્રાન્ડનું સપનું હોય છે રાષ્ટ્રીય સ્તરની બ્રાન્ડ બનવાનું. નાના શહેરની અથવા પ્રાદેશિક બ્રાન્ડની પણ મહત્ત્વાકાંક્ષા હોય છે કે તે પણ મોટી બ્રાન્ડની જેમ વર્તે-એની જેમ તેને સ્પોન્સર્શિપ મળે...

ભાવનાત્મક રીતે આને સમજીયે તો આવા વેપારીઓ માટે આ અમૂલ્ય તક છે આવા ફલક પર લાવવાની અને મોટી બ્રાન્ડોને જાણ કરવાની કે 'અમે આવી રહ્યા છીએ...!'

આને એક વ્યૂહાત્મક રીતે જોઈએ તો, પ્રાદેશિક લીગમાં આજે જે ખેલાડી ચમકશે તે આવતીકાલે IPLની હરાજીમાં દેખાશે અને મોટા ભાવે ખરીદાશે, મોટું નામ બનશે. આથી બ્રાન્ડ્સ માટે શરૂઆતમાં આવા ખેલાડીઓ સાથે જોડાવું ફાયદામંદ સાબિત થશે, કારણ કે જેમ જેમ આવા ખેલાડી રેન્કમાં આગળ વધશે, તેમ તેમ બ્રાન્ડ તેમની સાથે આગળ વધશે. ખેલાડીની સાથે બ્રાન્ડની ઇક્વિટીમાં પણ વધારો થશે.

બ્રાન્ડ માટે પોતાની આર્થિક ક્ષમતાના આધારે આવી લીગ સાથે જોડાવાના રસ્તા મળી જશે. આ લીગની ટીમોનું પણ એક બજેટ હશે જે તેમને સ્પોન્સરશિપ થકી કમાવું પડશે.

બ્રાન્ડ આનો ફાયદો પોતા માટે કરી શકશે. બ્રાન્ડે એક વાત ધ્યાનમાં રાખવી પડશે કે એકાદ સિઝન નહિ પણ લાંબા ગાળા સુધી એ જોડાયેલા રહે, જે એને નવી ઓળખ પ્રદાન કરશે. નવાં આજુબાજુનાં શહેરોમાં તેઓને એન્ટ્રી મળશે. આ વાત મોટી બ્રાન્ડ માટે પણ જરૂરી છે, જયારે એ નાનાં શહેરોમાં વિસ્તરવાનું વિચારતા હોય. બ્રાન્ડને નામ, નવી ઓળખાણ, નવી વિચારધારા અને નવી દિશા આવી પ્રોપર્ટીઓ પ્રદાન કરશે જે તેમના રાષ્ટ્રીય બ્રાન્ડ બનવાનાં સપનાને આકાર આપશે ... ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# દેશોનાં તમામ અર્થતંત્રના ગુણાકાર એટલે વેલેન્ટાઇન-ડે

જુદા જુદા દળ કે જૂથ વેલેન્ટાઈન ડેનો વિરોધ કરવા જંગલીવેડા કરે કે કાયદો હાથમાં લે એ તો દર વખતનું થયું. ગુજરાતીની નજર હોવી જોઈએ ધંધા પર. વેલેન્ટાઇન સિઝનમાં બિઝનેસ બહુ થતો હોય છે. દર વર્ષે ૧૪ ફેબ્રુઆરીએ ઉજવાતો આ ઉત્સવ દરેક દેશના અર્થતંત્રને જાણે એક 'રિ-સ્ટાર્ટ' મારી દે છે. નાતાલનો તહેવાર પણ ખૂબ ધામધૂમથી ઉજવાતો હોય છે, પરંતુ વેલેન્ટાઈન ડે નિમિતે જેટલા દેશોમાં જેટલા મોટા પયમાના ઉપર આર્થિક ઉથલપાથલ થાય છે એટલી બીજા કોઈ ઉત્સવમાં નથી થતી. કટ્ટરવાદી દેશો અને અમુક રૂઢિચુસ્ત મુસ્લિમ દેશો જ્યાં કાયદાકીય રીતે વેલેન્ટાઈન ડેના સેલિબ્રેશન ઉપર પ્રતિબંધ હોય છે તેના અપવાદ સિવાય દરેક દેશના સ્થાનિક રહીશો આ દિવસ ધામધૂમથી ઉજવે છે. વેલેન્ટાઈન ડે પ્રમાણમાં નવો નવો શોધાયેલો ફેસ્ટિવલ છે.

બે વિજાતીય પાત્રો એકમેકને પોતાના મનની લાગણી નિર્દોષતાથી અને બિલકુલ બિનહાનિકારક રીતે વ્યક્ત કરે તો તે બહુ રૂડી વાત છે. જેમ રક્ષાબંધનનો તહેવાર હોય, મધર્સ- ડે અને ફાધર્સ- ડે હોય તેમ બે વિજાતીય પાત્ર વચ્ચેના સંબંધનો પણ એક તહેવાર હોવો જોઈએ. વેલેન્ટાઈન ડે તેની ખોટ પૂરી પાડે છે. વસંતપંચમીની તિથિની આજુબાજુ જ દર વર્ષે વેલેન્ટાઈન ડે આવે છે. આ જ હકીકત બતાવે છે કે વેલેન્ટાઈન ડે એ કુદરતના સહારે કરવામાં આવતી ઉજવણી છે. વસંત ઋતુ જ કુદરત માટે ખીલવાની મૌસમ છે. વસંત અને વેલેન્ટાઇન અને આપણો પુરાતન ભારતીય ભૂતકાળ ઉપર તો એક લેખમાળા થઇ શકે, પરંતુ આજે આપણો મુખ્ય વિષય છે વેલેન્ટાઈન ડે અને તેની સાથે સંકળાયેલું અર્થતંત્ર.

અમેરિકામાં રિટેલના બિઝનેસ ઉપર દેખરેખ રાખનારી એક સંસ્થા છે, જે 'નેશનલ રિટેલ ફાઉન્ડેશન' તરીકે ઓળખાય છે. આ સંસ્થાએ જાહેર કરેલા લેટેસ્ટ આંકડા મુજબ ૨૦૨૬ના વેલેન્ટાઈન દિવસે અંદાજીત ચાલીસેક અબજ ડૉલરનો બિઝનેસ ફક્ત આ તહેવાર નિમિત્તે થશે! ચોક્કસ આંકડામાં કહીએ તો ૩૯.૬ બિલિયન ડૉલર જેટલો ખર્ચ ફક્ત અમેરિકનો કરશે, પોતાના પ્રિયજનને હેપી વેલેન્ટાઈન ડેની શુભેચ્છા પાઠવવા માટે. વળી આ ખર્ચો ગયા વર્ષે થયેલા કુલ ખર્ચ કરતાં ઘણો વધુ છે.



આમ જો ફક્ત વેલેન્ટાઈન વીકમાં આટલા મોટા પાયે ખરીદ-વેચાણ થતું હોય તો કેટલી જંગી રકમ માર્કેટના મુખ્ય પ્રવાહમાં મળે તે વિચારવા જેવું છે. ઠંડી પડી ગયેલી બજારને આવા જંગી વધારાથી કેટલો મોટો ધક્કો મળે અને સરવાળે દરેક વર્ગના વ્યક્તિઓને ફાયદો થાય. રિટેલમાં જ જો આટલો ઉછાળો આવતો હોય તો તે ઈકોનોમીને જબરી બુસ્ટ કરે.

ઉપભોક્તાની ખરીદશક્તિનો કોઈ પણ દેશના અર્થતંત્રમાં મોટો ફાળો હોય છે. જે તે અર્થતંત્રમાં સીત્તેર ટકા ફાળો રિટેલ આઉટપુટનો હોય છે જે વેલેન્ટાઈન ડેને કારણે વધી જાય છે. સરવાળે દેશના જીડીપી-વાર્ષિક ઘરેલું ઉત્પાદનને પણ ફાયદો જ થાય. વળી વેલેન્ટાઈન નિમિત્તે પુરુષ-સ્ત્રી દ્વારા થતા ખર્ચામાં પણ ભેદભાવ જોવા મળે. સરેરાશ રીતે પુરુષ દરેક સ્ત્રી કરતાં બમણો ખર્ચો કરતો હોય છે. જો પુરુષ ૧૯૬ ડૉલર્સની વેલેન્ટાઇન ખરીદી કરશે તો તેની સામે સ્ત્રીનો સરેરાશ વેલેન્ટાઈન ખર્ચ ૧૦૦ ડૉલર્સની અંદર રહે છે. તેનું મુખ્ય કારણ તો પુરુષ અને સ્ત્રી વચ્ચે આર્થિક અસમાનતા પણ છે. સામાન્યતઃ સરેરાશ પુરુષ સરેરાશ સ્ત્રી કરતાં વધુ કમાય છે માટે પણ ખર્ચાના આંકડામાં આટલી મોટી અસમાનતા જોવા મળે છે.

આ એક તહેવાર એવો છે જેમાં જેમ વ્યક્તિ ઉમરમાં નાની તેમ તેનો ઉત્સાહ પ્રમાણમાં વધુ. ટીનેજર બાળકોમાં વેલેન્ટાઈન ડેનો જબરો ક્રેઝ જોવા મળે છે. ફક્ત અમેરિકામાં જ નહિ, ભારતમાં પણ સરેરાશ દર પાંચમું કે છઠું બાળક જે કિશોર કે કિશોરી છે તે વેલેન્ટાઈન નિમિત્તે કશું ને કશું ખરીદી કરે છે. ૧૮ થી ૨૪ વર્ષની આયુ ધરાવતા યુવાનોમાંથી સાઠ ટકા યુવાનો આ તહેવાર ઉજવે છે.

આ બધા વસ્તુઓના વેચાણમાં નંબર વન પર છે ચોકલેટ. પંચાવન ટકા લોકો ચોકલેટ લે છે, જેની માર્કેટ ૧.૮ બિલિયન ડૉલર્સની છે. બીજા ક્રમાંકે છે ગ્રીટિંગ કાર્ડ્સ. ૪૪ ટકા લોકો કુલ ૧ બિલિયન ડૉલરના કાર્ડ્સ લે છે એના પછી ત્રીજા ક્રમાંકે પિકનિક કે રેસ્ટોરન્ટ ડિનર પેટે ૩૫ ટકા લોકો ૩.૭ બિલિયન ડૉલર્સથી વધુ ખર્ચો કરશે. ચોથા અને પાંચમાં ક્રમાંકે ફૂલો અને જ્વેલરી એટલે કે ઘરેણાંની આઈટમો આવશે. તે બંને મળીને ૬.૭ બિલિયન ડૉલર્સનું માર્કેટ થાય છે.

ઘણા બધા લોકો વેલેન્ટાઈન ડે નિમિત્તે કુટુંબો પોતાના પ્રિયજન કે લાઈફ પાર્ટનર સિવાય પોતાના આખા કુટુંબ માટે પણ ગિફ્ટ લાવે છે અને સાથે ઉજવણી કરે છે. દરેક તહેવાર સારો હોય તેમ વેલેન્ટાઈન ડે પણ એક સારો તહેવાર છે. હા, દરેક તહેવારની જેમ જ તેની ઉજવણી વિવેકબુદ્ધિપૂર્વક થવી જોઈએ. ■

# જ્યોતિષીની ફક્ત ૬ ટકા આગાહીઓ જ સાચી પડે છે?

હાસ્ય વિનોદ




વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

જ્યોતિષ એ એવું શાસ્ત્ર છે જે કેટલીક વાર તો જ્યોતિષીનેય આંખે અંધારા લાવી દે. ત્રીજી ફેબ્રુઆરી ૨૦૦૧ના રોજ ધરતીકંપનો ભારે આંચકો આવશે એવી છાપામાં આગાહી કરનાર ગાંધીનગરના એ જ્યોતિષીને સ્વપ્નેય ખ્યાલ નહીં હોય કે તેનું આ ભવિષ્યકથન તેને માટે જેલયોગ ઊભો કરશે. કહેવાય છે કે જ્યોતિષીઓ દૂરનું જોઈ શકે છે એટલી સરળતાથી નજીકનું જોઈ શકતા નથી. આ જ્યોતિષીને જાણ નહોતી કે તેના સંસારમાં ૭.૯ની તીવ્રતાવાળો ધરતીકંપનો આંચકો આવશે, તેની પત્ની અન્ય સાથે નાસી જશે. દક્ષિણા નહીં મળતી હોવાથી જ્યોતિષીઓ મોટા ભાગે પોતાનું અંગત ભવિષ્ય જોવાનું ટાળે છે ને તે જોવાનું થાય તો પણ ઉપલકિયું જુએ છે, તેમાં ઊંડા ઊતરતા નથી. ઉ. ત. જેની પત્ની બીજા જોડે ભાગી ગઈ એ જ જ્યોતિષીને પોતાની કુંડળીના અભ્યાસમાંથી એટલું જ જાણવા મળ્યું હોવાની શક્યતા છે કે નજીકના ભવિષ્યમાં સંસારમાં નહીં કલ્પેલું સુખ મળશે એક સર્વે પ્રમાણે જ્યોતિષીઓ દ્વારા જે ભવિષ્ય ભાખવામાં આવે છે તેમાંની માત્ર છ ટકા આગાહીઓ જ સાચી પડે છે. બાકીની ચોરાણું ટકા ખોટી, સાવ ખોટી પડે છે.

આ હકીકતની ખબર હોવાથી મોગલ બાદશાહ ઔરંગઝેબે ભવિષ્યકથન પર પ્રતિબંધ મૂકતો કડક કાયદો અમલમાં મૂક્યો હતો. જેના કારણમાં કહે છે કે શાહજહાં બીમાર પડતાં, ઔરંગઝેબના ભાઈ મુરાદબક્ષે, ગાદીએ બેસવા માટે અમદાવાદના પ્રખર જ્યોતિષીઓને બોલાવ્યા હતા. અમદાવાદમાં જ બેઠેલા મુરાદબક્ષને, ૧૬૫૭ના નવેમ્બરની ૨૦મી તારીખે સૂર્યોદય બાદ ચાર કલાક ને ચોવીસ મિનિટે, ઉત્તમ મુહૂર્ત કાઢી આપીને - આવા ગ્રહોનો યોગ ઘણાં વરસે એકાદ વાર આવે છે એમ જણાવીને જ્યોતિષીઓએ આ મુહૂર્ત જલદીથી સાચવી લેવાની તાકીદ કરી હતી. આ ઉત્તમ મુહૂર્તમાં મુરાદ ઉતાવળે, ખાનગી ઓરડામાં, થોડા વિશ્વાસુ માણસોની હાજરીમાં અને મિડિયાવાળાઓની ગેરહાજરીમાં ગાદીએ બેઠોને અમદાવાદમાં જાહેર દરબાર ભરી પાંચમી ડિસેમ્બરે તેનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. આ વખતે જ્યોતિષીઓએ એવી આગાહી કરી હતી કે અગાઉના તમામ બાદશાહો કરતાં રાજા મુરાદબક્ષ વધારે સુંદર ને ઉત્તમ પ્રકારનો રાજ્યવહીવટ કરશે, તેમ જ સફળ અને લોકપ્રિય રાજા લેખે ઈતિહાસમાં નામ કાઢશે... અને ૧૬૫૮ના જાન્યુઆરીની ૧૯મી તારીખે મુરાદબક્ષને પકડવામાં આવ્યો ને ઔરંગઝેબે તેને રિબાવી રિબાવીને માર્યો. એ દિવસથી મુરાદબક્ષને જ નહીં, ઔરંગઝેબને પણ જ્યોતિષમાંથી શ્રદ્ધા ઊડી ગયેલી.

મુરાદબક્ષ જેવો જ કિસ્સો ભગવાન રામચંદ્રજીનો છે. અયોધ્યાના પંડિત જ્ઞાની એવા પ્રખર રાજ્ય જ્યોતિષીઓએ રામચંદ્રજીના રાજ્યાભિષેકનું ઉત્તમોત્તમ મુહૂર્ત કાઢી આપ્યું હતું. એક પણ જ્યોતિષીને કલ્પના પણ નહીં હોય કે આ રાજ્યાભિષેક-સમારંભ અનિવાર્ય કારણસર રદ થશે ને આપણે દક્ષિણા મેળવ્યા વગર, વીલા મોંએ ઘેર પાછા ફરવું પડશે! કદાચ એટલે જ, રાજા રામચંદ્રમાંથી દાખલો લઈને અત્યારના પૉલિટિશિયનો પહેલાં ખુરશી હસ્તગત કરી લે છે, ત્યારબાદ રાજ્યાભિષેક શપથવિધિ જેવી ફોર્માલિટી - ઔપચારિકતા અનુકૂળતાઓ ગોઠવે છે.

કદાચ આ જ કારણે કહેવાયું છે કે ગૉડ ઈસ ધ ઓન્લી એસ્ટ્રોલોજર - ફક્ત એક ઈશ્વર જ જ્યોતિષી છે. પણ ઈશ્વર માટે આપણે જો 'દેવ' શબ્દ વાપરીએ તો પાછો ગોટાળો ઊભો થાય. દમયંતીને વરવા માટે યમ, અગ્નિ, વરુણ અને ઇંદ્ર જેવા દેવો મેદાને પડ્યા હતા ને દમયંતી તો મનથી ને પછી તનથી નળને વરી ત્યારે દેવો તેમને બ્રહ્મા, વિષ્ણુ કે મહેશ, કોઈએ નહીં કહ્યું હોય કે પૃથ્વી પર જવાની મજૂરી કરવી રહેવા દો, તમારો ગજ દમયંતી પાસે નહીં વાગે, નાલેશી સાથે પીછેહઠ કરવી પડશે!

લગભગ પોણી સદી પૂર્વેની એક સત્યઘટના પ્રમાણે મુંબઈના એક પ્રતિષ્ઠિત રાજજ્યોતિષી હતા. રાજા-મહારાજાઓનાં જ ભવિષ્ય જોતાં, કેમ કે સાધારણ માણસોને તો ભવિષ્ય જ ક્યાં હોય છે! ભવિષ્ય કહી આપવા સામે શાહી દક્ષિણા લેતા. રાજરજવાડાંઓમાં તેમની ભારે બોલબાલા હતી.

એક દિવસ રાજસ્થાનના કોઈ મહારાજા તરફથી કહેણ આવ્યું કે રાજાસાહેબ આપને પોતાની ગ્રહદશા બતાવવા ઈચ્છે છે તો આપ મારતી ટ્રેને આવી પહોંચો.

રાજજ્યોતિષી તો રેલવે ટ્રેનના પ્રથમ વર્ગમાં બેસી ઠાઠથી રાજસ્થાનનાં ભૈરવગઢ સ્ટેશને ઊતર્યા ને તેમને તેડવા કોણ આવ્યું છે એ જોવા પ્લેટફોર્મ પર પગ મૂક્યો ત્યાં સામે રાજ્યનો પોલીસ અધિકારી મહારાજાસાહેબના હુકમ સાથે ઊભો હતોઃ 'ધરપકડ કરો'. સ્તબ્ધ થઈ ગયેલી જ્યોતિષીને હાથકડી પહેરાવી સીધા જેલમાં ધકેલી દેવાયા. 'કશીક ભૂલ થાય છે, હું તો મહારાજાનો ટેલિગ્રાફ મળ્યો એટલે આવ્યો છું. મને તેમની સાથે મેળાપ તો કરાવો...' જ્યોતિષીએ કાકલૂદીઓ કરી. પંડિતજીને સારો એવો મેથીપાક જમાડવામાં આવ્યો. તેમને ત્રણ ત્રણ મહિના સુધી જેલમાં ગોંધી રાખવામાં આવ્યા. પૂરું ખાવાનું પણ ન આપે. એક સવારે મહારાજાસાહેબનો હુકમ લઈ મુનસફ હાજર થયોઃ 'રાજજ્યોતિષી ફલાણા ફલાણાને છોડી મૂકો ને મારી સમક્ષ દરબારમાં હાજર કરો.' 'બદમાશો, હવે તમને બધાને ખબર પડી જશે કે તમે કેટલા મહાન જ્યોતિષીને પકડવાની ભૂલ કરી હતી.' દરબારમાં મહારાજાએ હસતાં હસતાં જ્યોતિષી મહારાજનું સ્વાગત કર્યું, એટલે પંડિતજીએ તો ગર્જના કરીઃ 'મહારાજાસાહેબ, આપના આ માણસો સાવ ગધેડા છે, ગધેડા. ત્રણ મહિના સુધી મને કારાગારમાં ખોસી ઘાલ્યો. મારું કોઈ સાંભળે જ નહીં. આ લોકોને છઠ્ઠીનું દૂધ યાદ આવી જાય એવી કડક સજા કરો.' જ્યોતિષીને શાંત પાડતાં મહારાજાએ જણાવ્યું: 'જ્યોતિષીવર્ય, શાંત થાઓ અને અમને ક્ષમા કરો, કેમ કે, આપનેય અમે હવે ક્ષમા જ કરી દઈએ છીએ.' મહારાજાની મર્મવાણી સમજાઈ નહીં એટલે રાજજ્યોતિષાચાર્યે સ્હેજ ક્રોધથી પૂછ્યું 'રાજરાજેન્દ્ર, કંઈક સમજાય એવું તો વદો!' ઉત્તરમાં મહારાજા બોલ્યાઃ 'જ્યોતિષીવર્ય' આપે મુંબઈથી પ્રસ્થાન કર્યું ને ટ્રેનમાં બેઠા ત્યારે શુભ મુહૂર્ત જોયું જ નહોતું? આપની કુંડળી દ્વારા આપ જાણી શકેલા નહીં કે આપને ત્રણ માસનો કારાગારયોગ છે! આપ જો આપનું ભવિષ્ય જાણી શકતા નથી તો અમારું ભવિષ્ય શું ભાખવાના! આપ ચૂપચાપ મુંબઈની વાટ પકડો, એમાં જ આપનું હિત છે...'

લગભગ સાતેક વર્ષ અગાઉની આ પણ એક સત્ય ઘટના છે. રાજકોટ જતાં રસ્તામાં લીમડીની એક હોટેલમાં બેસીને અમે નાસ્તો કરતાં હતા. ત્યાં એક ઓળખીતા જ્યોતિષી મળ્યા. અમે તેને પૂછ્યુંઃ 'અહીં ક્યાંથી?' તેમણે ઉત્તરમાં જણાવ્યુંઃ 'અમે પિસ્તાળીસ જ્યોતિષીઓ એસ્ટ્રોલોજર્સ કૉન્ફરન્સમાં જઈ રહ્યા છીએ. અહીં ગાડી બગડી એટલે બધા ઊતરી ગયા. અમદાવાદથી બીજી બસ આવશે. તેમાં જઈશું. એ બસની વાટ જોઈ રહ્યા છીએ.'

'તો પિસ્તાળીસમાંના એક પણ જ્યોતિષીએ એવી આગાહી નહોતી કરી કે 'બસ' અધવચ્ચે જ ખોટવાઈ જશે ને કૉન્ફરન્સ સમયસર શરૂ નહીં થાય?' અમે જાણવા માંગ્યું. પણ આવા અશ્રદ્ધાથી ભરેલા સવાલનો જવાબ આપ્યા વગર તે બાજુમાં ફંટાઈ ગયા.

પં. જવાહરલાલ નેહરુએ કહ્યું છેઃ 'મૂર્ખાઓ જ સંકટ સમયે જ્યોતિષીઓની સલાહ માગવા દોડી જાય છે, જ્યારે શાણા માણસો પોતાની સમસ્યાઓનો ઉકેલ પોતાની જ વિવેકબુદ્ધિ અને મનોબળથી લાવવા મથે છે.' પણ મુશ્કેલીએ છે કે 'જ્યોતિષમાં હું લેશમાત્ર માનતો નથી.' એમ કહેનાર આપણા ભૂતપૂર્વ વડા પ્રધાન મોરારજીભાઈ દેસાઈ જેવા પણ પોતાની બંડીના ખિસ્સામાં પોતાની કુંડળી રાખતા. યશોધર મહેતાએ વર્ષો અગાઉ પોતાના કોઈ પુસ્તકમાં છાતી ઠોકીને એવી આગાહી કરી હતી કે તમે જોજો, એક દિવસ મોરારજીભાઈ દેસાઈ ભારતના વડા પ્રધાન થશે. કદાચ એ દિવસથી મોરારજીભાઈએ પોતાની કુંડળી કાયમ માટે સાથે રાખવાનો નિર્ધાર કર્યો હશે - યશોધરે કહેલો દિવસ ક્યારે આવશે એ જાણવા! શ્રીમતી ઈન્દિરા ગાંધીને શક્ય છે કે કોઈ ભવિષ્યવેત્તાએ કહ્યું પણ હશે કે મૅડમ, તમે પણ તમારા પરમ પૂજ્ય પિતાશ્રીની પેઠે એક દિવસ વડા પ્રધાનની ખુરશી સેરવી લેશો. આ ઈન્દિરાજીને જ્યોતિષશાસ્ત્રમાં અનહદ શ્રદ્ધા હતી. એવું તેમની નજીકના લોકો કહેતા. તેમના પિતાશ્રીએ ભલે કહ્યું હતું કે મૂર્ખાઓ જ સંકટ સમયે જ્યોતિષીઓની સલાહ માગવા દોડી જાય છે. પણ આ મૂર્ખાઈ કરવાનું મેડમને ગમતું ને એટલે તો કેટલીક વાર તે જ્યોતિષીઓ પાસે જવા સંકટો ઊભાં કરતાં, પેટ ચોળીને શૂળ ઊભું કરતાં. પણ એકેય જ્યોતિષીએ તેમને ૩૧મી ઓક્ટોબરે નહોતું કહ્યું કે બહેન, આજે તમે બુલેટપ્રૂફ જાકીટ પહેરીને પણ ઘરની બહાર ન નીકળશો.

ફ્રેન્ચ નાટ્યકાર વૉલ્ટેર ૩૨માં વર્ષે ગુજરી જશે એવી આગાહી એક પ્રખર જ્યોતિષીએ એ વખતે કરી હતી. પણ આ નાટ્યકાર પૂરાં ૮૪ વર્ષ સુધી જીવ્યો હતો. અને ૧૯૯૫માં હું ગંભીર બીમારીમાં પટકાયો હતો ત્યારે મુંબઈના એક જ્યોતિષીએ ભાખ્યું હતું કે જાતકના બચવાના ચાન્સિસ માંડ બેથી ત્રણ ટકા છે, બાકી આ માંદગીમાંથી તે બચી જશે તો પણ 'ગુડ ફોર નથિંગ' જેવું જ સમજવું, હલનચલન કે શારીરિક કામ કરવાની ક્ષમતા ગુમાવી દેશે. એ માંદગીને આજે ૭ વર્ષ થયાં, પણ ત્યારથી આજ દિન સુધી મારું માથુંય નથી દુખ્યું - હા, મારા કારણે બીજાઓનાં માથા દુખતાં હશે, પણ એ તેમનો પ્રશ્ન છે.

આવું બધું હોવા છતાં એકલા ભારતમાં જ જ્યોતિષીઓની સંખ્યા છ લાખ કરતાંય વધારે છે. માત્ર સ્ત્રીઓનો જ હાથ પકડીને, તેમનું ભવિષ્ય કહેનાર જ્યોતિષીઓનો આમાં સમાવેશ થતો નથી. જે લોકો બીજા અનેક ધંધામાં નિષ્ફળ જાય છે તે આ જ્યોતિષીના ધંધામાં ખૂબ જ ફાવ્યા છે. છેતરપિંડી, વિશ્વાસઘાત અને બદમાશીના અનેક ગુનાસર જેલ ભોગવી આવનાર એવા કેટલાય જણા આ ધંધાને લીધે તરી ગયા છે. આવા એક જ્યોતિષીને ઓળખું છું જેની પાસે જવા માટે આજે તેના સેક્રેટરી પાસે એપૉઈન્ટમેન્ટ લેવી પડે, તો જ તે મળી શકે. એટલે જ્યોતિષ એ સાચે જ કળા છે, માણસ બેવકૂફ બનાવવાની કળા. અહીંથી અમેરિકા કવિતા-વાચન માટે ગયેલા એક કવિએ ત્યાંથી પાછા ફર્યા બાદ અમને માહિતી આપી હતી કે 'મને કવિતા વાંચવા કરતાં જ્યોતિષ જોવાની કમાણી વધારે થઈ.' એ કવિની રસિક પ્રકૃતિ જોતાં મને લાગે છે કે પુરુષો કરતાં સ્ત્રીઓની હથેળી જોવાની ફી તેને વધારે મળી હશે. આમ પણ સ્ત્રીઓને પોતાનું ભવિષ્ય અને પતિનો વર્તમાન જાણવામાં ઘણો રસ હોય છે.

આ દેશમાંથી વરસે દહાડે ૫૦૦ જેટલાં પંચાંગો અને ૩૦૦થી વધારે જ્યોતિષ પરનાં મૅગેઝિનો પ્રગટ થાય છે. ઉપરાંત ૧૫૦૦ જેટલાં પુસ્તકોય પ્રગટ થાય છે. આ બધામાં કોઈક ઠેકાણે પેલી છ ટકામાંની બે-ત્રણ આગાહીઓ સાચી પડી જાય છે. હું કંઈ રૅશનાલિસ્ટ નથી કે નાસ્તિક પણ નથી, ઈશ્વરથી ડરીને ચાલનારો છું. પણ એક જ્યોતિષી મિત્રે મને તેમના જ્યોતિષવિષયક જ્ઞાનથી એક વાર છક કરી નાખ્યો હતો. એક વખત એવું બન્યું કે મિનર્વાના સિંહ ગણાતા સોહરાબ મોદીએ એક પત્રકાર પરિષદ ભરી હતી જેમાં હું પણ, પત્રકાર નહીં હોવા છતાં, આમંત્રણ મળવાથી ગયો હતો. પોતાની ખરાબ ગ્રહદશાને કારણે સોહરાબ મોદી એક ગુજરાતી ફિલ્મ ઉતારવા માગતા હતા - 'ગુજરાતનો નાથ'. કયા કલાકારને આ ફિલ્મનો નાયક-હીરો બનાવવો એ અંગે પત્રકારોની સલાહ માગવાની દુર્બુદ્ધિ તેમને સૂઝી હતી. મારી બાજુમાં એ જ્યોતિષીમિત્ર બેઠો હતો ને અમારી બિલકુલ સામે સોહરાબ મોદી બેઠા હતા. છરી-કાંટાથી કટલેસ કાપી મોંમાં મૂકતાં જ્યોતિષીમિત્ર સોહરાબ મોદી સામે જોતાં મારા કાનમાં ગણગણ્યોઃ

'આ બકવાસ કરે છે...'

'એટલે?' મેં તેને પૂછ્યું.

'આ ફિલ્મ તે બનાવી નહીં શકે, ફિલ્મ ઊતરતાં પહેલાં તે પોતે જ ઊતરી જશે.' તે બોલ્યો.

'જરા ધીરે બોલો, આપણે અત્યારે તેનું ધાન ખાઈ રહ્યા છીએ...' મેં સ્હેજ સંકોચથી કહ્યું.

'આ હું નથી બોલતો, તેની કુંડળી બોલે છે. મેં હમણાં જ તેની પ્રશ્નકુંડળી મૂકી.' તે બોલ્યો.

એ મિત્ર સાવ સાચો પડ્યો. સોહરાબ મોદી 'ગુજરાતનો નાથ' ઉતારતાં પહેલાં જ ગુજરી ગયા. પણ એ પહેલાં તો આ જ્યોતિષીમિત્ર પણ ગ્રહોની ચાલ સમજવા ઘણે દૂર ચાલી નીકળ્યો હતો. તે ગંભીરપણે બીમાર થઈ હૉસ્પિટલમાં દાખલ થયો ત્યારે હું તેની ખબર કાઢવા ગયો હતો અને તેણે છાતી ઠોકીને કહ્યું કે ડૉક્ટરો ગમે તે બકબક કરે, પણ મારું આયુષ્ય ૭૨ વર્ષનું છે, હજી તો મને પચાસ પણ પૂરાં થયાં નથી, તું જોજે, ૭૨ વર્ષ સુધી મને કશું જ થવાનું નથી અને આવું ભવિષ્ય ભાખ્યાના ૭૨ કલાકમાં જ તે અવસાન પામેલો.

એમ તો રાજીવ ગાંધીના કિસ્સામાંય તેમના ગ્રહોએ જ્યોતિષીઓને થાપ ખવડાવી દીધી હતી. એક પ્રખર અખબારી જ્યોતિષીએ છાતી ઠોકીને એવી આગાહી કરી હતી કે રાજીવ ગાંધી ફરીવાર ભારતના વડા પ્રધાન બનશે. અને ધારો કે તે વડા પ્રધાન નહીં થઈ શકે તો વિરોધ પક્ષના શક્તિશાળી નેતા તો ચોક્કસ બનશે એમાં મીનમેખ નથી. આ તો બરાબર પેલા ફૂટપાથી જ્યોતિષ જેવું જ ભવિષ્યકથન છે. એક સજ્જનનો હાથ જોઈને ફૂટપાથ પર બેસતા એક જ્યોતિષીએ જણાવ્યું કે ટૂંક સમયમાં તમારી પત્નીનું અવસાન થશે. 'પણ મહારાજ, મારી પત્નીને ગુજરી ગયે તો આજે સાત વર્ષ થઈ ગયા.' એ ભાઈએ માહિતી આપી, એટલે સ્હેજ પણ ક્ષોભ પામ્યા વગર જ્યોતિષીએ નવી આગાહી કરીઃ 'તો તમારી છત્રી ખોવાઈ જશે.'

પણ રાજીવ ગાંધીના અવસાન અંગે માત્ર બાબાજી નામના જ્યોતિષીએ તેમના અવસાનના ત્રણ મહિના પહેલાં સ્પષ્ટપણે ભાખ્યું હતું કે ધ સ્ટડી ઑફ ધિસ હોરોસ્કૉપ શોઝ ધેટ આફ્ટર ટ્વેન્ટીએથ ઑગસ્ટ નાઈનટીન નાઈન્ટી વન, ધ હોરોસ્કૉપ ઓફ રાજીવ ગાંધી વિલ કમ્પલિટલી સીલ્ડ! (આ કુંડળીનો અભ્યાસ સૂચવે છે કે ૨૦મી ઑગસ્ટ ૧૯૯૧ પછી રાજીવ ગાંધીની કુંડળી સંપૂર્ણપણે સમાપ્ત થઈ જશે) - કેટલી સચોટ આગાહી!... રાજીવજીની કુંડળી જ નહીં, હાથની રેખાઓ પણ ધુમાડો બની હવામાં ઓગળી ગઈ. જોકે આ જ બાબાની સેંકડો આગાહીઓ તદ્દન ખોટી પડી છે, પણ એમાં બાબાનો કોઈ દોષ નથી. પેટનાં જણ્યાં જ કેટલીક વાર મા-બાપના કહ્યામાં નથી રહેતાં, તો પછી અવકાશી ગ્રહો બાબાના કહ્યા પ્રમાણે ન વર્તે એમાં બાબા બિચારા શું કરે?

હું જ્યોતિષી નથી તોય બોલો, એકસો ને એક ટકા સાચી પડે એવી એક આગાહી હું કરું? - જાવ, આ લેખ અહીં પૂરો થશે. ■

# વિવાહમાં ધોળ ને મરણમાં રાજિયા

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

કહેવતોમાં લોકજીવનનો અનુભવ નીતરતો હોય છે અને એની ભાષા સાદી અને સરળ હોવાથી કહેવતો જલદી લોકજીભે ચડી જાય છે. કહેવતોની અનેક ખાસિયત છે જેમાં લોકજીવનના પ્રતિબિંબનો સમાવેશ થાય છે. રૂઢિપ્રયોગોની માફક કહેવતોમાં પણ સમાજવ્યવહારનું પ્રતિબિંબ પડે છે. એક ઉદાહરણ જોઈએ. તમે **'સોટી વાગે ચમચમ, વિદ્યા આવે રમઝમ'** કહેવત તો જરૂર સાંભળી હશે. આજે આ કહેવત પ્રસ્તુત નથી, પણ એક સમયે નિશાળમાં માસ્તર અને ઘરમાં પિતાની ધાક કેવી અસરકારક રહેતી એનું પ્રતિબિંબ અહીં જોવા મળે છે. ચોક્કસ સમયના આપણા શિક્ષણજગતનું ચિત્ર રજૂ કરે છે. શિક્ષણ સંબંધિત અન્ય એક કહેવત છે જે તમે જાણતા હશો કે **મહેતો મારેય નહીં ને ભણાવેય નહીં.** આ કહેવત માસ્તર મારેય નહીં ને ભણાવેય નહીં સ્વરૂપે પણ પ્રચલિત છે. શાળાના માસ્તર મહેતાજી તરીકે પણ ઓળખાતા હતા. પહેલાંના સમયમાં નિશાળમાં માસ્તર, મહેતાજી કે શિક્ષક વિદ્યાર્થીઓને મારીને ભણાવતા એનાથી સાવ વિરોધાભાસી આ કહેવત છે. માસ્તર ભણાવવામાં ઢીલા હોય અને વિદ્યાર્થીઓને વશમાં પણ ન રાખી શકતા હોય એને માટે આ કહેવત વપરાય છે. વ્યાપક રીતે કોઈ માણસ સારો દેખાય પણ એનામાં આવડત ન હોય એ અર્થ સૂચવવા આ કહેવત વપરાય છે.



રિવાજ સંદર્ભની કહેવત **મરણમાં રાજિયાને વિવાહમાં ધોળ** પણ જાણવા - સમજવા જેવી છે. આ કહેવતમાં મરણ અને વિવાહ વખતના જૂના રિવાજો પ્રતિબિંબિત થાય છે. મરણ વખતે અગાઉ 'રાજિયા' નામની પદ્યરચનાઓ ગવાતી અને વિવાહ વખતે વરકન્યાને પોરસ ચડાવવા 'ધોળ' નામે ઓળખાતાં ગીતો ગવાતાં. 'મોસાળે જમણ ને મા પીરસનાર' જેવી કહેવત આપણા કૌટુંબિક વ્યવહારનું સૂચન કરે છે. રાજિયો એટલે શોકનાં ગીત, શોક ઉપજાવે એવી હલકનો એક રાગ. એને મરસિયો કે મોકાણ પણ કહેવાય છે. મરસિયા એટલે શોકનું ગીત જે પરજિયા તરીકે પણ ઓળખાય છે. આ કહેવતમાં ધોળનો પણ ઉલ્લેખ આવે છે. ધોળ એટલે સ્ત્રીઓએ મંગળ અવસરે ગાવાનું ગીત. ધોળ ગાવા એટલે ગીત ગાવાં અથવા વખાણ કરવાં. વ્યંગમાં વાંકું બોલવું પણ કહેવાય છે. એક કહેવત છે **નાતરામાં ધોળ નહીં ને ખીચડીમાં ગોળ નહીં.** મતલબ કે પ્રસંગને અનુરૂપ પ્રવૃત્તિ. વિવાહનાં ગીત વિવાહમાં જ ગવાય એ વાત પર ભાર મુકવામાં આવ્યો છે.

સમાજ વ્યવહારનું પ્રતિબિંબ દર્શાવતી એક કહેવત છે **સઈનો દીકરો જીવે ત્યાં સુધી સીવે.** સઈ એટલે દરજી, મેરાઈ. અસલના વખતમાં પોતાની ગાદી કે વ્યવસાય દીકરો સંભાળે, અપનાવે એવી ઈચ્છા મોટાભાગના બાપુજી રાખતા.

દરજીનો દીકરો દરજીકામ, લુહારનો દીકરો લુહારીકામ, સોનીનો દીકરો સોનીનું કામકાજ સંભાળી લે એવી પરંપરા હતી. અમુક જાતિઓમાં આજે પણ એ પરંપરા ચાલુ છે. ધંધામાં ચતુરાઈ કે છળ કરતા લોકોમાં સઈનો પણ સમાવેશ હોય છે. હવે તો કપડાં સીવડાવવાની પ્રથા લુપ્ત થવાને આરે છે. જરૂરત કરતા વધુ કાપડની માગણી માટે દરજી જાણીતા છે. એના પરથી કહેવત છે **સઈ, સોની ને સાળવી શરમ ન રાખે જાળવી.** આ ત્રણેય વ્યાવસાયિકો ધંધામાં સેરવી લેવા માટે જાણીતા છે.

## कौटुंबिक म्हणी

મરાઠીમાં પણ સંબંધોના રૂપકથી જીવનની વાસ્તવિકતા સમજાવતી પારિવારિક કહેવતો જોવા મળે છે. **चार दिवस सासूचे. चार दिवस सुनेचेः प्रत्येकाची वेळ कधी ना कधी येतेच.** ચાર દિવસ સાસુના તો ચાર દિવસ વહુના. મતલબ કે દરેકનો પોતાનો સમય આવે છે. **एक जुनी मराठी म्हण / कडवे आहे : 'रुखवत आले, रुखवत आले दणाणली आळ. पहातात तो अर्धीच पोळी.' याचा अर्थ मोठ्यशा थाटात आली असे वाटते, पण प्रत्यक्षात पाहिल्यास ती अत्यंत नगण्य किंवा अधुरी (अर्धीच पोळी) निघते.** અહીં રુખવત શબ્દનો અર્થ થાય છે લગ્નપ્રસંગે કન્યા પક્ષ તરફથી વરપક્ષને આપવામાં આવેલી ભેટ અથવા ખાદ્ય પદાર્થ. દાણાણળી આળી એટલે મહોલ્લો ગજવી - ઢોલ નગારા પીટી અને અર્ધીચ પોળી એટલે અડધી રોટલી અથવા અપૂરતું કે અપેક્ષા કરતા ઘણું ઓછું કે ઊતરતું. જૂના જમાનાની એક કહેવત છે જેનો અર્થ એવો છે કે ખૂબ ગાઈ વગાડી કે ઢોલ પીટી કોઈ બાબત કે ઘટના ઠાઠ સાથે બની કે આવી હોય એવી લાગણી થાય, પણ હકીકતમાં એ અડધી રોટલીની જેમ નગણ્ય કે અધૂરી જ નીકળે. ગાજ્યા મેઘ વરસે નહીં કે ઠાઠ રાજાના પણ અવસ્થા રંકની જેવી વાત કહેવાય. આવી પરિસ્થિતિમાં આ કહેવત વાપરવામાં આવે છે.

**अश्याच अर्थाची दूसरी पण म्हण आहेः रुखवत आलं, रुखवत आलं उधडा खिडकी, पाहलं तर फाटकीच फडकी, ही सुद्धा मराठी म्हण / काव्यपंक्ति आहे, जिचा अर्थ मोठा गाजावाजा करणे पण प्रत्यक्षात काहीही नसणे (पोकळ डौल) असा होतो. 'रुखवत' म्हणजे लग्नात नवरीच्या धरुन येणारी भेटवस्तू, पण प्रत्यक्षात 'फाटकी फडकी' (फाटकी वस्त्रे) निधाल्यामुळे बाह्यस्वरुपावरुन फसगत झाल्याते सूचित होते. याचा अर्थ असा होतो की खूप गाजावाजा करुन काहीतरी आले आहे असे वाटले, खिडकी उधडून पाहिले (आतुरतेने) तर काय, तर काय, तर फक्त फाटकी फडकी (टाकाऊ वस्तु) निघाली. दोन्ही म्हणी मध्ये साम्य आहे.** બંને કહેવતમાં ઘણું સામ્ય છે. ભાવાર્થમાં કોઈ જ ફરક નથી. ફરક છે તો રૂપકમાં. પહેલી કહેવતમાં અપેક્ષાભંગ માટે અડધી રોટલીનું ઉદાહરણ આપવામાં આવ્યું છે જ્યારે બીજીમાં ફાટકી ફડકી - ફાટેલા વસ્ત્ર એટલે કે હલકી ગુણવત્તાની વસ્તુનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. અહીં પણ ઢમઢોલ માંહે પોલ જેવો ઘાટ થયો છે.

## हिंग्लिश VINGLISH

## संबंधो की कहावतें
## Relationship Idioms



સંબંધોના તાણાવાણા ગૂંથતી, વિવિધ પહેલુઓ પર પ્રકાશ પાડતી કહેવતો હિન્દી અને અંગ્રેજીમાં પણ જોવા મળે છે. નજર નાખશો તો ખ્યાલ આવશે કે ભાષા ભિન્ન છે, પણ એના ભાવાર્થમાં સામ્ય છે. **Get off on the wrong foot.** આ કહેવત વાંચીને જ કંઈક ગરબડ છે એનો અણસાર તો આવી જ જાય છે. **Meaning is when you meet someone for the first time you do or say something to upset them.** કોઈ પણ વ્યક્તિને તમે પહેલી વાર મળતા હો ત્યારે તમારા વર્તનથી કે કશુંક અણગમતું બોલી એ વ્યક્તિને નારાજ કરો કે વ્યથિત કરો એ એનો ભાવાર્થ છે. **Shalini brought Bhavesh Richard home to meet her parents. He tripped on the carpet and broke their favourite lamp. The relationship got off on the wrong foot.** માતાપિતાને મળવા શાલિની ભાવેશને ઘરે લઈ આવી ત્યારે એ ગફલતમાં પડી ગયો અને એમનો ગમતો લેમ્પ તૂટી ગયો. આમ સંબંધની શરૂઆત ખોટી રીતે થઈ.

હિન્દીમાં આ જ કહેવત **अनुचित ढंग से पेश आना शुरु करना** તરીકે પ્રચલિત છે. બીજી કહેવત છે **Give someone the cold shoulder.** અલબત્ત, આ કહેવતને ઠંડી કે ખભા સાથે કોઈ સંબંધ નથી. **This means when you deliberately ignore someone because you are upset with them.** કોઈ વ્યક્તિ સાથે અણબનાવ હોય ત્યારે મળતી વખતે ઈરાદાપૂર્વક અવગણના કરવી. **After misunderstanding Mahesh gave cold shoulder to his colleague and did not talk with him during the day.** ગેરસમજ થયા પછી મહેશએ ઓફિસના સહ કર્મચારીની અવગણના કરી અને દિવસ દરમિયાન એની સાથે વાત પણ ન કરી. **हिंदी में यह कहावत नजरअंदाज करना, जानबूझकर अनदेखा करना या रुखा व्यवहार करना स्वरुप में मौजूद है। जब कोई व्यक्ति किसी के प्रति उदासीनता दिखाता है और बातचीत करने से बचता है, तो ईस मुहावरे का प्रयोग किया जाता है। पार्टी में दोस्तों का रुखा व्यवहार देखकर मनोज व्यथित हो गया.** અન્ય અંગ્રેજી કહેવત છે **Give someone a hard time. This idiom means Treat someone badly or unfairly, to make someone suffer.** કોઈની સાથે ખરાબ કે અજુગતું - અણછાજતું વર્તન કરવું જેને કારણે એ વ્યક્તિ પરેશાન થાય એ આ કહેવતનો ભાવાર્થ છે. **My neighbour gave me hard time for not inviting him for the party.** પાર્ટીમાં પાડોશીને આમંત્રણ નહોતું આપ્યું એટલે એ મારી સાથે સરખો વ્યવહાર નહોતો કરતો. **इस का हिंदी में मुख्य अर्थ किसी को परेशान करना, मुश्किल में डालना या नाक में दम करना है। यह किसी को जानबूजकर कठिनाई या मानसिक परेशानी देने को संदर्भित करता है। शादी की सालगिरह पर तौफा लाना भूल गया इसलिए पत्नी ने परेशान कर दिया।** ■




# જીતવાની વૃત્તિથી પરાસ્ત થતો મનુષ્ય!

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

મોબાઈલ, મોબાઈલ, મોબાઈલ અરે ત્રાસી ગયા છીએ આ મોબાઈલથી તો હવે આવું બોલતાં આપણે કેટલા બધાં

લોકોને સાંભળ્યા હશે. જોવાની ખૂબી એ છે કે જે લોકો મોબાઈલ પ્રત્યે અણગમો દર્શાવે છે તે પણ આ બધું મોબાઈલ

જોતા જોતા કે હાથમાં રાખીને જ બોલતાં હોય છે. એવું તો શું છે આ ફોનમાં કે જે ઘડીકવાર પણ લોકોથી નથી

છૂટતો! કામ, મેસેજ, સોશ્યલ મીડિયા, ફોટા , સેલ્ફી, નોટ્સ લખવા ઉપરાંત ફોનનો સૌથી વધુ ઉપયોગ થતો હોય  તો તે છે ગેમ રમવા માટે...

૯૦નાં દસકામાં વીડિયો ગેમ રમવા માટે ગેમ પાર્લર પર જવું પડતું. કલાક પ્રમાણે જે ચાર્જ નક્કી થયો હોય તે

મુજબ પૈસા આપવાનાં. એ પાર્લરમાં એકવાર વીડિયો ગેમ રમવાનું શરૂ થાય તો કલ્લાકોનાં કલ્લાકો ગેમ રમવામાં

વેડફાઈ જાય ઉપરાંત તેની લત લાગે તે જુદી. આવાં ગેમ પાર્લર પછી પીએસ એટલે કે કેબલથી ટીવી સાથે જોડીને ઘેર બેઠા રિમોટ કંટ્રોલથી રમી શકાય તે પ્લે સ્ટેશન. આમાં એક કે તેથી વધુ લોકો એકસાથે એક જ ગેમ રમે. અને પછી તો એકબીજાને હરાવવાનાં ને પોતે જીતી જવાનાં મરણિયા પ્રયાસો ચાલુ થાય. આવી ગેમ્સએ કેટલીય મિત્રતામાં તિરાડો પાડી હશે તો કેટલાંય ઝગડા કરાવ્યા હશે તો કેટલાકે તો જીવ ગુમાવ્યા હોવાનાં પણ દાખલા છે.

વીડિયો ગેમમાં રમતો પણ અલગ અલગ પ્રકારની હોય છે. સામેવાળા પર ઘા કરી તેને હરાવવો, મારી નાખવો, તેની પાછળ પડી જવું, અસૂરોનો વિનાશ કરી દુનિયાને બચાવવી વગેરે આ સમગ્ર પ્રવૃત્તિનું ધ્યેય એક માત્ર, જીતવાનું! યેન કેન પ્રકારે બસ, જીતવાનું

મનુષ્ય પોતાની હંમેશાં જીતવાની વૃત્તિથી જ પરાસ્ત થતો હોય છે. હાર ન માનવાની મનસા સારી છે કે જે માણસને

પ્રેરકબળ પૂરું પાડે છે, તેને જીત માટે જરૂરી મહેનત કરાવે છે, પરંતુ સાથે ફક્ત જીતવાની વૃત્તિ તેનામાં મનોવિકાર પેદા કરે છે. પોતે ક્યારેય હારી જ ન શકે તેવો અહંકારી બનાવે છે અને આ અહંને પોષવા માટે તે હઠ, ગેરનીતિ, ગુસ્સો, આવેશ, હરીફાઈ વગેરે જેવી નકારાત્મક લાગણીઓના વમળમાં ફસાતો જાય છે અને તેમાંથી બહાર નીકળવું તેના માટે લગભગ અશક્ય થઈ જાય છે. કહે છે કે જીત પણ એક જાતનું વ્યસન છે જે છોડવું ઘણું અઘરું છે. વીડિયો ગેમ્સ એક એવું માધ્યમ છે જે માણસની લાગણીઓને તેની જાણ બહાર તોડી- મરોડી શકે છે.

આપણે બધાં જ ફોનમાં, ટીવી પર કે પછી ગેમ ઝોનમાં જઈને ગેમ્સ રમતા હોઈશું. સૌથી સરળ રીતે ઉપ્લબ્ધ ગેમ્સ ફોન પર હોય છે. માટે કોઈવાર આપણે જેને ફોનનું એડિક્શન એટલે કે વ્યસન કહીએ છીએ તે હકીકતે ગેમનું વ્યસન પણ હોઈ શકે. એવું તો શું છે આ ગેમ્સમાં કે જે વારે વારે રમવાનું મન થાય? અભ્યાસ કરતાં નીચેનાં કારણો ધ્યાનમાં આવે છે. વીડિયો ગેમ રમવાથી...

(૧) હાલની પરિસ્થિતિથી માનસિક રીતે દૂર થઈ શકાય છે (એસ્કેપિઝમ)
(૨) બદલાવનો આનંદ માણી શકાય છે
(૩) ગેમમાં જીતીને અહં સંતોષી શકાય છે
(૪) દેખીતો આત્મવિશ્વાસ વધે છે
(૫) સમય મર્યાદામાં રહીને ધ્યેય પ્રાપ્ત કર્યાનો સંતોષ મળે છે

આ જ મુદ્દા જો તેનાં આત્યંતિક સ્વરૂપે જોઈએ તો એસ્કેપિઝમથી કાયમ માટે સ્વપ્નસૃષ્ટિમાં જ રચ્યાપચ્યા રહીએ એવું પણ થાય. બદલાવ તેની ચરમસીમા પણ માણસને અસલામતીની ભાવના આપે છે. અહં માપમાં સંતોષાય તો બરાબર છે પણ તેનું મહાન સ્વરૂપ મનુષ્યને સ્વકેન્દ્રી અને સ્વચ્છંદી બનાવે છે તેમ જ અધોગતિ તરફ દોરી જાય છે.

સાથે વધુ પડતો આત્મવિશ્વાસ ખોટા નિર્ણયો લેવડાવે છે. સતત સમય મર્યાદામાં રહીને કામ પૂરું કરવાનાં દબાણથી તણાવ થાય છે. આમ આવી ગેમ્સનાં બે પાસા છે. જો મોટા લોકો તેનાં બંધાણી થઈ શકતાં હોય તો બાળકોનાં કુમળા મન પર તેની શું અસર થતી હશે તે ગંભીરતાથી વિચારવાની બાબત છે.

ગેમ ડેવલપર્સ બહુ સારી રીતે બાળમાનસ તથા ઉંમર મુજબ મનોવિજ્ઞાનનો અભ્યાસ કરીને જ ગેમ બનાવતાં હોય છે. આપણા તથા આપણાં બાળકોનાં માનસિક સ્વાસ્થ્યની જવાબદારી આપણી છે. બાકી તેને સારું કે ખરાબ બનાવવા બજારમાં માધ્યમો ઉપલબ્ધ છે જ. માટે આપણે જે કંઈ કરીએ તે સમજીને કરીએ તેવો સંકલ્પ કરવો જ રહ્યો! તો આ વિશે બોલો,

**તમે શું કહો છો?** ■

# અરેરે ...મોટા સાહેબની આવી અવદશા?

ઊડતી વાત ભરત વૈષ્ણવ feedback@bombaysamachar.com

‘ડ્રાઇવરને કહો કે ગાડી કાઢે.’ કમિશનર સાહેબે ઊંચા અવાજે પીએને સૂચના આપી. સાહેબ આમ તો સરળ અને મૃદુભાષી હતા. આજે જરા તપી ગયેલા.

‘રમેશ, સાહેબ નીચે આવે છે. સાહેબ ધૂંધવાયેલા છે. બી કેરફૂલ એન્ડ બી એલર્ટ.’ પીએએ ડ્રાઇવરને સૂચના આપી.

‘રમેશ, રાજપથ કલબ ટ્રાફિક પોઇન્ટ ગાડી લઇ લે.’ મોટા સાહેબે સૂચના આપી. માથું આમતેમ ધુણાવતા હતા. વારંવાર હાથની મૂઠી વાળીને હવામાં ઉછાળતા હતા. સાહેબની સ્ટેનો રૂચિ પણ કારમાં બેસી ગઇ.

‘યેસ સર.’ આટલું કહી રમેશે કાર શરૂ કરી.

‘રબીશ.. ડેમ ઇટ માય ફૂટ શું સમજે છે એના મનમાં? મને નોટિસ આપવાની વાત કેવી રીતે કરી શકે?’ એમ આઘાતમાં બડબડતા હતા.

‘સર, ક્લબમાં જવાનું છે? રિસેપ્શન પર ફોન કરી દઉં?’ રાબેતા મુજબ રમેશે પૂછ્યું.

‘હું ક્લબમાં તીન પતી કે રમી રમવા જવાનો નથી કે એપલ જયુસ ગટગટાવા જવાનો નથી. ‘મોટા સાહેબે નારાજ થઇ કહ્યું.

‘તો સર, આપણે શું કરવા જઇએ છીએ?’ રમેશને સાહેબનું વર્તન ન સમજાયું.

‘આપણે નહીં, ઓન્લી મી મિન્સ મ્યુનિસિપલ કમિશનર ભવ્ય જોશી.’ મોટા સાહેબે સ્પષ્ટતા કરી. ટ્રાફિક પોઇન્ટ પર મોટા સાહેબ ગાડીમાંથી ઉતર્યા.

‘તમારું શું નામ છે?’ મોટા સાહેબે એક ટ્રાફિક હવાલદારને તેનું નામ પૂછ્યું.

‘મી, મોહિત ભોંસલે. બકલ નંબર ૧૮૯૬.’ હવાલદારે નામ કહ્યું.

‘મોહિત, આઇ વિલ હેન્ડલ ટ્રાફિક.’ મોટા સાહેબે કહ્યું.

‘અરે, પણ સાહેબ કેમ? મેં કોઇ ભૂલ કરી છે?’ મોહિત ગભરાયો. મોહિતની નોકરી પર ખતરો મંડરાયો કે શું?

‘તમારો બોડીવોર્ન કેમેરો, બેટન સ્ટિક, ટોપો અને વ્હીસલ મને આપો.’ મોટા સાહેબે સૂચના આપી. મોહિતને થયું કે નક્કી ભયંકર કેમિકલ લોચો થયો છે, નહીંતર એસી ચેમ્બર છોડી મોટા સાહેબ અહીં ધૂળ ફાંકવા ન આવે.

‘ફૂર ર ફૂર ર ફૂરરરરરર.’ મોટા સાહેબે સિસોટી વગાડવા લાગ્યા. હાથની એકશનથી ટ્રાફિક હેન્ડલ કરવા લાગ્યા.

ટ્રાફિક પણ કેવો ખતરનાક? માતેલા સાંઢ જેવા ટ્રક, હિન્દી ફિલ્મોની વેમ્પ જેવી બસો, ડ્રીમ ગર્લ જેવી લકઝુરિયસ કાર, ખૂંખાર વિલન જેવી રિક્ષાઓ, ભૂતનાથ જેવા ટેમ્પો ટ્રાવેલર, નાજુક નમણી નાર જેવા એકટિવા, લાલ લાઇટ હોવા છતાં સિગ્નલ બ્રેક કરતી રિક્ષા, એકલદોકલ સ્કૂટર અને અમોલ પાલેકર જેવી સીધી પેડલ રિક્ષા, ગરીબની જોરૂ




જેવી સાઇકલો. ટ્રાફિકની લાલ લાઇટ હોય છતાં હોર્ન લગાવતા રઘવાટિયાં વાહનો. ટ્રાફિક સિગ્નલે જે જીવ ફસાયો હોય તેને ભગવાન વિષ્ણુ ગરૂડ પર આરૂઢ થઇને સ્વયં આવે તો પણ ગજેન્દ્રમોક્ષની જેમ ટ્રાફિકમોક્ષ કરાવી શકતા નથી. ટ્રાફિક સિગ્નલે ફસાયા હોય ત્યારે કોઇ કાર કંપની ફલાઇંગ ગિયરવાળી ગાડી કેમ બજારમાં મુક્તા નથી તેનો ભરચક અફસોસ, ગ્લાનિ અને વિષાદ થાય છે.

તમારી નજર સિગ્નલ પર હોય છે. જેવી લીલી લાઇટ બ્લિન્ક થાય એટલે એનધેન દીવાધેન કરીને વાહનોના ઘોડા વછૂટે છે. આગળનાં વાહનો કેમ ખસતાં નથી તેની અકળામણ થાય છે. પાછળનાં વાહનોના હોર્ન રણભેરીની જેમ ગૂંજતા રહે, બ્રેક પરથી પગ હટાવી એક્સિલીટર દબાવીને ભાગવાની ફિરાકમાં હોય છે. જો લીલી લાઇટ બંધ થાય અને પાંચ સેકન્ડના ઓરેન્જ લાઇટની વાતરણી તરવા ભગીરથ પ્રયાસો કરો છો. ઓરેન્જ લાઇટ બંધ થાય એટલે બાર વહાણ ડૂબી ગયા હોય તેવી નિરાશા નિષ્પન્ન થાય છે.

‘ગલોફા દુખી ગયા.’ સાહેબ સ્વગત બબડયા. કલાકમાં તો મોટા સાહેબ તો થાકી ગયા. પગ પણ ગરબા રમવા માંડ્યા. ગળામાં શોષ પડવા માંડ્યો. આંખે અંધારા આવી ગયા. શિયાળામાં એસી ચાલુ કરીને ચેન્બરલીન થતા હોય તે સાહેબ ગરમીમાં ફૂલની જેમ ચિમળાઇ કે કરમાઇ જાય કે નહીં?

‘સર, તમે આરામ કરો. તમે એનર્જી ડ્રીંક પીવો. તમે બીમાર પડી જશો.’ મોટા સાહેબની સ્ટેનો રૂચિએ મૃદુ સ્વરે કહ્યું.

‘યુ આર રાઇટ ડિયર બટ આઇ કાન્ટ ટેઇક રેસ્ટ. તને એમ લાગે છે કે મને ટ્રાફિક હેન્ડલ કરવાના ધખારા થાય છે? પ્લીલીલીલીઇઝ ટ્રાય ટુ અન્ડર્સ્ટેન્ડ માય સિચ્યુએશન.’ મોટા સાહેબે ફિક્કું હસીને મજબૂરી જણાવી.

‘યેસ સર. આઇ અન્ડરસ્ર્ટેન્ડ..’ રૂચિ બોલી.

‘કેન યુ ડુ  વન ફેવર?’ મોટા સાહેબે રિકવેસ્ટ કરી. ‘યેસ, આઇ વીલ ડુ .’ રૂચિએ મોટા સાહેબની ગુડબુકમાં રહેવા ઉત્સાહથી કહ્યું.

‘આઇ એમ સોરી ટુ રિકવેસ્ટ.. યુ હેવ નો ફોર્સ કેન યુ મસાજ ઓન માય ચીક. આઇ મિન ગલોફા પર હળવા હાથે મસાજ કરીશ?’ મોટા સાહેબે અચકાતાં અચકાતાં રૂચિની આંખોમાં આંખ પરોવીને પૂછયું.

‘સર, ધીસ ઇઝ પબ્લિક પ્લેસ. આ તમારી ચેમ્બર નથી કે તમારી એન્ટી ચેમ્બર હોય તો આંખ મીંચીને મસાજ કરી આપું બટ ઇન પબ્લિક પ્લેસ આઇ કાન્ટ ડુ ઇટ.. ‘ રૂચિએ નમ્રતાથી ઇન્કાર કર્યો.

‘ઓકે ઓકે..’ મોટા સાહેબ છોભીલા પડી ગયા. ખુદના હાથેથી ખુદના ગાલના ગલોફા પર મસાજ શરૂ કર્યો. મોટા સાહેબ મજબૂર હતા. મોટા સાહેબ માથે છત્રી રાખી. એનર્જી ડ્રિંક પીધા બાદ પંદર પંદર મિનિટે કામગીરીના ફોટા અપલોડ કર્યા. ઉનાળામાં પરસેવો લૂંછતા લૂંછતા બેફામ ટ્રાફિકને હેન્ડલ કરવા હવાતિયા માર્યા. કમિશનર ફૂરરર સિસોટી વગાડી બેકાબૂ ટ્રાફિકને કંટ્રોલ કરતા રહ્યા. કેમ કે, ઉપરથી અડતાળીસ કલાકમાં ટ્રાફિકને ઠીક કરવા નહિતર કમિશનરમાંથી કારકુન બનાવી દેવાનું અલ્ટિમેટમ અપાયું છે. કહે છે કે જ્યારે મહાનગરપાલિકાની ચૂંટણી ઢુંકડી હોય ત્યારે આવી સૂચના આપીને બધુ ઓકે કરવાનો પ્રજાલક્ષી અભિગમનો દેખાડો કરવામાં આવતો હોય છે.

કહેવાની જરૂરત છે કે મોટા સાહેબે કરેલા આ ટ્રાફિક કન્ટ્રોલ એકસરસાઇઝથી ખુશ થઇને સરકારે મોટું પ્રમોશન આપી દીધું છે... ■

## શું તમે ભાવનાત્મક રીતે નબળા છો?

# તો તમારામાં આ આદતો સામાન્ય છે

ફોકસ અનંત મામતોરા feedback@bombaysamachar.com

જીવનમાં આગળ વધવા અને મુશ્કેલ પરિસ્થિતિઓને અસરકારક રીતે હેન્ડલ કરવા માટે, ભાવનાત્મક રીતે મજબૂત હોવું જરૂરી છે. લોકો ઘણીવાર એવું માને છે કે જે વ્યક્તિ નાની નાની બાબતો પર રડે છે તે ભાવનાત્મક રીતે નબળી છે, પરંતુ આવું નથી. અહીં આપણે ભાવનાત્મક રીતે નબળા લોકોની આદતોનું અન્વેષણ કરીશું.

માનસિક શક્તિ શારીરિક શક્તિ કરતાં વધુ મહત્વપૂર્ણ છે, કારણ કે જો તમે ભાવનાત્મક રીતે મજબૂત છો, તો તમે સૌથી ખરાબ પરિસ્થિતિઓમાં પણ ધીરજથી યોગ્ય નિર્ણયો લઈ શકો છો અને મુશ્કેલીથી પોતાને બચાવી શકો છો. આપણે બધાએ આપણી આસપાસ કેટલાક એવા લોકોને જોયા છે જે બીજા કરતા થોડા વધુ સંવેદનશીલ હોય છે. ઉદાહરણ તરીકે જો કોઈ તેમને કંઈક કહે છે, તો તેમની આંખોમાં આંસુ આવી જાય છે. લોકો આને ભાવનાત્મક નબળાઈ માને છે, જ્યારે ભાવનાત્મક રીતે નબળા હોવું તેનાથી વિપરીત છે. અહીં આ પાંચ વસ્તુઓ છે જે દર્શાવે છે કે વ્યક્તિ ભાવનાત્મક રીતે નબળી છે.

એવું કહેવાય છે કે રડવું એ નબળાઈ નથી. આ બિલકુલ સાચું છે, કારણ કે રડવું એ એક એવી લાગણી છે જે જ્યારે આપણે કોઈ વસ્તુથી દુ:ખી થઈએ છીએ ત્યારે ઉભરાય છે. આ પ્રશ્ન ઉભો કરે છે કે ભાવનાત્મક રીતે નબળાઇ શું છે? ચાલો ભાવનાત્મક રીતે નબળા લોકોની આદતોનું અન્વેષણ કરીએ.

**ભૂલો ન સ્વીકારવી**

જો તમે એવા લોકોથી ઘેરાયેલા છો જે પોતાની ભૂલો સ્વીકારવાનો ઇનકાર કરે છે, ભલે



તેઓ ખોટા હોય, તો સમજો કે તેઓ ભાવનાત્મક રીતે નબળા છે. તેમની પાસે એ સ્વીકારવાની ભાવનાત્મક ક્ષમતાનો અભાવ છે કે કોઈ પણ ભૂલ કરી શકે છે. આવા લોકો ડરતા હોય છે. ભાવનાત્મક રીતે મજબૂત લોકો સ્થિતિસ્થાપક હોય છે અને પોતાની ભૂલો સ્વીકારે છે અને તેના પર કામ કરે છે.

**નાની વસ્તુઓ પર ચીસો પાડવી**

કેટલાક લોકો કહે છે કે તેઓ ખૂબ જ ઝડપથી ગુસ્સે થાય છે. આ એક એવી લાગણી છે જે કેટલાકમાં વધુ પ્રચલિત થઈ શકે છે અને અન્યમાં ઓછી પ્રચલિત થઈ શકે છે, પરંતુ જો તમે ગુસ્સે થાઓ છો અને તેને નિયંત્રિત કરી શકતા નથી, તો તે ભાવનાત્મક નબળાઈ છે. જો તમે નાની વસ્તુઓ પર ચીસો પાડવાનું શરૂ કરો છો, તો તમે ભાવનાત્મક રીતે નબળા હોઈ શકો છો.

**જવાબદારીથી ભાગવું**

જે લોકો કોઈપણ વસ્તુની જવાબદારી લેવાનું ટાળે છે તેઓ ભાવનાત્મક રીતે નબળા હોય છે કારણ કે તેઓ સતત ડરતા હોય છે કે તેઓ પરિપક્વતાથી વસ્તુઓને સંભાળી શકશે નહીં, અને આ જ કારણ છે કે તેઓ વિલંબ કરે છે. ભાવનાત્મક રીતે મજબૂત વ્યક્તિ હંમેશા તેમની સોંપાયેલ જવાબદારીઓ પૂર્ણ કરવાનો પ્રયાસ કરે છે.

**બીજાની લાગણીઓનો આદર ન કરવો**

કોઈપણ ભાવનાત્મક રીતે મજબૂત વ્યક્તિ જાણે છે કે ફક્ત પોતાની જ નહીં, પણ બીજાની લાગણીઓનો આદર કેવી રીતે કરવો. જો તમે બીજાઓની લાગણીઓને સમજી શકતા નથી અને તેમની લાગણીઓની પરવા કરતા નથી, તો આ ભાવનાત્મક નબળાઈની નિશાની છે. આના કારણે સંબંધો ઘણીવાર નુકસાન પામે છે.

**નિર્ણયો ટાળવા**

જીવનમાં આગળ વધવા માટે, તે યોગ્ય નિર્ણયો લેવા વિશે નથી, પરંતુ તમે લીધેલા નિર્ણયોમાં વિશ્વાસ રાખવા વિશે છે. કેટલીકવાર લોકો એવું માનવા લાગે છે કે તેમના નિર્ણયો હંમેશા ખોટા હોય છે, અને આનાથી તેઓ નિર્ણયો લેવાનું ટાળે છે. આ સૂચવે છે કે કોઈ વ્યક્તિ ભાવનાત્મક રીતે નબળી છે. ■

# આ રીતે ડ્રાય ફ્રૂટ્સનો કરો સંગ્રહ...

ફોકસ પ્લસ નિધિ શુક્લ feedback@bombaysamachar.com

ડ્રાય ફ્રૂટ્સ અને બીજ-બદામ ઘણાં પોષક તત્ત્વોથી ભરપૂર હોવાને કારણે સ્વાસ્થ્ય માટે વરદાન માનવામાં આવે છે, પરંતુ જો યોગ્ય રીતે સંગ્રહિત ન કરવામાં આવે તો તેનાં પોષક તત્ત્વો ઘટી શકે છે. ચાલો તેને સંગ્રહિત કરવાની સાચી રીત જણાવીએ.

ડ્રાય ફ્રૂટ્સમાં  ઘણા વિટામિન અને ખનિજોનો સારો સ્રોત છે, તેથી દૈનિક આહારમાં મર્યાદિત માત્રામાં બદામ, ડેટ્સ, પીસ્તાં, કિસમીસ, કાજુ વગેરે ડ્રાય ફ્રૂટ્સનો સમાવેશ કરવો જોઈએ. જ્યારે ઊર્જા વધારનારા નાસ્તાની વાત આવે છે, ત્યારે બદામ, ડ્રાય ફ્રુટ્સ અને બીજનું મિશ્રણ શ્રેષ્ઠ છે. જોકે જો તેમને યોગ્ય રીતે સંગ્રહિત કરવામાં ન આવે, તો ભેજને કારણે અથવા ખૂબ જ ગરમ તાપમાનમાં રાખવામાં આવતાં તેમના પોષણ મૂલ્યમાં ઘટાડો થઈ શકે છે. ચાલો આપણે શીખીએ કે બદામ, ડ્રાય ફ્રૂટ્સ અને બીજનો સંગ્રહ કેવી રીતે કરવો જેથી તેમની શેલ્ફ લાઇફ લાંબી રહે અને સ્વાદ સાથે પોષક તત્ત્વોનું પ્રમાણ અકબંધ રહે.

ડ્રાય ફ્રૂટ્સ, બદામ અને બીજનો યોગ્ય સંગ્રહ તેમના પોષક મૂલ્યને જાળવી રાખવા માટે જરૂરી છે. જો તે ભીનું થઈ જાય, તો શેલ્ફ લાઇફ ઓછી થઈ જાય છે અને વિચિત્ર ગંધ સાથે ફૂગ થવાની શક્યતા રહે છે. જ્યારે વધુ પડતી ગરમી બદામ અને બીજમાં તેલ ઘટાડે છે,



જેના કારણે પોષણ મૂલ્યમાં તફાવત આવી શકે છે.

**લાંબા સમય સુધી કેવી રીતે સંગ્રહ કરવો?**

ફ્રીઝિંગ તમારા સૂકાં ફળોને લાંબા સમય સુધી અથવા ઘણા મહિનાઓ સુધી તાજા રાખી શકે છે, પરંતુ તેમાં બિલકુલ ભેજ હોવો જોઈએ નહીં. તેથી તમારે હંમેશાં ફ્રીઝર સેફ બેગ અથવા કન્ટેનરનો ઉપયોગ કરવો જોઈએ. આ બીજ અને બદામનો ક્રંચ પણ અકબંધ રાખે છે.  આ પદ્ધતિ તેમના માટે શ્રેષ્ઠ છે.

**ડ્રાય ફ્રૂટ્સને આવી જગ્યાએ રાખો**

જો તમે થોડા સમય માટે ડ્રાય ફ્રૂટ્સનો સંગ્રહ કરવા માગતા હો, તો તમે તેને સામાન્ય રીતે ઠંડી જગ્યાએ સંગ્રહિત કરી શકો છો, પરંતુ આ સ્થાન સંપૂર્ણપણે ભેજ પ્રતિરોધક હોવું જોઈએ. તેને પ્રકાશ અને ગરમીથી દૂર રાખો અને કન્ટેનર એવું હોવું જોઈએ કે તેમાં કોઈપણ પ્રકારનો ભેજ પહોંચવાની શક્યતા ન રહે.

**ભેજને રોકવા માટે આ કરો છો?**

ભેજને શોષી ન લેવા માટે તમે ફૂડ ગ્રેડ સિલિકા જેલના પેકેટનો ઉપયોગ કરી શકો છો. તમે આ પેકેટોને બરણીની અંદર મૂકી શકો છો, જે ફૂગ અને ભેજને અટકાવશે. આ સિવાય તમે કાચા ચોખાને થોડી લવિંગ સાથે ભેળવીને એક પોટલીમાં બાંધીને બરણીમાં રાખી શકો છો.

**શેકીને સ્ટોર કરો**

તમે બદામ અને બીજ શેકીને સંગ્રહિત કરી શકો છો. આનાથી માત્ર ક્રંચ અને સ્વાદ વધશે જ નહીં, પણ થોડી ભેજ પણ સૂકાઈ જશે અને શેલ્ફ લાઇફ પણ વધશે. શેકવા માટે કોઈપણ પ્રકારના તેલનો ઉપયોગ કરશો નહીં.

**શરીરને ઘણા ફાયદા છે**

હૃદયને સ્વસ્થ રાખવાથી લઈને ત્વચાને યુવાન ચમકતી રાખવા, યોગ્ય રક્ત ઉત્પાદન જાળવવા સુધી, આહારમાં ડ્રાય ફ્રૂટ્સ, બદામ અને બીજનો સમાવેશ કરવો સારું છે, કારણ કે તે આપણા શરીરમાં ઘણા સૂક્ષ્મ પોષકતત્ત્વોની ઊણપને પૂર્ણ કરે છે. ■

# ટી-૨૦ વર્લ્ડ કપનો હિસાબ-કિતાબઃ ભારતનો ૭-૧નો રેશિયો આજે બનશે ૮-૧

## ▸ સાંજે ૬.૩૦ વાગ્યે ટૉસ અને ૭.૦૦ વાગ્યે પ્રથમ બૉલ ફેંકાશેઃ અભિષેક રમશે

કોલંબોઃ ભારત અને પાકિસ્તાન વચ્ચેની ક્રિકેટના મેદાન પરની ટક્કરની હંમેશાં અગાઉથી ખૂબ ગરમાગરમ ચર્ચા થતી હોય છે, પરંતુ હકીકત એ છે કે થોડા વર્ષોથી બન્ને પાડોશી દેશ વચ્ચે ખરાખરીના જંગ જેવું કંઈ છે જ નહીં, કારણકે વન-ડે વર્લ્ડ કપના ઇતિહાસમાં ભારત સામે પાકિસ્તાન તમામ આઠ મુકાબલા હાર્યું હોવાથી ભારત ૮-૦થી આગળ છે, જ્યારે ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત ૭-૧થી અગ્રેસર છે અને હવે આજે (સાંજે ૭.૦૦ વાગ્યાથી લાઇવ) ભારતને ફરી એક વખત શાનદાર વિજય મેળવીને આ રેશિયો ૮-૧નો કરવાનો મોકો છે.

ભારત સાથે પાકિસ્તાનની ઘણી રીતે સરખામણી જેવું છે જ નહીં. ટી-૨૦માં ભારત વર્લ્ડ નંબર-વન છે, જ્યારે પાકિસ્તાન છેક છઠ્ઠા નંબરે છે. કહેવાય છેને કે જે દિવસે મૅચ હોય એ દિવસનો જ વ્યક્તિગત પર્ફોર્મન્સ સંબંધીત ટીમ માટે નિર્ણાયક બનતો હોય છે. જોકે યાદ અપાવવાની કે ટી-૨૦માં વરુણ ચક્રવર્તી બોલર્સમાં વર્લ્ડ નંબર-વન, હાર્દિક ઑલરાઉન્ડર્સમાં નંબર-થ્રી અને અભિષેક શર્મા બૅટ્સમેનોમાં નંબર-વન છે. જસપ્રીત બુમરાહ ટેસ્ટની બોલિંગમાં વર્લ્ડ નંબર-વન છે. પાકિસ્તાનનો અબ્રાર અહમદ ટી-૨૦માં વર્લ્ડ નંબર-ટૂ બોલર અને સઇમ અયુબ વર્લ્ડ નંબર-ટૂ ઑલરાઉન્ડર છે.


૨૦૨૪ના વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં જે બૅટ્સમેનોએ ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં ૫૦૦ કે વધુ રન કર્યા છે એ તમામમાં અભિષેક શર્માનો ૧૯૪.૪૫નો સ્ટ્રાઇક-રેટ હાઇએસ્ટ છે. અભિષેકની પેટની બીમારી દૂર થઈ ગઈ છે. તેણે ગઈ કાલે પ્રૅક્ટિસ કરી હતી. ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદીએ બે વર્ષમાં દાવની પહેલી ઓવર્સમાં કુલ ૧૫ વિકેટ લીધી છે જે વિક્રમ છે અને ભારતીય ઓપનર્સે તેની આ ખૂબી સામે સાવચેત રહેવાનું છે.

**સંભવિત પ્લેઇંગ-ઇલેવનઃ**

ભારતઃ સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન), ઇશાન કિશન (વિકેટકીપર), અભિષેક શર્મા, તિલક વર્મા, હાર્દિક પંડ્યા, શિવમ દુબે/અર્શદીપ સિંહ, રિન્કુ સિંહ, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, વરુણ ચક્રવર્તી અને જસપ્રીત બુમરાહ.

પાકિસ્તાનઃ સલમાન અલી આગા (કૅપ્ટન), સઇમ અયુબ, સાહિબઝાદા ફરહાન (વિકેટકીપર), બાબર આઝમ, શાદાબ ખાન, ઉસ્માન ખાન (વિકેટકીપર)/ફખર ઝમાન, મોહમ્મદ નવાઝ, ફહીમ અશરફ, શાહીન શાહ આફ્રિદી, ઉસ્માન તારિક અને અબ્રાર અહમદ. ■

# પાક હવે નાપાક હરકત કરવાનું ભૂલી જાય એવી થપાટ લગાવજો



**સતત ચોથી લપડાક ખાવી લાગે છે!:** પાકિસ્તાનનો કૅપ્ટન સલમાન આગા ગઈ કાલે પ્રૅક્ટિસ દરમ્યાન ચિંતામાં હતો.



**બે ગુજ્જુભાઈ આજે ગામ ગજવશે?:** હાર્દિક પંડ્યા અને અક્ષર પટેલે ગઈ કાલે કોલંબોમાં ખૂબ પ્રૅક્ટિસ કરી હતી.



**ફરી માથે હાથ દેવાનો વારો આવશેઃ** પાકિસ્તાનના ઉસ્માન ખાનની ૩૩ ટી-૨૦માં માત્ર બે હાફ સેન્ચુરી છે.



**સાથી-ખેલાડીઓની વિકેટ પડતી જોયા કરજોઃ** શાહીન આફ્રિદી અને વિચિત્ર બોલિંગ-ઍક્શનવાળો સ્પિનર ઉસ્માન તારિક. આફ્રિદીના ફાસ્ટ બૉલ કરતાં સ્ટૉપ-સ્ટાર્ટ ઍક્શનવાળા તારિકથી ભારતીયોએ વધુ ચેતવું પડશે.



**જોઈ લેજો, જલદી પૅક-અપ કરી દેવું પડશેઃ** ઓપનર સઈમ અયુબ અને કૅપ્ટન સલમાન આગા. ભારતે સઈમને અને સાથી ઓપનર સાહિબઝાદાને અંકુશમાં રાખવો જ પડશે. (પીટીઆઇ)

# આજની ભારત-પાકિસ્તાન મૅચ વખતે વરસાદની ૫૦થી ૭૦ ટકા સંભાવના

કોલંબોઃ ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના કોલંબોના હાઈ-વૉલ્ટેજ જંગને ગણતરીના કલાકો બાકી છે ત્યારે જાણકારી મળી છે કે આ મુકાબલા પહેલાં તેમ જ મૅચ દરમ્યાન વરસાદ પડી શકે.

શ્રીલંકાના પાટનગર કોલંબોમાં બે દિવસથી આકાશ એકદમ સ્વચ્છ છે, પરંતુ શ્રીલંકા સરકારના વેધશાળાના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે બંગાળના અખાતમાં લૉ-પ્રેશર સિસ્ટમ તૈયાર થઈ રહી હોવાથી આજે સાંજે મૅચના સમયે મેઘરાજા કદાચ હેરાન કરી શકે.

કોલંબોમાં આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની મૅચ રમાવાની છે. આ સ્ટેડિયમ ખેત્રામા વિસ્તારમાં આવેલું છે અને આ વિસ્તારમાં હમણાં દિવસની શરૂઆત ઉષ્ણ તથા ભેજવાળા વાતાવરણથી થાય છે અને બપોરે તાપમાન ૩૧ ડિગ્રી સેલ્સિયસ સુધી ઊંચે જાય છે.

જોકે કોલંબોની વેધશાળાની આગાહી છે કે આજે બપોરે વરસાદની શરૂઆત થઈ શકે અને સાંજે વરસાદ પડવાની ૫૦થી ૭૦% સંભાવના છે.

આજે ભારત-પાકિસ્તાન મૅચ માટેનો ટૉસ સાંજે ૬.૩૦ વાગ્યે થશે અને ૭.૦૦ વાગ્યે પ્રથમ બૉલ ફેંકવામાં આવશે. જોકે કેટલાક અહેવાલો મુજબ મૅચના થોડા કલાક અગાઉ વરસાદ પડી શકે જેને કારણે મેદાન ભીનું થઈ શકે. પિચને કવરથી ઢાંકી દેવામાં આવશે, પરંતુ આઉટફીલ્ડ ભીનું થઈ જતાં મૅચની શરૂઆતમાં કે મૅચ દરમ્યાન અડચણો આવી શકે. એવું પણ બની શકે કે વરસાદને લીધે ટૉસ મોડો રાખવામાં આવશે અથવા મૅચમાં ઓવરની સંખ્યા કદાચ ઘટાડવામાં આવશે.

### આજે કોના મુકાબલા?

નેપાળ વિરુદ્ધ વેસ્ટ ઇન્ડિઝ
(મુંબઈ, સવારે ૧૧.૦૦)

અમેરિકા વિરુદ્ધ નામિબિયા
(ચેન્નઈ, બપોરે ૩.૦૦)

ભારત-પાકિસ્તાન
(કોલંબો, સાંજે ૭.૦૦)

# સાઉથ આફ્રિકાએ ન્યૂ ઝીલૅન્ડને હરાવ્યુંઃ સુપર-એઇટમાં લગભગ પહોંચી ગયું

અમદાવાદઃ ટી-૨૦ વર્લ્ડ કપના ગ્રૂપ-ડીમાં સાઉથ આફ્રિકાએ ન્યૂ ઝીલૅન્ડને સાત વિકેટે હરાવીને આઠ દેશ વચ્ચેના સુપર-એઇટ રાઉન્ડમાં એન્ટ્રી લગભગ પાક્કી કરી લીધી હતી. માર્કો યેનસેને (૪-૦-૪૦-૦) મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર મેળવ્યો હતો.

એઇડન માર્કરમની ટીમે ૧૭૬ રનનો લક્ષ્યાંક ૧૭.૧ ઓવરમાં ૩/૧૭૮ના સ્કોર સાથે મેળવી લીધો હતો. માર્કરમ (૮૬ અણનમ, ૪૪ બૉલ, ચાર સિક્સર, આઠ ફોર) આખી મૅચનો સર્વશ્રેષ્ઠ બૅટ્સમૅન હતો. તેના ચાર સાથી બૅટ્સમેનોએ ૨૦ કે ૨૦-પ્લસ રન કર્યા હતા. ન્યૂ ઝીલૅન્ડના છ બોલરમાં લૉકી ફર્ગ્યુસન, જેમ્સ નીશૅમ અને રચિન રવીન્દ્રને એક-એક વિકેટ મળી હતી. મૅટ હેન્રી, જેકબ ડફી અને કૅપ્ટન મિચલ સૅન્ટનર વિકેટ નહોતા લઈ શક્યા. એ પહેલાં, ન્યૂ ઝીલૅન્ડને યેનસેન ઉપરાંત બીજા પાંચ સાઉથ આફ્રિકન બોલરે મર્યાદિત રહેવાની ફરજ પાડી હતી અને તેમને ૨૦૦ રનના આંકડાની નજીક પણ નહોતા પહોંચવા દીધા. માર્ક ચૅપમૅનના ૪૮ રન કિવીઓની ટીમમાં હાઇએસ્ટ હતા. ■

# કાંટે કી ટક્કરઃ આજે ભારતના કયા ક્રિકેટરની કયા પાકિસ્તાની ખેલાડી સાથે ટક્કર થઈ શકે?

કોલંબોઃ ક્રિકેટમાં ભારત-પાકિસ્તાન વચ્ચેની ટક્કરથી ચડિયાતું બીજું કંઈ નથી અને આ મુકાબલો ફાઇનલ કરતાં પણ વિશેષ છે એટલે રવિવાર, ૧૫મી ફેબ્રુઆરીનો દિવસ (આજે) બહુ ભારે હોવા ઉપરાંત ૧૦૦ ટકા મનોરંજનનો દિવસ પણ કહી શકાય અને આ મુકાબલાને લક્ષમાં રાખીને ખાસ કરીને ભારતના એવા પાંચ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે જેમનો પાંચ પાકિસ્તાની ખેલાડી સાથે મુકાબલો થઈ શકે. પીટીઆઇએ એવી પાંચ વ્યક્તિગત ટક્કરની વાત કરી છે જે રવિવારના જંગને વધુ ઉગ્ર બનાવશે. એ ઉપરાંત પણ બીજી સામાસામી જોવા મળશે. ભારતીય ટીમમાં વર્લ્ડ નંબર-વન બોલર વરુણ ચક્રવર્તી છે એટલે તે કોને કાબૂમાં રાખશે એ જોવું રહ્યું.

### બુમરાહ વિરુદ્ધ સાહિબઝાદા

ભારતના ન્યૂ બૉલ બોલર જસપ્રીત બુમરાહ અને પાકિસ્તાનના ઓપનિંગ બૅટ્સમૅન સાહિબઝાદા ફરહાન વચ્ચે છેલ્લે (ગયા વર્ષે દુબઈમાં) જે ટક્કર થઈ હતી એમાં સાહિબઝાદા થોડો ફાવી ગયો હતો અને ત્યારે તે એક જ ટી-૨૦ મૅચમાં બુમરાહની બોલિંગમાં બે છગ્ગા ફટકારનાર પ્રથમ બૅટ્સમૅન બન્યો હતો. ગુરુવારે નામિબિયા સામે બુમરાહને પાવરપ્લે દરમ્યાન બોલિંગ નહોતી અપાઈ, પણ આજે પાકિસ્તાન સામે હેડ-કોચ ગૌતમ ગંભીર અને કૅપ્ટન સૂર્યકુમાર યાદવનો શું પ્લાન છે એ તો રવિવારે જ ખબર પડશે. બન્ને હરીફ વચ્ચેનો ડેટા આ મુજબનો છેઃ ત્રણ મૅચમાં સાહિબઝાદાએ બુમરાહના ૩૪ બૉલમાં ૫૧ રન બનાવ્યા અને હજી સુધી તેના બૉલમાં વિકેટ નથી ગુમાવી. આજે સાહિબઝાદાની વિકેટ સાથે બુમરાહ ખાતું ખોલાવશે તો નવાઈ નહીં લાગે.

### કુલદીપ વિરુદ્ધ બાબર

ભારતના લેફ્ટ-આર્મ રિસ્ટ સ્પિનર કુલદીપ યાદવે ક્યારેય કોઈ ટી-૨૦ મૅચમાં બાબર આઝમ સામે બોલિંગ નથી કરી, પણ બાબર વન-ડેમાં કુલદીપની કાંડાની કરામતનો બે વાર શિકાર થયો છે. કુલદીપે ત્રણ મૅચમાં બે વખત બાબરને આઉટ કર્યો છે અને પાકિસ્તાનનો આ પેપર-ટાઇગર કુલદીપ સામે બાવન બૉલમાં ફક્ત ૨૮ રન બનાવી શક્યો છે. એશિયા કપમાં બાબર પ્લેઇંગ-ઇલેવનમાં નહોતો એવી મૅચોમાં પણ કુલદીપનો પાકિસ્તાની ટીમ સામેનો રેકૉર્ડ બહુ સારો રહ્યો હતો. તેણે પાકિસ્તાન સામેની ત્રણ મૅચમાં કુલ આઠ વિકેટ લીધી છે જેમાંથી ફાઇનલની ચાર વિકેટનો સમાવેશ છે. જોકે કુલદીપને પ્લેઇંગ-ઇલેવનમાં સમાવવા ભારતીય ટીમ મૅનેજમેન્ટે અર્શદીપ સિંહ અથવા શિવમ દુબે કે બીજા કોઈ ખેલાડીને પડતો મૂકવો પડશે. ઉલ્લેખનીય છે કે સ્પિનર્સ સામે શિવમ બહુ સારું રમી જાણે છે.

### હાર્દિક વિરુદ્ધ તારિક

મુરલીધરન તથા મલિન્ગા જેવી કઢંગી બોલિંગ-ઍક્શન ધરાવતા પાકિસ્તાનના નવા વિવાદાસ્પદ સ્પિનર ઉસ્માન તારિકની બોલિંગ-ઍનેલિસિસ બગાડી શકે એવા ભારતીય બૅટ્સમેનોમાં હાર્દિક સર્વશ્રેષ્ઠ કહી શકાય. કૅપ્ટન સલમાન આગા કેવી રીતે તારિકનો ઉપયોગ કરે છે એ જોવું રહ્યું. જો તેને ૭-૧૬ની મધ્ય ઓવર્સમાં મોરચા પર મૂકવામાં આવશે તો હાર્દિક તેની ખબર લઈ નાખશે. સ્ટૉપ-સ્ટાર્ટની વિવાદાસ્પદ બોલિંગ-ઍક્શન ધરાવતા તારિકના બૉલમાં હાર્દિક બૅક-લિફ્ટમાં કેટલો સફળ થાય છે એ પણ જોવું રહ્યું.



ભારતીયોનું કોલંબોમાં સ્વાગત કરવામાં આવ્યું ત્યારે અર્શદીપ સિંહ સ્થાનિક આદિવાસી ડાન્સરની જેમ થોડું નાચ્યો હતો.

### ઇશાન વિરુદ્ધ આફ્રિદી

અભિષેક શર્માની તબિયત સારી નથી અને સંજુ સૅમસન ફૉર્મમાં નથી એટલે ધમાકેદાર અને અસરદાર ઓપનિંગનો મોટો બોજ ઇશાન કિશન પર છે અને એમાં શાહિન શાહ આફ્રિદી તેની લપેટમાં આવી જશે તો નવાઈ નહીં લાગે, કારણકે ઇશાન જબરદસ્ત ફૉર્મમાં છે. લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન ઇશાન સામે જો લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર આફ્રિદી શૉર્ટ બૉલ ફેંકશે તો જોવા જેવી થશે. ઇશાન બહુ ઊંચો નથી એટલે તે આવા બૉલને કેવું રમે છે એ તેના માટે નિર્ણાયક બની શકે.

### સૂર્યકુમાર વિરુદ્ધ અબ્રાર

કૅપ્ટન સૂર્યકુમાર થોડા અઠવાડિયાથી એવા ગજબના ફૉર્મમાં આવી ગયો છે કે જો તેનું રનમશીન ચાલુ થઈ જશે તો તેને અટકાવવો પાકિસ્તાનના ભલભલા બોલર માટે મુશ્કેલ કામ બની જશે. વાનખેડેમાં અમેરિકા સામે તેણે અણનમ ૮૪ રન જે પ્રેશરની સ્થિતિમાં કર્યા હતા એને પાકિસ્તાનીઓએ બરાબર ધ્યાનમાં લીધા જ હશે અને તેને કેવી રીતે કાબૂમાં રાખવો એની યોજના વિચારી રહ્યા હશે. પાકિસ્તાન પાસે અબ્રાર અહમદ અને શાદાબ ખાનના રૂપમાં બે રિસ્ટ સ્પિનર છે જેમની સૂર્યા ઉપરાંત બીજા ભારતીય બૅટ્સમેનો સામે આકરી કસોટી થશે. ■

# પાકિસ્તાનના કૅપ્ટન સલમાન આગાની શેખી

## ભારતીય ટીમ સાથે હાથ મિલાવવા કે નહીં એનો નિર્ણય આજે લઈશું

કોલંબોઃ ક્રિકેટ મૅચની પહેલાં પાકિસ્તાનના કૅપ્ટન સાથે અને મૅચ પછી પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ ન મિલાવવાની અસરદાર પ્રથા ગયા વર્ષે દુબઈના એશિયા કપમાં ભારતીય ટીમના કૅપ્ટન સૂર્યકુમાર યાદવ અને ભારતીય ખેલાડીઓએ શરૂ કરીને પાકિસ્તાનનું દુનિયાભરમાં નાક કાપ્યું હતું, પરંતુ પાકિસ્તાનના કૅપ્ટન સલમાન અલી આગાએ આજની મૅચ (સાંજે ૭.૦૦ વાગ્યાથી લાઇવ) પહેલાં ગઈ કાલે અક્કલનું પ્રદર્શન કરતા જણાવ્યું હતું કે 'રવિવારે ભારતીય ટીમ સાથે અમે હાથ મિલાવશું કે નહીં એ હજી અમે નક્કી નથી કર્યું, રવિવારે જ નક્કી કરીશું.'

સૂર્યકુમારે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં દુબઈના એશિયા કપમાં પાકિસ્તાન સામેની પહેલી મૅચ પહેલાં જ જાહેર કર્યું હતું કે એપ્રિલ, ૨૦૨૫માં કાશ્મીરના પહલગામમાં પાકિસ્તાની આતંકવાદીઓએ પરિવારોની નજર સામે હિન્દુ પુરુષો પર ગોળીબાર કરીને તેમના જીવ લીધા હતા એ ઘટના બદલ મૃતકોને શ્રદ્ધાંજલિ આપવાના આશયથી ભારતીય ખેલાડીઓની ટીમ પાકિસ્તાની પ્લેયર્સ સાથે હાથ નહીં મિલાવે.

ગયા વર્ષે આ જાહેરાત કરવાની સાથે સૂર્યકુમારે ત્રણ જ દિવસમાં યુદ્ધ જીતી લેવા બદલ ભારતના જાંબાઝ સશસ્ત્ર દળોને બિરદાવ્યા હતા. દરમ્યાન, એક તરફ પાકિસ્તાન આતંકવાદની પ્રવૃત્તિઓને ઉત્તેજન આપે છે અને બીજી બાજુ પાકિસ્તાનનો કૅપ્ટન સલમાન કહે છે કે 'દરેક ખેલાડીએ ક્રિકેટની ભાવનાને ધ્યાનમાં રાખીને જ મેદાન પર ઊતરવું જોઈએ. હવે રવિવારે શું કરવું એ તેમણે (ભારતીય ટીમે) વિચારવાનું છે.'

દુશ્મન-દેશ પાકિસ્તાનના ખેલાડીઓ ભારતીય પ્લેયર્સ સાથે હાથ મિલાવવા તૈયાર જ હશે, પણ હકીકત એ છે કે ભારતીય ખેલાડીઓ એ વિશેનો નિર્ણય દેશના ટોચના ક્રિકેટ અધિકારીઓ પર જ છોડશે. જોકે ભારતમાં ક્રિકેટ ધર્મની જેમ પુજાય છે અને કરોડો દેશપ્રેમીઓ નહીં જ ઇચ્છતા હોય કે આજે ભારતીય ખેલાડીઓ પાકિસ્તાનના પ્લેયર્સ સાથે હાથ મિલાવે. ભારતીયોમાં પહલગામના હુમલાનો આઘાત લેશમાત્ર ઓછો નથી થયો. ખુદ ભારતીય ખેલાડીઓ પણ પાકિસ્તાનીઓ સાથે મિલાવવા નહીં જ ઇચ્છતા હોય. ■

# હાઈ સ્કોરિંગ આયરલેન્ડ સામે ઓમાનનો પરાજય

કોલંબોઃ આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે શ્રીલંકાના પાટનગર કોલંબોમાં ખરાખરીનો જંગ ખેલાય એ પહેલાં આજે ટી-૨૦ વર્લ્ડ કપના બે નાના દેશો આયરલૅન્ડ અને ઓમાન વચ્ચે વન-સાઈડેડ મૅચ રમાઈ ગઈ જેમાં હાઈ-સ્કોરિંગ આયરલૅન્ડે ૯૬ રનના તોતિંગ માર્જિનથી વિજય મેળવ્યો હતો.

આયરલૅન્ડે બૅટિંગ મળ્યા બાદ લૉર્કેન ટકરના અણનમ ૯૪ રન તથા ગારેથ ડેલનીના ૫૬ રનની મદદથી ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૩૫ રન કર્યા હતા.

ઓમાનની ટીમ જવાબમાં ૧૮ ઓવરમાં ૧૩૯ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી.

ઓપનર આમિર ક્લીમ (૫૦ રન) સિવાય બીજો કોઈ બૅટ્સમૅન હાફ સેન્ચુરી નહોતો કરી શક્યો. પેસ બોલર જોશુઆ લિટલે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. ■

# ઈંગ્લૅન્ડે પાડોશી સ્કૉટલૅન્ડને હરાવી સુપર-એઇટની આશા જીવંત રાખી



ટૉમ બૅન્ટન

કોલકાતાઃ ટી-૨૦ વર્લ્ડ કપના ગ્રૂપ-સીમાં સ્કૉટલૅન્ડ (૨૦ ઓવરમાં ૧૦/૧૫૨)ને પાંચ વિકેટે હરાવીને ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન ઇંગ્લૅન્ડે (૧૮.૨ ઓવરમાં ૫/૧૫૫) ટોચના આઠ દેશ માટેના સુપર-એઇટ રાઉન્ડમાં પહોંચવાની આશા જીવંત રાખી હતી. વેસ્ટ ઇન્ડિઝ સામેના વાનખેડેના આંચકાને કારણે બ્રિટિશ ટીમ સ્કૉટલૅન્ડ સામેનો ડુ ઑર ડાય જેવો મુકાબલો જીતવા ભારે માનસિક દબાણમાં હતી અને શનિવારે એને પાડોશી દેશ સ્કૉટલૅન્ડ સામે જીતવા ઘણો સંઘર્ષ કર્યા બાદ જીતવા મળ્યું હતું.

### ૧૫ દિવસમાં બૅન્ટનના બે અવૉર્ડ

હૅરી બ્રૂક (ચાર રન, ચાર બૉલ)ની ટીમ ૧૫૩ રનનો સાધારણ લક્ષ્યાંક પાંચ વિકેટ ગુમાવ્યા બાદ ફક્ત આઠ બૉલ બાકી રાખીને મેળવી શકી હતી. ઇંગ્લૅન્ડનો રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન ટૉમ બૅન્ટન (૬૩ અણનમ, ૪૧ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર) મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ જીત્યો હતો. તે છ વર્ષથી ઇંગ્લૅન્ડ વતી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમે છે અને ૩૦માંથી પહેલી પચીસ ટી-૨૦માં તે ક્યારે આ પુરસ્કાર નહોતો જીતી શક્યો, પરંતુ છેલ્લા ૧૫ દિવસમાં તે આ ફૉર્મેટની છેલ્લી પાંચ મૅચમાં બે વખત મૅન ઑફ ધ મૅચ બન્યો છે.

### બૅન્ટનની ત્રણ મહત્ત્વની ભાગીદારી

ટૉમ બૅન્ટને સ્કૉટિશ કૅપ્ટન રિચી બેરિંગ્ટન (૪૯ રન, ૩૨ બૉલ, બે સિક્સર, પાંચ ફોર)ની ઇનિંગ્સને નિષ્ફળ બનાવી દીધી હતી. બૅન્ટને જેકબ બેથેલ (૩૨ રન, ૨૮ બૉલ, એક સિક્સર, બે ફોર) સાથે ૪૫ બૉલમાં ૬૬ રનની ભાગીદારી, સૅમ કરૅન (૨૮ રન, ૨૦ બૉલ, બે સિક્સર, એક ફોર) સાથે ૩૩ બૉલમાં ૪૬ રનની ભાગીદારી અને છેલ્લે વિલ જૅક્સ (૧૬ અણનમ, ૧૦ બૉલ, એક સિક્સર, એક ફોર) સાથે ૧૩ બૉલમાં ૨૩ રનની અતૂટ ભાગીદારી કરી હતી.

### આદિલની ૧૨ બૉલમાં ત્રણ વિકેટ

એ પહેલાં, સ્કૉટલૅન્ડની ટીમ પ્રથમ બૅટિંગ મળ્યા બાદ વર્લ્ડ-ક્લાસ બોલિંગ આક્રમણ સામે ૨૦ ઓવર સુધી ટકીને ૧૫૨ રન બનાવી શકી હતી. બ્રિટિશ ટીમ વતી સ્પિનર આદિલ રાશીદે સૌથી વધુ ત્રણ વિકેટ મેળવી હતી. તેણે આ ત્રણ વિકેટ બે ઓવર દરમ્યાન ૧૨ બૉલમાં મેળવી હતી. ■

# ગૌતમભાઈ ગંભીર બનો, તમારે નથી રમવાનું!



કોલંબોમાં ગઈ કાલે પ્રૅક્ટિસ સેશન દરમ્યાન એક તબક્કે રિન્કુ સિંહ બૅટિંગ કરી રહ્યો હતો ત્યારે તેને અમુક પ્રકારના બૉલનો સામનો કેવી રીતે કરવો એ સમજાવવા હેડ-કોચ ગૌતમ ગંભીરે પોતે બૅટિંગ કરી હતી. (પીટીઆઇ)

## મુંબઈ સમાચાર ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

### ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.00 શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.00 શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.00 શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.00 દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.00 દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે

૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# સેન્સેક્સ ૯૫૪ પોઇન્ટ ગબડ્યો, તમામ સેકટરલ ઇન્ડેક્સ રેડ ઝોનમાં

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: શેરબજારમાં સપ્તાહ દરમિયાન ભારે ઊથલપાથલ જોવા મળી હતી. ઓટો અને પીએસયુ બેંક ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા, જ્યારે આઈટી અને ટેક સેક્ટરમાં ધરખમ ઘટાડો જોવા મળ્યો હતોય સ્થાનિક સંસ્થાગત રોકાણકારોની રૂ. ૫,૬૧૮.૭૫ કરોડની નેટ ખરીદી રહી હતી. શુક્રવાર તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬એ સમાપ્ત થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ આગલા સપ્તાહના ૮૩,૫૮૦.૪૦ના બંધથી ૯૫૩.૬૪ પોઈન્ટ્સ (૧.૧૪ ટકા) ઘટ્યો હતો.

સપ્તાહના અંતિમ સત્રમાં સેન્સેક્સમાં ૧,૦૪૮ પોઈન્ટનો જોરદાર કડાકો નોંધાયો હતો. જ્યારે, નિફ્ટી ૨૫,૫૦૦ની નીચે સરકી ગયો હતો. શેરબજારમાં વ્યાપક વેચવાલી વચ્ચે બ્રોડ બેઝ્ડ અને સેકટરલ સહિત બધા ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં મુખ્યત્વે મેટલ ઇન્ડેક્સ ૩.૨૧ ટકા તૂટ્યો હતો. નવમી ફેબ્રુઆરીના રોજ સેન્સેક્સ ૮૪,૧૭૭.૫૧ ખૂલી બુધવાર, ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ઉપરમાં ૮૪,૪૮૭.૩૪ સુધી, જ્યારે ગુરુવાર, ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ નીચામાં ૮૨,૫૩૪.૫૫ સુધી જઈ ૮૨,૬૨૬.૭૬ બંધ રહ્યો હતો.

સેન્સેક્સમાં સમાવિષ્ટ સૌથી અધિક વધેલી પાંચ સ્ક્રિપ્સમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (૧૧.૦૪ ટકા), બજાજ ફાઇનાન્સ (૪.૧૫ ટકા), ટ્રેન્ટ લિમિટેડ (૩.૧૨ ટકા), ટાટા સ્ટીલ (૩.૦૩ ટકા) અને લાર્સન એન્ડ ટૂબ્રો (૨.૫૨ ટકા)નો સમાવેશ હતો, જ્યારે સૌથી અધિક ઘટેલી પાંચ સ્ક્રિપ્સમાં ઈન્ફોસિસ (૧૦.૦૩ ટકા), એચસીએલ ટેકનોલોજીઝ (૯.૫૩ ટકા), ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (૯.૨૬ ટકા), ટેક મહિન્દ્રા (૫.૪૬ ટકા) અને હિંદુસ્તાન યુનિલિવર (૫.૧૪ ટકા)નો સમાવેશ હતો. અકુમ્સ ડ્રગ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે ત્રીજા ક્વાર્ટરના પરિણામમાં ૧૪.૮ ટકાના વધારા સાથે રૂ.૧,૧૬૦ કરોડની આવક અને ૨૧ ટકાના વધારા સાથે રૂ. ૧૪૭ કરોડનો સમાયોજિત એબિટા નોંધાવ્યો છે.

કોર્પોરેટ હલચલમાં સિક્યુરિટી મેનેજમેન્ટ, ઇલેક્ટ્રોનિક સિક્યુરિટી અને સ્કીલ ડેવલપમેન્ટમાં વિશેષતા ધરાવતા અગ્રણી ઇન્ટિગ્રેટેડ પ્લેટફોર્મ્સમાંના એક, એનઆઇએસ મેનેજમેન્ટ લિમિટેડે નવમા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં કુલ આવક રૂ. ૩૧૮.૬૬ કરોડ અને રૂ. ૨૨.૪૨ કરોડનો એબિટા તથા રૂ. ૧૩.૦૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા માર્જિન ૭.૦૪ ટકા અને પીએટી માર્જિન ૪.૧૦ ટકા રહ્યું છે. ગ્રુપ અનુસાર વધઘટમાં એ ગ્રુપની ૭૨૫ કંપનીઓમાંથી ૭૨૫ કંપનીઓમાંથી ૩૪૪ વધી, ૩૮૦ ઘટી અને એક યથાવત રહી. બી ગ્રુપની ૧૫૧૪ કંપનીઓમાંથી ૭૨૫ વધી, ૭૭૯ ઘટી અને ૧૦ યથાવત રહી. સપ્તાહ દરમિયાન બી ગ્રુપની ૧૪ કંપનીઓને નીચલી તેમ જ ૧૫ કંપનીઓને ઉપલી સર્કીટ લાગી હતી.

સ્ટેનલેસ સ્ટીલ લોંગ પ્રોડક્ટ્સ અને ટીએમટી બાર સપ્લાય કરતી અગ્રણી કંપનીઓમાંની એક કંપની, રાઠી સ્ટીલ એન્ડ પાવર લિમિટેડ નાણાકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૫૦.૯૭ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૬૦.૦૯ કરોડની કુલ આવક, ૨૬૨.૩૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧.૯૧ કરોડનો ચોખ્ખો નફો અને રૂ. ૬.૪૧ કરોડનો એબિટા નોંધાવ્યો છે.

કર્ણાટક રાજ્યમાં સિમેન્ટ અને સૌર ઉર્જા ઉત્પાદન અને વિતરણના ઉત્પાદનમાં વ્યસ્ત શ્રી કેશવ સિમેન્ટ એન્ડ ઇન્ફ્રા લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના નવમા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૩૫.૮૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૧૬.૩૧ કરોડની કુલ આવક, રૂ. ૩.૨૩ કરોડનો ચોખ્ખો નફો અને વાર્ષિક ધોરણે ૬૬.૮૫ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૨૯.૨૮ કરોડનો એબિટા નોંધાવ્યો છે. ■

# બદલતી દુનિયાની બદલાતી તસવીર

**ઓપિનિયન**

**સી. એ. પ્રકાશ દેસાઈ**

દિવાળીના દિવસે વહેલી સવારના તૈયાર થઇને આખુ ઘર વડીલોને મળવા તેમના ઘરે જઇને તેઓને પગે લાગીને હેપી દિવાળી કે સાલમુબારક કરતા દૃષ્યો છેલ્લા ૨થી ૩ દાયકાથી લગભગ અદૃશ્ય થઇ ગયા છે. તો પણ ૮૦ અને ૯૦ના દાયકામાં પર્સનલ વિઝિટનું સ્થાન એક સરસ મજાની ગ્રીટિંગ કાર્ડ એ લીધેલું જેમાં હોલમાર્ક જેવા સ્ટારમાં જઇને સરસ મજાનું કાર્ડ ખરીદવાનું અને તેમાં સુંદર અક્ષરથી સંદેશો લખીને આ ગ્રીટિંગ કાર્ડ જેણે આપણ વિશ કરતાં હોય તેને બરાબર દિવાળી, બર્થ ડે કે અનિર્વસરીના દિવસે મળી જાય તેની કાળજી લઇને પોસ્ટ કે કુરીયરમાં મોકલતા હતા તેમાં પણ જાણે આપણે પર્સનલી વિશ કરતા હોય તેવો ટચ દેખાતો હતો. પણ જેમ જેમ સમય જતો ગયો અને ઇન્ફર્મેશન ટેકનોલોજી આગળ વધતી ગઇ તેમ તેમ માણસનું એક બીજાને પ્રસંગોપાત ગ્રીટિંગ કરવાનું માત્ર એક ફોર્માલિટીઝ બની ગઇ છે. પહેલા તો એસએમએસના માધ્યમથી લાંબા સંદેશાઓમાં ભાવનાઓ વ્યક્ત કરીને એકબીજાને મોકલાતા હતા તેમાં પણ પર્સનલ ટચ હતો. પણ જ્યારથી વૉટસએપ આવ્યું છે ત્યારથી તો સવારના ઊઠીને કોનું ગ્રીટિંગ સારું છે તે જોઇને તેને જેટલા મિત્રો સંબંધીઓ અને સગાવહાલાઓને જથ્થાબંધમાં ફોરવર્ડ કરીને બધાને વિશ કર્યાનો સંતોષ માણીને કામ પતાવી દઇએ છીએ ને પછી જેને સંદેશો મોકલ્યો છે તેણે વાંચ્યો છેને તે ચેક કરતા રહીએ છીએ કે ડબલ બ્લુ ટીક આવી છે કે નહીં! આમ જિંદગી સાવ રસહીન અને ઇમપર્સનલ થઇ ગઇ છે.

આ બધુ આજે એટલા માટે યાદ આવે છે કે કારણ કે છેલ્લાં ૩ કે ૪ દિવસોમાં માર્કેટમાં ટેકનોલોજી કંપનીના શેરોમાં બહુ મોટું કરેકશન આવેલ છે અને ભાવો તૂટી ગયા છે જેમાં હજારો કરોડોનું નુકસાન રોકાણકારોએ સહન કરવું પડયું છે. જેમાં એઆઇ મતબલ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સે બહુ મોટો રોલ ભજવેલો છે. પહેલા એટલિસ્ટ ગૂગલ કરીને જે માહિતી ઉપલબ્ધ હોય તેમાથી જોઇ વિચારીને આપણે જે લાગુ પડતી હોય તે માહિતી મેળવીને તેમાં સુધારાવધારા કરીને કામમાં લેતા હતા તેની જગ્યાએ તો હવે ચેટજી પીટી કે ગૂગલ જેમીનીને માત્ર સવાલ ટાઇપ કરીને પૂછવાનો અને તેનો તુરત જવાબ મેળવવાનો. ક્રીએટીવીટી ખતમ, કુતુહુલતા ખતમ, વિચારશક્તિ ખતમ, એક બીજાને મળવાનું તેમના અનુભવો પૂછવાના અને તે પ્રમાણે મુસાફરી પ્લાન કરવાનું એકસાઇટમેન્ટ ખતમ. ટૅક્નોલૉજીએ માણસન માણસ નથી રહેવા દીધો પણ મશીન બનાવી દીધેલ છે.

જેનઝીને કદાચ આ બધુ સામાન્ય લાગે પણ ૫૦થી ૯૦ના દાયકામાં જન્મેલાઓ માટે આ પરિસ્થિતિ ઇઝીલી સ્વીકારવી મુશ્કેલ છે. ખાસ કરીને એટલિસ્ટ હોલમાં કે આર્ચીસના સ્ટોર્સમાં જઇને પ્રસંગો પ્રમાણેના સેંકડો કાર્ડમાંથી પ્રસંગને અનુરૂપ બાળકના જન્મને લગતું કે, નોકરીમાં પ્રમોશનનું કે બર્થડે, એનીવર્સરી કે પરીક્ષામાં સફળતાના સંદેશાઓ આપતા કાર્ડ સિલેક્ટ કરવા તે પણ એક રોમાંચક અનુભવ હતો.

બદલતી દુનિયામાં કયો ધંધો કયારે બંધ થવાની કગાર ઉપર આવી જાય તે પણ નક્કી નથી. આપણે ક્યારેય વિચારેલું કે હોલમાર્ક કે કંપની કે જે દુનિયાભરમાં ગ્રીટિંગ કાર્ડની સપ્લાઇઝમાં વર્લ્ડ લીડર હતી અને ગ્રીટિંગ કાર્ડની માર્કેટમાં ૮૦ ટકા રાજ હતું તે કયારેય બંધ થઇ જશે?

૧૯૧૦માં શરૂ થયેલી હોલમાર્ક કંપનીની દુનિયાના લગભગ તમામ દેશોમાં સ્ટોર હતા અને આ બધા સ્ટારનું લૉકેશન પણ બહુ આકર્ષક રહેતું હતું. પણ સમય જતો ગયો તેમ ખાસ કરીને પશ્ચિમના દેશોમાં હોલમાર્કના ગ્રીટિંગ કાર્ડ વોલ માર્ટ, ટારગેટ અને પછી તો કરીયાણાના સ્ટોરમાં મળવા લાગતા હોલમાર્કના એકસલુઝીવ સ્ટોરની વિઝિટ કરીને કયારેય આકર્ષક મોંઘાદાટ કાર્ડ ખરીદવાનું અને ભાવો બધુ વધી ગયા છે તેની મીઠી ફરિયાદ કરતા ખરીદવાનો આનંદ જિંદગીમાંથી ચાલી ગયો છે.

જેઓએ હોલમાર્કની ડિલરશીપ લઇને લાખો રૂપિયાનું રોકાણ કરીને ગ્રીટિંગ કાર્ડના સ્ટોર સ્થાપેલા તેઓને શટર ડાઉન કરવાના દિવસો આવી ગયા છે. કારણ કે અમેરિકામાં હોલમાર્ક કંપનીએ ચેપ્ટર ૧૧માં નાદારી નોંધાવેલી છે.

બદલતી ટેકનોલોજીએ જેમ ટાઇપિંગ શીખડાવતા ટાઇપકલાસો અને ટાઇપરાઇટર, ટેલેકસ અને પછી ફેકસને તાળાં લગાવી દીધા છે તેમ આજે હોલમાર્ક અને ગ્રીટિંગ કાર્ડના હોલમાર્કના સ્ટોરોને તાળાં લાગી ગયા છે.

ટેકનોલોજીના જમાનામાં તેનો લાભ લઇને તુરત દુકાન સ્થાપીને લાભ લેવો શરૂઆતમાં કદાચ સારો લાગે પણ કયારે તેનો અંત આવી જાય તે કોઇના હાથમાં નથી તેથી આ ટાઇપના ધંધામાં રિસ્ક બહુ મોટું છે.

એક સમય હતો જયારે કોઇ કલ્પના નહીં કરી શકતું કે દુનિયામાં બ્રિટિશ સામ્રાજયનો સૂરજ આથમી શકે છે તેમ આ ગ્લીટરિંગ ગ્રીટિંગકાર્ડ માર્કેટનો સૂરજ પણ એક દિવસ અસ્ત થઇ શકે છે.

એઆઇ પછી પણ શું નવું આવી શકે છે તેની કલ્પના પણ કરવી મુશ્કેલ છે અને હા એઆઇમાં પણ બધુ સાચુ સારું અને પરફેક્ટ છે તેની શું ગેરેંટી છે ? કારણ કે એઆઇ પણ એ જ માહિતી આપે છે જે તેમાં ભરવામાં આવેલી છે. ટેકનોલોજીની દુનિયામાં આ બહુ ફેમસ છે, 'ગાર્બેજ ઇન ગાર્બેજ આઉટ.'

જેમ કોરોના કાળમાં શરૂ થયેલો વર્ક ફ્રોમ હોમનો કન્સ્પેટ થોડા સમય બહુ સારો લાગતો હતો પણ કામની કવોલીટીને અસર થવા લાગતા ફરી એકવાર ઓફિસે જઇને નોકરી કરવાના દિવસો આવી ગયા છે તેમ જો આપણા બધાની લાઇફમાં ફરી એકવાર એકબીજાને મળીને ગ્રીટિંગ્ઝ કરવાના દિવસો કે એટલીસ્ટ સારા ગ્રીટિંગ કાર્ડ સિલેકટ કરીને મોકલવાના દિવસો ફરી આવશે તો પણ જૂના દિવસોનો આનંદ પાછો મેળવી શકશું કારણ કે પર્સનલ ટચ કયારેય મિકેનિકલ ના હોય શકે. ■


## ક્લાસિફાઈડ

### ૩૩. ધંધાદારી

**એકાઉન્ટ**

**કોઈપણ પ્રકારના એકાઉન્ટ બેલેન્સ શીટ સુધી GST સાથે અમારા કમ્પ્યુટર પર લખી આપસું આખા વર્ષ માટે ફક્ત Tallyમાં. જો જરૂરી હોય તો અમે એકાઉન્ટ રાઈટિંગ માટે કન્સલ્ટન્સી પણ આપી શકીએ છીએ. સંપર્ક: 7738240426. (બી-૧૭૧૦૨)**

### ૩૪. ફર્નીચર ફીક્ષ્ચર

**RATHOD CHAIRS**

500+ Models - 108 Rachana, Bhayandar - Repair Chairs - Free Pickup / Delivery:- 9892011842 / 9920718392. (786/B)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**

જુના જાણકાર ઘેરબેઠા ફોન પર ઉપાય, પર્સનલ પ્રોબ્લેમ, પ્રેમમાં ધોકા શત્રુપીડા તુરંત નિકાલ. (હોમવિઝિટ) 9765396401. (મુંબઈ). (બી-૧૭૦૫૭)

### ૩૯. જેમ એન્ડ જ્વેલરી

**LOOKING FOR DIAMOND Jewellery Salesman for USA (Only Male) Speak perfect English have USA Visa be able to Drive Car must be connected with the Diamond Market. Position is to work 6-8 months per years in USA Selling Diamond Jewellery. (2-3 Trips of 2-3 months each) Contect Premal: +9179774-27785. (B-17060)**

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**ફોરેન**

પાર્સલ માટે એક માત્ર જુનુ વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૦૨૭)


# સેબીએ એલિવેટ કેમ્પસિસને ₹ ૨,૫૫૦ કરોડના આઈપીઓ માટે આપી મંજૂરી

મુંબઇ: કેપિટલ માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ સિંગાપુર સ્થિત હિલહાઉસ ઇન્વેસ્ટમેન્ટ્સ દ્વારા સમર્થિત ઇન્સ્ટિટ્યુશન સ્ટુડન્ટસ એકોમોડેશન અને એજ્યુકેશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્લેટફોર્મ એલિવેટ કેમ્પસિસને રૂ. ૨,૫૫૦ કરોડના પ્રારંભિક જાહેર પ્રસ્તાવ (આઇપીઓ) માટે મંજૂરી મળી છે. પ્રસ્તાવિત જાહેર ઈશ્યૂ સંપૂર્ણપણે ઇક્વિટી શેરના ફ્રેશ ઇશ્યૂથી બનેલો હશે અને તેમાં ઓફર ફોર સેલ (ઓએફએસ)નો કોઈ ઘટક નહીં હોય. કંપની વિસ્તરણ યોજના, કરજ ઘટાડવા અને એક્વિઝિશન માટે મૂડી ભંડોળ એકત્ર પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

સેબી પાસે જમા કરાવેલા ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) અનુસાર, એલિવેટ કેમ્પસિસ રૂ. ૧,૧૦૦ કરોડ કે-૧૨ એજ્યુકેશન ઇન્સ્ટિટયુશન્સ અને કેમ્પસોના એક્વિઝિશન માટે ચુકવણીમાં વાપરવાની યોજના ધરાવે છે. અન્ય રૂ.૭૫૦ કરોડનો ઉપયોગ અમુક બાકી દેવાની ચુકવણી માટે કરવામાં આવશે, જ્યારે બાકીની રકમ ઇનઓર્ગેનિક ગ્રોથ પહેલ માટે કરવામાં આવશે. સીબીઆરઇના અહેવાલ મુજબ, ભારતની ઉચ્ચ શિક્ષણ પ્રણાલી વૈશ્વિક સ્તરે સૌથી મોટી પ્રણાલીઓમાંની એક છે, જે અંદાજિત ૫૮,૬૪૨ સંસ્થાઓ લગભગ ૪.૩૩ કરોડ વિદ્યાર્થીઓને શિક્ષણ પૂરું પાડે છે, જે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ સુધીમાં ગ્લોબલ એન્રોલ્મેન્ટના લગભગ ૧૭.૫ ટકાનો હિસ્સો ધરાવે છે. જોકે, જર્મનીમાં ૭૬.૩ ટકા અને ચીનમાં ૭૪.૬ ટકાની સરખામણીમાં, ૨૦૨૩-૨૪ના શૈક્ષણિક વર્ષ માટે ભારતનો ગ્રોસ એનરોલ્મેન્ટ રેશિયો અંદાજિત ૩૧ ટકા જેટલો પ્રમાણમાં ઓછો રહ્યો છે, જે નોંધપાત્ર વૃદ્ધિની સંભાવના દર્શાવે છે.

એલિવેટ કેમ્પસિસ એક સંકલિત શિક્ષણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્લેટફોર્મ તરીકે કાર્ય કરે છે, જે સમગ્ર ભારતમાં ઓન-કેમ્પસ સ્ટુડન્ટ્સ એકોમોડેશન (હોસ્ટેલ) અને કે-૧૨ શૈક્ષણિક સંપત્તિઓની માલિકી, સંચાલન અને વ્યવસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ■

# એફઆઈઆઈએ દસ દિવસની લેવાલી ચાર દિવસમાં પાછી ખેંચી લીધી!

મુંબઇ: વિદેશી સંસ્થાકીય રોકાણકાર (એફઆઇઆઇ) માત્ર ચાર દિવસમાં ફરી નેટ સેલર્સ બની ગયા છે. ફેબ્રુઆરીમાં, ૧૩મી તારીખ સુધી, એફઆઇઆઇ મોટાભાગના દિવસોમાં ખરીદદારો હતા. ભારત-યુએસ વેપાર કરાર પછી, એફઆઇઆઇની લેવાલીએ બજારના સેન્ટિમેન્ટમાં સુધારો કર્યો હતો. વિદેશી ફંડ અગિયાર ટ્રેડિંગ દિવસોમાંથી સાત દિવસોમાં ખરીદદાર રહ્યા હતા અને ફક્ત ચાર દિવસમાં વેચાણ કર્યું હતું. જોકે, ૧૩મી ફેબ્રુઆરીના આંકડા આપણને જણાવે છે કે એફઆઇઆઇએ ફેબ્રુઆરીની ૧૩મી તારીખ સુધી, એટલે કે અત્યાર સુધીમાં રૂ. ૧૩૭૪ કરોડમાં ઇક્વિટીનું ચોખ્ખું વેચાણ કર્યું છે. ૧૩મી તારીખે સેન્સેક્સ ૧૦૪૮ પોઇન્ટ અને નિફ્ટી ૩૩૬ પોઈન્ટ ઘટ્યો હતો. આ સપ્તાહમાં એન્થ્રોપિક આંચકા હેઠળ આઇટી શેરોમાં ભારે વેચાણ જોવા મળ્યું હતું ત્યારે, નેટ આંકડો રૂ. ૭૩૯૫ કરોડના મોટા વેચાણ આંકડાથી બદલાઈ ગયો છે. શક્ય છે કે ૧૩મી ફેબ્રુઆરીએ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન આઇટી ઇન્ડેક્સ ૮.૨૦ ટકાતૂટી ગયો ત્યારે વિદેશી ફંડોએ કેશ માર્કેટમાં આઇટી શેરોનું ભારે વેચાણ કર્યું હોય, એમ જીઓજિત ઇન્વેસ્ટમેન્ટના ચીફ ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વીકે વિજયકુમારે જણાવ્યું હતું.

એફઆઇઆઇ નેટ સેલર્સ બન્યા હોવા છતાં તેઓ કહે છે કે, ૨૦૨૬ના વિકાસલક્ષી બજેટ અને યુએસ-ભારત વેપાર કરાર પછી ભારતીય બજારના સેન્ટિમેન્ટ્સમાં નોંધપાત્ર સુધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૭માં કોર્પોરેટ કમાણીની સુધારેલી સંભાવનાઓને ધ્યાનમાં રાખીને, બજાર મૂલ્યાંકન, ખાસ કરીને લાર્જ કેપ્સ માટે વાજબી છે. તેમના મતાનુસાર એકવાર આઇટી ક્ષેત્ર પરની ધમાલ શાંત થઈ જાય, પછી વિદેશી ફંડો ભવિષ્યમાં ખરીદદારી તરફ વળે તેવી શક્યતા છે. જો આગામી કેટલાક દિવસોમાં યુએસમાં એઆઇ વેપારમાં ઘટાડો લંબાય છે, તો તે એફઆઇઆઇ માટે ભારતમાં ખરીદદારી તરફ વળવાનું કારણ બનશે. ■

# એઆઇ વાવાઝોડાએ આઇટી શૅરોનો ભુક્કો બોલાવી દીધો, શૅરધારકોની સંપત્તિમાં વીસ ટકાનો ભયાનક કડાકો

મુંબઈ : એન્થ્રોપિકે સર્જેલા એઆઇ વાવાઝોડની ઝપટમાં આવેલા આઇટી કંપનીઓના શેરોનો ભૂક્કો બોલી ગયો છે અને તેને કારણે આ કંપનીઓના શેરધારકોના લાખો રૂપિયા ધોવાઇ ગયા છે. માત્ર ૧૦ દિવસમાં આઇટી શેરોમાં ૨૦ ટકાનું ધોવાણ નોંધાયું છે. વિશ્વ અત્યારે અસાધારણ ટેકનોલોજીકલ પરિવર્તન કાળમાંથી પસાર થઈ રહ્યું છે, એમાં ખાસ વર્ષોથી પોતાનું આધિપત્ય જમાવનારા કોમ્પ્યુટર સોફ્ટવેર ઉદ્યોગના અસ્તિત્વને ખતરામાં મૂકી દેતાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ડેવલપમેન્ટે વિશ્વભરમાં ખળભળાટ મચાવી દઈ આઈટી-ઈન્ફોર્મેશન ટેકનોલોજી કંપનીઓના શેરોમાં રોકાણકારોની મૂડીનો કચ્ચરઘાણ બોલાવી દીધો છે. ભારતમાં પ્રમુખ આઈટી-ઈન્ફોર્મેશન ટેકનોલોજી કંપનીઓના શેરોમાં સતત ગાબડાં પડવાનું ચાલુ રહી પાછલા ૧૦ દિવસમાં ભાવો ૨૦ ટકા સુધી તૂટયા છે. એઆઈ કંપની એન્થ્રોપિક દ્વારા તાજેતરમાં ક્લાઉડને ચોક્કસ ઉદ્યોગોમાં ચોક્કસ કાર્યોને સંભાળવામાં મદદ કરવા માટે ટુલ્સ પ્રદાન કરવાનું જાહેર કરીને આઈટી-સોફટવેર સર્વિસિઝ ઉદ્યોગ ક્ષેત્રે અનેક કંપનીઓનું અસ્તિત્વ જોખમમાં આવી પડવાનો સંકેત આપ્યા બાદ વૈશ્વિક બજારોમાં આઈટી શેરોમાં સતત કડાકો બોલાઈ રહ્યો છે. ભારતીય શેર બજારોમાં છેલ્લા ૧૦ દિવસમાં આઈટી શેરોમાં ફંડોના ભારે વેચવાલીના દબાણે બીએસઈ આઈટી ઈન્ડેક્સ ૫૨૬૭ પોઈન્ટ એટલે કે ૧૪.૨૯ ટકાનું ધોવાણ થઈ ૩૧૫૯૧ની સપાટીએ આવી ગયો છે. ■

# એર ઈન્ડિયા માટે નવી મુશ્કેલી: રેગ્યુલેટરે ફટકાર્યો ₹ એક કરોડનો દંડ

મુંબઇ: ભારતના ઉડ્ડયન નિયમનકારે એરબસ એ૩૨૦ એ માન્ય એરવર્થનેસ ક્લિયરન્સ વિના આઠ કમર્શિયલ ફ્લાઇટ્સનું ઉડ્ડયન ચાલુ રાખ્યું હોવાથી એર ઇન્ડિયા પર રૂ. ૧ કરોડ (૧૧૦,૩૫૦ ડોલર)નો દંડ લાદ્યો છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, આ ભૂલથી લોકોના વિશ્વાસને નુકસાન થયું છે અને એરલાઇનના સલામતી પાલન અંગે ચિંતા ઉભી થઈ છે.

રોઇટર્સ દ્વારા ટાંકવામાં આવેલા ગપ્ત દંડના આદેશમાં દર્શાવવામાં આવ્યું છે કે વિમાને ૨૪ અને ૨૫ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ નવી દિલ્હી, મુંબઈ, બેંગલુરુ અને હૈદરાબાદ વચ્ચે મુસાફરોને ઉડાન ભરી હતી, જોકે તેની પાસે ફરજિયાત એરવર્થનેસ રિવ્યૂ સર્ટિફિકેટ અમલમાં નહોતું.

એરવર્થનેસ રિવ્યૂ સર્ટિફિકેટ એક મહત્વપૂર્ણ પરમિટ છે જે વિમાન દ્વારા નિર્ધારિત સલામતી અને પાલન ચકાસણીઓ પૂર્ણ કર્યા પછી વાર્ષિક ધોરણે જારી કરવામાં આવે છે. પાંચમી ફેબ્રુઆરીના આદેશમાં એર ઇન્ડિયાને ૩૦ દિવસની અંદર દંડ જમા કરાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

આદેશમાં, નાગરિક ઉડ્ડયનના સંયુક્ત મહાનિર્દેશક મનેશ કુમારે જણાવ્યું હતું કે આ ઘટનાથી ''લોકોનો ભરોસો વધુ ઓછો થયો છે અને સંસ્થાના સલામતી પાલન પર પ્રતિકૂળ અસર પડી છે, જેમ કે રોઇટર્સે ટાંક્યું છે. દસ્તાવેજમાં એર ઇન્ડિયાના સીઈઓ કેમ્પબેલ વિલ્સનનો ઉલ્લેખ કરીને આ ભૂલ માટે એરલાઇનના જવાબદાર મેનેજર, જવાબદાર હોવાનું પણ જણાવાયું છે. ■


PUBLIC NOTICE **પબ્લિક નોટીસ**

**પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝન**

**કોચેસમાં વોટર લેવલ ઈન્ડીકેટર અને મોનીટોરીંગ સિસ્ટમ ધોરણે IOT ની સપ્લાય, ઈન્સ્ટોલેશન, કમિશનિંગ અને ટેસ્ટિંગ માટે કોન્ટ્રાક્ટ વર્ક**

ટેન્ડર નોટિસ (NIT), ઈ-ટેન્ડર નોટિસ નં.: DRM (M) ADI / ૪૪ / ૨૦૨૫-૨૬ તારીખ ૧૨.૦૨.૨૦૨૬, નીચેના કામ માટે લાયક કોન્ટ્રાક્ટરો પાસેથી ઈ-ટેન્ડર મંગાવે છે. **કામનું નામ:** RDSO ટેકનિકલ સ્પષ્ટીકરણ IS/RDSO CG/૦૦૦૨:૨૦૨૫ તારીખ ૨૩.૦૬.૨૦૨૫ અથવા નવીનતમ મુજબ ADI ડિવિઝનના કોચેસમાં વોટર લેવલ ઈન્ડીકેટર અને મોનીટોરીંગ સિસ્ટમ ધોરણે IOTની સપ્લાય, ઈન્સ્ટોલેશન, કમિશનિંગ અને ટેસ્ટિંગ માટે કોન્ટ્રાક્ટ વર્ક. **ટેન્ડર નં.: S/ADI/KKF/BRSP/૧/૨૦૨૫-૨૬, કામની અંદાજિત કિંમત:** ₹ ૫,૯૦,૪૭,૨૦૦/-, **બીડ સુરક્ષા:** ₹ ૪,૪૫,૨૦૦/- અથવા લાગુ પડે તેમ, **ટેન્ડર બંધ થવાની અને ખોલવાની તારીખ & સમય:** તા. ૦૫/૦૩/૨૦૨૬ના ૧૫.૦૦ ક. બંધ થશે અને ૦૫/૦૩/૨૦૨૬ના ૧૫.૩૦ ક. ખૂલશે. **વેબસાઈટ વિગતો નોટીસ બોર્ડ સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે અને ટેન્ડર મંગાવતી અધિકારીના કાર્યાલયનું સરનામું:** https://www.ireps.gov.in Sr. કોચિંગ ડેપો ઓફિસરની ઓફિસ, કોચિંગ ડેપો - કાંકરિયા, ગોમતીપુર રેલવે યાર્ડ, નાગરી મિલ પાસે, અમદાવાદ (પશ્ચિમ રેલવે) - ૩૮૦૦૨૧. ADI – 274

અમને લાઇક કરો: facebook.com/WesternRly


# બિઝનેસ સાઇકલ ફંડમાં આઇપ્રુ ટોચના સ્થાને

મુંબઈ: આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ બિઝનેસ સાયકલ ફંડ (સ્કીમ), એક ઓપન એન્ડેડ ઇક્વિટી સ્કીમ જે બિઝનેસ સાયકલ આધારિત રોકાણ થીમને અનુસરે છે. આ બિઝનેસ સાયકલ ફંડે એક વર્ષમાં ૧૮.૧૨ ટકા અને ત્રણ વર્ષમાં ૨૨.૮૨ ટકા વળતર આપ્યું છે. જ્યારે તેની સામે કોટકના ફંડે અનુક્રમે ૧૦.૪૮ ટકા અને ૧૭.૮૦ ટકા, ટાટાની યોજનાએ અનુક્રમે ૬.૨૩ ટકા અને ૧૭.૨૮ ટકા અને એચડીએફસીની સમાન યોજનાએ અનુક્રમે ૮.૫૯ ટકા અને ૧૪.૯૭ ટકા વળતર આપ્યું છે. પાંચેક વર્ષ અગાઉ ૧૮ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ શરૂ કરાયેલ, આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ બિઝનેસ સાયકલ ફંડનો ઉદ્દેશ્ય લાંબા ગાળાના મૂડી મૂલ્યમાં વધારો કરવા સાથે, વ્યવસાય ચક્રના પ્રવર્તમાન તબક્કાના આધારે વિવિધ ક્ષેત્રો અને થીમ્સમાં તક અનુસાર રોકાણ કરવાનો છે. રોકાણ અભિગમ મેક્રોઇકોનોમિક વલણોને ઓળખવા અને આર્થિક ચક્રના વિવિધ તબક્કાઓમાંથી લાભ મેળવવા માટે સ્થિત ક્ષેત્રોને ગતિશીલ રીતે મૂડી ફાળવવામાં મૂળ ધરાવે છે. ઉપલબ્ધ માહિતી અનુસાર ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ના ડેટા મુજબ ઉપરોક્ત ફંડની એસેટ અંડર મેનેજમેન્ટ (એયુએમ) રૂ. ૧૫,૮૫૧.૮૯ કરોડ નોંધાઇ છે. આ ફંડમાં, ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ (૧૮ જાન્યુઆરી, ૨૦૨૧) શરૂઆતના સમયે કરેલું રૂ. એક લાખનું રોકાણ આશરે રૂ. ૨.૫૧ લાખ એટલે કે ૨૦.૦૬ ટકા સીએજીઆર દર્શાવે છે, જે સ્કીમ બેન્ચમાર્ક નિફ્ટી ૫૦૦ ટીઆરઆઇમાં સમાન રોકાણથી રૂ. ૨.૦૬ લાખ એટલે કે ૧૫.૪૭ ટકા સીએજીઆર રહ્યું હોત. ■

# ઇન્ફ્રાસ્ટ્રક્ચરની માગ સિમેન્ટના ભાવ ટકાવી રાખશે

મુંબઇ: માળખાકીય ક્ષેત્રમાં સરકાર દ્વારા વધારવામાં આવેલા આયોજનોથી આ ક્ષેત્રની માગ વધતા સિમેન્ટની ખપત વધી શકેહ છે. જોકે, ઉદ્યોગના નિરીક્ષકો માને છે કે, માગ અને પુરવઠાની પરિસ્થિતિ જોતાં ઇન્ફ્રાસ્ટ્રકચરની વધતી માગ સિમેન્ટના ભાવ ટકાવી રાખશે. ભારતનો સિમેન્ટ ક્ષેત્ર નાણાકીય વર્ષ ૨૦૨૬ના અંતિમ ત્રિમાસિક સમયગાળામાં ભાવ સ્થિરતાના પ્રારંભિક સંકેતો આપી રહ્યો છે, જેમાં અગ્રણી ઉત્પાદકો સૂચવે છે કે વપરાશના વલણોમાં સુધારો અને શિસ્તબદ્ધ પુરવઠા વધારાથી લાંબા સમય સુધી અસ્થિરતાના તબક્કા પછી રિકવરીને ટેકો મળી શકે છે. જોકે, અલ્ટ્રાટેક સિમેન્ટ અને અંબુજા સિમેન્ટ્સ જેવા મોટા સિમેન્ટ ઉત્પાદકોએ તાજેતરના મહિનાઓમાં બજારોમાં ભાવ વધારાને ટકાવી રાખવા તરફ ધ્યાન દોર્યું છે, જે સૂચવે છે કે ઉદ્યોગ વધુ સ્થિર ભાવ ચક્રમાં પ્રવેશી શકે છે. તેમણે નોંધ્યું હતું કે ડિસેમ્બર ક્વાર્ટરમાં ભાવ નબળાઈ જોવા મળી હતી. ■

# મુલુંડમાં મેટ્રો-ચારના બ્રિજના ગર્ડરનો સ્લેબ તૂટીને ઓટોરિક્ષા પર પડતા એકનું મોતઃ ત્રણ જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુલુંડ (પશ્ચિમ)માં લાલ બહાદુર શાસ્ત્રી રોડ (એલ.બી.એસ.) પર નિર્માણધીન મેટ્રો લાઈન-ચાર (વડાલા-કાસરવડવલી)ના ગર્ડરનો તુકડો (પેરાપેટ સેગમેન્ટ) શનિવારે બપોરે નીચેથી પસાર થઈ રહેલી ઓટો-રિક્ષા પર તૂટી પડયો હતો, જેમાં ઓટો-રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ દુર્ઘટનામાં એકનું મૃત્યુ અને ત્રણ ગંભીર રીતે જખમી થયા હતા. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ આ દુર્ઘટનાની તપાસ માટે ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરી હતી. આ દુર્ઘટના બાદ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મૃતકના પરિવારને પાંચ લાખનું વળતર જાહેર કર્યું હતું. આ દુર્ઘટના બાદ મુલુંડ પોલીસ સ્ટેશનમાં સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

મુલુંડ એલ.બી.એસ. રોડ પર જોન્હસન એન્ડ જોન્હસન ફેકટરી અને મુલુંડ ફાયર સ્ટેશન નજીક પીયર પી-૧૯૬ પાસે શનિવારે બપોરના ૧૨.૧૫ વાગે પેરાપેટ સેગમેન્ટનો એક ભાગ ઊંચાઈ પરથી નીચેથી પસાર થતી ઓટો રિક્ષા અને સ્કોડા કાર પર તૂટી પડયો હતો, જેમાં ઓટો-રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને તેમાં સવાર લોકો ગંભીર રીતે જખમી થયા હતા. જખમીઓને નજીક આવેલી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પ્રત્યદર્શીઓના કહેવા મુજબ આ મેટ્રો રૂટ પર મહિનાઓથી કામ ચાલી રહ્યું છે. બપોરના અચાનક ગર્ડરનો સ્લેબ તૂટીને નીચે રિક્ષા પર પડયો હતો. લોકો મદદે દોડી ગયા હતા પણ સિમેન્ટનો સ્લેબ વજનદાર હોવાથી રિક્ષા આખી દબાઈ ગઈ હોવાથી તેમાં

(જુઓ પાનું ૪) ▸▸

## મૃતકના પરિવારને પાંચ લાખનું વળતર

આ દરમ્યાન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ દુર્ઘટનાને કમનસીબી ગણાવી હતી અને પૂરી દુર્ઘટનાની તપાસનો આદેશ આપ્યો હતો. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે કામ કરતા સમયે આવશ્યક કાળજી લેવામાં આવી હતી કે નહીં તે બાબતની તપાસ કરવામાં આવશે. આ દુર્ઘટના માટે જવાબદાર વ્યક્તિ સામે આકરી કાર્યવાહી કરવામાં આવશે. ફડણવીસે મૃતકના વારસદારને પાંચ લાખ રૂપિયાની આર્થિક મદદની સાથે જ જખમીઓના સારવારનો ખર્ચ રાજ્ય સરકાર કરશે એવી જાહેરાત કરી હતી.



## હવે થાણે, ઘોડબંદર, ભિવંડીના પ્રવાસીઓમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુલુંડમાં શનિવારે બપોરના મેટ્રો-ચાર (વડાલા-કાસારવડવલી)રૂટ પર સ્લેબ તૂટી પડવાની દુર્ઘટનામાં એકનું મોત અને ત્રણ જખમી થયા હતા. શનિવારની દુર્ઘટના અગાઉ પણ અનેક વખત મેટ્રો રેલના કામ દરમ્યાન આવી દુર્ઘટના બની છે, જેને કારણે મેટ્રોના કામ ચાલી રહ્યા હોય તેવા રસ્તા પરથી વાહનોમાં પ્રવાસ કરવું જોખમી બની ગયું છે. તેમાં પણ ખાસ કરીને થાણે, ઘોડબંદર અને ભિવંડી રૂટ પર મેટ્રો કામ દરમ્યાન આ અગાઉ પણ આવી દુર્ઘટનાઓ બની છે, તેથી નાગરિકોની સુરક્ષાનો મુદ્દો ફરી ચર્ચાસ્પદ બન્યો છે.

રોડ અને રેલવે રૂટ પરનો ટ્રાફિકનો ભાર ઓછો થાય તે માટે નાગરિકોને સાર્વજનિક ટ્રાફિકનો પર્યાય ઉપલબ્ધ થાય તે માટે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ મેટ્રો પ્રોજેક્ટ હાથમાં લીધા છે. થાણે, ઘોડબંદર તેમ જ ભિવંડી શહેરમાં મેટ્રો લાઈન અને સ્ટેશન ઊભા કરવાનું કામ છેલ્લા અનેક વર્ષોથી ચાલી રહ્યું છે. જોકે આ કામ દરમ્યાન સુરક્ષાના નિયમો તરફ દુર્લક્ષ કરવામાં આવતું હોવાને કારણે એક્સિડન્ટના બનાવ અવારનવાર

(જુઓ પાનું ૪) ▸▸

## તપાસ માટે ઉચ્ચ સ્તરીય કમિટીની સ્થાપના

એમએમઆરડીએ દ્વારા મોડેથી સત્તાવાર રીતે નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું કે પેરાપેટ સેગમેન્ટ પડી જવાના ચોક્કસ કારણની તપાસ માટે એમએમઆરડીએના ડાયરેકટર (પ્રોજેક્ટ) બસવરાજ એમ. ભદ્રગોંડની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિ બાંધકામ પદ્ધતિ, ક્વોલિટી કંટ્રોલ પ્રોટોકોલ, દેખરેખ પદ્ધતિ કમ્પાઈન્સ રેકોર્ડની તપાસ કરશે. પ્રાથમિકતાના આધારે વિગતવાર અહેવાલ માંગવામાં આવ્યો છે.

## અગાઉ પણ બની છે આવી ઘટના

મુલુંડની દુર્ઘટના અગાઉ આવી અનેક દુર્ઘટનાઓ ઘટી છે, જેમાં ઘોડબંદર રોડ પર કાપુરબાવડી વિસ્તારમાં સપ્ટેમ્બર ૨૦૦૨૫માં બે લોખંડના રૉડ કાર પડયા હતા. આ રૉડ કારના અરીસા પર પડયા હતા અને મોટી દુર્ઘટના ટળી હતી. તેમ જ કાપૂરબાવડી વિસ્તારમા આ અગાઉ પણ આવી બે ઘટના બની હતી. ગયા વર્ષે જ ૩૦ જુલાઈના થાણેમાં વિદ્યાપીઠ રોડ પર પણ એક કાર પર રૉડ પડયો હતો, જેમાં ડ્રાઈવર જરાક માટે બચી ગયો હતો. બીજી મેના એક કાર પર મેટ્રોના કામ માટે બેસાડેલી ક્રેનનો ભાગ તૂટી પડયો હતો. આ ઘટનામાં પણ ડ્રાઈવર અને તેમાં બેસેલા લોકો જરાક માટે બચી ગયા હતા. ભિવંડીમાં પાંચ ઑગસ્ટના એક યુવકના માથા પર મેટ્રો લાઈન માટેના સળિયા માથા પર પડતા તે ગંભીર રીતે જખમી થયો હતો.

## વિપક્ષોએ સરકારની કરી આકરી ટીકા

મુંબઈ : રાજ્ય સરકાર પર પ્રહાર કરતા શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ જણાવ્યું હતું કે ગયા વર્ષે ભારે વરસાદ દરમિયાન એક દીવાલ પડી ગઈ હતી અને ત્યારે નવી ઉદ્‌ઘાટન કરાયેલી મેટ્રો લાઇનમાં પાણી ભરાયા હતા. ભાજપની આગેવાની હેઠળની સરકાર (આજની ઘટના માટે) કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરશે એવો સવાલ તેમણે કર્યો હતો.

આદિત્ય ઠાકરેએ ઉમેર્યું હતું કે એની સંભાવના નથી. બહુ બહુ તો કદાચ થોડા લાખ રૂપિયાનો દંડ કરવામાં આવશે અને કોન્ટ્રાક્ટરને વધુ ટેન્ડર આપવામાં આવશે. તમે ધ્યાનથી જોશો તો ખ્યાલ આવશે

(જુઓ પાનું ૪) ▸▸

## ઉત્તર પ્રદેશના ગામના સરપંચનું મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)


મુંબઈઃ મુલુંડમાં મેટ્રો-ચાર (વડાલા-કાસારવડવલી) રૂટ પર અંડરકન્સ્ટ્રકશન મેટ્રો સાઈટ પર સ્લેબ તૂટી પડતા થયેલી દુર્ઘટનામાં એકનં મૃત્યુ અને ત્રણ જખમી થયા હતા, જેમાં મૃતક રામધની યાદવ ઉત્તર પ્રદેશના એક ગામના સરપંચ હોવાનું તેમના પરિવાર પાસેથી જાણવા મળ્યું હતું.

મૃતક રામધની યાદવ ઉત્તર પ્રદેશના જૌનપુર જિલ્લાના એક ગામના સરપંચ હોઈ તેનો ભૂતપૂર્વ સરપંચ મહેન્દ્ર યાદવ સાથે મુંબઈ ફરવા માટે આવ્યા હતા. મુલુંડ પરિસરમાં સરપંચ યાદવના

(જુઓ પાનું ૪) ▸▸

# મેટ્રો રૂટ-૧૨ પ્રોજેક્ટના મહત્ત્વના તબક્કાનું કામ પૂર્ણ

## ગોળવલી ખાતે ૨૦૦મો 'યૂ ગર્ડર' સફળતાપૂર્વક બેસાડાયો



થાણેઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા બનાવવામાં આવી રહેલા મેટ્રો રૂટ-૧૨ પ્રોજેક્ટના મહત્ત્વના તબક્કાનું કામ પૂર્ણ થયું છે. કલ્યાણ-શિળફાટા માર્ગ પરના ગોળવલી મેટ્રો સ્ટેશનની નજીક ૨૦૦મો 'યૂ ગર્ડર' સફળતાપૂર્વક બેસાડવામાં આવ્યો છે. આથી પ્રોજેક્ટના કામને હવે વધુ ગતિ મળશે.

એમએમઆરડીએ દ્વારા છેલ્લા એક વર્ષથી મેટ્રો-૧૨ પ્રોજેક્ટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ મેટ્રો રૂટ આશરે ૨૩.૫૭ કિલોમીટર લાંબો અને સંપૂર્ણ એલિવેટેડ છે અને તેમાં કુલ ૧૧ સ્ટેશન પ્રસ્તાવિત છે. આ રૂટને કારણે કલ્યાણ, ડોંબિવલી, તળોજા તેમ જ નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ એકબીજા સાથે જોડાઇ જશે. આ રૂટ કલ્યાણ-શિળફાટા-તળોજા માર્ગની સમાંતર ચાલશે અને તેને લગભગ સાત કિલોમીટરના અંતરે બાંધવામાં આવેલા ફ્લાયઓવર સાથે જોડવામાં આવશે.

એમએમઆઇડીએના જણાવ્યા અનુસાર યૂ ગર્ડર બેસાડવાનો આ મહત્ત્વનો

(જુઓ પાનું ૪) ▸▸




## આજે રેલવેની ત્રણેય લાઇનમાં મેગાબ્લોક

મુંબઈઃ રેલવે ટ્રેક, ઓવરહેડ વાયર, સિગ્નલ સિસ્ટમ તેમ જ અન્ય કામો હાથ ધરવામાં આવનાર હોવાથી રવિવારે સેન્ટ્રલ અને વેસ્ટર્ન રેલવેમાં મેગાબ્લોક રહેશે. હાર્બર લાઇનમાં પણ કુર્લા-વાશી દરમિયાન બ્લોક રહેશે, જ્યારે મધ્ય રેલવેની મેઇન લાઇનમાં ફાસ્ટ ટ્રેક પર બ્લોક હોવાને કારણે તમામ લોકલ સ્લો ટ્રેક પર દોડાવવામાં આવશે. ખારગાંવ ખાતે શનિવારે આયોજિત રાત્રિ બ્લોક રદ કરવામાં આવ્યો હતો.

મધ્ય રેલવેમાં માટુંગા અને મુલુંડ દરમિયાન અપ અને ડાઉન લાઇન પર સવારે ૧૧.૦૫ વાગ્યાથી બપોરે ૩.૪૫ વાગ્યા વચ્ચે બ્લોક રહેશે. સીએસટીથી સવારના ૧૦.૩૬થી બપોરના ૩.૧૦ વાગ્યા દરમિયાન છૂટનારી ડાઉન ફાસ્ટ ટ્રેક પરની ટ્રેનો માટુંગા સ્ટેશન પર ડાઉન સ્લો ટ્રેક પર વાળવામાં આવશે. થાણેથી

(જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈ-નાશિક હાઈવે ટ્રાફિક જૅમની સમસ્યા એક-બે દિવસમાં સમાપ્ત

મુંબઈઃ નાશિક-મુંબઈ - નાશિક હાઈવે પર મુસાફરી હવે સરળ બનવા જઈ રહી છે. સાકેત ખાતે નવા ખાડી પુલનું બાંધકામ આખરે પૂર્ણ થઈ ગયું છે અને આગામી એક કે બે દિવસમાં તે ટ્રાફિક માટે ખુલ્લો મુકાય તેવી શક્યતા છે. આ પુલ પર ટ્રાફિક શરૂ થયા પછી મુંબઈ - નાશિક હાઈવે પર ટ્રાફિકનું પ્રમાણ ઘણું ઓછું થશે. ઉપરાંત, માજીવાડા, ખારેગાંવ, મુમ્બ્રા અને ભિવંડી વિસ્તારના નાગરિકોને રાહત મળશે.

મુંબઈ - નાશિક હાઈવે પર માજીવાડાથી વડપે સુધીના પટને પહોળો કરવાનું કામ હાલમાં મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ દ્વારા ચાલી રહ્યું છે. થાણે ખાડી પર બનેલો જૂનો સાકેત પુલ ફક્ત બે લેનનો હોવાથી ટ્રાફિકની સમસ્યા હતી. ખાસ કરીને સવારે અને રાત્રે ઓફિસના સમય દરમિયાન ભારે વાહનોના ટ્રાફિકમાં વધારો થવાને કારણે વાહનચાલકોને લાંબા સમય સુધી અટવાઈ રહેવું પડતું હતું. ચોમાસા દરમિયાન, પુલ પર ખાડાઓને કારણે પરિસ્થિતિ વધુ ખરાબ થવાથી થાણે શહેરના આંતરિક ટ્રાફિક પર પણ અસર પડતી હતી.

આ પરિસ્થિતિમાં જૂના પુલની બાજુમાં એક નવા ચાર-માર્ગીય પુલનું

(જુઓ પાનું ૪) ▸▸

## ઠાકરે સેના અને કૉંગ્રેસના સમર્થનથી શરદ પવાર ફરી રાજ્યસભામાં ?

મુંબઈઃ અજિત પવારનું આકસ્મિક મૃત્યુ, સુનેત્રા પવારને નાયબ મુખ્ય પ્રધાનનું પદ, રાજ્યસભામાં ખાલી પડનારી બેઠક તેમજ બંને એનસીપીના વિલિનિકરણ મુદ્દે ચાલી રહેલી અંધાધૂંધી વચ્ચે વધુ એક માહિતી મળી છે. રાજ્યસભાની સાત બેઠક માટે રાજકીય વાતાવરણ ગરમાઈ રહ્યું છે. શરદ પવાર બીજી એપ્રિલ, ૨૦૨૬ ના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે. વિધાનસભામાં મહાયુતિનું પલડું ભારે છે. મહાવિકાસ આઘાડી એકસાથે આવીને રાજ્યસભાની એક બેઠક પોતાની કરી શકે છે. આ બેઠક માટે શરદ પવારનું નામ ફરીથી નક્કી થવાની શક્યતા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ઠાકરે સેના અને કોંગ્રેસ શરદ પવારને રાજ્યસભામાં મોકલવાની તરફેણમાં છે.

શરદ પવાર ઉપરાંત તેમના જ જૂથના પરભણીનાં સંસદસભ્ય ફૌઝિયા ખાન, ઉદ્ધવ ઠાકરે જૂથનાં પ્રિયંકા ચતુર્વેદી, કોંગ્રેસના રજની પાટીલ, ભાજપના ભાગવત કરાડ, ધૈર્યશીલ પાટીલ અને રામદાસ આઠવલેનો કાર્યકાળ સમાપ્ત થવાનો છે. હાલ મહા વિકાસ આઘાડીના ચાર અને ભાજપ અને આઠવલે સાથે ત્રણ સંસદસભ્ય છે. આ બધા નિવૃત્ત થઈ રહ્યા છે.

૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી પછી મહાગઠબંધન પાસે ૨૨૮ વિધાનસભ્ય છે,

(જુઓ પાનું ૪) ▸▸

## અંધેરી સબ-વેમાં પાણી ભરાવાની સમસ્યા | સબ-વેની ઉપર ફ્લાયઓવર બનાવવાની વિચારણા

મુંબઇ : દર ચોમાસામાં અંધેરી સબવેમાં પાણી ભરાતું હોય છે ત્યારે હવે તેની ઉપર એક નવો ફ્લાયઓવર બનાવવામાં આવશે. દર વર્ષે ચોમાસા દરમિયાન નાગરિકો, બાઇકર્સ અને ટ્રાફિક કોન્સ્ટેબલોને કમર સુધીના પાણીમાં ચાલવું પડે છે. દર વર્ષનો આ માથાનો દુખાવો ટૂંક સમયમાં દૂર થઈ જશે. મુંબઈ મહાનગર પાલિકાએ તાજેતરમાં અંધેરી સબવે પર પુલ બનાવવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય વરસાદના દિવસોમાં ત્યાં મુસાફરી કરતા દરેક માટે સરળ મુસાફરી સુનિશ્ચિત કરશે.

ફ્લાયઓવર કેવી રીતે બનાવવામાં આવશે? રૂટ કેવો

(જુઓ પાનું ૪) ▸▸

જ્યોર્જિયા-આર્મેનિયાઅ ઝરબૈજાન 1 મે,10 દિવસ

| સ્પેન-પોર્ટુગલ મોરોક્કો 1 જૂન, 10 દિ. | સેન્ટ્રલ અને વેસ્ટર્ન યુરોપ 10 જુલાઈ, 10 દિ. |
|---|---|

મોરેશિયસ 23 જૂન, 5 દિવસ
ઈંગ્લેન્ડ - સ્કોટલેન્ડ આયર્લેન્ડ - વેલ્સ 14 ઓગસ્ટ, 10 દિવસ
શ્રીલંકા 25 માર્ચ 7 દિ.(ClosingSoon)
Tour Costs are Dynamic*.
વૈષ્ણવી ટુર્સ દાદર
9769318856 9769318872

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## ભાજપના વિધાનસભ્ય સંજય કેનેકરની હત્યાનું કાવતરું?

છત્રપતિ સંભાજીનગરઃ છત્રપતિ સંભાજીનગરમાં ભાજપના વિધાનસભ્ય સંજય કેનેકરની આવેલી ઓફિસમાં શુક્રવારે સાંજના તેમને મળવા આવેલી વ્યક્તિની બેગમાંથી બંદૂક મળી આવી હતી, જેને પગલે પોલીસે તપાસ આદરી છે. આ ઘટના બાદ રાજકીય વતુળોમાં અનેક તર્કવિતર્ક ચાલી રહ્યા હોઇ શું આ સંજય કેનેકરની હત્યાનો પ્રયાસ હતો? એવી શંકા પણ વ્યક્ત કરાઇ રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સંજય કેનેકરને મળવા શુક્રવારે સાંજના અમુક લોકો ક્રાંતિ ચોક વિસ્તારમાં તેમની ઓફિસમાં આવ્યા હતા. કેનેકરને મળ્યા બાદ એક વ્યક્તિ તેની કાળા રંગની બેગ ઓફિસમાં જ ભૂલી ગઇ હતી. થોડા સમય બાદ ઓફિસના કર્મચારીઓની નજર ઉપરોક્ત બેગ પર પડી હતી. આથી તેમણે બેગ ખોલીને તપાસતાં તેમાં બંદૂક મળી આવી

(જુઓ પાનું ૪) ▸▸




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1689/1957. ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1689/1957.